“ ગુજરાતી પંચ ” ની સને ૧૯૧૨ ની બીજી ભેટ.

સુવર્ણકુમારી.

પ્રકાશક,

સોમાલાલ [illegible] મંગળદાસ શાહ.

અધિપતિ અને માલિક—‘ગુજરાતી પંચ.’

અમદાવાદ.

અમદાવાદ.

[illegible]

કિંમત રૂ. ૧-૮-૦.

ગુજરાતી પંચની સને ૧૯૧૨ ની બીજી ભેટ.

પૂર્વનો વર્ણાશ્રમધર્મ પુનઃ પ્રાપ્ત કરવા

પેટાજ્ઞાતિઓના એકીકરણનો એક પ્રયત્ન.

સુવર્ણકુમારી.

" અમુક પ્રજાનો ઉદય અગર મ્હોટાઇ, તે પ્રજાની અંદર કેટલાં મનુષ્યોએ કેળવણી લીધેલી છે તેના ઉપર છે; અને કોઇપણ કાર્ય પાછળ કંઇ થાપણ રોકવામાં આવે તે કરતાં કેળવણી પછવાડે રોકવામાં આવેલી થાપણનો બદલો સોગણો વધારે મળી શકે છે......
આ મ્હારી મૂળથીજ માન્યતા છે, અને તે માન્યતાને મ્હેં અમલમાં મૂકેલી છે. "

શ્રી ઇડર મેકનાટન હાઇસ્કુલનો પાયો નાંખતી વખતે ઇડરના મર્હુમ મહારાજાધિરાજા શ્રી સર કેસરીસીંહજી સાહેબે કરેલા ભાષણમાંથી મુંબઇ ગેઝેટ તા. ૧૧—૯—૧૯૦૦ ઉપરથી ઉતારો.

લખનાર તથા પ્રસિદ્ધ કરનાર,

ચતુર્ભુજ માણકેશ્વર ભટ્ટ.

પ્લીડર—(અમદાવાદ અને મહિકાંઠા એજન્સી).

ઇડર સ્ટેટના માજી જુડીશીયલ સેક્રેટરી અને સેશન્સ જડજ.

" શુરવીર રામસિંહ " " પદ્મકુમારી " " સ્ત્રીગીતા " " રત્નગ્રંથિ " " બાળગીત " વગેરેના લેખક મુ. સાદરા.

આવૃત્તિ ૧ લી. પ્રત ૫૦૦૦.

સંવત ૧૯૬૯. સન ૧૯૧૩.

અમદાવાદ.

ધી 'ગુજરાત' પ્રીન્ટીંગ પ્રેસ"માં શાહ સોમાલાલ મંગળદાસે છાપ્યું.

કીંમત રૂ. ૧—૮—૦.

અર્પણપત્રિકા.

અનેક સદ્‌ગુણાલંકૃત

નામદાર શ્રી ૧૦૮ શ્રીમહારાવ શ્રીભુપતસીંહજી

સાહેબ બહાદુર

સ્વસ્થાન વિજયનગર (ઉર્ફે પોળો).

શ્રીમાન્ નરેંદ્રવર્ય,

અનેક સદીઓના અંધકારને દૂર કરી પ્રજાઓમાં જીવનના વાસ્તવીક હેતુઓને મનુષ્યોના લક્ષમાં લાવનાર એકસરખી કેળવણીજ છે એવી લોકોપકારક અને પ્રજાજનોનો ઉદય માર્ગ સુચવનારી માન્યતાથી પ્રેરાઇ, પ્રજામાં કેળવણીના વિસ્તાર માટે આપ નામદાર સતત્ કાળજી ધરાવો છો. ગુર્જરીભૂમિનાં આગળ પડતાં શહેરોના સંસર્ગમાં આવેલા એવા પ્રજાજનોનો ઉન્નતિમાર્ગ સરળ હોય છે, પરંતુ સદીઓભરની ગાઢ નિદ્રામાંથી, હજુ જાણે હવેજ, અને તે પણ આપ નામદાર સમા પ્રયત્નશીલ રાજ્યકર્ત્તાના પરિશ્રમ વડે પ્રજાજનોનો કેટલોક ભાગ કેળવણી લેતાં શીખે છે તે, આપ નામદારના **વિજયી** હસ્તે, આ ભૂમિપર પૂર્વના પવિત્ર મહર્ષીઓએ કરેલા તપના પુણ્યને, અનેક જમાનાના ઉગ્ર તાપ છતાં, અદ્યાપિપર્યંત, પ્રયત્નપૂર્વક ધારણ કરી રહેલ એવી **શર્ણેશ્વર** અને **વીરેશ્વર** આદિ અનેક પ્રભાવશાળી તીર્થક્ષેત્રોથી અધિકતર પવિત્ર થયેલ, ન્હાની ન્હાની પતિતપાવની પુણ્યસરિતાઓથી, અને સેંકડો તપોવનોથી, શોભી રહેલ એવી, સ્વસ્થાન **વિજયનગર**ની પુણ્યભૂમિના વાસીઓના, લાંબા વખતના કુચાલોમાંથી ઉત્પન્ન થયેલ આપત્તિ ઉપર, પરિણામે, **વિજય** મેળવવાના સ્તંભનો પાયો મૂકાય છે! પ્રજાજનોમાં કેળવણીનો વિસ્તાર થાય તે માટે, તેમની સાંસારિક સ્થીતિ સુધરે, તે માટે પણ આપ નામદાર અંતઃકરણપૂર્વક પ્રયત્નશીલ રહો છો, પ્રજાના અભ્યુદય માટે આપ નામદારનો નિઃસીમ પ્રેમ હોવાથી, શ્રીયુત્ માધવલાલભાઇ સમા કાર્યકુશળ વિદ્વાન મંત્રીની સલાહથી, સ્તુતિપાત્ર પગલાં ભરવાની આપ નામદારની તત્પરતા વગેરે અનેક સદ્‌ગુણોથી આકર્ષાઇ આ પુસ્તક આપ નામદારને અર્પણ કરવા રજા લઉં છું.

આપ નામદારનો નમ્ર સેવક

પ્રકાશક.

PREFACE.

This is an effort towards the unification of sub-castes. At no period in the history of Social Reform in the Bombay Presidency, had the question of the caste system assumed such serious dimensions as it has to-day, in consequence of the great upheaval due to the Aryan Brotherhood dinner recently held in Bombay. Never before did the caste problem engage such serious attention of the public as it has done now. Never before was the caste system the subject of such acrimonious controversy in the *arena* of public discussion as it has been of late.

The orthodox maintain that the sanctity of the caste system should not be violated, whilst the heterodox urge as strenously that the caste system is a canker gnawing at the very vitals of society. There is no doubt that the leader of both the sides are actuated by a genuine desire to accomplish public good. Both the sides have the good of the society at heart but one side wants to preserve the *status quo* whilst the other side wants to overhaul the whole system. Posterity alone will be in a position to pronounce, and pronounce correctly, which side is working in the right direction.

The reformer recommends the application of a drastic remedy, to cure the disease, which in his opinion, saps the foundations of society; the conservative on the other hand condemns the remedy suggested and argues that the elimination of the caste system will spell the destruction of society. In the humble opinion of the author the ideal set by the reformer—the immediate fusion of all castes into a homogenous whole, is impracticable. Custom and prejudices did hard in any country but it is more so in India, and therefore any abrupt attempt to strike at the root of the

caste system, is sure to receive a rude shock and meet with failure. The coils which centuries of habit have wound round us, cannot be unwound in a day. The system has withstood and survived, the storm of opposition for ages and the whole edifice cannot therefore be demolished in a day. Circumstances are not yet propitious for undertaking an enterprize of such huge dimensions. The mass of Hindu population is still in its swaddling-clothes, in the domain of education and it is therefore hopeless to realise the ideal in the immediate future.

The conservative on the other hand, forgets that we live in a progressive age that the proverbial immobility of the East does not convey a correct idea of the present and that faith and dogma are rapidly yielding to reason and proof. He forgets that the existence of sub-castes is nothing but an excrescence grown around the original idea and that it contains germs of self-destruction, which would rapidly multiply, unless a germicide is discovered and applied instantly. The system of sub-castes has not yet struck its roots deeper and it will not be difficult to extirpate it, particularly as the light of education has partially penetrated into the sub-caste-ridden classes. Some more diffusion of education and enlightenment, coupled with the well-directed efforts of the reformer without resorting to, violent experiments will enable the mass themselves to see through the veil that now disguises the evils of sub-castes. Much spade-work has to be done no doubt, even to accomplish the fusion of the sub-castes but with the spirit of the age for progress and advancement, it will not be hard to achieve the object in view; the torch of education should therefore be raised in all quarters and its light should illuminate the whole area. When this is done, the task of the reformer will be easy, because the ground for his work will then have been prepared.

The author will feel himself deeply rewarded, if his publication helps to indicate to some reformers, the line on which they should set to work, with a view to promote the good of the Hindu Society.

SADRA,
MAHIKANTHA,
21st March 1913.

Chaturbhuj Mankeshwar Bhatt.

પ્રસ્તાવના.

જ્ઞાતિ બંધારણના સંબંધમાં, હાલમાં ઉપસ્થીત થયેલ, હદપાર જતી ચર્ચાએ ગુજરાતનું વાતાવરણ પૂર્વે ન અનુભવેલું તેવી રીત્યે હચમચાવી મૂક્યું છે, હમેશાં, સમજુ મનુષ્ય વર્ગમાં કલહ ને મતમતાંતરનું પ્રમાણ ઓછું હોવું જોઇએ એમ વાસ્તવીક કુદરતી અનુમાન બંધાય છે, છતાં ગુજરાતમાં જેમ જેમ કેળવણીનો પ્રસાર થાય છે, ગુજરાતીઓ જેમ જેમ વધારે સંખ્યામાં વિદ્વાનો બનતા પતિવર્ષે જોઇએ છીએ તેમ તેમ આપણા સાંસારિક બંધનો પરત્વે મતમતાંતર વધતો જતો જોઇએ છે !

એનાં કારણ એ છે કે—આપણા સાંસારિક બંધારણમાં સદીઓભરનો જીવલેણ સડો પેઠેલો છે એ કોઇથી ના પડાય તેમ નથી. આગળ પડતા વિચાર ધરાવનારા ગુજરાતીઓ સમગ્ર જ્ઞાતિબંધારણને તોડી નાંખી સમગ્ર હીંદુ વર્ણે એક પંક્તિએ બેસી જમનારી, તેમજ ભવિષ્યમાં અરસ્પરસ લગ્નમાં જોડનારી બનાવવાનું મ્હોટું સાહસ લઇ બેઠા છે, જ્યારે જુની રૂઢીને દુરાગ્રહથી પકડી, હઠ પકડુ બની જઈ, એક તસુ ભર દેશકાળ સ્થીતિ જોઇને પણ નહીં ખસવાનો વિચાર કરી બેસનારા બીજા મતમાં છે.

બંનેના અંતઃકરણમાં હીંદુઓનું સાંસારિક હીત છે એમાં તો બે મત નથી. બંને માર્ગ જૂદા જૂદા સૂચવે છે. આગળ પડતા વિચાર ધરાવનારમાં ગુજરાતની વસ્તીનો સેંકડે પાંચ ટકા ભાગ કદાચ હશે, અને જૂના પુરાના વિચારના અગ્રેસરોની સંખ્યા સેંકડે દશેક ટકા અગર તેથી વધુ હશે. વસ્તીનો વચલો ભાગ—મધ્યમ વર્ગ—જન સમુહનો મ્હોટો ભાગ, મ્હોટી મીલની ઘંટીનાં બે પડ વચ્ચેના દાણાની માફક આમતેમ કુટાય છે ! એમને ઉપરોક્ત ઉભય પક્ષમાંથી જ્યાં બેસારીએ ત્યાં ગુજરાતના ભવિષ્યનું સુકાન દીશા બદલે તેમ છે ! પરંતુ ઉભય બાજુના અગ્રેસરોની હોંસાતોસીમાં ગુજરાતના ભવિષ્યનો આધાર કુદરતને સોંપ્યો છે.

કુદરત શું કરશે ? "સ્મરણ માત્રથી પાવન કરનાર મહાત્મા રાનાડેએ કહ્યુંછે કે—"જ્યાંથી ઓછામાં ઓછી વિરૂદ્ધતા જણાય તે બાજુથી સુધારો શરૂ કરજો !

કુદરતના નિયમોના મહાન અભ્યાસકના, તેમજ જનસ્વભાવને સંપૂર્ણ ઓળખનાર અને મહાત્મા મનુની આજ્ઞાનુસાર દેશકાળ સ્થીતિ જોઇને વર્તવાનું સુચવનાર ચાલુ સદીના હીંદના એક મહાન સુધારકનાં એ મતલબનાં વચનો છે ને તે સપ્રમાણ છે. એકદમ એકાકાર થવાનું કાર્ય એક શિખર ઉપરથી પડતું મુકવા જેવું સાહસીક છે! અને જે સ્થીતિએ છીએ ત્યાંથી તસુભર પણ ન ખસવામાં તો તેથી પણ વધારે ભયંકર સાહસ ભાસે છે.

નિષ્પક્ષપાતપણે, શાંતિથી વિચાર કરનારને સમજાશે કે મૂળ તો બ્રાહ્મણની જ્ઞાતિઓમાં જે સંખ્યાબંધ પેટા જ્ઞાતિઓ છે તેનું ઐક્ય થવા જરૂર છે. અને પછી સમગ્ર બ્રાહ્મણ જ્ઞાતિના ઐક્યની જરૂર છે. અને તે મુજબ ક્ષત્રી વૈષ્ય શુદ્રોમાં પણ આવશ્યક છે.

સમગ્ર હીંદુ કોમનું એકીકરણ તો આવશ્યક નથી જણાતું—અકુદરતી ભાસે છે. અને તેમ ન હોય તે , જુના વિચારની પ્રજાના મ્હોટા ભાગની લાગણી દુખાવાથી થતો સુધારો આપણે ન જોઈએ! હજારો વર્ષથી અમુક દીશામાં સાંસારિક સ્થીતિની ચાલતી આવતી ગતી, એકદમ બંધ કરી ચારે વર્ણનું એકીકરણ કરવાનું સાહસ વ્યવહાર નથી.

પેટાજ્ઞાતિઓના ઐક્યની આવશ્યકતાનો ઉપદેશ એ આપણું પ્રથમ પગથી છે. એ હેતુને ઉદ્દેશીને નીચેનાં પાનાં સહૃદય વાચકવૃન્દ સમક્ષ રજુ કરવા અનુજ્ઞા લઉં છું.

ગુરૂવાર ફાગણ શુદ ૧૩
વિક્રમાર્ક ૧૯૬૯.
મુ. સાદરા.
તા. ૨૦-૩-૧૩.

ચતુર્ભુજ માણકેશ્વર ભટ્ટ.

અનુક્રમણિકા.

સુવર્ણકુમારી.

પ્રકરણ ૧ લું.

કથા પ્રસંગ.

**“ वागर्था इवसंप्रक्तौ, वागर्थप्रतिपत्तये ।
जगतः पितरौ वंदे पार्वति परमेश्वरौ ॥ ”**

બારે માસમાં સર્વથી વધારે આનંદકારક, વૈદ્યોએ સુખકર તરિકે માનેલો, મનુષ્યોનાં શારિરિક પાપોનો પ્રલય કરી અદ્‌ભૂત આરોગ્ય અર્પણ કરનાર, આસપાસ ખીલેલ વનસ્પતીઓવડે, તરૂવરોએ ધારણ કરેલ નૂતન પલ્લવવડે, અને પુષ્પલતાઓએ ભગવાન્ વસંતના આગમનથી ભાતભાતનાં પુષ્પોરૂપી સુપર્વ ચિન્હ ધારણ કરી પ્રદર્શીત કરેલ ઉત્સવથી અધિકતર શોભા આપી રહેલ, મનહર માઘ માસ ચાલતો હતો. સંસારનાં અનેક પાતકરાશિને દૂર કરનાર શુકલ પક્ષની પુણ્ય તીથિ દ્વાદશી આજે હતી. સાયંકાળનો સમય હતો. બ્રહ્માંડના અનેક ગ્રહોમાં વસતી, સંખ્યામાં બતાવી ન શકાય તેટલી વ્યક્તિઓને નિયમિતપણાનું સૌથી શ્રેષ્ટ દૃષ્ટાંત બતાવનાર મનુષ્યોનાં પાપ પુણ્યોનો મહા સમર્થ સાક્ષી, ભગવાન્ સૂર્યનારાયણ અસ્ત પામતા હોવાથી, શ્રીકૃષ્ણની પાછળ પડેલી કુબજાની પેઠે ઘડીભર સંધ્યાનો અમલ જામવા લાગ્યો. અને સાધુજનોનાં અંતઃકરણ સિવાય સર્વત્ર અંધકાર જોતજોતામાં પ્રસરી જાત, પરંતુ અનેક યુગમાં દેવતાઓએ કરેલ મહત્ પુણ્યમાંથી ઉત્પન્ન થયેલ વિદ્યુત્ તરૂના ફળસમું ચંદ્રબીંબ આવીને ખડું થયું ! અને ખાડામાં તેમજ ટેકરા ઉપર, નીચ તેમજ ઉચ્ચ મનુષ્યોનાં ઝુંપડાં અને મંદિરો ઉપર કોઇપણ જાતના પક્ષપાત વગર સર્વત્ર એકસરખી ચંદ્રિકા પ્રસારી દીધી ! જગતને હસાવી દીધું ! આનંદી બનાવી દીધું.

આ સમયે, સૌરાષ્ટ્રભૂમિની એક રમ્ય નગરીની સમીપમાંજ આવેલ એક સુંદર સરિતા, જેના શીતળ, સ્ફટિક ધવળ, ગાળેલી ચાંદી જેવા પવિત્ર જળની અંદર ચંદ્રબીંબ નૃત્ય કરી રહ્યું હતું તેમાં થઇને એક સુંદરી સહજ સંભ્રમમાં ચાલી જાય છે. શરીરે અલંકારો નથી હિમાલયની શીતલતા, પાંડવોએ કરેલા પ્રાણત્યાગથી પોતાને પાતક લાગ્યુ ધારી, તેથી દૂર થવા ભગવતી ભાગીરથીમાં સ્નાન કરવા જતાં જાણે ભૂલી પડવાથી, તેટલીજ પવિત્ર આ સુંદરીના સ્વભાવમાં આવીને વાસ કરેલો જણાતો હતો! કુદરતના સંગ્રહસ્થાનને ઓર દીપાવનાર રંગબેરંગી પીછાંવાળાં મધુર કોલાહલવડે સંસારની કટુતા ઓછી કરનારાં પારધીઓનાં તીરોને કોઇ જાતની વિરૂદ્ધતા બતાવ્યા સિવાય તાબે થનારાં, પક્ષીઓની મૃદુતાએ આવીને એના સ્વભાવમાં જાણે વાસ કર્યો હતો!

નદીના પ્રવાહને ઓળંગી સામે એક ચંદ્રીકાથી ધવળ થયેલા રેતીના ભાગમાં થઇ એક ધદ્ર ગુફાના મધ્ય ભાગે આવેલા એક મંદિરમાં તેને જવાનું હતું. એવામાં કંઇક ધ્વની એને કાને પડવા લાગ્યો:—

“ શું વટલી જવું છે? ભ્રષ્ટ થવું છે? ધર્મ ડુબાવવો છે? કોઇ પૂછનાર છે?” નદીની રેતીમાં બેઠલા એક ટોળામાંના એક વૃદ્ધ ગૃહસ્થે કહ્યું.

“ જરા વિચાર કરો કે આમ લંકાની લાડી અને ગોઘાનો વર કદી વરેલાં!” બીજો બોલ્યો.

‘પણ ત્યારે હવે વિચાર શો?’ ત્રીજો બોલ્યો.

“ વિચાર પૂછો છો? મૂકો જ્ઞાતિબહાર!” ચોથો બોલ્યો.

‘ક્યાં સુધી?’ બીજાએ કહ્યું.

‘જીંદગી સુધી.’ ચોથો બોલ્યો.

‘અને દંડ?!” એકે પ્રશ્ન કર્યો.

“ હારતો! તે વગર આપણું આ ખર્ચ કેમ નીભશે? દંડ પણ કરો પાંચસે.” ચોથો બોલ્યો.

“ પણ તે ન આપે તો આપણી પાસે શી સત્તા છે?” બીજાએ પૂછ્યું.

એ પ્રશ્નનો જવાબ આપવા બીજા ગૃહસ્થના કાનમાં ચોથાએ કંઈ ધીમેથી કહ્યું. તે એટલું ધીમેથી કહ્યું કે ભાગ્યેજ તે મંડળની

નજીકમાં સંભળાયું હશે. પરંતુ તેથી એમાં મ્હોટા મ્હોટા હર્ષના અવાજ જાણે થતા હોય તેમ સમજાયું.

જે સુંદરી નદી ઉતરી અહીંથી જતી હતી તેને સ્ત્રી–જાતિ, રાત્રિ, અને એકલી હોવાથી તેમજ કદાચ્ પેલા મંડળમાં કહેવામાં આવેલું છેલ્લું વાક્ય કાને પડી જવાથી સહજ ભીતિ ઉત્પન્ન થવાને લીધે મંદિરભણી વેગથી ચાલીને જોતજોતામાં મંદિરમાં પેઠી. સાસુ, સસરો, પતિ, જેઠ, દીયર, વગેરેનું બહોળું કુટુંબ આજે ઉજાણી હોવાથી તેની વાટ જોતું હતું. એના આવવાની અને કંઇક સમાચાર લાવવાની વાટ જોવાતી હતી.

'સુમતિગવરી !' સાસુજી બોલ્યાં " આજના જેટલી ઉત્કંઠાથી તમારી વાટ કદી પણ જોવાઇ નથી. સમાચાર શું લાવ્યાં ?"

સાસુ, વહુજીના મ્હોં સામે જોઇ રહ્યાં. વહુએ સ્મીત હાસ્ય કર્યું સાસુ વહુનો સ્નેહ અને સંપ ! આર્ય કુટુમ્બની એક નવાઇ ! સુમતિગવરીના સસરા ભાનુશંકરના અંતઃકરણમાં સ્વભાવીક રીત્યેજ સાસુ વહુના નિરૂચ્ચાર અભિનવથી આલ્હાદ ઉત્પન્ન થયો. **यत्र नार्यास्तु पुज्यन्ते रमान्ति तत्र देवताः** એમ એની મેળેજ બોલાઇ જવાયું. તુર્તજ આર્યોના સાંસારિક બંધારણનું સ્મરણ થઇ આવવાથી ઉંડો નિશ્વાસ મૂક્યો. અને ભોજનની શરૂઆત થવા પરિજનોને આજ્ઞા કરી.

ભાનુશંકરના ચાર પેઢીએ એક વડવાએ આ સ્થળથી થોડેક છેટે આવેલા એક રાજ્યમાં જુના વખતમાં કારભાર કરેલો હતો. તે વખતે રાજ્યના કામના મહેનતાણા તરિકે રોકડને બદલે તેમને કેટલાંક ગામ આપવામાં આવેલાં હતાં કારણ કે જમીનની એટલી કીંમત ન હતી અને તે સાચવવી બહુ મુશ્કેલ હતી. વારંવાર ધાડાં પડતાં અને ન્હાસવું પડતું અને પાછાં ધાડાં જતાં રહે એટલે તેજ સ્થળે આવીને લોકો આબાદ થતાં. એવામાં રાજ્યને એક બીજા નજીકના રાજ્ય જોડે વિગ્રહમાં ઉતરવું પડ્યું તેમાં ભાનુશંકરના વડેરા કાશીનાથે બહુ સારી બાહોશી બતાવી અને લડવા આવનાર રાજ્ય સાથે સમાધાન કરાવ્યું. સમાધાનનું પ્રકરણ ચાલતાં સામાવાળાઓએ કાશીનાથની બુદ્ધિ અને ચાતુર્ય જોઈ વધારે જમીન આપી તેને પોતાના રાજ્યમાં આવવા આગ્રહ કર્યો. પરંતુ કાશીનાથે તે સ્વીકાર્યો નહીં. એ વિગ્રહનું પરિણામ સારૂં આવે તો પોતાના રાજ્યમાંથી પણ કંઇક વધારો કરી આપવાનો તેને રાજા તરફથી દિલાસો આપવામાં આવ્યો હતો.

રાજાને કંઇ સંતાન નહતું; તે વિદ્વાનોની કદર કરી શકતો, બુદ્ધિની પરિક્ષા કરવાની તેનામાં શક્તિ હતી, ધાર્મિક સાથે પ્રજાપાળક હતો પરંતુ કૃપણ હતો. વૃદ્ધાવસ્થામાં તેને પુત્રની પ્રાપ્તિ થઈ રાજાએ આનંદના આવેશમાં કારભારીને પોતાની મરજીમાં આવે તેવું ઇનામ માગવા ઇચ્છા દર્શાવી. આ પ્રસંગનો લાભ લઈ કાશીનાથે આપેલું વચન સંભારી પોતાને આપેલ જમીનમાં એક નવીન ગામ તેણે પોતે આબાદ કર્યું હતું તે આપવા પ્રાર્થના કરી:—

"મહારાજ ! હાલમાં નવીન આબાદ થયેલ ભાલણ ગામ મળે તો આપની કૃપાનું ચિરસ્મરણ મ્હારાં સંતાનો કર્યા કરશે.'

બ્રાહ્મણના એકાએક આવા લોભના ઉદ્ગારોથી રાજાને સહજ માઠું લાગ્યું. પરંતુ તેણે ક્રોધને છૂપાવ્યો. રાજા તો જાણતો હતો કે પ્રધાન સંતુષ્ટ છે અને એને કોઇ પ્રકારની ભીડ નથી. એટલે કદાચ પૂછવા માટે ઉલટો ઉપકાર માનશે ને જાગીરમાંથી મળતી ઉત્પન્નથી સંતુષ્ટ છું એમજ બતાવશે. ક્રોધ બહુ વાર રાજા છૂપાવી શક્યો નહિ ઘડીવારમાં પાછું રાજાને પ્રધાનના સાહસનું સ્મરણ થયું.

"હું ધારૂં છું કે સામા રાજ્ય તરફથી જે વધારે જમીન આપી તમને તે રાજ્યના અમાત્ય નીમવાની માગણીની વાત જે મ્હારે કાને આવવા પામી છે તે આવી રીત્યે માગણી કરવામાં કદાચ્ કારણભૂત હોય—"

રાજાને પોતાના વચનો તરફ સિંહાવલોકન કરતાં ખેદ થયો ને બોલતો અટક્યો. બ્રાહ્મણ તો ગરમ થઇ ગયો.

"મહારાજ ! માંધાતા જેવા મહિપતિઓની વસુંધરા થઇ નથી તો મ્હારે વધુ જમીનને શું કરવી હતી ? મ્હને એમ લાગ્યું હત કે આપને મ્હારાં વચનો એક પ્રકારનો મર્મસ્થાને પ્રહાર કરશે તો કદી એવી માગણી કરત નહિં. પરંતુ અમાત્ય તરિકેનો વજો સાચવવો કઠિન થઇ પડ્યો છે. એથીજ—અને આપનો પ્રેમ જોઇને માગણી કરી છે છતાં અપરાધ ગણવામાં આવે તો ક્ષમાની પ્રાર્થના છે. હવેથી એ આપવામાં આવેલી જમીનનો પણ ક્ષણભર ઉપયોગ કરવો મ્હારે ઉચિત્ નથી. મ્હારી વૃદ્ધાવસ્થા થઈ છે મ્હારૂં બ્રાહ્મણ શરીર છે. એટલે હવે, કુટુંબી જનોનો નિભાવ એમણે ઉપાર્જન કરેલ પ્રારબ્ધ કરશે એ માન્યતાને શરણે થઇ હું ચતુર્થાશ્રમમાં પ્રવેશ કરવા ધારૂં છું. સંસા-

રમાં બરાબર પચ્ય થઇ આ આશ્રમ ગ્રહણ કરી શકાય છે—અન્યથા નહીં. અને તે વૃત્તિ સતેજ કરી જાગૃત કરવા, પ્રારબ્ધયોગે આપશ્રીનાં વચનોજ વિધીએ યોજેલાં હશે તેથી આપનો ઉપકાર માનું છું.”

કાશીનાથે તો સંસાર સારી રીત્યે જોયો હતો. પોતાની દૃઢતામાં તે મક્કમ રહ્યો. અને પોતાના ગામથી થોડેક છેટે એક ઘટ્ટ ગુફાની અંદર પોતાનો આશ્રમ કરી ત્યાં નિવાસ કરવા માંડ્યો.

આ વચનોની અસર રાજાના મનમાં દૈવયોગે એ થઇ પડી કે એનો વહેમ મજબુત થતો ગયો. અને જે જાગીર મળતી હતી તે પણ ખુંચવી લેવા હુકમ કરવામાં આવ્યો. પરંતુ કાશીનાથને જ્યારે સન્યસ્થ સ્વીકારવાની દૃઢતામાં રાજાએ મક્કમ જોયો અને થોડા વખતમાં એણે દીક્ષા લીધી એટલે શત્રુના રાજ્યમાં અમાત્યની પદવી સ્વીકારશે એ કલ્પના ખોટી પડી અને ક્રમે ક્રમે એના વિરૂદ્ધ ગોઠવાયલું વિચારવાદળ સત્યના સૂર્યસમા પ્રકાશથી વિખેરાવા લાગ્યું. અંતઃકરણના ઉંડાણમાં ખેદ થવા માંડ્યો. અને એને પાછો સંસારમાં લાવી સમજાવી મૂળ સ્થીતિમાં લાવવાની એને ઇચ્છા ઉત્પન્ન થઇ.

ઉપર મુજબ ઇચ્છા થયા પછી કેટલાક સમય પછી એક દિવસે શિકારે જવાને બ્હાને રાજા આ ગુફા તરફ ગયો અને એક ભૂલા પડેલા રાજા તરિકે, કાશીનાથ ઉર્ફે સન્સાસી વિદ્યાનંદને મળવા એ ગુફાના મધ્ય ભાગે એક પર્ણકુટીની અંદર દાખલ થયો. પણ ત્યાં તેણે શું જોયું? વિદ્યાનંદ મહારાજે આગલે દિવસે દેહાંત કર્યો હતો, અને તેમણે બતાવેલ ઇચ્છાનુસાર તેમના કાગળો પુસ્તકો વગેરે તેમના સંતાનોને સોંપવા માટે એક શિષ્ય ભેગાં કરતો હતો. રાજાએ ઘણા ખેદ સાથે આ શિષ્યને મ્હોડેથી વિદ્યાનંદ મહારાજે દેહાંત કર્યાની હકીકત સાંભળી. કાગળો જોતાં તેમાં એક તેમના હાથે કેટલોક વખત પહેલાં લખેલ ન્હાના પુસ્તકના એક પાનામાં નીચે મુજબનો લેખ જોયો:—

“ન્હાના અગર મ્હોટા રાજ્યની પ્રાપ્તિ થવી એ મનુષ્યે પૂર્વ જન્મના કોઇ મહત્ પૂણ્યવડે ઉપાર્જન કરેલ ફળ છે. ઇશ્વરના સારભૂત અંશ વગર રાજ્ય પ્રાપ્ત થતું નથી. શાસ્ત્રમાં કહેલ છે કે—એક રાજામાં ઇંદ્ર, વાયુ, યમ, સૂર્ય, અગ્નિ, વરૂણ, ચંદ્ર, અને કુબેર એ દેવતાઓના અંશો રહેલા છે. વૈભવથી ઇંદ્રપણું, જીવન આપનાર તરિકે

હોવાથી વાયુપણું, શાસન કરનાર તરિકે યમપણું, પ્રતાપવડે સૂર્યપણું, પ્રસંગવશાત્ તાપથી અગ્નીપણું, શાંતિ અર્પનાર તરિકે હોવાથી વરૂણપણું, રૂપથી ચંદ્રપણું, અને ધન સંગ્રહ વડે કુબેરપણું—આ રીત્યે છીણાયલા તત્વજ્ઞાનથી પણ એ વાત સિદ્ધ થાય તેવી સ્પષ્ટ છે. એટલે મ્હારા વંશજોએ કોઇ પણ કાળે રાજાની મન વચન કાયાથી અવગણના કરવી નહિં."

આ શબ્દો વાંચી રાજાને કાશીનાથની મૂર્તિ ફરી ફરીને યાદ આવી. અને એને બહુ ખેદ થયો. પરંતુ તે ખેદનો હવે કંઇ અર્થ રહ્યો નહતો. એટલે રાજાએ આ સ્થળે કાશીનાથની યાદગીરિમાં કાશીવિશ્વનાથનું મ્હોટું દેવાલય બંધાવ્યું. અને તેની નજીક એક ધર્મ-શાળા અને એક સુંદર આરોગ્યભૂવન પણ બંધાવ્યું. કાશીનાથના કુટુંબને જાગીર પાછી સોંપી. અને તેના વંશજો બીજી રીત્યે નાલાયક ન હોય ત્યાં સુધી તેની જગાપર તેમને પસંદગી આપવા ઠરાવ્યું.

ભાનુશંકર હજુ કાશીનાથના વંશજ તરિકે એ રાજાના ચોથી પેઢીએ પુત્રના રાજ્યમાં કારભાર ચલાવે છે. અને વખતોવખત કુટુંબ સાથે કાશીવિશ્વેશ્વર મહાદેવની યાત્રાએ આવે છે. જે રાજાના વખતમાં કાશીનાથે ઉપર મુજબ કારભાર ચલાવેલો તે રાજાના શબને પણ કાશીનાથની સમાધિ પાસેજ રાજાની ઇચ્છાનુસાર દહન કરવામાં આવેલું હતું અને બનાવેલા આરોગ્યભુવનમાં ધાર્મિક, રાજકીય અને સંસારિક ગ્રંથોનું એક સુંદર પુસ્તકાલય ઉમેરવામાં આવ્યું હતું.

મહાદેવના દેવાલયની સંસ્થા પણ મ્હોટી હતી. તેમાં વખતો વખત શાસ્ત્રોકત વીધિપૂર્વક યજ્ઞો કરવામાં આવતા; અને યજ્ઞહોમ ઉપદેશક મંડળ કેટલાક સાધુ સન્યાસિ વગેરેને માટે એક અન્નક્ષેત્ર ચાલતું. આરોગ્યભુવનની અને પુસ્તકાલયની સુવ્યવસ્થા માટે નોકર પણ રાખવામાં આવેલા હતા.

આ તમામ સંસ્થાઓનો નેતા—સમગ્ર વ્યક્તિઓને ચલાયમાન કરનાર, અને યોગ્ય આદેશ આપનાર પવિત્ર **કાશીનાથ** નામે મૂળ કાશી-નાથનોજ બીજો અવતાર હોય તેવો એક સમર્થ યોગી પુરૂષ હતો. આ મહાત્માનાં દર્શન માટે વખતોવખત દૂરથી પણ લોકો આવતા. દિવસનો ઘણો ભાગ એ યોગાભ્યાસમાં અને કેટલીક ક્રિયાઓમાં ગાળતા. રાત્રિએ નિવૃત્ત રહી, શીષ્યો સન્યાસીઓ અને દર્શને આવનારને

યોગ્ય ઉપદેશ આપતા. આ મહાત્માની ઉમર કહી શકાય તેમ ન હતું પરંતુ વાત ચાલતી કે એમને સો ઉપરાંત વર્ષ થઇ ગયાં છે. પચાસથી સાઠ વર્ષનાં મનુષ્યો એમજ કહેતાં કે—ઉમરે પહોંચ્યા પછી જ્યારનાં આ મહાત્માનાં દર્શન કરીએ છીએ ત્યારથી તેમને એવાને એવાજ જોઇએ છે,

ભાનુશંકરના કુટુંબનાં બધાં મનુષ્યો ભોજનથી નિવૃત્ત થયા પછી આ મહાત્માનાં દર્શન માટે ગયાં. સ્વસ્થ અને પ્રસન્ન મુખે, બેઠેલા મહાત્માને એક પછી એકે પ્રણામ કર્યા. ભાનુશંકરે કેટલાક ધર્મ સંબંધી પ્રશ્નો મહાત્માને પૂછ્યા અને સંતોષકારક ખુલાસા મેળવ્યા. તે પછી મહાત્માએ કહ્યું કે:—

"તમારાં સાંસારિક બંધનોમાંથી કેટલાંક એટલાં બધાં હાનીકારક છે કે તે ચાલુ છે ત્યાં સુધી ધાર્મિક ઉન્નતિ પ્રાપ્ત કરવી એ કઠિણ છે."

"યથાર્થ છે! મહારાજ. આ સુમતિગવરીને એક બાળકી છે. તેનો વિવાહ, કેટલાંક વર્ષથી કલહને લીધે ઉત્પન્ન થયેલ અન્ય પેટા જ્ઞાતિમાં કરવા ઇચ્છીએ છીએ તો બહુબહુ અંતરાય આવે છે. એજ આપના વચનનું દૃષ્ટાંત!"

"નહિં, નહિં; સમગ્ર બ્રાહ્મણ જ્ઞાતિમાં પંક્તિ વ્યવહાર તથા કન્યા આપવા લેવાના વ્યવહાર ચાલુ થવાની જરૂર છે. અને તેમ કરવા હરેક પ્રકારે પ્રયત્ન કરવા એ પ્રજાના નેતાઓનું આવશ્યક કર્મ છે અને એમાં શીથિલતા જોવામાં આવે છે તે પાપના તેઓ ભોકતા બને છે. તેમાં સૌથી પહેલાં એટલું તો થવું જરૂરનું છે કે—નજીક નજીકની જે પેટા જ્ઞાતિઓ છે તેમાં તે વ્યવહારો ચાલુ થઇ જવા જોઇએ છે. આ કાર્યમાં શાસ્ત્ર તરફથી કોઈ પણ પ્રકારનો લશમાત્ર બાધ નથી. મનુ મહારાજે સ્પષ્ટપણે આજ્ઞા કરી છે કે—આ ધર્મના કાનુનો અમે લખી ગયા છીએ પરંતુ દેશ કાલ સ્થીતિને અનુસરીને તેના પ્રતિપાલન માટે પ્રજાએ વર્તવાનું છે.

"તમારાં સંસારિક બંધનો આવાં વધારે વખત ચાલુ રહેવા પામશે તો તેથી પ્રજાની સંસારિક સ્થીતિ કેવી અધમ થવા પામશે તેનો તમને પૂરો ખ્યાલ નથી એથીજ તમે તેવાં બંધનોમાં ફસાઇ પડેલા છો. તમારાં બાળલગ્નો, તમારી જ્ઞાતિઓમાં વર અને કન્યા

માટે પડતો સંકોચ્, અને એવા બીજાં ઘણાં દુઃખો હાલના અવ્યવસ્થીત બંધારણથીજ ઉત્પન્ન થવા પામે છે તેનું તમને ભાન થયું જરૂરનું છે. હું આ વિષયપર હમણાંજ મનન કર્યા કરતો હતો તેવામાં તમે ઠીક સંભાર્યું. આ વિષયપર તમારી સર્વની ઇચ્છા હોય તો એક સહજ લાંબુ દૃષ્ટાંત આધુનીક જમાનાનુંજ આપી હું સમજાવું એવી મ્હારી સ્વાભાવીક ઇચ્છા થાય છે.

ભાનુશંકર—આપ ભગવાનની અમારા સર્વ ઉપર પરમકૃપા થઇ; આવા પવિત્ર સ્થાનમાં આવી નિર્મળ રજનીએ આપ દેવ પુરૂષના મુખથી અમારાજ અભ્યુદય માટેનું દૃષ્ટાંત અમને શ્રવણ કરવા તક મળે તો પછી સ્વર્ગની ઇચ્છા કરવાનું પણ શું કામ છે?

મહાત્મા—ધન્ય તમારી શ્રદ્ધાને! સાંભળો ત્યારે એક ચિત્તઃ—

પ્રકરણ ૨ જું.

કથા પ્રારંભ.

વિદેશ પર્યટન.

પૂર્વે સમુદ્ર મંથન સમયે, નીકળેલાં ચૌદ રત્નોના દેવતાઓએ, પુષ્પ, અક્ષત, કુમકુમ, શ્રીફળ આદિવડે કરેલ પૂજનના અંતે, રત્ન પ્રાપ્તિના હર્ષને લીધે કરેલી દોડાદોડીમાં, સમુદ્ર કિનારે વિસ્મૃત કરેલ શ્રીફળ ત્યાં પડીજ રહેવાથી, તેના પ્રત્યે અપરાધ થયો સમજી આત્મવત્ સર્વ ભૂતેષુ એ મહામંત્રની મર્યાદાને લંબાવી, જડ ચૈતન્યમાં પણ એક સરખો સમભાવ બતાવનાર ભક્તવશ ભગવાન શ્રીકૃષ્ણ પરમાત્માએ. એ શ્રીફળનો એક દ્વીપકલ્પના આકારમય, સુંદર સૌરાષ્ટ ભૂમિ નામ આપી, ત્યાં સ્થાપિત કરી, એ (શ્રીફળ–સૌરાષ્ટભૂમિ) ના અગ્રભાગે પોતાની રાજ્યધાની સ્થાપી, પાપ પ્રધાન કળીયુગમાં પણ શેષ રહેલા કવચિત્ સાધુજનોનાં નખશીખ સંતપ્ત ગાત્રોને જલસીકર સમાન થઇ પડવા, એકાએક ઓળખાઇ ન આવે તે માટે, અર્વાચીન વિદ્યાના આવરણ સાથે, આધુનીક સમયના સુધારક રૂપેજ, ચિરકાળ રાજ્ય કરવા

અવતરશે એવું શુભ વર આપી, ભગવતી ભાગીરથી સમાન શ્રી શારદાપીઠની સંસ્થા તેના અગ્રભાગે સ્થાપી સર્વથા જેને અલંકૃત કરેલ છે. પતિતને પાવન કરનારી, અમૃતમય જલ ધારણ કરનારી, ક્વચિત્ મુનીજનોના ઉચ્ચ આશયોનું અનુકરણ કરી. નિઃશબ્દ, ભૂ ગર્ભમાં શાંત સલિલ પ્રવાહ ચલાવી રહેલી, સ્વર્ગથીજ ઉતરી આવેલી ભાગીરથીની સહચરીઓ સમાન નદીઓવડે શોભી રહેલી, વિવિધ પુષ્પલતાઓ અને ફળવાળા ઉદ્યાનોને લીધે કુદરતના સંગ્રહ-સ્થાન સમી દીપી રહેલ, અવયવો રહિત બનાવેલાં હોવાથી પણ, જડ છતાં, ઉંચે ગગન ભણી આંગળી જાણે બતાવી "પ્રભુને ભજો" એ મહામંત્રની સંજ્ઞા કરતાં મહાન પ્રભાવશાળી દેવાલયો જેમાં આવેલાં છે એવાં નગરોને ધારણ કરનારી, પ્રજાપાળક, ધર્મસ્તંભ સમા,[1] અર્જુનના અવતાર સમા નૃપતિઓને, દૂર દેશમાં વસતા બંધુઓ માટે સ્વાર્થત્યાગની પરિસીમા બતાવનાર અડગ નરવીરોને,[2] બ્રહ્માંડને પણ ડોલાવનાર સતી ધર્મની મહત્વતા સમજાવનાર સતીઓને,[3] હજારો માઇલ છેટે આવેલી, ગુર્જરગીરાથી પણ અજ્ઞાન પ્રજાની પ્રસંશા ગુજરાતી કાવ્યદ્વારા મેળવનાર સુપ્રસિદ્ધ કવીઓને,[4] સમગ્ર બ્રહ્માંડને હસ્તામલવત્ રાખનાર સમર્થ યોગીઓને,[5] વારંવાર જન્મ આપનારી પવિત્ર ફળદ્રુપ, મનોહર, સૌરાષ્ટ્રની ભૂમિકાને આલ્હાદક નથી લાગતી ?

"નાળીયેરનું પાણી નાળીયેરમાંજ ઉત્તમ" એવી એક ગુજરાતી ગ્રામ્ય કહેવત છે. તેનું વાસ્તવીકપણું આ શ્રીફળાકારમય સૌરાષ્ટ્ર વાસિઓએ સિદ્ધ કરવા જાણે ધારેલું હોય તેમ, બી. જી. જે. પી. રેલવે નામક સંસ્થાદ્વારા, સૌરાષ્ટ્ર ભૂમિનું દ્રવ્ય એ ભૂમિમાંજ રાખવાનો ઉદાહરણીય પ્રયત્ન કરેલો જોઇ હરકોઇ હીંદી પ્રવાસીને આનંદ થાય છે. વ્હાલાં સગાંમાં વિયોગ કરવાના પાપના પરિણામે જાણે શ્યામ રંગ પ્રાપ્ત કરેલ હોય, અને સ્નેહિઓને સંનિધે લાવવાના સુકૃત્યવડે ઉપાર્જન કરેલ પૂણ્યના પરિણામે જાણે વેગબળ પ્રાપ્ત કર્યું હોય એવો એક એ રેલવેનો અગ્નીરથ, ભું ભું ભું ભું કરતો પોતાની પાછળ, ગાડરીયા પ્રવાહની પેઠે ચાલનાર હીંદુ જ્ઞાતિઓની

---

૧. સર યશવંતસીંહજી (લીંમડી). ૨. મી. ગાંધી. ૩. રાણકદેવી ૪. કવી દલપતરામ. ૭. મહાત્મા શ્રી નથુરામ શર્મા.

વ્યક્તિઓના જેવી દસબાર ગાડીઓને ખેંચી એક ભવ્ય સ્ટેશન પર ઘસડી લાવીને ઉભો !

આ સ્ટેશન પર હમેશાં મેળા જેવુંજ રહેતું તેમાં વળી આજ કંઇક વિશેષતા પ્રાપ્ત થઇ જણાતી હતી. પત્થરની ફરસબંદી ઉપર સુરતની ઑરફનેજમાં બનેલ ગલીચાની બિછાત કરેલી હતી. પાલનપુરી ગુલાબચંપાના પુષ્પના હારનો ઢગ એક બાજુએ જણાતો હતો, અને સુમારે દોઢસો ગૃહસ્થો ભેગા થયેલા માલમ પડતા હતા. ગાડી આવીને સ્ટેશન પર ઉભી તે વખતે, માત્ર શરીરના બાંધા ઉપરથી, સંભાળપૂર્વક સાચવી રાખેલ યુવાવસ્થાનાં તમામ ચિન્હો ધારણ કરતો, "વૃદ્ધાવસ્થા" એવી તે કોઈ સ્થીતિ હયાતિ ભોગવતી હશે, કે પછી તે માત્ર મનુષ્ય જાતિની કેટલીક સદીઓની માન્યતાના પરિણામે મનુષ્યો તે છે તેવું ધારી બેઠાં છે એ વીષે જોનારને તર્ક વિતર્કમાં નાંખતો, નિર્મળ, પવિત્ર, મીઠાં કીરણરાશિના ભંડારરૂપ, નેત્રદ્વંદ્વ, જેના ઉપર જાણે કૃત્રિમ હોય તેવાં રૂપેરી છત્ર જેવાં શ્વેત ભવાં ધારણ કરેલાં હતાં તેવો, મનુષ્ય માત્રને મધુર દૃષ્ટિએ જોનાર એક વૃદ્ધ ગૃહસ્થે ઉભા થઇ, બીજી કોઇ વીધિ વગર લાગલગું નીચે પ્રમાણે બોલવા માંડયું:—

"બંધુઓ ! તમને સૌને વદિત થાય કે આપણી જ્ઞાતિનું સુકાન "આજે દિશા બદલે છે. કુદરતનો એક સામાન્ય નિયમ કોણ નથી "જાણતું કે અમુક ગાડામાં નવા બળદ જોડાય, ત્યારે બળદની કાંધને "કંઇક ઘસારો પડે, ને કંઇક ધુંસરીનું લાકડું છોલાય ત્યારે બન્ને "એક બીજાને અનુકુળ થાય ને ગાડું ચાલે, તેજીજ રીત્યે અમુક "જ્ઞાતિમાં પણ કંઇક સુધારો થાય, તે પૂર્વે તે સંબંધે કંઇક વિરૂદ્ધ-"મત, કંઇક કલેશ, કંઇક ચર્ચા ઇત્યાદિ થાયજ થાય. આ ગાડી આ "સ્ટેશન ઉપર આવી ઉભી તે પહેલાં છેલ્લું સ્ટેશન છે તે આવવુંજ "જોઇએ. એવીજ રીત્યે અમુક સુધારા પરત્વે વિરૂદ્ધમત ઇત્યાદિ નિય-"મને અનુસરીને ઉપરથીત થાયજ. આ વિષયપર આપણી જ્ઞાતિમાં "ચાલી રહેલી ગરમાગરમ ચર્ચાથી કોઇને અન્તયબી થાય તો તેનો "આ ખુલાસો છે.

"મ્હને ૯૫ વર્ષ થયાં છે. તે અરસામાં મ્હેં બહુ જમાના "જોયા છે. મોગલાઈ જમાનો તો જાણે ગયા કાલની વાત છે. હું "ઘણી જાતના મનુષ્યોના પ્રસંગમાં આવ્યો છું. પરંતુ આ દેહે કરેલાં

"મહાન પુણ્યવડે પ્રાપ્ત થયેલા પ્રારબ્ધ યોગે આ મ્હારી આંખો **લક્ષ્મી-**
"**પ્રસાદ** જેવા મનુષ્યરત્નને ધંધામાં વધારે ઉંચા પ્રકારનું શીક્ષણ
"મેળવવા વિલાયત જતો જોવાને આજ ભાગ્યશાળી બની છે. એને
"પૂરાં વીશ વર્ષ થયાં નથી પરંતુ તેનામાં સો વર્ષ જેટલું ડહાપણ,
"બુદ્ધિને વિવેક હું જોઉં છું. સૌથી વિશેષ એનું નમુનેદાર વિશુદ્ધ વર્તન
"મ્હને એને માટે ઘણી ઘણી આશાઓ બંધાવે છે."

કેટલાંક વર્ષ પૂર્વે વિખૂટા પડેલા આપણા બંધુઓ જેઓ × × × નામની નવીન જ્ઞાતિ બાંધી બેઠા છે પરંતુ જેઓ કિંચિત્ સુધરેલા છે તેમનામાંનું એક અગ્રગણ્ય કુટુંબ ગયે કાલેજ પાશ્ચાત્ય ભૂમી તરફ ગયું અને સમગ્ર જ્ઞાતિ સમુહે તે માટે તેમનો સત્કાર કરી તેમને શુભ સફર ઇચ્છી. તેમ તમારી જ્ઞાતિની દરેક વ્યક્તિ તત્પર થાય તેના પ્રયત્નમાં રહો!

"પૂજ્ય વડિલશ્રી!" લક્ષ્મીપ્રસાદ ઉભો થયો "જ્ઞાતિઓના નેતા હજો તો આપના જેવાજ હજો! જે જમાનામાં હીંદુ જ્ઞાતિઓના વિદેશ પર્યટન સંબંધી નિર્ણયો અપરિપક્વ સ્થીતિમાં છે, અગર દોલાયમાન થઈ રહ્યા છે એ અરસામાં એક જ્ઞાતિના નેતાના મુખમાંથી આવા મક્કમ ઉદ્‌ગારો નીકળે એ જમાનો જોતાં વધાવી લેવા જેવો બનાવ છે."

"મ્હારૂં જીવનરૂપ હોડકું તો હજુ સંસાર સાગરમાં હલેસાં શરૂ કરે છે એટલે એને ખરાબા મગરમચ્છ અગર દરિયાઇ તોફાનો નડશે કે નિર્વિઘ્ને પસાર થશે તે તો હજુ ભવિષ્ય ઉપર છે પરંતુ એક ખટપટી જ્ઞાતિના સમર્થ નેતા તરિકે, અણસમજુ અને સંકુચિત બુદ્ધિના વિરૂદ્ધ-પક્ષને ન ગણકારતાં, મનુ મહારાજની આજ્ઞાનુસાર દેશકાળ સ્થીતિને અનુસરીને અંતઃકરણની સુચના મુજબ વર્તવા માટે મનની મજબુતાઈ બતાવીને આપે તો આપનું "નમુનેદાર વિશુદ્ધ વર્તન" હમેશને માટે આજે સિદ્ધ કરી આપ્યું છે.

"પચીશ વર્ષ પર્યંત સતત બ્રહ્મચર્ય પળાવી, ગમે તે ભોગે, બાળલગ્નનો રિવાજ નાબુદ કરી ઉત્તમ ધાર્મિક નીતિશીક્ષણ આપવામાં હીંદુઓનો ઉદય સમાયલો છે, અને પછાત રહી ગયેલી અશિક્ષિત વ્યક્તિઓને કેળવણી આપી, તેમને એક હારમાં લાવવામાં મુસલમાન બંધુઓનો ઉદય છે એમ કહેવામાં આવે છે પરંતુ જ્યાં સુધી

દુનિયાંની સપાટીપરના સુધરેલા દેશોમાંના કેટલાંક મનુષ્યોનું ઉદ્યોગી, પરમાર્થીક અને સમગ્ર ભૂગોળની ઉન્નતિને અર્થે સ્વાત્માર્પણ માટે તત્પર એવું ભવ્ય જીવન જોવામાં નથી આવ્યું ને તે સાથે આપણાં સાંસારિક બંધનોને લીધે આપણી "જીવતા મોત" સમી જીંદગીની સરખામણી કરવાના પ્રસંગો આવ્યા નથી ત્યાં સુધી આપણા ઉન્નતિ રથનાં ચક્રોની ગતી અતીમંદ છે. કૂવાનો દેડકો, કોટી કોલંબસ આવીને સમજાવે તોપણ, બહાર નથી નીકળ્યો ત્યાં સુધી, કૂવાના ખાડા સિવાયની દુનિયાં હશે એમ કેમ એકદમ સમજશે ?–"

સંચિતમાંથી બંધાયલા પ્રારબ્ધ મુજબ નિયમિત રીત્યે ચલાયમાન થનાર મનુષ્યની જીવનદોરીની પેઠેજ પળ વિપળનો હિસાબ રાખી ચાલનાર રેલગાડીને ઉપડવાનો સમય થઇ જવાની ભીતિએ લક્ષ્મીપ્રસાદના ગુણાનુરાગી અને સ્નેહીજનોએ આ "મીજલસ" ની બાકીની વીધિ આટોપવા માંડી. ખુશ્નુમા સફર અને શીઘ્ર પુનઃ મેળાપ સર્વેએ ઇચ્છયો. જ્ઞાતિના અગ્રેસર વયોવૃદ્ધ શેઠ અવિચળપ્રસાદે અનેક જન્મના પુણ્ય રાશિના ફળ સમાન, સુકીર્તિના પરિમળ જેવો, એક મ્હોટો પુષ્પહાર લક્ષ્મીપ્રસાદના કંઠમાં આલ્હાદપૂર્વક પહેરાવ્યો. વેણીપ્રસાદની પુત્રી ભાનુમતીએ, મહિલા સમાજની પ્રતિનિધી તરિકે એક બીજો હાર પહેરાવ્યો. તે પછી સંખ્યાબંધ સન્મીત્રો અને શુભેચ્છકોએ પ્હેરાવેલા પુષ્પહારો કરતાં ઉપકારથી જાણે વધારે દબાયલો લાગતો લક્ષ્મીપ્રસાદ, સ્ટેશનપરની જમીનને, સ્નેહીજનોને થયેલ લાગણી વધે નહીં તે માટે હાથથી પ્રણામ ન કરતાં અંતઃકરણથીજ પ્રણામ કરી ખાસ રોકેલ ડબામાં બેઠો. તેનાં માતપિતા, બે નાનાં ભાઇબ્હેન, અને મુનીમ પણ બેઠા. બે ગુમાસ્તા પણ યોગ્ય સ્થાને બેસી ગયા. અવિચળપ્રસાદને મુંબઇ સુધી આવવા ઇચ્છા હતી કારણકે ત્યાંના કેટલાક ગૃહસ્થોએ વિલાયત જવાના સંબંધમાં વાંધો બતાવ્યો હતો એટલે તેમના મનનું સમાધાન કરવાને ધારતા હતા. પરંતુ તેમને વૃદ્ધાવસ્થામાં પરિશ્રમ ન લેવા વિનંતી કરી આગ્રહપૂર્વક રોકયા. લક્ષ્મીપ્રસાદે બારીમાંથી સર્વને હાથજોડીને ફરીફરીને પ્રણામ કર્યા. ગાડી ઉપડી. ભેગા થયેલા ગૃહસ્થો લક્ષ્મીપ્રસાદનાજ વિચારો અને તેના ગુણોની સ્તુતી કરતા નગર ભણી વળ્યા.

સુજ્ઞ શ્રોતા–વાચકવૃંદની ક્ષમા માગી, આ સ્ટેશનવાળી પુણ્ય-

ભૂમિને, તેનું ખરૂં નામ બાજુ પર રાખી શ્રેયનગર કહીશું. આ નગરમાંના ગુણવંતરાય દેશાઇએ એક વખત ગુજરાતમાં પેશ્વા સરકારને પગ પેસારો કરવાના કામમાં મદદ કરવાના પરિણામે સારૂં દ્રવ્ય પ્રાપ્ત કર્યું હતું. તેમના પુત્ર ભાનુપ્રસાદે આ દ્રવ્યને બુદ્ધિ પૂર્વકની યોજનાથી વ્યાપાર કરી વધાર્યું એટલે પૈસે ટકે આ કુટુંબ બહુ સુખી હતું. પરંતુ કેટલાક જન્મના પાતકના પરિણામ રૂપ દુઃખ એ હતું કે જ્ઞાતિમાં "કહેવાતા" અગ્રેસરો વધી પડયા હતા. કહેવાની જરૂર નથી કે અમારી હીંદુ જ્ઞાતિઓમાં પટેલ–નેતા–અગ્રેસર–શેઠ કે જે કહો તે, પરંતુ તે થવામાં કોઈ પરિક્ષા પસાર કરવી પડતી નથી. કંઇ ગુણની કસોટીમાં ઉતરવું પડતું નથી. કંઇ દ્રવ્ય પણ ખર્ચવું પડતું નથી. પરંતુ માત્ર જીભનો સહજ ઝાઝો અને કવચિત્ હદ ઉપરાંત ઉપયોગ કરવાથી આ પદવી પ્રાપ્ત થઇ શકે છે. અને કેટલાક સમય ઉપર ઉત્પન્ન થયેલ, બુદ્ધિ મસ્તિક જન્ય કઢંગા રિવાજોનું અસ્તિત્વ ઠેઠ વેદ સમય સુધી લઇ જઇ એ રિવાજોને ચાલુ રખાવવાથી એ પદવી નીભી શકે છે. હૃદયના કાઠિન્યનો સહજ હદ ઉપરાંત નિદિધ્યાસ સેવવો પડે છે. અવિચળ પ્રસાદ જેવા સત્યયુગના મનુષ્યો જ્ઞાતિમાં જૂજ હતા. પરંતુ અવિચળ પ્રસાદનું ઓજસ એટલું બધું પડતું કે બધા પક્ષના એમને પ્રત્યક્ષ તો નમીને ચાલતા. પાછળ પાછળ નિંદા કરતા.

હવે ત્યારે, આવી એક જ્ઞાતિની અવનતિ રૂપી કંટક વૃક્ષ, જેને કન્યાવિક્રય, છાનાં સાટાં, બાળલગ્નો, વગેરે અનેક કચાલોનું મલિન પણ જળસીંચન મળ્યા કરે અને જેને દ્રવ્યથી ઉદરપુર થયેલ અગ્રેસરો પળે પળ **शतं जीवति**......ઇત્યાદિ જાણે આશીર્વચન ઉચ્ચારે તેનું આયુષ્ય કેટલું છે તે કહેવા માટે કંઇ જોશી લાવવો પડશે? એ તો સૌ કોઇ પણ કહી શકશે કે સાંસારિક અવનતિની રાત્રી કેટલી લાંબી છે ને ઉદય સૂર્ય કેટલે દૂર છે.

વસ્તુસ્થીતિ આમ છતાં, તડકામાં વાદળીની પેઠે, ભાનુપ્રસાદને પ્રારબ્ધ યોગે એક સારા આબરૂદાર કુટુંબમાંથી, રત્નલક્ષ્મી નામે સ્ત્રીરત્ન પ્રાપ્ત થયું હતું. આ દંપતિને સૌથી પ્રથમ સંતાન લક્ષ્મીપ્રસાદ થયો. અને તે પછી બે ભાઇ બ્હેન, હાલજ આપણી આગળ થઇને, ભાઇને એપોલો બંદર જઈ સારી સફર ઇચ્છવા માટે વિદાય થયાં તે બેઉ થયાં હતાં.

લાડમાં ઉછરેલાં છોકરાં ઘણે ભાગે લાડઘેલાં બને છે એ નિયમમાં અપવાદરૂપે લક્ષ્મીપ્રસાદ, પુર્વજન્મના સુકર્મોને લીધે, વય થતાં અતી ઉચ્ચ સંસ્કારવાળો જણાયો.

ચમત્કારીક વેગથી તેણે શરૂઆતની કેળવણી લીધી. તેના અભ્યાસના સમયમાં તેનાથી માત પિતા પ્રસન્ન અને ગુરૂ સંતુષ્ટ રહેતા.

બહુ બાહોશી સાથે તેણે કેળવણી પૂરી કરી. ગયે વર્ષે એલ. એમ. એસ. નામની વૈદકની પરિક્ષા સારી રીત્યે પસાર કરી હતી. તેજ અભ્યાસને આગળ વધારવા અને ઇંગ્લંડના લોકોની સાંસારિક ઉદ્યોગીક અને ધાર્મિક સ્થીતિનું બારીક નીરિક્ષણ કરી, ભાજી પાલાના ખોરાકની શ્રેષ્ટતા સિદ્ધ કરી આપવાના શુભ નેમથી તે આજ વિદેશ પ્રયાણ કરે છે.

જ્ઞાતિ ભક્તિની ઉચ્ચ લાગણીઓ શું નથી કરી શકતી ? થોડી વયમાં જ્ઞાતિની ઘણી ખરી વ્યક્તિઓની પ્રીતિ એણે સંપાદન કરી હતી. જ્ઞાતિના હીતની હરકોઇ વાત ચર્ચાતી હોય તેમાં લક્ષ્મીપ્રસાદ સૌથી પહેલો. એની મનોહર આકર્ષક મૂર્તિ, અને એની મનોવેધક મધુર ભાષા સર્વને સ્વાભાવિક પ્રેમ ઉપજાવે તેવાં હતાં. એ પોતે એના ખુલાસા કરતો કે—મ્હારા મનુષ્ય માત્ર પ્રત્યે અપૂર્વ પ્રેમથી મન વચનથી રહેવાના સંકલ્પનો એ માત્ર પ્રતિધ્વની છે. સ્ટેશન તરફથી પાછા ફરતા સન્મીત્રોની વાત પરથી લક્ષ્મીપ્રસાદ પ્રત્યેનો આ લોકોનો પુજ્યભાવ સહજ સમજાશે:—

ગોપાળદાસ—શું લાયક છોકરો છે ? ! આ વિલાયત જાય છે ખરો ? અને વિલાયત જઇને કેટલાક વટલી આવે છે ખરા ? પણ આતો જઇને ઉલટો ત્યાંના લોકને ભાજીપાલાના ખોરાક ઉપર રહેવા ઉપદેશ કરશે ! શું સમજ્યા ?

મનોહરદાસ—નાતમાં સારાં કુટુંબ છે તેમાં કેટલેક ઠેકાણેથી એને પરણવા માટે માગાં આવે તેમ હતું.

ઉત્તમરામ—પણ એને તો પૂર્વના વેદ સમય મુજબ પચીશ વર્ષનો થયા પહેલાં લગ્ન કરવુંજ નથી તેનું કેમ ?

સેવકલાલ—ભાઇ સાંભળોને. ભાનુપ્રસાદ અને રત્નલક્ષ્મી જેવાં સુઘડ, સુશીક્ષિત સ્ત્રી પુરૂષનાં સંતાનો એવાંજ થાય ! જેવાં માબાપ તેવાં છોકરાં.

ગોપાળદાસ—કંઈક માબાપનો વારસો ને કંઇક પૂર્વ જન્મની કમાણી ભાઇ ! નહીં તો છોકરાની ચમત્કારીક બુદ્ધિમાં તો માબાપ કરતાં ઘણો ફેર છે. શું સમજ્યા ? ગડબડ ભાઈ કેમ બોલતા નથી ?

ગડબડ—શું બોલવું ? તમે હાલ બધા જે તરંગ ઉપર ચઢયા છો તે ઠીકજ છે. ભીંતના સામે માણસ ધસે ને માથું અફળાય ત્યારે ખસે—

ગડબડદાસનું બોલવું એકેને રૂચ્યું નહીં. ચોખાના ઢગલામાં પડેલા એક અડદના દાણાની પેઠે તે એકદમ જૂદો પડી ગયો. પરંતુ ગામ આવી પહોંચવાથી સૌ પોતપોતાના ઘર ભણી વળ્યા.

પ્રકરણ ૩ જું.

‘ અમારી બીજી બાજુ ’

સાભ્રમતી મહિ નર્મદા, તાપી સહિત તરંગ,
દમણ ગંગા દક્ષિણે, સરવેના શુભ ગંગ-
તેના સમાન તુજ ચરણામૃતે અમે,
રાચી સુધારિયે સમાજ માત આ સમે.

બાળગીત.

અરૂણોદયને હજુ વાર હતી; એરેવલ્લી પર્વતની ટેકરીઓની હારનું એક હનુમાનજીના જેવું પૂંછડું ગુજરાત અને કાઠિયાવાડમાં લંબાય છે. તેમાંની એક ન્હાની પર્વતની ટેકરી ઉપરથી, સુગંધી વનલતાઓ અને પુષ્પોને સ્પર્ષ કરતી આવતી પરાગમીશ્રિત પવન લહરી ચાલી આવતી હતી. આ ડુંગરની તળેટીમાં એક **રણવાસ** નામનું ન્હાનું ગામડું આવેલું હતું. સત્તરમી સદીના અવ્યવસ્થિત જમાનામાં પાંચપચાસ મનુષ્યોનું ટોળું એકાદ આવા ડુંગરો અને ટેકરીઓનો આશ્રય લઇને કોઇ જળાશયની નજીકમાં પડતું; તેવીજ રીત્યે આ ગામના મૂળવાસિઓ પ્રથમ આવેલા. એમાં વસ્તી મુખ્યત્વે બ્રાહ્મણોની હતી અને બ્રાહ્મણોના સમુહથી તેઓ બહુ આઘે હોવાથી ગુજરાતના બીજા બ્રાહ્મણોના કરતાં બહુ ગ્રામ્યજીવન ગાળતા પરંતુ લાંબા વખતના સહવાસથી તેમને આ ભૂમિ હવે પરિચિત થઈ પડી

હતી. તેમની પાંચ સાત પેઢિઓ અહીં થવાથી હવે સ્થાનાંતર કરવો અપ્રિય થઇ પડ્યો હતો. બ્રાહ્મણો છતાં તેઓ કૃષિકારનો ધંધો કરતા અને ઢોરોનો ઉછેર અને ખેતીનું ઉત્પન્ન, એ પ્રારબ્ધયોગે તેમની આજીવિકા થઇ પડી હતી. કોલંબસના અમેરિકા દેશ શોધી કહાડતાં પૂર્વે બાકીની દુનિયાંને તેનો ખ્યાલ નહતો, અને હજુ પણ કદાચ્ કોઇ દેશ પૃથ્વીની સપાટીપર હયાતી ભોગવતો હશે તો તેનો જેમ આપણને હાલ ખ્યાલ નથી તેમ આ લોકોને તેઓ ઉચ્ચ જ્ઞાતિના બ્રાહ્મણો છતાં સુધરેલી ગુજરાત શું કરે છે તે વિષયનો તો ભાગ્યેજ ખ્યાલ આવતો. પ્રસંગે તેમનું શહેરોમાં જવું આવવું તો થતું જ; કન્યાઓ કાઠિયાવાડનાં શહેરોમાંજ આપવી પડતી અને અધમ વિક્રય વડે બીજેથી લાવતા. દેહને અને જીવને જેમ નીકટનો સંબંધ છે; વાણીને અને અર્થને જેમ નીકટનો સંબંધ છે તેમ કેટલાક રિવાજો અમારામાં એવી અચ્છી રીત્યે દાખલ થયેલા છે કે તે અમારા કહેવાતા "ધાર્મિક જીવન"થી તદ્દન અભિન્ન છે. દાખલા તરિકે કોઇ મુઆ પાછળ લોકાઇએ જવાનો રિવાજ! કેળવણીએ હવે આ રિવાજને ઘડીને પાંગળો બનાવી જરૂર પૂરતો કેટલેક ઠેકાણે કરી મૂક્યો છે પરંતુ આવા ગામમાં તો તે અણીશુદ્ધ સંપૂર્ણ અસ્ખલિત આરોગ્ય ભોગવે છે! એટલે એવે પ્રસંગે કવચિત્ શહેરોમાં આ લોકોને જવાનું થતું તેમ છતાં શહેરી લોકોના જીવનનો આ ગામવાસીઓને સંસર્ગજ નહતો. એ જીવન એમને અનુકુળ પણ જાણે નહતું આવતું અહીંથી થોડેક છેટે એક વખત એક ભયંકર દુષ્કાળમાં એક પાદરીએ એક અનાથાશ્રમ સ્થાપ્યું હતું પરંતુ ત્યાંનો ઉપરી સાહેબ વખતે ફરતો ફરતો આવે તો આ લોકોનાં છોકરાં ન્હાસી જતાં! અજ્ઞાનરૂપ આવરણની તળેટીમાંજ હોવાથી ઉદય રસ્મિ જેમ દૂર જણાતો હતો તેમજ આ ડુંગરની સ્થૂળ તળેટીમાં હોવાથી ભગવાન્ સૂર્યનારાયણનાં દર્શન પણ એમને મોડાં થતાં! માટીનાં ન્હાનાં ન્હાનાં ઘરોમાં પશુવત્ જીવન ગાળનારાં મનુષ્યો પોતાનાં પશુઓની સાથેજ રહેતાં. પશુઓ બાહેર રાખી શકાતાં નહીં કારણકે રાત્રિએ નજીકની ટેકરીમાંના કોતરોમાંથી વાઘની દહેશત રહેતી. દસબાર મનુષ્યોનું કુટુંબ હોય અને ચાર છ ઢોર હોય છતાં એક ન્હાના ઘરમાં સાથે સાથે રહેવાને તેઓ ટેવાઇ ગયાં હતાં. સવારમાં વહેલાં ઉઠીને તેઓ પહેલું કામ પોતાનાં ઢોરોને બાહેર કાઢવાનું કરતા. પછી એ ઢોરોનાં મળ-

મુત્રની વ્યવસ્થા કરતા. અને તે પછી ખેતીનાં ઓજારો બળદો વગેરે લઇને ખેતરોમાં જવું હોય તો જતા. શહેરી જીંદગીની ઉપાધિઓ-માંથી મુક્ત રહી અજ્ઞાનમાં જે સુખ કહેવાય છે તે તો આ બિચારા અનુભવતા તેટલોજ કહેવાનો સંતોષ હતો પરંતુ તેમાં પણ કેટલોક વખત થયાં હાલમાં એક વીઘ્ન આવ્યું હતું. ગામમાં શીતળાનો રોગ ફાટી નીકળ્યો હતો અને ઘણાં ખરાં ન્હાનાં બાળકો પટકાઇ પડયાં હતાં.

અહીં આજે સવારમાંથીજ ઓધારામના કુટુંબમાં કંઇક નવીન જાગૃતિ જણાય છે. છોકરાં આમ તેમ કૂદી રહ્યાં છે. દરરોજ ઉંઘ-માંથી હજુ મોડાં ઉઠનારાં બાળકો, આજ ઘર આગળ ત્રાંબાનું એક દસબાર ફુટનું તતુડું વાગી રહ્યું છે તેનાથી આનંદમાં નાચી કૂદી રહ્યાં છે ! ઓધારામની દીકરી વીજીને બળીયા બહુ જોરથી નીકળ્યા હતા. વીજી ત્રણ માસની હતી અને તેની માતાને ઓધાન રહેવાથી તેને બચપણમાં પૂરતું ધાવણ મળ્યું નહતું એટલે તે તદ્દન શુષ્ક સુકા બાવળના કાષ્ટની ઢીંગલી જેવી રહી ગઇ હતી. ઓછામાં પૂરૂં બળીયા આખા શરીરે જોસમાં નીકળવાથી તેને બચવાની સૌએ આશા છોડી હતી. ઓધારામને ચાર દીકરા હતા પરંતુ વીજી એકનીએક દીકરી હતી તેથી માતા પિતાએ એની સારવારમાં રોકાયા ઉપરાંત કેટલાક રિવાજ મુજબ બાધા આખડીઓ રાખી હતી. અને તેમાંની એક બાધા એ હતી કે—જે દીવસે વીજીને સ્નાન કરાવવામાં આવે તે રોજ ગામથી નજીક પાદરે આવેલ શીતળા માતાની દેહેરી આગળ જઇ માતાનું પૂજન કરી ત્યાં બ્રાહ્મણોને ભોજન આપ્યા બાદ ઘરમાં દુધનો ઉપ-યોગ વીજી સિવાય બીજાથી થઈ શકે.

આજ વીજીને માતાજીને મંદિરે તડકો ચડતાં પહેલાં લઇ જવાની હોવાથી ઓધારામના કુટુંબમાં ધામધૂમ જણાતી હતી. વીજીની મા ઉજમબાઈ વહેલી ઉઠી પાંચ સાત પડોશણોને બોલાવી લાવી તેમના હાથમાં પુષ્પ, અક્ષત, અબીર, ગુલાલ, દુવા, શ્રીફળ વગેરેના થાળ આપી ઘરની આગળની રવેસીમાં માતાજીનાં સ્તવનો ગાતી ઉભી રાખી હતી. દુંદુભીનાદ કહો કે બેંડના સરોદ કહો, તેના સ્થળે હાજર સો હજુર—એક ઉપર કહ્યું તે મ્હોટું તતુડું માત્ર હતું જેણે વ્હેલાં ઉઠવાનો મંત્ર બોધવા એક સમર્થ ઉપદેશકની ગરજ સારવા જેવું કાર્ય એ કર્યું હતું કે ગામનું એકે છોકરૂં પથારીમાં રાખ્યું નહતું !

એટલે શીતળાથી બચેલાં તમામ છોકરાં આગણામાં ભેળાં થયેલાં હતાં. પાંચેક ફુટ ઉંચી, ગામડાની સ્વચ્છ હવાના પરિણામે અને શહેરીઓના અન્ય સંગદોષને અભાવે, અશિક્ષીત પરંતુ તંનદુરસ્ત જણાતી, ઉચ્ચ જ્ઞાતિની છતાં રબારણો જેવી લાગતી, અનેક પ્રકારની ન્યુનતાઓ અનુભવતી છતાં સંતુષ્ટ લાગતી, ૭ સાત ગુજરાતણો, ભેગાં થયલાં છોકરાં, તતુડાવાળો, અને પૂજન માટે એક 'ભટજી બુવા' એટલું ટોળું વીજીને લઇને માતાજી ભણી ગામથી ઉગમણી દીશાએ ચાલ્યું. વીજીને એક સ્ત્રીએ ઉચકી લીધેલી હતી કારણકે હજુ એનામાં ચાલવાના હોશ આવ્યા નહતા. શરીર મૂળ તો શુષ્ક હતુંજ ને તેમાં શીતળાને લીધે વળી વધારે નબળાઇ જણાતી હતી. અને સ્વભાવમાં ચીડ વધી પડી હતી.

"ભટજી બુવા"ની ઓળખાણ સહજ પણ કરાવ્યા વગર આગળ ચાલવું ઠીક લાગતું નથી. શરીરે વામન સ્વરૂપે, તદ્દન "ગટ્ટી" હતા. કંઠમાં ભૂદેવોને આવશ્યક રૂદ્રાક્ષની માળા ધારણ કરેલી રાખતા, પરંતુ ગરદન બહુજ ટુંકી હોવાથી તે માળા, હનમાનજીને ચડાવેલી લાંબી આકડાનાં સહજ મેલા તેલમાં બોળેલાં ફુલની જાણે હોય તેવી રીત્યે છેક નાભી સુધી પ્રસરી રહી હતી. કપાળમાં મ્હોટું ત્રિપુંડ ચિતરેલું હતું—તે એટલે સુધી કે એમના મસ્તકને બાળકોને ભુગોળ શીખવાના પૃથ્વીના ગોળા અથવા પીંડ હાલમાં આવે છે તે જો કલ્પીએ તો આ ત્રિપુંડ તેમાં ઉત્તર ધ્રુવથી દક્ષિણ ધ્રુવ સુધી પ્રસરતું લાગતું ! એમના મ્હોંપર આવેલી ચામડીના જેટલીજ જાણે સ્થુળ જાડાઇનું ગુમાનનું પડ, ગમે તેવા સાધારણ અવલોકન કરનારની નીઘા બહાર રહે તેમ નહતું. અને તેમની માન્યતા પ્રમાણે તે ગુમાન સકારણ હતું. તે એ કે ગોખણપટ્ટીના તંતુ ઉપર વેદ જેવા મેરૂને ટકાવી રાખી, તેને સજીવન રાખનારા ભૂદેવોના વંશજ તે હતા. અને આજુબાજુનાં ગામોમાં વારતીથિ પૂછવા કે લગ્નવીધિ કરાવવામાં તે અનન્ય હતા !

કેટલાક સાહસિક ભાષાસેવકો સંસ્કૃત ભાષાને મૃતપ્રાય કહી દે છે. આમાં કંઇક ઉતાવળ થતી જોવામાં આવે છે. વાસ્તવીક રીત્યે ભાષા તો હયાતિમાં છેજ ! હીંદનું કયું ગામડું છે, કે જ્યાં હીંદુઓ છતાં, એમનાં પૂજન વીધિ સમયે સંસ્કૃત ગીરાના ઉચ્ચારો

નથી સંભળાતા ? હકીકત એમ છે કે તે ઉચ્ચારો થયા છતાં તે આપણુ સમજતા નથી ! એક બ્રાહ્મણુ બાળકનો ઉપનયન સંસ્કાર સંસ્કૃતમાં થાય અને જો શ્રોતાને, અને કહેવા દ્યો કે ખુદબખુદ વક્તા પણ તે સમજતા ન હોય, તો ભલે તે ઉપનયન સંસ્કાર લેટીન—હીબ્રુ—ગ્રીક—કે ગમે તે ભાષામાં થાય તેમાં તફાવત શો ? માટે ભાષા તો સજીવન છે—વ્યાકરણુ મૃતપ્રાય છે; છતાં હાલમાં ખાનગી સાહસથી સંસ્થાપિત થયેલ પાઠશાળાઓમાંની કેટલીકમાં વ્યાકરણુ વગરની ગોખણપટ્ટી ચાલતી જોઇએ છીએ જે કદાચ્ કંઇપણુ કામ આવતી હશે તો અમાવાસ્યા દ્વાદશીએ બ્રાહ્મણુ બાળકોને પ્રાણુયાત્રાર્થે ભ્રમણુ કર્યાના કામમાં આવતી હશે અન્યથા નહીં. એટલે એથી તો ઉલટા પચીસેક વર્ષ પાછા હઠવાનું થાય છે. માટે મૃતપ્રાય તો વ્યાકરણુ થઈ ગયું છે ભાષા નહિં. દાખલા તરીકે ભાષાનું કેટલુંક ભંડોળ તો અમારા આ ભટજી બુવાને જીવ્હાગ્રે પણુ હતું !

જરૂર પડતો વિષયાન્તર માફ ! ભટજી બુવા જેમનું ખરૂં નામ તો 'દંભીશંકર' હતું તેમણે વીજીને ન્હાળવીને જમીન ઉપર માતાજીની દેહેરી આગળ બેસારવા આજ્ઞા કરી. ઉપર કહ્યું તેમ પૂર્વજન્મનાં પાતકોને લીધે વીજીની શારીરિક સંપતિ નહીં જેવીજ હતી, પરંતુ સુખદુઃખ મીશ્રિત સંસારમાં સતોષ માત્ર એ હતો કે બેધારામ પાસે દ્રવ્યસંગ્રહ ઠીક હતો. અને વીજીના જન્મ પછી કેટલીક વીશેષ પ્રાપ્તિ થઇ હતી જેથી તેના ઉપરનો માતપિતાનો સ્વાભાવીક સ્નેહ બહુ વધ્યો હતો. દંભીશંકર ઉર્ફે ભટજી બુવાને આ નાનકડા પૂજન વીધિમાંથી પણુ ઠીક પ્રાપ્તિની આશા હતી. એથી, કે કોણુ જાણે શાથી, પરંતુ પૂજનમાં તેમની કાળજી ઠીક જણાતી હતી; અને વીધિનો કાર્યક્રમ તે બહુ ઉત્સાહ પૂર્વક કરાવતા જણાતા હતા. અને આ લખવાની જરૂર એટલા માટે પડે છે કે ઘણાં ખરાં પૂજન વીધિ વખતે સાંસારિક ઉપાધિયોમાં—અને સ્પષ્ટ કહેવા દ્યો કે "યેનકેન ઉપાયેન" દ્રવ્ય સંગ્રહમાં, તેમનું માનસિક અવધાન ચાલ્યા કરતું અને ઉચ્ચાર માટે જીભ, અને ક્રિયા માટે હાથ, પૂજનવીધિનો ક્રમ એની મેળેજ જાણે ચલાવ્યાં જતાં ! આજે તો પ્રથમ તેમણે વીજીને હેમાદ્રિ પ્રયોગ વડે ત્રણુ આચમની ભરેલું જળ કંઠમાં રેડાવી માનસિક સ્નાન કરાવ્યું. તે પછી સર્વત્ર શાંતિ ઇચ્છવા, અને તેના પ્રતિધ્વની તરિકે પોતાને શાંતિ માટે

વેદ મંત્રોચ્ચાર કર્યો. આર્ય ધર્મશાસ્ત્રની માન્યતા છે અને સર્વ સુસંસ્થાપિત ધર્મોની કે પંથોની માન્યતા જોવામાં આવે છે કે બીજાંઓ પ્રત્યે ઇચ્છા કરીએ તેથી આપણી પ્રત્યે તેઓ એવીજ ઇચ્છા કરે એમ આમંત્રણ કર્યા બરોબર થાય છે—ઇચ્છીએ કે ન ઇચ્છીએ તો પણ તેનું પરિણામ એવું આવે છે.—આથી જડ ચૈતન્યમાં સર્વત્ર શાંતિ ઇચ્છવા આજ્ઞા છે. એ મુજબ આ સ્થળે, વેદમંત્રથી આકાશમાં, અંતરિક્ષમાં, પૃથ્વીમાં, જળમાં, ઔષધીમાં, વનસ્પતિમાં, વિશ્વદેવમાં, બ્રહ્મમાં અને સર્વત્ર શાંતિ ઇચ્છવાનો વેદમંત્ર બોલવામાં આવ્યો[1] તે પછી ગણપતિથી માંડીને સર્વદેવનું આવાહન કરાવી ગંધાક્ષત પુષ્પ વડે દેવીનું પૂજન કરાવ્યું. આરતી સાથે આ વીધિ સમાપ્ત કરી. અને છેવટે પૂજન વીધિ, શ્રૃદ્ધાએ અશ્રૃદ્ધાએ, અગર કંઇ ભૂલથી થઇ હોય તો ક્ષમાની પ્રાર્થનાનો મંત્ર બોલવામાં આવ્યો. આ મંત્ર બોલાતાંજ, એકદમ વીજીની આંખ સહજ ફાટી, તેને ચક્કર આવી અને સાક્ષાત્ દેવીના દ્વાર સમક્ષ, જાણે તેણીએ તેને બોલાવી ઉપાડી લીધી હોય તેમ, તે શબવત્ બની ગઈ! ટોળામાં હોહા થઇ કોલાહલ મચી રહ્યો. છોકરાં અને તતુડાવાળો એટલાં તો જીવ લઇને ન્હાસી ગયાં! પાંચ સાત સ્ત્રીઓ અને ભટજી બુવાજ ત્યાં રહ્યા. અનેક ગપ ચાલવા માંડયાં. પેલાં છોકરાં ન્હાસી જવાના કૃત્યનું પરિણામ એ થયું કે બોઘારામ તથા ગામડાની ઘણીખરી વ્યક્તિ ત્યાં જોતજોતામાં હાજર થઈ રહી!

વીજીના પડી જવાથી તાત્કાળીક શું કરવું તે કોઇને ન સૂઝયું. બધાં વ્હેલાં ન્હાસી જાત—ઉજમબાઇજ માત્ર ત્યાં ઉભાં રહેત. કારણ કે એમને દેવીએ વીજીને ઉપાડી લીધી એવી ભીતિ મજબુત રીત્યે પેસી ગઈ હતી પરંતુ પડોશી તરિકે સંકટમાં મદદ આપવી જોઇએ એ માન્યતાથી ઉભાં રહેવું પડયું હતું. એટલામાં બીજા લોકો આવી પહોંચ્યા. એક વૃદ્ધ પુરૂષ જેણે ઘણા જમાના જોયા હતા તે વીજીની આંખો દબાવી રહ્યો અને પોતાના શરીર પરની ધાબળી તેના ઉપર ઓરાડી. એક શકરો નામનો તપોધન “સેલાણા” ગામમાં રહેતો હતો.

---

૧ યજુર્વેદ અ. ૩૬-મંત્ર ૧૭.

વળી જુઓ બાઈબલ સુત્ર—“Do ye unto others as ye would that they should do unto you.”

તે કોઇને ઝેરી જાનવર કરડે તો ઉતારતો. ઘંતર મંતર જાણવાનો ફાંકો રાખતો. કપાળમાં સીંદુરની મ્હોટી ભારોટીઆના આકારની આડ કરતો તે નીચે કાળી "બીંદગી" કરતો. ભટજી બુવાને અને એને પ્રસંગોપાત લડી પડવાના બનાવ બનતા. કારણ કે એક બીજાના ઉપાર્જન ઉપર તરાપ મારવાના પ્રસંગો આવતા. એણે આવીને વીજી-ની નાડ તપાસી. જરા ચુપ રહ્યો. એટલે બધાની ચિંતા વધી પડી.

"ભટજી મહારાજ! કંઇના કંઇ તો નથી બબડી ગયા ને?! પૂજા બરોબર કરાવી છે? આતો માતાનું કામ!" સેલાણીએ ભટજી સામે જોઈ તરાપ મારી.

"આ અજ્ઞાન મનુષ્યો શું સમજતાં હશે?" દંભીશંકરે પ્રત્યુ-ત્તર આપ્યો, "એક દિવસમાં બધા વેદની પારાયણ અમે સહેલાઇથી કરી જનારા! ભૂત ભવિષ્ય ને વર્તમાન જાણનાર, તેને વળી આવા નાનકડા પૂજનમાં ભૂલ આવ્યાની વાત કરે છે, હે! હે! હે!–" એમ કરીને સહજ હસી નાંખ્યું.

"એમ તડાકા મારવાનું કામ નથી ભટ બુવા! ભવિષ્ય જાણતા હો એ સાચું કહેતા હો તો આ વીજીનું હવે શું થશે તે કહો જોઇ-એ?" સેલાણીએ રબરની હોય તેમ આંખો મ્હોટી કરી ભટજી સામે હુન્નરો કર્યો.

"અમારાથી શું દુનિયામાં જાણવાનું બાકી છે?" ભટજીએ પ્રત્યુતર વાળ્યો. "વીજીને મૂળતો પ્રકૃતિ છેક નરમ—તેમાં વળી આ કડકડતી ટાઢમાં સવારમાં ન્હાવાનું થયું. પછી ઉઘાડી હવામાં આટલે સુધી લાવ્યા. અને અહીં પણ એ ત્રણ આચમની પાણી પીવામાં આ-વ્યું. એટલે આમ થયું છે. માતાજીનો એમાં કંઇ હાથ અમને નથી લગતો. કદાચ આરામ પણ થઈ જાય."

"કદાચ્ આરામ થાય" એમ કહેવું એ ભવિષ્ય પારખી બતા-વ્યું ન કહેવાય. બિચારી વીજી બ્હેન પોતાના છેલ્લા બિછાના પર હવે જણાય છે છતાં **કદાચ્ કદાચ્** કહી ભીતિ બતાવતા પણ જવું ને આશા પણ આપવી એતો હડહડતી ઠગાઇ થઇ."

"અમે લોકો તદ્દન સત્ય કહી દઇશું તો તમને અને મુખ્યત્વે બોધારામ ભાઇને માથામાં ઘા વાગ્યા બરોબર લાગશે, શું સમજ્યા?"

" નહીં, એમ ન બોલો. જો જાણી શકતા હો તો જે હોય તે કહો " બધાં બોલી ઉઠયાં.

" શું કહું ? કહેતાં મ્હારી જીભ ઉપડતી નથી. પરંતુ આ બ્હેન હવે બે ચાર ઘડીજ જીવે એમ છે. નાજુક તબીયતે આટલો પરિશ્રમ પડયો તેનું આ પરિણામ છે એમતો હું કહી ગયો, અમે તો પ્રથમ-થીજ જાણતા હતા કે આમ થવાનું છે. "

સેલાણીથી બોલ્યા વગર રહેવાયું નહીં—" જ્યારે તમે જાણતા હતા ત્યારે અહીં લાવ્યા શું કરવા, અગર ઘેરજ કેમ આગળથી ન કહ્યું ? "

" આ શું જોઇને વાત કરતા હશે મૂર્ખ જેવા બધા ! રામચંદ્રજી શું નહતા જાણતા કે સુવર્ણનો મૃગ દુનિયામાં થાય નહિ ? છતાં તેની પાછળ કેમ ગયા ? પ્રારબ્ધ નિર્માણ થઇ ચૂકેલું હોય ને અમારા જેવા વિદ્વાનો સિવાય તે કોઇ જાણતું નથી પણ નિમિત માત્રને વિષે કરીને—અરે આધિન થઇને—બધું કરવું પડે છે. ચલંતિ મેરૂ—પ્રચલંતિ તારા—પણ ગમે તેમ હોય તો પણ સત્પુરૂષ વાક્યં કદી ના ચલંતિ. હવે તમારે શું કહેવું છે ? આ સાક્ષાત્ વેદવાક્ય તો તમને કહી બતાવ્યું.

બોધારામભાઇ, બીજા તો ગમે તેમ વાતો કરે, પણ તમારે આ બ્હેનને માટે હવે તેની છેલ્લી ઘડીમાં કંઈ પુણ્યદાન કરવું હોય તો તેનો વખત જાય છે. શું સમજ્યા ?

આમ વાત ચાલતી હતી એવામાં વીજીના શરીરમાં સહજ બારીક કંપારી આવતી જણાઇ ! અને તે તુર્ત પાછી મટી ગઇ.

" હવે આ દેહાંત વખતની છેવટની કંપારી ! પ્રભુ ! પ્રભુ ! બોધારામ શું જોઈ રહ્યાછો ? છેવટનું એને જે કહેવાનું હોય તે કહો ને આપવાનું હોય તે આપો. અને બીજા તમે બધા હવે ઘેર જાઓ. હરિ, હરિ. " દંભીશંકરે કહ્યું.

મોંઘાઇની દીકરીની આ સ્થીતિ થયેલી જોઇ બોધારામ એક બાળકની પેઠે રડવા લાગ્યો. ઉજમબાઇ આક્રંદ એથી પણ વધી પડયું.

આ વખતે પાસેના રસ્તા ઉપર થઇને એક બેલ ગાડી અને પાછળ ત્રણ સ્ત્રીઓ અને બે પુરૂષો ચાલતાં આવતાં જણાયાં. આ દયાજનક દેખાવ જોઈ એ લોકો અહીં આવ્યાં. એમાંની એક સોળ સત્તર વર્ષની, શરીરે મજબુત બાંધાની, અને શ્યામ છતાં ભવ્ય દે-

બાગની એક બાળાએ ઉજમને રડવાનું કારણ પૂછી લીધું. રડતી ઉજમે કેટલીક હકીકત કહી તે સાંભળતાંજ તેણીએ તુર્ત વીજીનો હાથ ઝાલ્યો. આજુબાજુના સંજોગોથી પણ સહજમાં વાકેફ થઇ. ઉજમ તથા બોઘારામને બહુ ધીરજ તથા શાંતિ આપવા માંડી અને વીજીને સાચવીને પોતાની ગાડીમાં ઘેર લઈ જવા આગ્રહપૂર્વક ભલામણ કરી. બધાંએ ઉપાડી એને લીધી અને ગાડીમાં સુવાડી ઘેર લાવ્યાં આ ભલી બાળા અને તેની સહચરીઓ પણ સાથેજ આવી. સહજ ગરમ કરેલી ફલાલીનના શેકથી વીજીએ નેત્ર ખોલ્યાં અને શુદ્ધીમાં આવતી જણાઇ એટલે માબાપના આનંદનો પાર રહ્યો નહીં. વળી જ્યારે એમણે જાણ્યું કે આ ભલી બાઇ એક સ્ત્રી દાકતર થયેલી છે ને નજીકના પાદરીના ઑરફનેજમાંથી તે આવે છે એટલે એમની શ્રદ્ધા વધી અને એ પરગજુ ભલી બાળાનો તેમણે અંતઃકરણપૂર્વક આભાર માન્યો.

" કદી એ બાજુ અમારે અવર જવર નહીં. એટલે પૂરાં ઓળખીએ પણ શી રીત્યે? માતાજીએજ તમને આજે મોકલ્યાં. નહિ તો કદી આમ જતાં પણ જોયેલાં નથી." ઉજમે કહ્યું.

" આજ એ સાસરે જાય છે. અમારામાં તમારી પેઠે ઢીંગલાંની રમત પેઠે અણસમજુ બચ્ચાંને પરણાવવામાં આવતાં નથી." એક સહચરીએ ખુલાસો કર્યો.

વીજી બેઠી થવા માગતી હોય એમ જણાવ્યું. બે માણસોએ સહજ મદદ કરી એટલે એ પથારીમાં બેશી શકી. અહીં બધું ગામ ભેગું થઇ ગયું હતું. શકરો ને ભટજી બુવા પણ પાસેજ બેઠા હતા બેઠી થયા કેડે વીજીએ આંખો ઉઘાડી સૌથી પ્રથમ બે હાથ જોડી સ્ત્રી દાકતરને અત્યંત ઉપકાર મિશ્રિત લાગણીઓથી પ્રણામ કર્યા. અહલ્યાએ શ્રીરામચંદ્રજીનો જે લાગણી વડે ઉપકાર માન્યો હશે તેવી કંઈક લાગણીથી આ વીજી આ પ્રસંગે હાથ જોડી રહી, ને ધીમેથી થોડા નીચેના શબ્દો તે બોલી શકી.

"મને આજે બાળી નાંખત. જીવતી બાળત મારાથી બોલી શકાતું નહતું. કારણ કે હું બહુ ટાઢી પડી ગઇ હતી. પણ મનમાં તો બધું સમજાતું હતું."

શકરા 'સેલાણીથી' રહેવાયું નહીં. "કેમ ભટજી બુવા! ચલંતિ મેરૂ–પ્રચલંતિ તારા–એ વેદ મંત્ર ફરીથી બોલો જોઇએ!"

"મને તમારી પેઠે ઢોંગ આવડતા નથી. ખોટા આડંબર ઉપર મને સૌથી વધારે કંટાળો છે જે ચાલે છે તેમાં હાલ ધ્યાન આપવું જોઇએ" ભટજીએ ખુલાસો કર્યો.

સ્ત્રી દાકતરે રજા માગી. બધાંએ અંતઃકરણપૂર્વક આ ભલી બાળાનો ઉપકાર માન્યો. પાદર સુધી કેટલાંક સાથે ગયાં. સ્ત્રી દાકતરની સાથે એક વૃદ્ધ સ્ત્રી ત્યાંથી અનાથાશ્રમમાં પાછી ફરવાની હતી. તેને નમન કરી, અને જમીન ઉપર કુમકુમના છાંટા નાંખી નમન કરી, સ્ત્રી દાકતર ગાડીમાં બેઠી અને ગાડી ચાલી.

પ્રકરણ ૪ થું.

પ્રવાસ.

આજ વિલાયતની મેલ સ્ટીમર ઉપડવાનો દિવસ છે. ગ્લાની ભરેલે મુખે કેટલાક પુરૂષોનાં, અને પથ્થરના કે વજ્રના હૃદયને પીગળાવે એવું આક્રંદ મુખ ઉપરથી સુચવતી સ્ત્રીઓનાં ટોળાં એપોલો બંદર ઉપરથી પાછાં ફરતાં જોવામાં આવે છે.

વિલાયત માટે ઉપડતી સ્ટીમર કેટલોક વખત તો મુંબઇ નગરીની અર્ધ પ્રદક્ષિણા કરે છે. એ વખતનો દેખાવ અલૌકિક થઇ રહે છે પરંતુ છ હજાર મૈલ જેટલી લાંબી મુસાફરીને માટે સજ્જ થયેલ મુસાફરો, ઘડી પહેલાં સ્નેહી સગાંથી વિખુટાં પડેલા તે દેખાવનાં સ્મરણમાં કદાચ્ આ દેખાવનો ખ્યાલ ઓછો કરે છે.

લાંબા વખત સુધી હીંદમાં નોકરી કરી, અહીંના મનુષ્યોથી દેવ પુરૂષની પેઠે ચીરકાળ પુજાઇ માતૃભૂમિ તરફ વિદાય થતા કેટલાક વૃદ્ધ અંગ્રેજોથી, હીંદ વ્યાપારની વૃદ્ધિને અર્થે, વિદેશીય વ્યાપારની જાહોજલાલીનું જાતે નિરિક્ષણ કરવા કટિબદ્ધ થયેલા કેટલાક સાહસિક વ્યાપારીઓથી, ઉચ્ચ કેળવણીમાં શિખરે સ્થીતિ પ્રાપ્ત કરવાના ઉચ્ચ આશયવાળા કેટલાક અભ્યાસકોથી જાપાન અમેરિકા અને ઇંગ્લંડના કેટલાક હુન્નરોની બારિકી સમજવા માટે જનારા પ્રવાસીઓથી, ભરેલી એક સ્ટીમર આજે ઉપડી છે. આ બધાં પેસેન્જરોમાં એક પુરૂષ એવો

છે કે જે સમગ્ર મનુષ્ય જાતને તો શું, પરંતુ પશુ પક્ષીને પણ બંધુ સમાન લેખી, મનુષ્ય જાતિની માનસિક ઉન્નતિ માટે દૃઢ ચિત્તે સતત પ્રયત્નશીલ છે જે મૃતિકાની બનેલી પૃથ્વીપરની તમામ મનુષ્ય વ્યક્તિઓને જૂદેજૂદે સ્વરૂપે ભિન્નભિન્ન ગુણ પ્રધાન પરમાત્માની મૂર્તીઓ સમજે છે. અદ્વિતીય બુદ્ધિપ્રભાવવાળો છતાં, અનુપમ ચિત્ત ગાંભીર્યવાળો છતાં, બ્રહસ્પતિ સમી ભવ્ય આકૃતિ અને સ્વરૂપવાન છતાં, એક નરાધમના નાનકડા બાળક સાથે પણ તન્મય બની તેની સાથે કોઇ પ્રકારના મનના કલેશ વગર પ્રસન્ન મુખે જરૂર પડતો વાર્તાલાપ કરવાની સાહાઈ ધરાવનાર, આ યુવક સ્ટીમરના એક "બર્થ"માં લાંબો થઇને વિચારમાં તલ્લીન્ન બની સૂઇ રહેલો જોવામાં આવે છે. સત્યયુગનાં મનુષ્યોમાં સાંભળવામાં આવતું સૌજન્ય કોઇ એક દેવ રૂપ ધારણ કરે તેના મુકટમાં ધારણ કરવાને યોગ્ય સ્વભાવવાળો આ યુવક, આથી મ્હારૂં હીત છે અને આથી પરહીત છે એવી સંકલતા નથી કરતો! વસુંધરાની દરેક વ્યક્તિને તો, પોતાનું કુટુંબ હવે સર્વ કોઇ તદ્દન નજીકના ભવિષ્યમાં માનતાં શીખશે; કારણકે ભૂગોળનાં તમામ મનુષ્યોનાં સુખ, દુ:ખ, કલેશ, કેટલેક ભાગે સમાનતા ધરાવનારાં છે એવી સમજણ હવે પ્રસરવા લાગી છે. "આ ભૂગોળ હવે નજીકમાંજ સૂર્યમાં પડી જવાનો છે" "આપણે હવે આયર્લેન્ડ જેવડો વાવટો અને ૫૦૦ માઇલ ઉંચો સ્તંભ ઉભો કરીએતો મંગળના ગૃહ જોડે સંદેશા ચલાવી શકીએ તેમ છે" વગેરે વાર્તાઓના પ્રસારથી ભૂગોળપરનાં મનુષ્યોનું બંધુત્વ તો સંધાવા લાગ્યું છે, પરંતુ આ યુવકને તો આ પરમાત્માની સૃષ્ટિના—બ્રહ્માંડના અણુએ અણુમાં અસંખ્યાત યોજનના વિસ્તારવાળા આકાશમાં, સર્વત્ર તેજોમય અખંડ અસ્ખલિત, અદ્વિતીય બ્રહ્મની કલ્પના માત્રથીજ તેની રગેરગમાં આનંદ આનંદ વ્યાપ્યા કરે એવા અભ્યાસના અહર્નીશ સેવનવડે પ્રાપ્ત કરેલી પ્રસન્નતા એનો એવો તો અચ્છો સોબતી બની રહી હતી કે તેને તે સોબતી—તે મીત્ર સાથેની ચુપકી, એક વેદાભ્યાસ—ગીતાના વાચન સમી અનુભવાતી. દુ:ખી મનુષ્યો પોતાનાં પાપ, અગર અવિનયમાંથી ઉત્પન્ન થતી વિપત્તિઓમાં સબડયાં કરતા તેમને માટે તેને જે સફેદ દેવતાસમી કાળજી કે જાગૃતિ હતી તે કવચિત તેનાં આત્મસંભાષણ વખતે સંભળાતી:—

"અરે! બિચારા લાખો હિંદુઓને 'વટલી ગયા' 'ભ્રષ્ટ થઈ ગયા'

કહી, આડે રસ્તે દોરી મરી જનારા મનુષ્યોને તેમના ઉપર દયા કરી ઇશ્વરે ઠેકાણે રાખ્યા હશે કે? ગુન્હો એટલો બધો મ્હોટો થઇ ગયો છે કે રખેને તેમને 'નર્કદ્વારે સ્થિતી'નું શાસન આપવામાં આવ્યું હોય! ક્યાં છે અહીં વટાળ? અને વટાળ કોને મ્હારે કહેવો કે સમજવો? આ 'સ્ટવ' ઉપર ગરમાગરમ ચહા થશે. માતુશ્રીએ તૈયાર કરી આપેલ આ પવિત્ર નેતરના કરંડીયામાં મૂકેલ આ અન્નકુટ સામગ્રી ક્ષુધા શાંતિ કરશે. ફળો, દુધ વગેરે ત્યાં મળે છે તેવુંજ અહીં મળી શકે છે. ત્યાંથી પણ બજારમાં-(પછી જોડે ગમે તેની દુકાન હોય તેનો ભાગ્યેજ ખરીદદાર ખ્યાલ કરે છે! ત્યાં)થી ફળફળાદી મળે છે તેમ અહિં મળે છે. બાકી રહ્યું પાણી! અમદાવાદમાં નળ પહેલવહેલા ચીરસ્મરણીય સ્વર્ગસ્થ રા. બા. રણછોડલાલ છોટાલાલ સી. આઇ. ઇ. એ કરાવ્યા ત્યારે લોકોએ તેમની જે નિંદા કરેલી તે હજુ મને સાંભરે છે. હવે તેઓ એક દેવની પેઠે તેમની સ્તુતિ કરે છે. તેવીજ રીત્યે મીઠા પાણીના અહીં નળ જોવામાં આવેછે અને તે વાપરતાં કદાચ્ સંકોચ આવે તો પીવાના પાણીનો જથો ખારા જળમાંથી બનાવી લેવાય છે.

ખાનપાનના કેટલાક પ્રતિબંધો અને નિયમો (જે સત્યયુગના પવિત્ર જમાના પછી ઉપસ્થીત થયા લાગે છે તે) થી ઉત્પન્ન થયેલ એક પવિત્ર બ્રાહ્મણના વિચારો અને એક ચાંડાલ કે ચમારના વિચારમાં ફેર જોવામાં આવે છે તેનું કારણ કેટલેક દરજ્જે એ નિયમો ને પ્રતિબંધો છે. પરંતુ તે નિયમો અમુકજ મનુષ્ય પાળે અને અમુકને તે પાળવાનો પ્રતિબંધ છે એવી વ્યવસ્થા પૂર્વે આર્ય શાસ્ત્રોની, આર્ય કોમની, આર્ય દેશની સંસ્થાપના વખતે ન હોવી જોઇએ. ખારવાથી અને દાસીઓથી સમર્થ પુરૂષો ઉત્પન્ન થયેલા તે, તે જમાનો, જેમાં ગુણ કર્મોજ અમુક વ્યક્તિની સંજ્ઞા મુકરર કરવામાં પ્રમાણરૂપ મનાતાં તે પછી સમયને અનુસરીને આવશ્યક લાગ્યું તેમ વર્ણાશ્રમ બંધાયલો છે (તે જમાનો) પાછો ખેંચી લાવવા બુમો પાડનારા ઉંચી ખડકપરથી પડતું મૂકવાનો રસ્તો બતાવવા જેટલું સાહસ કરે છે. ઘણા જુના વખતથી અમુક નિયમોને અનુસરી ચાલનારી હીંદુ કોમ, જેની સંખ્યા હાલ સુમારે સત્તર કરોડની હશે-અને જે સંખ્યા બાળલગ્ન જેવા રાક્ષસી કુચાલો ન હોય તો ઘણી મ્હોટી હોવી જોઇએ, તે હીંદમાં આવેલી કોઇપણ પરધર્મી પ્રજા સાથે ભળી શકી નથી, પરંતુ તેલમાં પાણીની પેઠે એકદમ જૂદી પડી, પોતાને દુનીયાની બીજી પ્રજાઓમાંથી ઓળખાવ-

નારાં ચિન્હોને, નબળી પાતળી સ્થીતિમાં પણ ટકાવી રહી છે. એ તમામ ચિન્હો, જેમણે, પોતાની લાંબી ઉમરમાં ઘણા ઘણા માર સહન કરેલા છે તેમને એકદમ ફેંકી દઈ આપસ આપસમાં તેમ અન્ય પ્રજાઓ જોડે સંમેલન કરી દેવાનો "**સુધારો**" સુચવવો એ એક મોટી ઉચ્છૃંખલતા છે. ભુલી જવું જોઇતુ નથી કે બૌધ સમયમાં, તેમજ મોગલ સમયમાં, રાજ્યના સંપૂર્ણ આશ્રય છતાં, તે બની શક્યું નથી.

અલબત્, બુદ્ધિમસ્તિકજન્ય રૂઢિ દેવતાના, અંધશ્રદ્ધાવાળા પુજારીઓને પુનઃ પુનઃ ઉપદેશ સલિલ વડે સ્નાન કરાવી સાવધ બનાવવાના છે. પરંતુ એ જૂના પુજારીઓઓનો તેમજ ઉદ્ધત પક્ષ ઉભયમાંથી એકે આપણી વાસ્તવીક ઉન્નતિ માર્ગસુચક પતાકા લઇ ઉભેલો નથી. ઉન્નતિ પક્ષ તો કંઇક મધ્યમાંજ રહેલો છે. મહાત્મા મનુની આજ્ઞાનુસાર દેશકાળ સ્થીતિને અનુસરીને ધાર્મિક અને સાંસારિક જીવનમાં સમયોચિત ફેરફારો સ્વીકારવા માટે જનસમુહને કેળવી ઉત્સાહી બનાવવામાં રહેલો છે. અન્યથા નહીં."

એકાગ્રવૃત્તિ થવાથી આ સમયે આ યુવકને સહજ નિદ્રા આવી ગઈ અને તે લાંબો થઇ સુઇ ગયો. દસ પંદર મીનિટ એવી સ્થીતિમાં રહ્યો હશે એવામાં તુતક ઉપરથી ખલાસીયોના અટ્ટહાસ્યનો ધ્વની આવવાથી તે બેઠો થઇ ગયો. "**વિદેશગમન અને વટાળ**" એ વિષય ઉપર એક નિબંધ આ સ્ટીમરમાંજ લખવા ધાર્યું હતુ તે લઈ બેઠો.

આ સંસારમાં સામાન્ય મુશીબતોવાળાઓ વચ્ચે સહજમાં મિત્રાચારી થઇ જાય છે. પંદર દીવસ સુધી સ્ટીમર એજ જાણે દુનીયાં, અને એની અંદરનો જનસમુહ એજ એ નાની દુનીયાંની વસ્તી; એટલે મિત્રતાના બજારની મોંઘવારીનું પરિણામ એ આવે છે કે એમાંના જનસમાજનું અતડાપણું સસ્તું થઇ જાય છે; સંજોગોએ આણી મુકેલી સ્થીતિને લીધે, શહેરોની સામાન્ય ટ્રામવેઓમાં મનુષ્ય મનુષ્ય વચ્ચેની બેદરકારીનો અહીં અભાવ સમજી લેવો. અહીં તો મનુષ્ય મનુષ્ય વચ્ચે મિત્રાચારી શોધતા ફરે છે; જરૂરીઆત શોધવા ફરજ પાડે છે.

એક બહુજ આનંદી સ્વભાવના આઇરીશ પેસેન્જરે આવી બર્થનું બારણું ઉઘાડ્યું.

"હું ધારૂં છું કે મ્હારી પોતાની મેળેજ (કોઇના "ઇન્ટ્રોડયુસ" થયા વગર) તમને મ્હારે મળવું પડશે."

"તમારી સરળતા માટે ઉપકાર માનું છું. તમને જોઇને હું ઘણોજ ખુશી થયો." એ મતલબનો ઇંગ્રેજીમાં લક્ષ્મીપ્રસાદે પ્રત્યુતર વાળ્યો.

"મ્હારે તો તમને ઉપરના મંડળમાં લઇ જઇને ખુશી થવું છે. મ્હેં સાંભળ્યું છે કે તમે ચોવીશ કલાકમાં ઉંઘવા તથા ખાવા પીવાના વખતને માત્ર બાદ કરતાં ઘણા ખરા કલાકો ઉદ્યોગમાં ને ઉદ્યોગમાં ગાળો છો. એ શું મ્હેં સાચી વાત સાંભળી છે?"

"હીંદુસ્તાનની વધતી જતી ગરીબાઇ, હીંદના દરેક વતનીને મ્હારાથી પણ વધારે ઉદ્યોગી બનાવે એ જરૂરનું થઇ પડયું છે."

"વાહ! વાહ! હીંદની સ્થીતિ માટેની તમારી લાગણી તો ખરી, પરંતુ હદ બહાર ઉદ્યોગી થવાથી જીંદગીને ધકકો પહોંચી તે ટુંકી થાય છે એ તમારા જેવા બાહોશ ગૃહસ્થને હજુ હવે શીખવાનું છે કે શું?"

"જનસમુહને આપણા સદુદ્યોગથી જીંદગી ઉપયોગી થઈ પડે તો તે ઓછી લાંબી થાય તેથી શું? જગત ઉપર–પ્રાણી માત્ર ઉપર ઉપકાર કરવાની વૃત્તિનું એક ચોઘડીયું, સામાન્ય રીત્યે ગણાતી લાંબી જીંદગીની બરોબરી કરી શકે છે."

"અજબ ફીલસુફી! હીંદુસ્તાનની સ્કુલોમાં શું આવું શિક્ષણ મળે છે! 'આનંદ'! 'તંદુરસ્તી'! 'આરામ' એને તમો લોકો કયારે પુરૂં ઓળખતાં શીખશો? ચાલો ચાલો, મ્હારા મીત્ર ઉપરના આનંદી મંડળમાં!—"

એમ કહી લક્ષ્મીપ્રસાદનો હાથ ઝાલી તેને તુતફ ઉપરના મંડળમાં લઇ ગયો. અહીં ત્રણ યુરોપીયન બાનુઓ, બે ઇંગ્રેજ ગૃહસ્થો, અને એક હીંદુ બ્રાહ્મણ કુટુમ્બ પણ હતું. એ કુટુમ્બમાં એક સુપ્રસિદ્ધ ગુજરાતી ગૃહસ્થ તેની સ્ત્રી અને તેમની સુશિક્ષિત પુત્રી એ ત્રણ હતાં.

"આ ગૃહસ્થ તદ્દન એકાંત અને અતી ઉદ્યોગી જીંદગી ગાળતા હતા ત્યાંથી તેમને હું લાવ્યો છું મને આશા છે કે તેમના આવવાથી આપણા મંડળમાં એક સારો ઉમેરો થશે." આઇરીશ ગૃહસ્થે કહ્યું.

"એકાંત અને અતી ઉદ્યોગી જીંદગી ગાળવા માટે તમારે એમને ધન્યવાદ આપવા ઇચ્છા છે કે પછી એક પ્રકારનો ઠપકો આપવા ધારો છો એમાંથી કયું?" ગુજરાતી ગૃહસ્થે પૂછ્યું.

"એકાંત અને અતી ઉદ્યોગી જીંદગી જો જનસમુહના ઉપર ઉપકારક કૃત્ય કરવા પાછળ ખરચાતી હોય તો તે કોઇ વાતે ઓછી આવકારદાયક નથી.—" ગુજરાતી બાનુએ ભાગાતૂટા અંગ્રેજીમાં હીમતથી પોતાનો સ્વતંત્ર મત દર્શાવ્યો.—"સુવર્ણા મ્હેન ! તેં એક દીવસ એક વિદ્વાન ગુજરાતીના અદ્વીતીય, નમુનેદાર ઉદ્યોગી વર્તનની વાત મ્હારા આગળ કહી હતી તે કોની ?—"

"એતો એક પ્રથમ શ્રેણીના જનસમમુહના ભક્તનું અનુપમ વૃતાન્ત હતું, જેની જીંદગીની ક્ષણેક્ષણ લોકોપકારક સુકર્મોમાંજ ખર્ચાય છે, જેના વિશુદ્ધવર્તનનું સ્મરણ માત્ર પાવન કરનાર છે. ડૉ. લક્ષ્મીપ્રસાદ એક અદ્વિતીય નરરત્ન સંભળાય છે."

"મ્હારા મિત્ર" તે ગુજરાતી ગૃહસ્થે લક્ષ્મીપ્રસાદ તરફ જોઇ વચમાં પૂછ્યું—આ સ્ટીમરમાં કરવી પડતી મુસાફરીનો કંટાળો ઓછો કરવા નિમિત્તે આજ રાત્રે અહીંના પેસેન્જર મંડળમાંથી દરેક ગૃહસ્થે એકેક કોઇ સારા જીવન ચરિત્ર ઉપર અગર પોતાને રૂચતા કોઇ ઉત્તમ વિષય ઉપર કંઇક વ્યાખ્યાન આપવા ઠરાવ કર્યો છે. હું ધારૂં છું કે આપને પણ તે માફક આવશે. આપનું નામ મ્હેરબાની કરી મને જણાવશો ?—

"મ્હારૂં નામ લક્ષ્મીપ્રસાદ છે. આપને હું કોઇ રીત્યે ઉપયોગી થઇ પડું તો હું બહુ ખુશી થઇશ—"

સુવર્ણકુમારીના મોંપર લાલ શેરડા પડ્યા. તે એકદમ શરમાઇ ગઇ. કારણકે આજ લક્ષ્મીપ્રસાદને ઉદ્દેશીને ઉપરના ઉદ્ગારો તે બોલી હતી. પણ લક્ષ્મીપ્રસાદને તેણીએ કદી જોયો નહતો. માત્ર તે બહુશ્રુત હોવાથી તેમજ નિવૃત્તિનો તમામ વખત અભ્યાસમાં અને જનસમાજની વર્તમાન સ્થીતિ જાણવામાં ગાળતી હોવાથી તેને કાને લક્ષ્મીપ્રસાદની કીર્તિ વખતોવખત સાંભળવામાં આવી હતી. જેવી તે સ્વતંત્ર અને મક્કમ વિચારવાળી હતી તેવોજ પોતાનો મત દર્શાવવામાં નિડર અને જાહેર હીંમતવાળી હોવા છતાં, લક્ષ્મીપ્રસાદના સંબંધમાં પ્રત્યક્ષ પ્રસંશાનાં બે વચનો બોલવામાં આ સુશિક્ષિત અને સુકુમાર બાળા તદ્દન જાણે લાચાર જેવી બની ગઇ. આર્ય સ્ત્રીઓ કોઈ પણ પુરૂષની કીર્તિનાં વચનો તેની સમક્ષ કોઇપણ જાતના કારણને અભાવે બોલી નાંખવાના કૃત્યને એક પ્રકારની ખોટી ખુશામત ગણે છે તેને એટલું બધું ઉચ્ચ સ્થાન આપવામાં આવતું નથી, એથી કે

કોણ જાણે શાથી પરંતુ તે લક્ષ્મીપ્રસાદ તે આજ ગૃહસ્થ છે એમ ભાન થતાં સુવર્ણાને અનેક તર્કવિતર્ક થવા માંડયા. સહજ પણ પરિચય વગર, જાણે યુગનાયુગો સુધીનો એની સાથે સંબંધ હોય તેવી રીત્યે તેની પ્રત્યે જોવાની પળેપળ પ્રગટ થતી ઇચ્છાને દાબી દેવામાં અપૂર્વ રીત્યે મનોબળનો વ્યય કરવો પડતો જણાયો.

લક્ષ્મીપ્રસાદે થોડી ઉમરમાં ઘણા જમાનાનો જાણે અનુભવ મેળવ્યો હતો. અનેક મનુષ્યોના સમાગમમાં આવ્યો હતો. જનસ્વભાવના લક્ષણનો સંપૂર્ણ અભ્યાસ કર્યો હતો. આ સુધરેલા સુખી અને સંતોષી કુટુમ્બ સાથે પ્રથમ તેને મેળાપ નહતો થયો. તથાપિ ગમે તેવા જનસ્વભાવ સાથે સહજમાં ભળી જવાની અદ્દભૂત અમાનુષી શક્તિના પ્રતાપે તે ઘડીભર પણ અજાણ્યો અગર અપરિચિત જેવો ન લાગ્યો.. સૌંદર્ય અને ગુણ એ બેમાં, સુવર્ણ અને પારસમણી એ એના પ્રમાણ મુજબ તે કીંમત કરતો; તોપણ આ વખતે જાણે વિના પ્રયાસે તેનાથી એકદમ સુવર્ણકુમારીની દીવ્ય મૂર્તિ જોતાં કલ્પના થઇ ગઇ કે—સર્વથા જય હો તે જગનિયંતાને કે જેણે આવી દૈવી મૃતિકાની પ્રતિમાવડે બ્રહ્માંડને વિભુષિત કરેલું છે—પરંતુ પાછળથી તત્ક્ષણે તેને વિચાર થયો કે "બ્રહ્માંડ ભલે બધાં કાળા મ્હોંનાં વાંદરાંથી ભરેલું રહે અગર અપ્સરાઓના નૃત્યના સુંદર ધ્વનીથી દીપી ઉઠે તે પરમાત્માને પરવડતી વાત છે પરંતુ આ સુંદરીના દર્શનથી એવા પ્રકારની કોઇપણ કલ્પનાને મગજમાં સ્થાન આપવાનો મને અધિકાર નથી—"

"કેમ ? શો વિચાર થાય છે. મ્હારા પ્રશ્નનો શો પ્રત્યુતર છે ? અમારા વખત નિર્ગમન કરવાના વિચારને આપનું અનુમોદન છે કે નહી ?" આઇરીશ ગૃહસ્થે પૂછ્યું.

"આપની કલ્પના અતિઉત્તમ છે. મુશીબત માત્ર એટલીજ લાગે છે કે—આ પેસેન્જરો જેઓ પચરંગી પ્રજાની વ્યક્તિઓ છે તે તમામને અનુકુળ આવે અને સૌને સામાન્ય હોય એવો કોઇ વિષય શોધી ક્હાડવો પડશે. પરંતુ તે પણ મળી આવશે."

એટલામાં એ આઇરીશ ગૃહસ્થે એક ટેબલ ઉપર બીઝિક રમવાની યોજના કરી. લક્ષ્મીપ્રસાદને આગ્રહપૂર્વક બેસાર્યો. કેટલીક વારે સાંજે થવાના જલસામાં એક સારા વિષય ઉપર વ્યાખ્યાન આપવાનું કબુલ કરી લક્ષ્મીપ્રસાદ પોતાના બર્થ તરફ જવા ઉતરી પડયો.

× × × × ×

સમગ્ર પેસેન્જર મંડળને એકજ કુટુંબ બનાવી દેનાર દરિયાની આ મુસાફરી દરમીયાન, કેટલાક આનંદી સ્વભાવના બાહોશ અંગ્રેજ પેસેન્જરોની બુદ્ધી પૂર્વકની યોજનાથી, આજ રાત્રે ભર સમુદ્રે એક ભવ્ય નાટક પ્રયોગ સમી પચરંગી મીજલસની યોજના સિદ્ધ થઇ શકી! જેને જે કંઇ અતિ પ્રિય વિષય હોય તે ઉપર કંઇક બોલવું, "પાર્ટ" ભજવવો, ગાયન ગાવું, વગેરેનું એક સુંદર "પ્રોગ્રામ" પેલા ભલા આઇરીશ ગૃહસ્થે યોજી કહાડયું. એ ગૃહસ્થની દોડાદોડી કંઇ સર્વથી અજબ તરેહનીજ બની ગઇ હતી. હીંદી પેસેન્જરો પ્રત્યે તેમાં વળી ખાસ કરી લક્ષ્મીપ્રસાદ પ્રત્યે તેનો અપૂર્વ પક્ષપાત દેખાતો. સ્વાભાવીક સ્મીત હાસ્યથીજ તે હમેશાં વાત કરતો જણાતો. હાસ્ય એક જંતુઘ્ન ઔષધ Laughter a Germicide—એ વિષય ઉપર તેણે આજે કંઇક વિવેચન કરવાનું માથે લીધું હતું. ત્રણ ચાર અંગ્રેજ યુવકોને કવી ગોલ્ડસ્મીથના "ગુડ નેચર્ડ મેન"માંથી કેટલાક પ્રસંગોનું પઠન કરી જવાની યોજના કરી હતી. કવી શેકસપીયરની કૃતિમાંથી, જુલીયસ સીઝર અને મર્ચંટ ઑફ વેનીસ નામના નાટકમાંથી શાયલોક અને એનટોનીયોનો ભાગ ભજવવાની યોજના કરી રાખી હતી. એક જર્મન ગૃહસ્થ જેણે સંસ્કૃતનો ઘણો સારો અભ્યાસ કર્યો હતો તેણે સંસ્કૃત છંદ શાસ્ત્ર ઉપર વીવેચન કરવાનું માથે લીધું હતું. લક્ષ્મીપ્રસાદે "વર્તન" ઉપર અંગ્રેજીમાં વિવેચન કરવાનું માથે રાખ્યું હતું. સુવર્ણકુમારીને કોઈ સારૂં હીંદી—ગુજરાતિ ગાયન વડે મંગળાચરણ કરવાનું યોજાયું હતું. અને કેટલાક આગ્રહથી માતપિતાની સંમતિથી તેણીને તે સ્વીકારવું પડયું.

સ્ટીમરમાં પણ, ફાલતુ જગાના પ્રમાણુમાં વિવિધ રમતગમત માટે આરામ સ્થાનોની યોજના બરાબર થઇ હતી. આજે નિમાયલે સમયે પેસેન્જર મંડળ આવીને બેઠું તે પહેલાં, એક સામાન્ય રંગભૂમિની ગોઠવણ કરવામાં આવી હતી અને તેને પડદા સીનરી અને વિજળીની રોશનીની મદદથી શણગારવામાં આવી હતી.

શરૂઆતમાં, સુવર્ણકુમારીએ રંગભૂમિપર આવી બે હાથ જોડી, અતિ મધુર કંઠે નીચેના **પદ લાલિત્યથી** શણગારાયલા ગાયનથી મંગળાચરણ કર્યું:—

પદ.

નમીએ ભારતી મમ જનની
હે—ભારતી મમ જનની.
ફુલવતી–ફલવતી–વસુમતી–સુખદા
આ—ભારતી મમ જનની
નમીએ૦

ગંગા યમુના સિંધુ નર્મદાથી સુજલનું સુખદાતા,
રામેશ્વર હરદ્વાર દ્વારિકા જગન્નાથ જગત્રાતા,
ભારત અર્જુન રામ કૃષ્ણ હરિશ્ચંદ્ર નરેંદ્રની માતા,
કવિકુલચર્ચિત કુસુમ પરિમલે વિશ્વ વિષે વિખ્યાતા,
હે માતા ! (૨)—આ તનુ દાતા—
તુજ થકી જનમ્યા (૨)
ૠષીમુની કવી પંકાતા
આ—ભારતી મમ જનની.

વિષમ વખતમાં માત વસંતાં તેત્રીશ ક્રોડ વિહંગ,
દુઃખદ સ્થીતિ નીતિરીતિ નથી સબળી, પુણ્યથી પુનિત પ્રસંગ.[1]
વંદન કરીએ વાર વાર ભર ઉદધિ વણે ઉત્સંગ,
વરતો વહાલી વસુંધરા તવ-વિજય વિજય શ્રીરંગ.
હા—રંગ—પામું ઉમંગ—
જીવિત સફલ મમ માત પામતાં
તુજ ચર્ણામૃત ગંગ—
આ—ભારતી મમ જનની નમીએ૦

શ્રોતાઓ આ મધુર ગીત ગવાયું તે વખતે ગુજરાતી ભાષાથી અજાણ છતાં પણ એક ચિતે સાંભળી રહ્યા હતા. અને ગીત સમાપ્ત થતાં પશ્ચિમના રિવાજ મુજબ તેને તાળીયોના ગગડાટથી વધાવી લીધું. પરંતુ પેલા આમ તેમ ફરતા ભલા આઇરીશ પ્રયોજકથી તેના સ્વભાવ પર ગયા વગર રહેવાયું નહીં. તે એકદમ ઉભો થયો ! અને બોલવા માંડયું:—

You will excuse me for this interruption ladies and gentlemen! but I could not help noticing one thing. It is said of Indians, that they follow many an evil customs, just like a train of

---

૧. ઇગ્લંડવાસીઓનો પ્રસંગ.

sheep; now if we pretend to be wiser, tell me whether it is our just pride! The example of your congratulating Miss Suwaren Kumari with cheers without understanding a bit of what she sang is just an instance in point! Is it not? (laughter).

The song-Greek to you all-perhaps except me, was no doubt well worded, nicely rymed, and most elegently sung by this accomplished child of India, but heaven knows what it wanted actually to convey to the audience. Is it not? (Laughter). Let me therefore enlighten you on the subject. My familiarity for over 2 years with the Gujarati people have taught me to understand a bit of that language. Miss Kumari probably desires the audience to understand the woes of Indian mothers who are victims to the very crude Zenana System.

Name ye Ba Ratti Mama Zenana! Is it not? (Laughter). Yes, yes, we all know that that crude Zenana System is at the root of all evil in the way of their reform. Where are the women suffrage bravos? Why do they not come out of the Western Island into this Eastern Peninsula (of India) to help their sisters? (Loud laughter from the Gujarati group, and a voice; "you have totally misunderstood the song"): Yes, yes, I find that I have perhaps lost my way; is that? (laughter) well, if that be so, my only excuse is that I have attempted this translation with only a very short experience of that language, as I have said, however, I have excited;

your innocent laughter and it is, as I will later on speak upon, not an ordinary feast of fun. I will now propose that Dr. Laxmiprasad will translate the song, or tell us the substance of it, simply in order that we may know how far I have dragged you off—way!

લક્ષ્મીપ્રસાદે, સુવર્ણકુમારીએ સંભળાવેલ મધુર ગીત, અત્યંત ઉત્સાહપૂર્વક સાંભળ્યું હતું. ગીતના વીષય પરત્વે તેનો જેટલો પ્રેમ હતો તેવાને તેટલાજ ઉત્સાહપૂર્વક તે ગવાયું હતું. એ સાંભળી એને જીંદગીમાં સૌથી પ્રથમ, અમુક પ્રકારનો અદ્‌ભૂત આનંદ અનુભવાયો હતો. જન્મો જન્મથી કંઇક ગુમ થયેલ વસ્તુ દ્રશ્યમાન થતાં અનુભવાતા આનંદનું જાણે એને આ પળે ભાન થતું સમજાતું હતું. સદી ભરની એક પ્રકારની આત્માને લાગેલી ક્ષુધા આજના દેખાવથી જાણે તૃપ્ત થઇ હતી. સેંકડો ભવ્ય નાટય પ્રયોગોનું તારતમ્ય ઘડી ભરના ગીતથી અનુભવાયું હતું. કંઠમાં અમૃત પવાલું ભરપુર રીત્યે જાણે રેડાયું હતું છતાં તે પવાલું–તે પાત્ર એક પણ બીંદુ કમી થયા વગરનું હજુ નજર સમક્ષ મોજુદ હતું! આ અદ્‌ભૂત કુદરત ચમત્કૃતિ સમજવાની તેને પોતાને આ વખત શક્તિ ન હતી તો પછી કોઇ પૂછે તો તેનેતો તે શી રીત્યે કહી શકે કે એને શું અનુભવાય છે! ઉપરોક્ત લાગણી અનીવાર્ય રીત્યેજ જાણે અજમાવાઇ ગઇ. સ્વસ્થ થઇ તુર્તજ તેણે ઉભા થઇ ગીતનો ભાવાર્થ કહી સંભળાવ્યો. અને તે પછી ઉત્તમ વાકય રચના અને પ્રૌઢ શૈલી વાળી ઇંગ્રેજી ભાષામાં વર્તન ઉપર વિવેચન કર્યું જેનો સાર કંઇક અંશે નીચે મુજબ હતો.–

"અમુક પ્રજામાં, વિશુદ્ધ વર્તનવાળા શિક્ષિત યુવકો, એજ એ પ્રજાની મ્હોટામાં મ્હોટી દોલત છે. એ દોલતને વધારવી, અર્થાત્ એવા યુવકો ઉત્પન્ન કરવા એ દરેક સુધરેલા દેશની પાઠશાળાઓનું લક્ષ્યબીંદુ હોવું જોઇએ."

જે જે દેશોમાં એવા યુવકોની ઉત્તરોત્તર વૃદ્ધિ થતી જોવામાં આવે, તેવા દેશની તે વૃદ્ધિ એક ઉન્નતિ માર્ગદર્શક પતાકા છે એ પ્રજાના નેતાઓએ નિશ્ચયપૂર્વક જાણવું.

અમારા હિંદુસ્તાન દેશની માફક, જ્યાં એવાં મનુષ્યોની સંખ્યા કમતી હોય ત્યાંની શાળાઓમાં ઉત્તમ નીતિશિક્ષણ આપવાનો

પ્રારંભ થવો જરૂરનો છે. ફ્રાન્સ જેવા દેશમાં, જ્યાં મોજ મઝાનાં સાધનોની યોજનાઓમાંજ પ્રજા મસ્ત અને ઉન્મત જોવામાં આવે છે અને જેના પરિણામે એવા ઉત્તમ શહેરીઓની સંખ્યા કમતી થતી જોવામાં આવે છે ત્યાં એમ ન થવાના સમયોચીત ઉપાયો યોજાવા જોઇએ. અમેરિકા અને ઇગ્લંડ જ્યાં પૂરતી સંખ્યામાં, પ્રજામાં એવા ઉત્તમ યુવકો જોવામાં આવે છે તેમની સંખ્યા કાયમ રહે, જેથી પ્રજાનું ગૌરવ–બળ–માનસીક શક્તિ જેવી ને તેવી રહે તેટલા માટે, "પ્રજામાં વિશુદ્ધ વર્તનવાળા સુશિક્ષિત યુવકોની પ્રજાની અવનતિ ન થવા પામે તેટલા માટે જરૂર છે" એવાં મતલબનાં પુસ્તકો પ્રસિદ્ધ થવા જોઇએ.

આ ભુગોળનાં મનુષ્યોમાં, અરસપરસ બંધુભાવની લાગણીથી જોનારા ઘણા મનુષ્યો જોવામાં આવશે તે દીવસ મનુષ્યજાતને અનહદ સુખનો અનુભવાશે. તે વખતે જૂદાં જૂદાં રાજ્યોમાં અંદર અંદરના વિગ્રહો નષ્ટ પામશે. પ્રજાઓમાં લડાઇનાં સાધનો, જેવી રીત્યે જૂનાં હથીઆરો હાલ બતાવવામાં આવે છે તેમ પ્રદર્શણોમાંજ નજરે પડશે અને સમગ્ર ભૂગોળમાં, વિમાનમાં પૂર્વેના પવિત્ર સમયની માફક, મનુષ્યો મુસાફરી કરશે; એટલુંજ નહિં પરંતુ આકાશમાં અન્ય ગ્રહોમાં પણ પર્યટન કરી શકશે. પરંતુ તે વિશુદ્ધ વર્તનવાળા સંખ્યાબંધ મનુષ્યો જોવામાં આવશે ત્યારેજ.

રેલવેએ છેટાનો પરાજય કર્યો છે. સ્ટીમરોએ પાણી ઉપર વિજય પ્રાપ્ત કર્યો છે. વિજળીએ વખતને અને છેટા બન્નેને હંફાવ્યાં છે; હવે વિમાનો પાછાં હવાને હરાવશે અને મનુષ્યોની મુસાફરીમાં અધિક સરળતા બતાવશે; પણ આ તમામને માટે વિશુદ્ધ વર્તનના મનુષ્યોની સંખ્યા વધવાનીજ જરૂર છે. તે દીવસ પૃથ્વી ઉપર જૂદોજ ઉગશે. એ વખતનાં મનુષ્યોનાં પરાક્રમની કલ્પના સરખી હાલ થઇ શકતી નથી.

મનુષ્યને વિશુદ્ધ વર્તન રાખવામાં અવાર નવાર અનુભવવામાં આવતી દુનિયાની જાત જાતની લાલચો અંતરાય નાંખે છે. લાલચોને રોકી એણે જગતને જીત્યું. એ જીતેન્દ્રિય થયો–એ જીવનમુક્ત થયો.

લાલચો એક પ્રકારની નથી; પરંતુ તમામ વ્યવહારોમાં જૂદા જૂદા પ્રકારની જોવામાં આવે છે. તેનાથી વિમુખ રહેવું એ બસ નથી. એક મનુષ્યને બીજાની મીલકત લઈ લેવાની લાલસા ઉત્પન્ન થઈ;

તેણે હાથ વડે તે મીલકત ઉપાડી લેતા અટકવું એટલુંજ બસ નથી. પરંતુ તે ઉપાડી લેવા માટેના શબ્દો બોલવા તે પણ વાચિક પાપ છે. તે લેવાની મનમાં સંકલના કરવી તે પણ માનસિક પાપ છે.

એ રીત્યે હરેક પ્રકારના કાયિક વાચિક અને માનસિક પાપથી દૂર રહેનાર મનુષ્યો વિશુદ્ધ વર્તનવાળા કહી શકાય છે. અમારામાં બ્રાહ્મણો શરીરે ત્રણ સુત્ર વાળું ઉપવિત ધારણ કરે છે. ને કપાળમાં ત્રિપુંડ કરે છે. "કાયિક–વાચિક–માનસિક"–એ ત્રણ પાપોથી દૂર રહેવાની પળે પળ યાદ દેવડાવનાર સંજ્ઞા આમાં સમાયલી છે.

એક સ્ટીમર ઉપરના સહન શક્તિ રાખી રહેલા પેસેન્જર મંડળને આથી વધારે તસ્દી આપવી અનુચિત છે."

લક્ષ્મીપ્રસાદના બોલ્યા પછી ન્હાના ન્હાના નાટકોના કકડા ભજવી બતાવવામાં આવ્યા; જે બે કલાક ચાલ્યા અને મંડળને આથી ઘણો વિનોદ મળ્યો. તે પછી સૌ પોતપોતાને સ્થાને ગયા.

સુવર્ણકુમારીના પિતા—ભવાનીપ્રસાદને લક્ષ્મીપ્રસાદના વિચારો સ્તુતીપાત્ર જણાયા. સુશિક્ષિત યુવકો દેશની અત્યુત્તમ દોલત છે એની એને એક પ્રકારની પ્રત્યક્ષ પ્રતિતિ મળી.

ભવાનીપ્રસાદને પશ્ચિમનો પ્રવાસ ખેડવાનું સાહસ કરવામાં, કેટલાક વિદ્વાનોના સમાગમમાં આવવું, ઇગ્લંડનાં જૂદાં જુદાં દેશની સમૃદ્ધિની વૃદ્ધિ કરનારાં, દેશના ઉદયને વધારનારાં ખાતાંનું જાતે નિરિક્ષણ કરવું, એ હેતુ દેખાડવામાં આવતો હતો. જો કે અંદરથી તેનો ગુપ્ત હેતુ જૂદોજ હતો. ને તે તેની પુત્રી તથા પત્નીને પણ જાણવા દેવામાં આવ્યો નહતો. ભવાનીપ્રસાદના દાદાના વખતથી ત્રણ પેઢીથી અઢળક ધન કુટુંબમાં ચાલ્યા આવતું હતું; તેની સુવ્યવસ્થાને લીધે તેમાં વૃદ્ધિ થતી ચાલતી હતી. ઘણા વખતથી યુરોપ દેશ એક વખત જોવા જેવો છે એવી ચર્ચા કુટુંબમાં ચાલતી હતી. એટલે પોતાના મૂળ હેતુને બાજુ ઉપર રાખી, યુરપના પ્રવાસે ત્યાંના દેશો જોવાના કારણનેજ નિમિત્તરૂપે રાખેલ હતું.

પ્રકરણ ૫ મું.

ગડબડભટ્ટના ખટપટ પ્રકરણનો પ્રારંભ.

ભાનુપ્રસાદ અને રત્નલક્ષ્મી-એક સત્ય-યુગનુ દંપતિ યુગલ હતું; અને કળિયુગમાં જોવામાં આવતા પાતક રાશિથી સંતપ્ત હૃદયના ક્વચિત્ જોવામાં આવતા મુનિજનોને સત્યયુગમાં આવાં મનુષ્યો હતાં એ બતાવવાને જાણે બ્રહ્માએ નમુના રૂપેજ બન્નેને ઘડયાં હતાં !

મુંબઇથી પુત્ર રત્નને મૂકિને ઘેર આવતાં જાણે બન્ને પોતાનો આત્મા કંઇક વિસારીને આવ્યાં હોય એવા પ્રકારની ગ્લાની ભરેલા અંતઃકરણથી અત્યંત ખેદ અનુભવવા લાગ્યાં. બે બાળકો, મુનીમ, ગુમાસ્તા, અને પરિજનો સાથે છતાં, લક્ષ્મીપ્રસાદ જેવા પુત્ર રત્નની ગેરહાજરીએ સર્વત્ર જાણે ગંભીર ગ્લાની પ્રસારી મૂકિ.

ભાનુપ્રસાદને તો ધંધાની જૂદી જૂદી શાખાઓમાં પ્રવૃત રહેવાથી કંઇક ઉદ્યોગમાં ચિત્ત પરોવાતું; અને પુત્રનું સ્મરણ થાય ત્યારે એને પત્ર લખવામાં કેટલોક વખત કહાડી પુત્ર પ્રેમના ઉભરાની છબી જાણે કાગળમાં ઉતારી દઇ મનનું શાન્ત્વન કરતો. પરંતુ રત્નલક્ષ્મી ગમે તેવી સુશિક્ષિત તથાપિ સ્ત્રી જાતિની સામાન્ય નિર્બળતામાં કંઈ અપવાદ રૂપે નહતી.

એક દીવસ બપોરે રત્નલક્ષ્મી પુત્ર સ્મરણમાં ગરક થયેલાં બેઠાં હતાં તેવામાં, ગડબડ નામનો એક સખ્સ તેની પાસે આવ્યો. રત્નલક્ષ્મિને પિયર તરફનો તે આઘેનો સગો હતો; કંઇ પણ સ્વાર્થ સિવાય તે કયાંય કદી જતો આવતો નહીં. જ્ઞાતિમાં તે એક અગ્રેસર ગણાતો તેથી, કંઇક સગપણુને લીધે, કંઇક રત્નલક્ષ્મીના મૃદુ સ્વભાવને લીધે, અને કંઇક તેણીને આશ્વાસનની જરૂર જણાઇ તેથી ગડબડને તેણીએ આદરપૂર્વક બેસવા કહ્યું તેથી, આવીને બેઠો.

"રત્નલક્ષ્મી બ્હેન ! જ્યારે જ્યારે હું આ ઘરમાં કંઇ કારણુસર શેઠ પાસે કે તમારી પાસે આવતો ત્યારે ત્યારે તમને કંઇકને કંઈક ઉદ્યોગમાં મચી રહેલાં જોતો. આજ શોકમાં ગરકાવ થયેલ

ચિંતાતુર મુખે બેઠેલાં જોઇ મને બહુ લાગે છે. લક્ષ્મીપ્રસાદ ભાઇ તો કાલે "બડા દાકતર" થઇને આવશે.—"

"અસ્તુ! ભાઇ" રત્નલક્ષ્મીએ પ્રત્યુતર આપ્યો. "તમારા જેવા શુભેચ્છકોનાં વચન ફળીભુત થાઓ! પણ પુત્રની મ્હારા ઘરમાંનાં પ્રવૃત્તિ સ્થાનો જોઈ મ્હને વખતો વખત સાંભરે છે તેમાં વળી આજે જ્ઞાતિમાં એના સંબંધમાં ઉપસ્થીત થયેલ ચર્ચા કઇંક મ્હારે કાને આવવાથી મ્હને કંઇને કંઇ તર્ક વિતર્ક થવા માંડયા હતા—તમારા આવવાથી હું શુદ્ધી લાવી વાત કરૂંછું.—"

"નહીં. નહીં. નહીં." ગરબડે ઉપાડયું "ગડબડ નાતમાં આગેવાન છે ત્યાં સુધી કોઈ તર્ક વિતર્ક કરવો જરૂરનો નથી. નાતમાં ભલભલા બધા મને પૂછીને પાણી પીનારા છે એ તમે જાણતાં હશો. રાત્રે બધાં ભેગાં થયાં હતાં તે ચકલાં ચીંચીં કરીને ઉડી જાય તેમ ઉડી ગયાં!—"

"હેં ભાઇ!" રત્નલક્ષ્મી ઉત્સુકતાથીએ કહ્યું—"તમે જાણો છો કે બધા ભેગા થયા હતા!? ત્યાં શું વિષય ચર્ચાયો હતો?"

"ગડબડથી શું અજાણ્યું હોય? ભેગા ભલેને બધા પાંચસે સાતસેં જણ થાય? તેથી શું? વૃદ્ધ યુવાન સુધારાવાળા જૂના વિચારના, અંગ્રેજી ભણેલા, પુરાણીઓ વેદાંતિઓ બધા આવ્યા તો હતા. બાપુશંકર પુરાણી લાકડીના ટેકાથી ઉભા થઇ બધાને કહ્યું કે "ભાઇ, સમુદ્રને વિષે વહાણમાં આરૂઢ થઈ જે બ્રાહ્મણ પુત્ર યવન પ્રદેશને વિષે ભ્રમણ કરે છે તે સંધ્યા ગાયત્રિ તપ ધ્યાન જપ વગેરેથી પતિત થઈ અધોગતિને પામે છે. જ્ઞાતિએ તેમનો બહિષ્કાર કરવો જોઇએ. હાલમાં અંગ્રેજી ગોટુમ નાતમાં ઘણું પ્રચલિત થઇ પડયું છે. પણ આપણે નાતની આબરૂની ખાતર એ વહી ગયેલાઓને ઠેકાણે લાવવા પડશે—"

"હેં! હેં!" રત્નલક્ષ્મીએ ચમકીને પૂછયું. "ગડબડ ભાઇ! બાપુશંકર પુરાણી તો સ્ટેશન ઉપર ભાઇને મળવા આવ્યા ત્યારે બહુ પ્રસંશાના શબ્દો ઉચ્ચારતા હતા. એમણે એક મ્હોટો પુષ્પહાર એના કંઠમાં પહેરાવતાં જે શબ્દો કહ્યા છે તે અમને બહુ દિલાસારૂપ થઇ પડયા છે."

"એ ગમે તેમ હોય. પુરાણીકોનાં પોથીમાંનાં રીંગણાં! પણ

હવે મ્હારી એક સલાહ માનવા જેવી છે; લક્ષ્મીપ્રસાદને માટે કોઇ ઠેકાણેથી પૂછતું આવે તો ચાંલ્લો એકદમ સ્વીકારી લેવો જરૂરનો છે. કારણ કે આ વીષય હવે વધારે ચર્ચાય તેમાં સાર નહીં નીકળે ને વખતે આપણે ચાર દહાડા નાત બહાર રહી વધારે સોસવું પડે."

"ત્યારે મ્હેં કહ્યું તે તમે પૂરૂં સમજ્યા નહીં એમ લાગે છે." રત્નલક્ષ્મીએ કહ્યું "એજ બાપુશંકર પુરાણી—ને નાતમાં બે બાપુશંકર પુરાણી નથી—તેઓએ એવા કંઇક ગર્ભીત શબ્દો શેઠને કહ્યા છે કે અમે તેમાં મ્હોટો, એ બાબતનો, દિલાસો માની બેઠાં છીએ. "ભાગ્યની સંપૂર્ણ પરિસીમાએ પ્હોંચેલ મનુષ્યોનો આ કુટુંબ સાથે સંબંધ થશે" વગેરે વગેરે શબ્દોપરથી અમે એમ સમજીએ છીએ કે બાપુશંકર પુરાણી જેવા વિદ્વાન ગૃહસ્થે પોતાની પુત્રી દેવલક્ષ્મીનું વેવીશાળ આપણા લક્ષ્મીપ્રસાદ જોડે કદાચ કરવા ધારેલું હોવું જોઇએ."

"ઠી......ક" હોઠે આંગળી અડકાડતો ગડબડ વિચારમાં ઉંડો ઉતરી પડતો બોલ્યો. "વારૂ, તેમ હશે તો વળી નિરાંત. હું પણ તપાસ કરીશ. હવે રજા લઉં છું."

ગડબડે જ્ઞાતિમાં અગ્રેસર તરિકે નામ કહાડયા ઉપરાંત જ્ઞાતિની શેઠાઇથી કેટલુંક દ્રવ્ય પણ મેળવ્યું હતું; એ ધંધામાં એણે કેટલાંક વર્ષના અનુભવથી, સારી પ્રવીણતા મેળવી હતી. આ કથાના અમારા, હરકોઇ જ્ઞાતિના હીંદુ વાચકને તો ભાગ્યેજ જણાવવું પડશે કે અશિક્ષિત જ્ઞાતિ પટેલો, જેમને મનુષ્ય ધર્મનું સહજ પણ ભાન હોતું નથી તેમનામાં રહેલી બુદ્ધિ—અને બુદ્ધિ વગર તો અમુક જ્ઞાતિ પટેલ ભાગ્યેજ નામ કહાડે છે પણ તે બુદ્ધિ—નો વ્યય, સેંકડો કુટુમ્બોના હીત પ્રત્યે બેદરકારી રાખી "યેન કેન ઉપાયેન" પોતાની મુરાદો પાર પાડવામાં કેવી રીત્યે થાય છે! અને અન્ય કોમના વાચક બંધુઓ! તમે એ કર્મકથાથી અજ્ઞાન રહો એવી મ્હારી પ્રાર્થના છે. કારણ કે એ જાણવામાં પાપ રહેલું છે—તે જણાવવામાં પણ પુણ્ય નથી.

તદ્દન નવા પ્રસંગો—નવીન ગુન્હા—નવીન ગુન્હેગારો, અજબ રીત્યે, ધંધાની ધમાલોમાં હચીમચી રહેલા ગરીબ ગબરૂ નીતિમાન પ્રમાણીક પ્રજાજનોથી એકદમ બેમાલુમ રીત્યે, ઉપસ્થીત કરવા! તમને એનો પ્રત્યક્ષ દષ્ટાંત વગર ભાગ્યેજ ખ્યાલ આવી શકે! અને આ કાર્યોમાં સમાયલો પરિશ્રમ ઉઠાવવામાં ગડબડને મદદગારો પણ

હતા, તે વગર તે ઉપાડી શકે તેમ ન હતું. આ મદદગારોનાં ઉપનામ માત્રથીજ તેમને, આપણી વાર્તાને માટે ઓળખાવીશું. સારથરામ, ઓખો અભખરો, અને અંટા ગુડગુડ. અંટા ગુડગુડ દેખાવમાં શ્યામ, ઠીંગણો, હતો તેના દાંત સહજ ધવલ રંગના હતા માથે મોટી બનાતની ટોપી પહેરાવી, કમરે કચ્છ ભીડી ઉભો રહે તો તૈલંગીને મળતો આવે તેવો તેનો દેખાવ હતો. એ લોકો એક પાત્રમાં કાંકરા ઘાલી ખડખડાવીએ એવી રીત્યે, ઝડપથી બોલે છે, જેમાંનો એકે શબ્દ આપણાથી ઝડપી શકાતો નથી તે ઉપરથી એમને અંટા ગુડગુડની સંજ્ઞાથી કવચિત્ બોલાવાય છે તે નિયમને અનુસરીને આ અગ્રેસરને અંટા ગુડગુડ ઉપનામ આપવામાં આવ્યું હતું, પરંતુ તે નામથી સંબોધિ તેને બોલાવવાની હીંમત ભાગ્યેજ કોઇની ચાલતી. બાકીનાં બે નામો પણ એવાજ ઉપહાસ્યજનક પ્રસંગોને લઇને એ સંજ્ઞાથી એમને ઓળખાવવા માટે યોજી કહાડયાં હતાં

કંઇક કાર્યક્રમ યોજવા જરૂરનો લાગે ત્યારે આ લોકો ગડબડ ની મદદમાં તુર્ત આવી જતા, સહજમાં અમુક બનાવટનું હાર્દ સમજી જતા: એ માટે હૃદયનું કાઠિન્ય, સહજ વાકચાતુર્ય, અને અભિનવ-સાફલ્ય પૂરતી રીત્યે પ્રાપ્ત કરી ચૂકયા હતા. જ્ઞાતિનો જુજ આગળ પડતો ભાગ ઇંગ્રેજી કેળવણી પામેલો હતો; જે આ લોકોને "કુચ બિસાતમાં" ગણુતો નહતો. એમનો દોર ને તાર એ લોકો ઉપર અજમાવી શકાય તેમ ન હતું; પોતાને ત્યાં મરણ પ્રસંગે કુટવા રોવાનો ખાલી ઢોંગ કરવા સ્ત્રીઓ આવે તેમને તેઓ તેમ કરવા સાફ મના કરતા. શ્રાદ્ધાદિ ક્રિયાઓ શાસ્ત્રોક્ત રીત્યે કરાવતા, પરંતુ વ્યવહારબદ્ધ થઇ લાંબા વરા તેવે પ્રસંગે તેઓ નિંદા સહન કરીને પણ ન કરાવતા. બાકીનો અશિક્ષિત વર્ગ આ લોકોના સંપૂર્ણ અંકુશમાં રહી જીવન ગાળતો. એમના ઉપર ગડબડ અને મંડળીની હાકમી પૂર દમામમાં ચાલતી. બાપુશંકર પુરાણીની ધાર્મીક વિષયો પરની કથા કવચિત્ જ્ઞાતિજનોને કાને પડતી, અને એ જ્ઞાતિશુભેચ્છક કવચિત્ બ્હીતે બ્હીતે સુધારણાની આવશ્યક્તાનાં પાંચ વાકયો પણ સંભળાવતો, પરંતુ નગારખાનામાં તતુડીની પેઠે તેનો અવાજ સંભળાતો નહીં.

બાપુશંકર પુરાણી ચાલીસેક વર્ષની પુખ્ત વયનો એક ધર્મ-ચુસ્ત અગ્ની હોત્રી બ્રાહ્મણ હતો. શાસ્ત્રનો સામાન્ય અભ્યાસ બરા-

પણમાં કરાવ્યા બાદ તેને નાનો મૂકિ તેના પિતા ગત થયેલા હોવાથી કુટુંબના નિર્વાહને અર્થે તેણે જે કંઇ સહજ જ્ઞાન સંપાદન કરેલું તે વડે પુરાણી તરિકે કથા વાર્તા શ્રવણ કરાવવાનો ધંધો સ્વીકારી લીધો હતો. વખતે હરદાસ કથા પણ કરતો. જ્ઞાતિમાં એક પ્રમાણીક સદ્‌-ગૃહસ્થ તરિકે તેણે સારી ખ્યાતિ મેળવી હતી. પોતાના ધંધા ઉપરાંત વૈદકના કેટલાક ગ્રંથો વાંચી તેમાંની કેટલીક દવાઓ પણ તે રાખતો અને રાજા રજવાડામાં કેટલીક વખતે આણીના પ્રસંગે એવીતો આબાદ રીત્યે અજમાવી શકતો કે કેટલાંક રજવાડાંમાંથી તેની કદર જાણી વર્ષાસન બંધાયાં હતાં. ધર્મચુસ્ત હોવાની સાથે તે અંતઃકરણપૂર્વક જ્ઞાતિમાં કેટલાક આવશ્યક સુધારાની અગત્યતા સ્વીકારતો; પરંતુ આગળ પડીને તેનાથી કોઇ પણ સુધારાની દરખાસ્તને છચોક ટેકો આપી શકાતો નહીં. જ્ઞાતિના સમુહનો મ્હોટો ભાગ, પુ-રાણની ગાથાઓનાં અલંકારયુક્ત વચનોનો વાસ્તવીક અર્થ સમજવા જેટલો કેલવાયલો ન હોવાથી આજીવીકાને અર્થે કેટલીક વખત અંતઃકરણને કોરે મૂકિ કથા વાર્તા કરવી પડતી પરંતુ વિદ્વાનોના સમુહમાં પ્રસંગ આવ્યે તે ખુલાસો કરતો કે—"જ્ઞાતિસમુહને એકદમ વ્હેમ શીખરથી ગીરાવી દઇ તેની સાથે અમારા ગુજરાનના સાધનને એકદમ નષ્ટ કરી દેવું એ દીર્ઘ દૃષ્ટિ નથી. કેળવણી બધું કરશે."

આજે ભોજનથી પરવારી પાનનું બીડું મોંમાં રાખી બાપુશંકર પુરાણી કંઇક વિચારમાં ગરક થઇ ગયા હતા તેવામાં ગડબડ તેમના આગળ આવી અચાનક ઉભો! ગડબડ કદી તેમની પાસે ન આવતો. તેમને અને એને પ્રસંગ ન હતો. બન્નેના સ્વભાવ એક બીજાથી એટલા બધા ભિન્ન હતા કે તેમાં કોઇ જાતની સમાનતાને અવકાશ મળે તેમ ન હતું. એટલે બાપુશંકરને એના આવવાથી સહજ આશ્ચર્ય લાગ્યું ખરૂં. પરંતુ એક વિદ્વાન ગુજરાતીની સુજનતા! ગડબડને સન્માનયુક્ત બોલાવી પાસે બેસાર્યો.

"ગડબડ ભાઇ! એવું શું પ્રયોજન હશે કે જેણે આપની પાસે મ્હારૂં ઘર પાવન કરાવ્યું?"

"બાપુશંકરભાઇ કંઇજ નહીં! આપ સરખા વિદ્વાનોની જ્ઞા-તિમાં ખ્યાતિ સાંભળી આનંદ પામીએ છીએ—અને નિંદા સાંભળીએ ત્યારે બહુ લાગી આવે છે."

"મનુષ્યે સ્તુતિથી ફુલાવું ન જોઇએ ને નિંદાથી ડરવું ન જોઇએ—" પુરાણીએ કહ્યું.

"બાપુશંકરભાઈ! એ તો બધી સત્યયુગ વારાની કહાણીઓ છે; હવે તે જુની થઇ; માટે જવા દો. એવો કયો મનુષ્ય છે કે જેને પોતાની નિંદા થતી જોઇ બહુ લાગી ન આવે? "બાપુશંકર પુરાણી તો વેદીઓ ઢોર છે. ઢોંગી છે." વગેરે શબ્દો સાંભળી આજ મને કેટલીક લાગણી થઇ આવી તો પછી તમારા જેવા વિદ્વાનને તે બધું કહું તો તે કહેનાર ઉપર લાગણી થાય કે નહીં?"

"ન થાય—ન થવી જોઇએ. ભાઇ! જુઓ, ઢોર વેદ ભણી શકતાં નથી. ને વેદ ભણે તે ઢોર કહી શકાતો નથી. મનુષ્ય જેવા મનુષ્યનું ઉચ્ચાર માત્રથી ઢોરમાં રૂપાંતર કરવાનું સામર્થ્ય કોઇમાં જુઓ છો? તો ભલે, કોઇ કહે તેથી શું? સમજુ થશે એટલે તે નહીં કહે.

"અરે! પણ તમે તો મને પૂરૂં પૂછતા પણ નથી કે એવું કહેનાર કોણ—

"નહીં રે, નહીં" પુરાણીએ વચમાં કહ્યું "કંઇ પૂછવાની જરૂર નથી. જેના અંતઃકરણમાં કંઇ પણ ગ્રંથી બંધાઇ હશે તેને આપણું સતત વિશુદ્ધ વર્તન ઉકેલી નાંખશે. અને કદાચ તેમ થતાં કંઇક સમય જાય—કેટલાક જન્મો જાય તોપણ શું? કાળને કંઈ ઉમર નથી. અલ્પાયુષી મનુષ્યોને લાંબો જણાતો સમય, સીમા વગરનો છે.

"ત્યારે શું આપણી નાહક ખોટી છ ચોક બદઓઇ થાય તે મુંગે મોંઢે સહન કરવી?"

"હાજી; આપણું વર્તન એવે પ્રસંગે એટલું બધું વિશુધ્ધ રાખવું કે તે નિંદાખોરોનું જગત કશું સાંભળેજ નહીં!"

"એ તો ઠીક છે, શાસ્ત્રીબાવા. પણ આપ તો બહુ ભોળા છો. જગતને આપના જેવું ભલું સર્વત્ર દેખો છો. પણ તે તેમ નથી. આપ જેને શુભેચ્છકો કે મીત્રો કહો છો તે ખરૂં જોતાં ભાગ્યેજ તેવા હોય છે. એનું જે પ્રસંગે ભાન થાય છે ત્યારે દરેક માણસને લાગે છે—સમજુને—વિદ્વાનને વળી વધારે લાગે છે."

"ગડબડભાઇ!" બાપુશંકરે કહ્યું "લાગવું ન લાગવું એ અંતઃકરણે પ્રાપ્ત કરેલ મનોબળ ઉપર આધાર રાખે છે. અમુક વ્યક્તિ કંઇક બોલે તેથી લાગણી થવા ન દેવી—"

અને તેથી ગંભીર નુકશાન થતું હોય તોપણુ ?"–

"મનુષ્ય ક્ષમા રાખી શકે તો કોઇના શબ્દ માત્રથી નુકશાન થવા સંભવ નથી. તમારે ક્ષમા રાખવા ટેવાવું જોઇએ. તમે કંઈકથી તપી આવેલા લાગો છો. સહજ શાંત થાઓ."

"પુરાણી મહારાજ !" ગડબડે ચલાવ્યું "શબ્દ માત્રથી નુકશાન થતું નથી" એ તો અમે કદી માનવાના નહીં."

સાંભળો:—એક ધનપાળ નામે ધનાઢ્ય ગૃહસ્થને એકનો એક પુત્ર હતો. તેને સારી કેળવણી આપવામાં આવી હતી. તે મ્હોટો થતાં તેને માટે કોઈ સુશિક્ષિત કન્યાની શોધ ચલાવી. કમનસીબે શેઠના અભિમાની વર્તનને લીધે જ્ઞાતિમાં ઘણા દુશ્મનો થયા હતા તેથી છોકરાના સગપણની વાત જ્યાં જ્યાં ચાલતી ત્યાંથી તે બંધ બેસવા દેતા નહીં. અંતે એક સારી સરખી રકમ ખરચી શેઠે એક કન્યા શોધી કહાડી. તેને પણ લોકોએ બહુ બહુ રીત્યે સમજાવી તે તોડી પાડવા ફાંફાં માર્યાં પરંતુ છેવટ તેમાં શેઠ પૈસાના જોરથી ફાવી શકયા અને ચાંલ્લો કરવા માટે એક દિવસ મુકરર કરવામાં આવ્યો.

કન્યાના પિતા અને સગાં જ્ઞાતિ રિવાજ મુજબ ચાંલ્લો કરવા આવ્યાં તે રોજ વરના તરફથી પણ કેટલાંક માણસો બોલાવવાની જરૂર પડી. કેટલીક આનાકાની પછી શત્રુ થઈ પડેલા માણસો પણ ઘણાખરા આવીને બેઠા. માત્ર એક ખંધો વૃદ્ધ આગેવાન જે જૂનો પાપી હતો અને જેને બધા કરતાં સહજ વધારે વૈર હતું તે બહુ તેડાંના પરિણામે પણ હાજર ન થયો. એટલે સામા પક્ષવાળાએ હઠ લીધી કે ગમે તેમ કરી એમને બોલાવી લાવવા જોઇએ. છેવટ બંધાએ જઇને આજીજી ને અત્યાગ્રહ કર્યો ત્યારે તે પણ આવ્યો એટલે એને આવતામાંજ એકે પૂછયું કે:—

"કેમ વારૂ, ! આટલો બધો આગ્રહ કરવો પડયો ? તમને કંઈ માઠું તો નહતું લાગ્યું ને ?"

એણે જવાબ આપ્યો કે—

"માઠું શામાટે ન લાગે ? મેં ક્યારે કહ્યું છે કે ધનપાળના છોકરાને વાઈ આવે છે ? મ્હારૂં નામ લેનાર કોણ ?"

આથી કન્યાના પિતાને ગંભીર વહેમ પડયો; અને તે પોતાનાં

માણસો લઇને ચાલતો થયો. ચાંલ્લો કરવાનું કામ બંધ રહ્યું. જનસમુહ વિખેરાઇ ગયો. ”

જોયું મહારાજ ! શબ્દો શું નથી કરી શકતા ? આપનીજ કથામાંથી આ દૃષ્ટાંત અમને મળ્યું હતું.—”

આ વખતે સારથરામ બાપુશંકરના બારણામાં આવી ઉભો.

“ગડબડભાઇ !” સારથરામે કામની ઉપયુક્તતાનો ઢોંગ બતાવી કહેવા માંડયું. “ તમારે એકદમ કોઇ દૂરના ગામે જવાનું છે. તે માટે એક કાસદ તાકીદનો સંદેશો લઈ તમારે ઘેર આવી ઉભો છે.”

ગડબડ રજા લઇ ઉતાવળે ચાલતો થયો.

“ સારથરામભાઇ, તમે ગડબડને કેમ ઉતાવળે દોડાવ્યા ? ” શાસ્ત્રીએ સહજ પૂછયું.

“ પુરાણીબાવા, ” સારથરામે કહ્યું, ગડબડ બહુજ ભલો માણસ છે. એની ભલાઇને લીધે એને આજે આ દોડાદોડી કરવી પડે છે. આપણી જ્ઞાતિના માણસો ભેગા થયા હતા તેમાં તમારી કંઇક નિંદા થતાં તેણે તમારો પક્ષ કર્યો તેથી તેના ઉપર કેટલાક ગુસ્સે થયેલા છે.—”

“ અરે ! એમ છે ? ” પુરાણીએ કહ્યું “ અને એમ છતાં મેં એનું પૂરૂં સાંભળ્યું પણ નહી ?—”

“ આપે તેમ નહતું કરવું જોઇતું. આપ વિદ્વાન છો ને બધી વાતે નિપુણ છો. પરંતુ આપની પાસે વાત કરવા આવનાર પ્રત્યે બેદરકારી કે અભિમાન રાખો છો એમ તેઓ ખરી કે ખોટી રીત્યે પણ જાણે તેમ ન થવાની સાવચેતી રાખવી જરૂરની છે. વિદ્વત્તાને અંગે એ ગુણ રાખવો આવશ્યક છે. તેમાં વિશેષે કરીને તમારા હીતને માટે કાળજી રાખવામાં કેટલોક સ્વાર્થત્યાગ કરવા પાછી પાની ન કરનારા માટે તો વધારે કાળજી રહેવી જોઇએ. આજે જ્ઞાતિના આગેવાનો ભેગા થયા હતા તેમાં ભાનુપ્રસાદ જેવા સારા માણસના મ્હોડામાંથી તમારા સંબંધમાં અયોગ્ય ભાષણ નીકળી ગયું તેથી ગડબડને બહુ લાગ્યું. એવું અયોગ્ય વચન કોઇને મ્હોટું નુકશાન કરી બેસે. ભાનુપ્રસાદનાં સંતાનો જ્ઞાતિમાં શિરોમણી છે, અગર થશે તે કબુલ છે પરંતુ તે ઉપરથી તમારાં અગર બીજાઓનાં છોકરાં તદ્દન નાલાયક ગણી

કહાડી નિરક્ષર–અશિક્ષીત–માંદાં–રોગીલાં વગેરે ઉપનામ આપવાં એ ઠીક નથી.—”

“હેં ! ! પુરાણીએ અચંબાથી પૂછ્યું.

“તમને એકલાને અચંબો થાય છે તેમ નથી. જેણે સાંભળ્યું તે તમામને લાગ્યું—”

“હેં ! હેં ! મ્હારાથી એ માની શકાતું કેમ નથી ?”

“અમે પણ સાંભળ્યું ન હત તો કદી ન માનત.”

“પણ એવા સત્પુરૂષો કદી કોઇનું એમ કેમ બોલે ?”

“અને તે છતાં કળિયુગ તેમનામાં પ્રવેશ કરી બોલાવે છે !”–

“પણ મને એ મેલાવડાની સંપૂર્ણ હકીકત જાણવાનું અનીવાર્ય કુતુહલ કેમ થાય છે ?”

“થવુંજ જોઇએ. અને તે તો મેલાવડામાં હાજર રહેલામાંથી ગમે તે કહી શકશે. પરંતુ આપની પોતાની નિંદાની વધુ જાહેર ખબર હવે ફેલાવવી એ સલાહકારક નથી—

“નહીં, નહીં; મ્હારે માત્ર જાણી લેવું છે.–”

“ઠીક થયું કે પેલા બે બીજા ગૃહસ્થો આવે. તેમને પણ કેટલીક વાત ખબર હોવી જોઇએ.” સારથરામે કહ્યું.

સંકેત મુજબ, ઓખો અને અંટા ગુડ ગુડ આવી પહોંચ્યા; સારથરામ બ્હાનું બતાવી ચાલી નીકળ્યો. ઓખા અને અંટા ગુડગુડનું કામ બાપુશંકર પુરાણીના મગજમાં ઉપસ્થીત થયેલ વ્હેમ અંકુરને પોષણ આપવાનું હતું. અને તે તાલીમ મુજબ તેઓ બ્રાહ્મણને ખભે બકરૂં હતું તેને ચાર ચોરોએ વાઘ કહી નીચે નાંખી દેવરાવ્યું હતું તેમ પુરાણીનું મગજ ફેરવવા પ્રયત્ન ચલાવ્યો. તેના પરિણામે પુરાણી જેવાના મનમાં પણ એમ તો ઠસ્યું કે ભાનુપ્રસાદના મ્હોડામાંથી કંઇક અનુચિત શબ્દો નીકળેલા હોવા જોઇએ.

ઓખા અને અંટા ગુડગુડના ગયા પછી ઘડીવાર પુરાણી તકીયા ઉપર સ્તબ્ધ બેસી રહ્યો. અંતઃકરણમાં બહુ ખેદ અનુભવવા લાગ્યો. એક પછી એક સ્વતંત્ર રીત્યે હકીકત એવી મળી કે બીજી પૂછપરછ કરવી એના સ્વભાવ પ્રમાણે એને જરૂર ન લાગી.

સૃષ્ટિની ઉત્પતિના સમયથી, જનસ્વભાવમાં શંકાએ જબરૂં સ્થાન કરેલું જણાય છે. હરરોજ શાસ્ત્રનાં પાનાં ફેરવનારા, બીજાઓને દૃષ્ટાંતો આપનારા પુરાણી જેવાના મગજને ઉથલાવી નાંખવામાં આવે એવા અભિનવસજ્જીત સ્વાર્થી લોકોના હાથમાં કોઇ કાચા કાનના મનુષ્યો આવે (અને તેવા દુનિયામાં ઓછા નથી,) તો, તેથી મનુષ્યોના સામાન્ય વ્યવહારમાં કેટલું બધું સ્ખલન થતું હશે ? સામાન્ય બુદ્ધીવાળા છતાં, જ્યારે કોઈ પણ પ્રકારનો ફળદાયક પ્રમાણીક ઉદ્યોગ નજરે ન પડે ત્યારે આવા લોકોની બુદ્ધિને કયાંક પણ ગતી તો મળવી જ જોઇએ ને ? પૈસાની તંગી અને આવાં કામોમાં રહેલી સરળતા આવા દાખલા વધારી મૂકે તો તે પણ નવાઈ ન કહેવાય ! આપણી સાંસારિક સંસ્થાઓ ઉંચે આવ્યા વગર, આવી જાતના લોકોના હાથમાંજ પ્રજાનો મ્હોટો ભાગ સોંપાયલો રહેશે. કેળવણી વગર આપણી સંસ્થા કોઇ બીજી રીત્યે એકદમ ઉંચે આવે તેમ નથી તે વિના અંધકારવાળી અજ્ઞાન રાત્રિમાં ભરસંસાર સમુદ્રે, સ્વાર્થાધનેતાઓને સુકાનીઓ તરીકે સ્વીકારી, આપણી જીવનનૌકા આપણ ચાલવા દઇએ છીએ અને સામે બરફના મહાન ડુંગરો સાથે તે કદાચ્ અથડાશે તેનો પણ પુરો ખ્યાલ કરતા નથી. આપણને ખબર પણ મળેછે, જાણે ભયનો ઘંટનાદ સાંભળીએ છીએ. “જ્ઞાતિએ આપણી પાયમાલી કરી છે !” “સમગ્ર હીંદુ-માળી -કોળી-ઢેઢ-ચમાર-સબી હીંદુ એકજ ભાઇઓ-શંભુમેળાના સાથીઓ છીએ” વગેરે ભણકારા જે અદ્યાપિસુધી માત્ર સાંભળતા તે નજરે જોઇએ છીએ ! છતાં આપણે જનસમુહ બધીર ! મસ્તિક શક્તિ શુન્ય માત્ર શરીર સમો અશિક્ષિત જનસમુહ ! જે જનશુભેચ્છકોનાં પગલાં હજી પૂરાં ભુસાઇ ગયાં નથી-જેના ચાલવાથી પવિત્ર થયેલી રજ હજુ વસુંધરા ઉપર મોજુદ છે, તેવા છેલ્લી પા સદીના આપણા સાંસારિક અગ્રેસરો આ આપણી હીલચાલો-ધમાલો-વિવેક લાગણીશુન્ય દોડાદોડી વિશે શો વિચાર બાંધશે તેનો આપણ ખ્યાલ કરવા દરકાર રાખીએ છીએ ? અંતઃકરણ છે ? હોય તો તેને પૂછો !

પ્રકરણ ૬ ઠું.

"ચેરીંગક્રોસ" ની અજબ ધમાલ!

હિંદુસ્થાન તરફથી આવતી મેલનો દીવસ ઇંગ્લંડનાં કેટલાંક કુટુંબોમાં ઉત્સાહ વધારી મૂકે છે! મોટર ગાડીઓ, ઓમનીબસ ગાડીઓ, અને ઉદ્યોગી અને ચપળ બ્રીટન પુત્રોનો તે દીવસે સ્ટેશન ઉપર એક મેળો બની રહે છે! પૃથ્વીના બન્ને ગોળાર્ધમાં અક્ષય કીર્તિ ફેલાવનાર સુપ્રસિદ્ધ વીર પુરૂષોને જન્મ આપનારી ઇંગ્લંડની ભૂમિનાં દર્શન માત્રથી લક્ષ્મીપ્રસાદ પ્રસન્ન થયો! એના જતા અગાઉ એની સામે સ્ટેશન ઉપર આવનાર એક નાનકડા સત્કારમંડળની યોજના ત્યાંની એક વેજીટેરીયન સોસાઇટી તરફથી થઇ ચૂકી હતી. વૃદ્ધાવસ્થા બહુજ સંભાળપૂર્વક ગાળેલાની હરેક નિશાની આપતો, પ્રસન્નવદનવડે મનુષ્ય માત્રનું આકર્ષણ કરે તેવો ૮૦–૮૫ વર્ષનો લાગતો એક ભલો વયોવૃદ્ધ અંગ્રેજ ગૃહસ્થ,—જાણે અવિચળપ્રસાદ એક અંગ્રેજનાં કપડાં પ્હેરી હાજર થઈ ગયા હોય તેવો તેમના ચ્હેરાને મળતો, એ સત્કાર મંડળનો સેક્રેટરી હતો તે લક્ષ્મીપ્રસાદને બહુ પ્રેમપૂર્વક મળ્યો.

ભવાનીપ્રસાદને બે ગૃહસ્થો સામે લેવા આવનાર હતા. બન્ને જૂદેજૂદે સ્થળેથી આવનાર હતા. તેમાંથી એકનો કાગળ માત્ર લઇને એક માણસ સ્ટેશનપર હાજર જોયો. અને બીજો ગૃહસ્થ તો આવ્યોજ ન હતો. આથી તે અનેક તર્કવિતર્કમાં પડી ગયા હતા. સુવર્ણકુમારી એની માતા પાસે ઉભી ઉભી લક્ષ્મીપ્રસાદનું પ્રેમપૂર્વક આ દૂરની ભૂમિમાં પણ પૂજન જાણે થતું હતું તે નિહાળતી હતી.

એટલામાં લક્ષ્મીપ્રસાદનું ધ્યાન ભવાનીપ્રસાદ તરફ ખેંચાયું.

"આપનો બધો સરસામાન આવી ગયો?" લક્ષ્મીપ્રસાદે પૂછ્યું.

"મ્હને તેનો તો ખ્યાલજ પૂરો નથી. પરંતુ જે બે માણસોને આ સ્ટેશને મ્હેં હાજર રહેવા સુચના કરેલી તેમાંથી એક પણ હાજર નથી—"

"પણ તે હાજર રહીને શું કરવાના હતા?"

"હું ધારૂં છું કે તે હત તો મ્હને ઉતારાની સગવડ કરવામાં બહુ અનુકૂળતા કરી આપત. મ્હારા બે નોકરો અહીંના માહિતગાર નથી–"

જો એમ હોય તો આપ મ્હારી સાથેજ ચાલો. આ ભલું મંડળ આપણે કહીશું તેવી ગોઠવણ કરી આપશે."

હું ધારૂં છું કે તેમજ કરવું પડશે" ભવાનીપ્રસાદે કહ્યું.

એ મંડળનો હેતુ સમગ્ર મનુષ્ય જાતિ ઉપર અનુપમ ભ્રાતૃભાવ રાખવાનો હતો. દુનીયાના કોઇ ભાગમાંથી આવનાર મુસાફરને ઉપયોગી થઈ પડવાનો તેમનો ખાસ મુદ્રાલેખ હતો. ભવાનીપ્રસાદ કુટુંબ સાથે હોવાથી અને સ્ટેશનપર કોઇ હાજર ન હોવાથી જે બોજો લાગતો હતો તે દૂર થઇ ગયો પરંતુ તેનું અંતઃકરણ અંદરના કંઇક ઉંડા ઘાથી મ્લાન થઇ જતું દેખાયું. ભવાનીપ્રસાદે પોતાની લાગણીઓ, લક્ષ્મીપ્રસાદથી, તેની પુત્રીથી અને પોતાની સ્ત્રીથી પણ આચ્છાદિત રાખવા કેટલેક દરજ્જે સફળ પ્રયત્ન કર્યો. આખરે બધાં ગાડીમાં બેઠાં અને ભાજીપાલાની મંડળીના વડાઓએ આજના મેમાનો માટે પસંદ કરેલ મકાન આગળ આવી પહોંચ્યાં.

ભાજીપાલાના ખોરાકની હિમાયત કરનારૂં મંડળ અમેરિકામાં એક ઉપયોગી સંસ્થા તરિકે સુવિખ્યાત છે. **अहिंसा परमो धर्मः** એ તેનો મુદ્રા લેખ છે. અને તેની સંખ્યાબંધ શાખાઓ, દુનીયાંનાં મ્હોટાં શહેરોમાં સ્થપાઇ, મનુષ્ય જાતને, જૂદીજૂદી જાતનાં ન્હાનાં મ્હોટાં પ્રાણીયોના અવયવોને આહારની વસ્તુ તરિકે લેખવામાં દરેક ધર્મની આજ્ઞાઓના થતા અતિક્રમણ ઉપરાંત ભાજીપાલાનાં સત્વો ઉપર તે ખાણું કોઈ રીત્યે સરસાઇ ભોગવી શકતું નથી; પરંતુ કેટલાંક ભાજીપાલાનાં સત્વો એટલાં બધાં ઉચ્ચ પ્રતિનાં છે, એટલાં બધાં મગજને પુષ્ટિ આપી, સાત્વિક પ્રકૃતિ રાખી, આયુષ્ય અને આરોગ્યની વૃદ્ધિ કરનારાં છે કે મનુષ્ય જાત જેમ બને તેમ વહેલી એના સેવનથી સુખી થતાં શીખે એનો ઉપદેશ આપવાનું તે પોતાનું એક ઉપયોગી કાર્ય સમજે છે. દુનીયાના કોઇપણ ભાગમાંથી એ વીષયને લગતા ઉપદેશકો મળી શકે તો તેમને ઇશ્વરે મોકલેલા સમજી, વધાવી લે છે અને તેમનો ઉપદેશ વધારે સંખ્યામાં જનસમાજ સાંભળે તેવી રીતે તેમને સરળતા કરી આપે છે. માંસાહાર કરતાં ભાજીપાલાનો આહાર જે જે વૈદક ખાતાના અગ્રેસરોએ વધારે યોગ્ય, મનુષ્ય જાતની બુદ્ધિ સ્મૃતિને

શાંત રાખનાર, અને જનવ્યવહારમાં કોઇ જાતનું સ્ખલન નહીં કરનાર તરીકે ગણેલો જોવામાં આવે તેવાઓના અભિપ્રાયો છપાવી છૂટથી તેનાં લ્હાણાં કરવામાં આવે છે. મનુષ્ય જાતિને પરસ્પર ઉપયોગી થઇ પડવાની જે જે સંસ્થાઓ હયાતિ ભોગવતી જોઇએ છીએ તે કરતાં, મનુષ્યો કરતાં બહુ હલકી પંક્તિનાં પશુ પક્ષી પ્રત્યે દયાની લાગણી બતાવી, પરમાત્માની પવિત્ર આજ્ઞાની બજવણી કરનારૂં મંડળ ઘણે દરજ્જે, અંતઃકરણની પવિત્રતામાં આગળ પડતું હોવુંજ જોઇએ એ દેખીતી વાત છે.

લક્ષ્મીપ્રસાદને જોઇ ત્યાંના બધા સભ્યો બહુ પ્રસન્ન થયા. તેમજ લક્ષ્મીપ્રસાદ આ મંડળના આવકારથી અને રીતભાતથી સંતુષ્ટ થયો. વનસ્પતિ અહારને લગતાં પુસ્તકોનું એક પુસ્તકાલય તેણે ત્યાં જોયું. તેમજ એ વિષયને લગતાં પુસ્તકો મ્હોટી સંખ્યામાં છાપવા માટે એક ગંજાવર છાપખાનું તેના જોવામાં આવ્યું. ઇંગ્લંડ આવતાં પહેલાં, હીંદમાંથીજ તેણે અહીં આવી અમેરિકા વગેરે સ્થળોએ જ્યાં જ્યાં ફરવાનું હતું, ઉપદેશ આપવાનો હતો, જે જે સંસ્થાઓ જોવાની હતી તેનું એક "પ્રોગ્રામ", આ મંડળના કેટલાક ઉત્સાહી મેમ્બરોની મદદથી બનાવી રાખેલું હતું અને એ મુજબ કાર્યક્રમ આજથીંજ શરૂ કરવાનો હતો પરંતુ **એડીનબરોમાં** એક ભવ્ય વિદ્યાલયના મકાનનો પાયો નાંખવાને લગતી ક્રિયામાં મંડળના ઘણાખરા સભાસદોને જવાનું હોવાથી લક્ષ્મીપ્રસાદને પણ ત્યાં જવાનો આગ્રહ કરવામાં આવ્યો. ભવાનીપ્રસાદ શેઠને કેટલીક મનની ઉપાધિને લીધે આવવા બની શકે તેમ ન હતું. તેથી લક્ષ્મીપ્રસાદ એકલો ગયો.

બીજે દીવસે એડીનબરોથી આવીને એણે જોયું તો ભવાનીપ્રસાદ શેઠે, વેજીટેરીયન મંડળના ભલા સેક્રેટરીની મદદથી, એ મંડળની નજીકમાંજ, ત્રણ મ્હોટા ઓરડા, બે નાની ઓરડીઓ, અને જરૂર પડતી સગવડો સાથનું એક કુશાદે મકાન ભાડે રાખી લીધેલું હતું.

"આપને આવી રીતે મ્હારી ગેરહાજરીમાં ઉતાવળ કરી નાંખવાનું કારણ નહોતું—" લક્ષ્મીપ્રસાદે કહ્યું.

"ઉતાવળ ગણવામાં આવે તો મને માફ કરશો. પરંતુ સ્ટેશન ઉપર અનીવાર્ય હરકતને લઇનેજ મ્હારો એજંટ હાજર થઇ શક્યો ન હતો તે હવે મ્હને સમજાય છે, નહીં તો તમને પણ હું મ્હારી

સાથે લઇ જાત——હવે, આ નવા મકાનમાં તમારો પણ સમાસ થઇ શકે તેમ છે; તમારે અહીં જે જે સત્કાર્યો કરવા ધારેલાં હોય તે સુખેથી આરંભી શકશો. સ્ટીમરમાં તમારે હાથે ખાવાનું કરવાની કડાકુટ મ્હેં જોઈ, ત્યારથી મ્હારા રસોડામાં તમને ભેળવવાનો મ્હારો લોભ હતો; જે પણ હવે ફળિભૂત થશે–"

"આપને મ્હોટો ઉપકાર થયો." લક્ષ્મીપ્રસાદે કહ્યું "પરંતુ મ્હેં અહીં યોજેલો કાર્યક્ર જોતાં રહેવાનું આ મંડળની સાથે મ્હને વધારે અનુકળ આવશે, અને આપની ઇચ્છા હશે તો જમવાનું આ-પની સાથે રાખીશ. સ્ટીમરમાં હાથે કડાકુટ કરવાનું કારણ એ કે મ્હારી માન્યતા છે કે ઇગ્લંડ જેટલે છેટે આવવું અને ખાન પાનના નિયમોમાં, ધર્મચુસ્ત હીંદુએ ખાવાનું કરવાની બાબતમાં આળસ રાખવી કદી પરવડે નહીં. કેટલાક અભ્યાસકો, જેમને ખાનપાનના નિયમોનું લેશ માત્ર અતિક્રમણ નહીં કરવાની દરકાર હોય છે તેવા-ઓનાં પાંચ પાંચ સાત સાતનાં મંડળો બની જઇ વખતો વખત રસોઈ બનાવી લેવાની યોજનાઓ મેં સાંભળી છે, પરંતુ તેવો ભાગ બહુ થોડો આવે છે. તેથી આગળ વધેલા વેજીટેરીયન હોટેલોમાં દાખલ થાય છે. તેઓ એમ માને છે કે ભક્ષ્યા ભક્ષ્યના નિયમોનું પ્રતિપાલન કરીને, અન્ય પદાર્થો, પછી તે ગમે તેને હાથે બનાવેલા હોય તેનો ઉપભોગ કરવાથી, દેશકાળ સ્થીતિ જોઇને, પર્યટનની આવશ્યક્તા ઉપર નજર કરતાં, એક હીંદુ તેવા ખાનપાનથી પતિત થતો નથી.

"આથી આગળ વધેલા હીંદુ યુવકો—અને તેવા ઓછા નહીં હોય તેઓ— ક્યોક અહીંના હોટેલોમાં ખાય છે, અને તેમાં તેઓ હીંદુ ધર્મના ખાનપાનના નિયમોની મર્યાદા મૂકિ સ્થીતિ ભ્રષ્ટ અને જાતિ મલિન થાય છે.

"આવે પ્રસંગે, આ અનીતિની ખાઇમાંથી પ્રજાને બચાવી લેવા માટે કાળજી રાખનારા, ધર્મ રક્ષકો, ઉપદેશકો, ધર્માચાર્યો, અને ધર્મા-ભિમાનીઓની ફરજ છે કે હીંદમાં જેમ ગુજરાતી, દક્ષિણી બંગાળી લોકોના હાથે વીશિઓ ચાલે છે તેવી ઇગ્લંડમાં પણ સ્થાપિત થાય, તે માટે તેવાઓએ કટિબદ્ધ થઇ પ્રજાને સીધે રસ્તે ધર્મની મર્યાદામાં ચાલવાની અનુકુળતા કરી દેવી જોઇએ. પ્રજા દોરાવા તો તૈયાર છે.

આંધળાં ગાડરીઆં તે પ્રજાજનો ! તેને ચલાવે તેમ તે ચાલશે. એક છાપાવાળાએ આમ છાપ્યું એટલે તે વાંચનારા તેમાં લખ્યા મુજબ અમુક રસ્તે દોરાશે. બીજા વક્તાએ અમુક ભાષણ કર્યું એટલે બસો પાંચસો એમ વળશે !--

" મી. લક્ષ્મીપ્રસાદ ! " ભવાનીપ્રસાદે કહ્યું. " થોડી વયમાં તમે જે દુનિયાંનો ને મનુષ્ય જાતનો અનુભવ લીધેલો લાગે છે તે ખચિત્ તમારે માટે હરેકોઇને મ્હોટી માનની લાગણી ઉત્પન્ન કરે તેવો છે. તમને જેમ જેમ સાંભળીએ છીએ તેમ આનંદ થાય છે. મ્હારો વિચાર છે કે આજે સાંજે અહીંના એકાદા સારા પાર્કમાં, તમને હરકત ન હોય તો, આપણ બધાં ફરવા જઇએ, જ્યાં આ વિષય કંઇક પૃથઃકરણ સાથે ચર્ચાવી શકાય. "

લક્ષ્મીપ્રસાદે કબુલ રાખ્યું. સાંજે પાંચ વાગે...પાર્ક નામના ભવ્ય ઉદ્યાનમાં લક્ષ્મીપ્રસાદ, ભવાનીપ્રસાદ, સુવર્ણકુમારી અને શાન્તાગવરીને લઇને એક ગાડી ચાલી. લંડન શ્હેરના ધુમાડાવાળા આકાશની ભવ્ય હવેલીઓમાં જોવામાં બીજાં બધાં મશગુલ થયાં હતાં ત્યારે લક્ષ્મીપ્રસાદને તર્ક વિતર્ક થયા કે—

હિંદુસ્તાનમાં સાંજે ફરવા જવાની વાતને એક શોખની ચીજ તરીકે લેખાય છે,—ઇંગ્લાંડમાં તે એક જીંદગીની જરૂરીઆત ગણાય છે. પાશ્ચિમાત્ય કેળવણીએ, જેવી રીત્યે પોતાનાં કેટલાંક ચહા–કૉફી, બીસ્કીટ–ચીરૂટ જેવાં અટકચાળાંનો હાર, હીંદીયુવકની કોટમાં, એક મ્હોટી જસતની હાંસડીની પેઠે નાંખેલો છે, તેવી રીત્યે તેનાં કેટલાંક અનુપમ સુલક્ષણો પણ આપેલાં છે. અને તેમાંનું એક સુલક્ષણ તે, સાંજ સુધી દીવસભરની ઔદ્યોગીક ધમાલ પછી બની શકે તેટલે છેટે સુધી ફરવા જવાની પદ્ધતિ, તે છે. શારિરિક સંપત્તિના અભાવે, અગર સ્થીતિએ ઉત્પન્ન કરેલી જરૂરીયાતો (બીજા વિદ્યાર્થીઓને ભણાવવા જતાં વગેરે પ્રસંગે) અવકાશ ને સ્વાહા કરી જાય તેવે પ્રસંગે, અગર દીવસે દીવસે વધારી મૂકેલા પરિક્ષાઓના કાઠિન્યદર્દની ચાલુ પીડ આવ્યા કરતી હોય તેવા અભ્યાસકોને અપવાદરૂપે રાખી હાલની કેળવણીનો પ્રસાર, દરેક સંધ્યાસમય પૂર્વે, હીંદી યુવકોને તાજા જીવનવાયુ " ઑક્સીજન " ની આવશ્યકતા હમેશને માટે શીખવાડી ચૂકેલો છે ! એ અનુપમ શીક્ષણની જનની ! પાશ્ચિમાત્ય કેળવણી ! હમેશને માટે

હીંદને, (ભલે કેટલાક દુર્ગુણ મીશ્રીત પરંતુ) અનુપમ સદ્‌ગુણોના મંત્રોનું ભાન કરાવનારી, સેંકડો–હજારો વર્ષના હીંદી યુવકના મગજને લાગેલ કાટને તૈલ પ્રદાન કરી અસલ સ્થીતિમાં લાવવા પ્રયત્ન કરી રહેલી, એ કેળવણીના ઉપકારો કદી વીસારી શકાય તેમ છે ?

ઉદ્યાન આગળ ગાડી આવતાં બધાએ ઉતરી ચાલવાનું પસંદ કર્યું. અને પાર્કની નજીકથી નવીન પલ્લવવાળી જાતજાતની લીલોતરી સેંકડો જીભે આમંત્રણ કરતી જણાઇ ! નિષ્પક્ષપાતપણે ભૂગોળ ઉપરનું તિમિર સર્વત્ર દૃષ્ટિપાત માત્રથી દૂર કરનાર ભગવાન્ સૂર્યનારાયણે, ઇંગ્લંડની પરાક્રમી ભૂમિપ્રત્યે, પોતાનો એટલા સુધી પક્ષપાત બતાવ્યો છે કે તે ભૂમિ ઉપર કદી ઉગ્ર ક્રોધ–કટાક્ષ કરતા નથી ! તાપ જોઇએ તેને તાપ, ટાઢ જોઇએ તેને ટાઢ, એવી રીત્યે સર્વ ૠતુઓના તાપ ટાઢ કૃત્રિમ રીત્યે ઉત્પન્ન કરી, વિવિધ તરૂવરો અને પુષ્પવૃક્ષોની રચનાથી આ મહાન્ ઉપવનને કુશળ બાગવાનોના હાથે શણગારાયલું જોઈ નેત્રને આનંદ મળતો હતો. અનેક જાતનાં સુગંધી પુષ્પની પરાગ મીશ્રીત, મગજના પરિશ્રમને ઉપાડી લેતી ઠંડી સમિર લહરીથી, રંગબેરંગી પીછાંવાળાં મનોહર પક્ષીઓના કુજનથી, આપસઆપસમાં કલહને સ્વપ્ને પણ અવકાશ ન આપનારાં મનુષ્યોથી વસેલી ભૂમિમાં, “ ટુરનમેંટો ” ની માફક કૃત્રિમકોપ કરી કુકકુટપક્ષી અને કપોતપક્ષીના પક્ષપ્રહારથી, દેશમાં છલાછલ ભરેલી સમૃદ્ધિની નકલ કરતાં વૃક્ષોના ફળ ભારવડે, હમેશાં બાંકડા ઉપર બેસતાં પ્રેમઘેલાં યુગલોના વાર્તાલાપના પરિણામે કૃત્રિમ રીત્યે રીસાવાના અભિનવનું મેનાપોપટોથી થતાં જોવામાં આવતાં અનુકરણથી, સ્થળેસ્થળ મૂકેલા સુરમ્ય ફુવારા માંથી છુટી મૂકેલી, ભગીરથના જટાભારમાંથી નીકળતી બહુજ વેગથી પાપનાશિની ભગવતી ગંગાસમી સહસ્ત્ર જલધારામાંથી નીકળતા પુષ્પપરાગ મીશ્રીત જલસીકરોથી, મનોરંજક અનેક તખ્તાઓવડે, ઇંગ્લંડને માટે સ્વાત્માર્પણ કરનારા ઉદાર ચરિત વીરનરોની પ્રતિમાઓવડે, દંપતી યુગલોના પ્રેમપ્રધાન વાર્તાલાપના કોલાહલવડે, વગર અભ્યાસે જન્મથીજ શીખાઈ રહેલી કૃત્રિમતાની પરિસિમા બતાવનાર અટ્ટહાસ્યની સેંકડો કર્ણપ્રીય પુનરૂક્તિઓવડે, વગેરે વગેરે ભવભુતિ કે કાળીદાસ જેને સેંકડો અન્ય ઉપમાઓવડે વિભુષિત કરે એવા ઉદ્યાનનું વિશેષ વર્ણન કરતાં, ઇંગ્લંડની ભૂમિ એકવાર જોવા માટે ગુર્જર વાચકો પ્રત્યાગ્રહ કે લાલચ બતાવવાની લેખકને કંઇને કંઇ કારણસર, ઇચ્છા હોય !

આક્ષેપ આવવાની ભીતિ રહે છે! પરિશ્રમને લીધે લક્ષ્મીપ્રસાદથી એક બાંકડા હુપર બેસતાંજ બોલી જવાયું કે—ઈંગ્રેજોના રાજ્ય ઉપર સૂર્ય અસ્ત પામતો નથી તે ભલે હવેથી ચંદ્ર પણ કદી અસ્ત ન પામે એટલો ને એવો વિસ્તાર થાઓ, કે જે રાજ્યને **કેવળ પ્રજાના સુખને માટે** અને પ્રજાજનોના આરોગ્યની અભિવૃદ્ધીને અર્થે આવાં સ્વર્ગભુવન સમાં વિશ્રામસ્થાનો બનાવી સર્વથા આ ભૂમિને અલંકૃત કરી મૂકી છે!

ભવાનીપ્રસાદ હૃદયની કંઇક ઉંડી લાગણીથી દુઃખી હતો. તેના વિશુદ્ધ અંતઃકરણને જીંદગીમાં કંઇક પ્રથમનો ઘા લાગ્યો હતો. તેની ગમગીની દૂર કરવાના ઉપાય તરિકે તે અહીં આવ્યો હતો. તેઓ બેઠાં તેવામાંજ—

"ફ્રેશન્યુઝ ફ્રૉમ ઇન્ડીયા, સૉ–ઑ–ઑ–ઑ–ર્–ર્–ર્!" એમ મ્હોટેથી બૂમ પાડતા એક ચપળ છોકરાએ એક પેની પેપર ભવાની-પ્રસાદના હાથમાં આપ્યું. અને તેમાં નાતજાતના તફાવત વગરનો હીંદુઓનો ખાણાનો મેળાવડો—એ મથાળું જોઇ તે વિષય ભવાની-પ્રસાદે વાંચી લઇ લક્ષ્મીપ્રસાદના હાથમાં તે છાપું આપ્યું. ભવાની-પ્રસાદ નિખાલસ અંતઃકરણનો દૂરદર્શીય પુરૂષ હતો. આર્ય જ્ઞાતિબં-ધારણનો વિષય નીકળેલો જોઇ, અને લક્ષ્મીપ્રસાદ જેવો વિદ્વાન, તે ચર્ચાવવા માટે પાસે જોઇ, તેણે આ વિષયની ચર્ચા ઉપાડી:—

"એક રીત્યે જોતાં આ ઠીકજ થયું કે સર્વ આર્યબંધુઓએ એકજ પંક્તિએ ભોજન લીધું. વંશપરંપરાથી એકજ જ્ઞાતિમાં અમુક મનુષ્યે રહેવું એ રિવાજ હિંદુ કોમને એક શ્રાપ સમાન છે. નહિં વારૂ મી. લક્ષ્મીપ્રસાદ?"

"અહીં છ હજાર માઇલ જેટલે છેટેથી જેટલું બોલીએ તેટલું બોલવા આપણને છૂટ છે. બ્રહ્મોસમાજે પણ એક આવોજ અખતરો કરી જ્ઞાતિ બંધારણના જુના પુરાના કિલ્લામાં એક ગાબડું પાડવા પ્રયત્ન કર્યો હતો—"

"પછી?—"

"ને તેમાં તેઓ બીલકુલ ફાવી શકયા નહતા." લક્ષ્મીપ્રસાદે કહ્યું.

"ત્યારે શું તમે કબુલ કરતા નથી કે જ્ઞાતિઓનું બંધારણ

પ્રથમ તો, સશાસ્ત્ર નથી? જ્ઞાતિઓએ હીંદુઓની જે પાયમાલી કરી છે તેવી કશાથી થઇ નથી. જ્ઞાતિઓ હીંદુઓની સ્વતંત્રતા ઉપર એક તરાપ મારનાર અને તેમને જાથુના કષ્ટમાં સબડાવનાર રાક્ષસી કુચાલ છે. અને આવી રીતે સમગ્ર હીદુઓની જ્ઞાતિઓનું એકીકરણ કરવાથી--એટલે બધાએ સાથે ભોજન લેવાથી કાજે કરીને સર્વત્ર સર્વ વાતની-રોટી તેમજ બેટીની છૂટ થઈ, અન્ય પ્રજાઓની પેઠે હીંદુઓ પણ સ્વતંત્ર અને સુખી થવાના."

"એ બધું માનવાને હું તત્પર નથી." લક્ષ્મીપ્રસાદે કહ્યું "આપે થોડા શબ્દોમા ગોળમટોળ બહુ બહુ કહી નાંખ્યું. પ્રથમ તો આ જ્ઞાતિ બંધારણ સશાસ્ત્ર છે-વેદોક્ત છે કે બીજી રીતે આવી દાખલ થયું છે એ જોવાનું છે. આવી બાબતમાં શાસ્ત્રના આધારો બહુ ફળીભુત નથી થતા. શાસ્ત્ર એક મહાન સમુદ્ર છે અને સીંધુમાંથી જૂદી જૂદી જાતનાં રત્નો નીકળે તેમ કાહાડવા બેસતાં ભિન્નભિન્ન પ્રકારના અર્થવાળા શ્લોકો નીકળી શકે છે અને જ્યારે જ્યારે આ વિષય ચર્ચાનો થઇ પડે છે ત્યારે ત્યારે તેને આધારભુત માનવા આગ્રહ કરવામાં આવે છે. એક બાજુથી વેદવાક્યને પ્રમાણરૂપ આગળ ધરવામાં આવે છે કે:—

ब्राह्मणोऽस्य मुखमासीदबाहु राजन्यः कृतः ।
उरुतदस्य यद्वैश्यः पयभा॰ शुद्रो अजायत ॥

ऋग्वेद अध्याय १०.

(મનુષ્યજાતિનું બ્રાહ્મણો એ મુખ છે, ક્ષત્રીઓ તેના બાહુ છે, વૈશ્યો તેનું ઉરૂ પેટ છે અને શુદ્રો તેના પગ છે).

વળી એમ પણ કહેવામાં આવે છે કે:-

जन्मनाज्ञायते शुद्रः संस्कारात् द्विजउच्यते ।

અને વળી એમ પણ કહેવામાં આવે છે કે:-

न विशेषोस्तिवर्णानां सर्वंब्रह्म मिदंजगत् ।
ब्रह्मणा पूर्वं सृष्टंहि कर्मणा वर्णणांगतम् ॥

આ ઉપરથી જણાશે કે જ્ઞાતિરિવાજનું મૂળ શાસ્ત્રોમાં સોધતાં શાસ્ત્રકારો વિંધ્યાટવીના જંગલમાં રખડે તેની પેઠે ભૂલા પડે તેમ છે. જો જ્ઞાતિરિવાજનું અમુક-એકજ મૂળ હુત, તો તે ઉપર આંગળી મૂકિ તેને પ્રમાણભૂત માની વિરૂદ્ધની જીકર કરનારનાં મ્હોં એકદમ બંધ કરત!

વાસ્તવીક હકીકત એ છે કે મૂળ મનુષ્યજાતિ એકજ અને જેમ જેમ અમુક ગુણ પ્રધાન મનુષ્યો અગર મનુષ્યોના સમુહો જોવામાં આવ્યા તેમ તેમ તેવાઓની જ્ઞાતિઓ બાંધવામાં આવી. અને પછીથી તે જ્ઞાતિનાં મનુષ્યોની વૃદ્ધી થતી ચાલી તેમ તેમ તે જ્ઞાતિનો વિસ્તાર થયો. અને અમુક બંધારણની આવશ્યકતા જણાવા લાગી.

કુદરતનો એક નિયમ છે કે પિતાના ગુણ, કર્મ, સ્વભાવ અને આકૃત્તિ ઘણે ભાગે પુત્રમાં ઉતરી આવે છે. વંશમાં પેઢી દર પેઢીથી ચાલતા અમુક ધંધાને લીધેજ, એક સુતાર ઉત્તમ કારિગીરિ બતાવી શકે છે. અગર એક લુહાર, શીલ્પી, ચિત્રકાર, તે તે ધંધામાં ઉત્તમતા બતાવી શકે છે. "રોબીનસન ક્રુઝો"ની પેઠે એક નિર્જન વનમાં એકાદા કારિગરના બાળકને જન્મથી મૂકી, તેની વૃત્તિઓનું બારીકીથી અવલોકન કરવાનો અખતરો કરશો તો જણાશે કે તેના પિતાના ગુણનું વય પ્રાપ્ત થયે તે અનુકરણ કરશેજ. પૂર્વે લવકુશે શ્રીરામચંદ્રને, સર્વ દમન નામના પુત્રે દુષ્યંતરાજાને, અને એવા ઘણા રાજાઓને પોતાનાજ ગુણો પુત્રમાં ઉતરવાની પ્રતિતિ મળ્યાના દૃષ્ટાંતો બતાવે છે કે, દુનિયાંની જે જાતની પ્રવૃત્તિ પિતાને પ્રિય હોય છે તે તેના પુત્રને પણ પ્રિય હોય છે. તેમજ

શ્રીકૃષ્ણે અર્જુનને ઉપદેશ આપતાં કહ્યું છે કેઃ—

श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥ अ. ३

એટલે કે અમુક મનુષ્યે-પછી તે ગમે તેવી રીત્યે બજાવાય પણ પોતાનું કર્તવ્ય કર્મ અવશ્ય કરવું જોઇએ.

સુથાર પાસે લુહારનું કામ બરોબર નજ થાય. બધા થઇને બધું કરે એમ વિચારીએ તો એકેથી કશું ન થાય. બ્રાહ્મણે બ્રાહ્મણના ધર્મમાં પ્રવીણ થઈ તેને માટે યોજાયલાં કર્મો તેણે કરવાં જોઇએ. વૈશ્યે વૈશ્યનાં, તેમ દરેક જાતિએ પોતાને માટે યોજાયલાં કર્મ કરવાં જોઇએ.

દરેક કોમમાં આવી રીત્યે ગુણ ઉપરથી ધર્મો યોજાયલા જોવામાં આવશે. અહીં ઇંગ્લંડમાં શું છે? પાદરીના સંતાનો પાદરી ઘણે ભાગે જોવામાં આવશે-એટલે કે એમને આપણા ભૂદેવોની જાતિ માનો. મ્હોટા વ્યાપારિઓનાં છોકરાં દ્રવ્ય પ્રાપ્તિ ને વૃદ્ધિના ધંધામાં

મશગુલ જોઇશું. હીંદુસ્તાનમાંથી છેવટનો એક દાખલો જોશો તો જણાશે કે ટેકનીકલ કેળવણીને માટે સરકારથી યોજાયલી કમીટીએ પોતાના રિપોર્ટમાં એ મતલબનું જણાવ્યું હતું કે–ટેકનીકલ કેળવણીને માટે બ્રાહ્મણનાં છોકરાં સ્વાભાવિક રીત્યે લાયક નથી હોતાં. અપવાદ તરિકે તો ગમે તે જાતિ ગમે તે ધંધો સ્વીકારી તેમાં લાયકાત મેળવે તે જૂદી વાત છે.

આથી સમજાશે કે–વર્ણાશ્રમ ધર્મ ઘણો જૂનો અને સશાસ્ત્ર છે. પરંતુ ધારો કે તે સશાસ્ત્ર ન હોય, એટલુંજ નહીં પરંતુ મૂળશાસ્ત્રોએ વર્ણાશ્રમ ધર્મની સ્પષ્ટ આજ્ઞા ન કરતાં હોય, તથાપિ, આપણી ચાર વર્ણો, વર્ણાશ્રમ ધર્મને અવલંબીને એટલી બધી સદીઓથી જીવન ગાળતી આવેલી છે, અને વર્ણાશ્રમ ધર્મને એટલી બધી ટેવાઇ ગયેલી છે કે દેશકાળને અનુસરીને મહાત્મા મનુની આજ્ઞાનુસાર લાંબા વખતની પદ્ધતિને શાસ્ત્રની આજ્ઞાવત્ સ્વીકારી તદનુસાર વર્તવું જોઇએ.

ભવાનીપ્રસાદ––પરંતુ આપસઆપસમાં આ જ્ઞાતિઓને જમવાના પ્રતિબંધનું કયાં ફરમાન છે––"

લક્ષ્મીપ્રસાદ––સહભોજન ઉપર એટલો બધો શા હેતુથી ભાર મૂકવામાં આવે છે? સહભોજનની પ્રજાની ઉન્નતિના વેગને વધારવા કે ઘટાડવામાં શું કિંમત છે? સાથે જમ્યાથી ઉન્નતિ થઇ ચૂકી? રોટી વ્યવહાર સિદ્ધ થઇ ચૂકયો, તે પછી બેટી વ્યવહાર માટે તત્પર રહી શકાશે? ઉચ્ચ આશયવાળા મનુષ્યોને હલકા ધંધા–હલકા વિચાર–હલકી સ્થિતિના મનુષ્યોની સાથે એક પંક્તિએ બેસતાં વાજબી સુગ આવતી હોય તે કારણથી તેમનો દોષ કહાડવાનો છે? અહીં ઇંગ્લંડમાંજ હું આપને બતાવીશ કે ઉચ્ચ કુટુમ્બો હલકાં કુટુમ્બો સાથે એક પંક્તિએ નથીજ બેસતાં. માત્ર આપણામાં એ સુગની "ડીગ્રી" માં ફેર છે. સાથે નહીં બેસી શકે તેવાં કુટુમ્બો અહીં યુક્તિથી છૂટાં પડી જાય છે–તેમાં એકબીજાને ઉલટી રીત્યે મદદ કરી છૂટાં પડે છે જ્યારે કાઠિયાવાડના એક જ્ઞાતિભોજન વખતે ઔદિચ્યોની જ્ઞાતિમાં એક ખેડાવાળે પાટલો નાંખ્યો હોય તો તેને તેની પેટાજ્ઞાતિ **પૂછીને** બેઠી પંક્તિએ ઉઠાડવાની હલકાઇ વપરાય છે. અગર ખેડાવાળની જ્ઞાતિમાં ઔદિચ્યે તેમ કર્યું હોય તો તેને બેઠા પછી છૂટો બેસારવાની હલકાઇ વપરાય છે–"

"મ્હને માફ કરશો––જરા વચમાં બોલવા દો." ભવાનીપ્રસાદે કહ્યું––

"શું એવી રીતની હલકાઇ વપરાય છે તે છતાં તે બધું સશાસ્ત્ર કહેવાનો આપનો આશય છે?"

"નહીં--તેમ નથી" લક્ષ્મીપ્રસાદે કહ્યું:—

"ચતુવર્ણાશ્રમાંથી જે જે સેંકડો પેટા જ્ઞાતિઓ બંધાઇ છે તેમની ઉમર કંઈ ઝાઝી લાંબી નથી. વડનગરમાં રહ્યા તેથી **વડનગરા** નાગર કહેવાયા. વીશનગરમાં રહ્યા તેથી **વીસનગરા**; મેવાડમાં ચાલતી લડાઇઓના જમાનામાં ગુજરાતમાં ઉતરી પડયા તે **મેવાડા.** મોઢેરા ગામ ઉપરથી મોઢ. કનોજથી આવ્યા તે કનોજીયા. ઉદિચ્ય—પૂર્વ દીશાએથી મૂળરાજે રૂદ્રમાળાની સ્થાપના વખતે બોલાવી ગામપ્રદાન કર્યા તે ઉદિચ્ય. એવી રીત્યે સેંકડો પેટા જ્ઞાતિઓ તો ગામોને નગરોની સંજ્ઞા માત્ર ઉપરથી પડી ગઇ છે તેમાં બીજો કંઇ ધાર્મિક આશય સમાયલો નથી. હિંદુસ્તાનનો ધાર્મિક સમય બદલાવા માંડયા; સોળમી અને સત્તરમી સદીના જેવો અવ્યસ્થીત જમાનાનું જોર પૂર જોસમાં જામ્યું. લોકો ઘરઘરના ન રહ્યા તો પછી જ્ઞાતિઓ તરિકે શી રીત્યે રહે? અને એવામાં સાત્વિક પ્રકૃત્તિના બ્રાહ્મણો, કલહમાં સબડી ભિન્ન ભિન્ન થઇ ગયા! સહજ કલેશ થયો એટલે જોર માત્ર જૂદાં પડવાનું-ભિન્ન પંક્તિએ બેસવાનું -જૂદું તડ બનાવવાનું રહ્યું-જે હાલ પણ કેટલેક સ્થળે મોજુદ છે.

"જેવી રીત્યે એક બ્રાહ્મણ જ્ઞાતિમાંથી સેંકડો પેટા જ્ઞાતિઓ બંધાઇ ગઇ છે તેવીજ રીત્યે ક્ષત્રી વૈશ્ય શુદ્રમાં પણ બનવા પામ્યું છે. પરંતુ માત્ર ચતુર્વર્ણના નેતા-બ્રાહ્મણોએજ સુધરવાની આવશ્યક્તા છે. સમગ્ર હીંદુ કોમમાં કોઇપણ એક સરખો ગુણ જોવામાં આવતો હોય તો તે અનુકરણ કરવાનો છે ને બ્રાહ્મણોના એકીકરણને ઇતર ત્રણે વર્ગ અવશ્ય અનુસરવાના.

"બીજી બાજુએ, જો હાલ ચાલે છે તેમ કલહથી દિનપ્રતિદિન જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓની સંખ્યા હજુ પણ વધવા પામી તો કાળે કરીને-ત્રીરાશીના નિયમો ખોટા પડે તે સિવાય-એટલા સુધી સમગ્ર જાતિની અવનતિની ભીતિ રહે છે કે-એક બ્રાહ્મણ દુનિયામાં શોધ્યો જડશે નહીં! આ ઉદ્ગારો બહુ કડવા છે-પણ તેમાં હૃદયના ઉંડાણમાંથી નીકળેલું નિઃસ્વાર્થ સત્ય છે, અને તે અંધ શ્રદ્ધાવાળા જુના જમાનાના બ્રાહ્મણોથી-પુરાણીઓથી-વિદ્વાન વૈયાકરણીથી-સુધારાવાળાઓથી, કોઈથી પણ ના પડાય તેવું નથી. હીંદુ કોમને-અને

તેમાં મોરચાને મોખરે બ્રાહ્મણ જાતિ હોવાથી તેમને રણસીંગા અને નિશાનના દુદુંભી નાદથી જાહેર નોટીસ મળી ચૂકી છે–બ્રહ્મોસમાજે પ્રથમ એક ભયંકર તોપ છોડી ગાબડું પાડવા પ્રયત્ન મચાવ્યો હતો. પરંતુ જુગ જુગ અમર નામ કરનાર આપણા ધર્મ સંસ્થાપકો! જે મહર્ષીઓના નામ માત્રથી હાલ પાવન થઇ જઇએ છીએ, તેમણે, ચતુર્વર્ણાશ્રમની પાછળ તેમની દીર્ઘદૃષ્ટિથી તેમના અનુપમ મનોબળનો જે વજ્રકોટ બનાવેલો છે તેમાં ગાબડું ન પડી શકયું. **એક બે** ને ત્રણ ઘંટનાદ થતાં પૂર્વે, જો સમજીને, આપણા ધાર્મિક અગ્રેસરો પૂર્વવત્ ચતુર્વર્ણાશ્રમની સંસ્થાનો પુનઃરૂદ્ધાર કરવાનો પ્રયન સરખો નહીં આરંભે તો સમગ્ર કોમ, ખુંટેથી છૂટેલા તોફાની ઘોડાની પેઠે, નાકમાંથી નીકળી ગયેલી દોરીવાળા ઉંટની પેઠે, પાટા પરથી ખસી ગયેલી રેલ ગાડી પેઠે, ક્યાં જાય છે–શું કરે છે તે કલ્પના પૂરી થઇ શકતી નથી!

"જ્ઞાતિબંધારણે હીંદુઓની પાયમાલી નથી કરી પરંતુ કલહને લીધે પડી ગયેલી પેટા જ્ઞાતિઓએ આધુનીક અધમ સ્થીતિમાં સમગ્ર કોમને ધસડી આણવા જે નુકશાન કર્યું છે તે જેટલું કહીએ તેટલું ઓછું છે.

"એ પેટા જ્ઞાતિઓનું એકીકરણ કરવા પ્રયત્ન કરનારા સમગ્ર હીંદુ કોમના સાચા શુભેચ્છકો છે. પરંતુ ચતુર્વર્ણાશ્રમ ધર્મ પ્રત્યે આવી રીત્યે હાલ અણગમો બતાવવાથી કંઇ સાર્થક નથી. મુસલમાની સમયમાં, બધા બાદશાહો, પ્રતાપી અકબર જેવા સહનશીલતાવાળા અને માયાળુ દીલના નહતા. કેટલાકને હીંદુઓના જ્ઞાતિબંધારણ પ્રત્યે જબરો અણગમો હતો! અને તેમણે પોતાના બાદશાહી દમામથી –તોરથી ને દાબથી, એકાકાર કરી દેવા તેમનાથી એક જીંદગીમાં થઇ શકે તેટલા પ્રયત્નો ચલાવ્યા હતા. છતાં વર્ણાશ્રમની સંસ્થાના વજ્રકોટમાંથી કાંકરી સરખી ખસી શકી નથી–પરંતુ એકને બદલે ઉલટી રીત્યે અનેક પેટા જ્ઞાતિઓ થઇ પડી છે. એટલે જે સંસ્થા, પોતાના પાયા પાતાળમાં બતાવી શકે છે, અને જેણે જુલમી રાજાઓના હુકમોને કોરે મૂકિ અદ્યાપિપર્યંત પોતાની સ્થીતિ ટકાવી રાખેલી છે તે આવા શાંતિના સમયમાં, સદીભરની માન્યતાને કોરે મુકવા તત્પર થાય ખરી?

ભવાની—આવા મતમતાંતરો નિર્મુળ કરવા એ આપણું કામ નથી ?

લક્ષ્મીપ્રસાદ—સંપૂર્ણ કેળવણી પામેલાં મનુષ્યોથી ભરેલા દેશમાં પણ મતમતાંતરો જોવામાં આવે છે તો પછી હીંદમાં તો ચાર પાંચ ઉંચી નીચી "ગ્યાલેરીઝ" ઉપર બેઠાં હોય તેમ જૂદા જૂદા પ્રમાણમાં કેળવાયલાં અને વગર કેળવાયલાં મનુષ્યો બેઠાં જીવન ગાળે છે એટલે મતમતાંતર વિશેષ થવાના. કેળવણીનો ફેલાવો થયેથીજ આવા વિષય સંબંધે પ્રજાનો મોટો ભાગ એકમત થવાની કંઇક આશા રખાય.

ભવાનીપ્રસાદ—પ્રજાનો કેળવાયલો ભાગ હાલ વર્ણાશ્રમ ધર્મની પક્ષપાત કરે છે તે માત્ર એટલાજ કારણસર કે અશિક્ષિત વર્ગનો મ્હોટો સમુહ સામી બાજુએ છે—"

લક્ષ્મીપ્રસાદ—ના, તેમ તો નથી. પરંતુ કેટલાક એવા હશે કે જેઓ વર્ણાશ્રમ ધર્મ વિનાશક મંડળની સામે ધુત્કારો કરવા માટે મળેલી સભામાં હાજરી પણ આપશે અને વળી સ્વેચ્છાએ ખાન-પાનમાં વર્તનની મર્યાદા મૂકી દઇ ભ્રષ્ટ બનશે. Character–વર્તન તો આપણામાં છેજ નહીં. અંતઃકરણની માન્યતા જૂદીને બાહ્ય વર્તન જૂદું. Hypocracy નામનો રોગ સદંતર નાબુદ થયો નથી ત્યાં સુધી ઉન્નતિમાર્ગ નજીક નથી.

પરંતુ આપણા તમામ વ્યાધિને લાગુ પડનારી એકજ ગોળી "**કેળવણી**" છે. જે પ્રસરવાથી હીંદી પ્રજાની નસેનસમાં વિજળીક બળ અર્પી અદભૂત સ્વાસ્થ્ય આપશે. તે દરમીયાન સમગ્ર કોમના ભલાને, ઉન્નતિને, હીતને, જીગરથી ચહાનારા અગ્રેસરો પોતાનું કંઇ પણ આવશ્યક કાર્ય સમજતો હોય તો તે, સદ્દગત સાક્ષર પ્રોફેસર મણીલાલ નભુભાઇએ —ગુજરાતના સમગ્ર બ્રાહ્મણના એકીકરણનો પ્રશ્ન પ્રજાના સમજુ વર્ગ સન્મુખ રજુ કર્યો છે તેને પોષણ આપવાની જરૂર છે. હીંદુઓના સાંસારિક સુધારામાં સમગ્ર હીંદનો સુધારો સમાયલો છે, કારણ કે હીંદના હીતના મહત્વના અનેક સવાલોની આડે આવનાર બુદ્ધિમસ્તિક-જન્ય આપણું આધુનીક અધમ થઇ પડેલું બંધારણ આડે આવે છે. હીંદુઓના સમગ્ર સુધારા માટે અગ્રજાતિ **બ્રાહ્મણ**ને એક થવા જરૂર છે, અને (હીંદુસ્તાનની) સમગ્ર બ્રાહ્મણ કોમના એકીકરણની આડે આવનાર ગુજરાતના બ્રાહ્મણોજ છે. અન્ય કોઇ નથી. કારણ કે ગુ-

જરાત જેટલું પેટા જ્ઞાતિ બંધારણનું મૂળ બીજે ઉંડું નથી. તેજ કારણથી મોરબીના ઉદિચ્ય બ્રાહ્મણ મૂળશંકર (પાછળથી સ્વામી દયાનંદ સરસ્વતીએ) પોતાના સિદ્ધાન્તોને આગળ પાડવા માટે-જેની ચર્ચાનો હાલ વિષય નથી-તે માટે ગુજરાત સિવાય અન્ય મેદાનો શોધ્યાં હતાં તે જાણે ગયા કાલનીજ વાત છે. તેજ સમયમાં દીર્ઘદર્શી તત્વવેત્તા સાક્ષર મણીલાલ નભુભાઇએ, કદાચ્ મુસલમાન બંધુઓના હુમલાના જેવાજ તે વખતના ઉપદેશહુમલાથી ગુજરાતને બચાવવા, કે સમયાનુસાર જોઇને, કે ગમે તે કારણને લઇને ગુજરાતના બ્રાહ્મણોના એકીકરણનો સવાલ ઉત્પન્ન કર્યો લાગે છે. પરંતુ ગુજ-રાતીઓનું મગજ શુષ્ક ભૂમિ સમું તે વખતે હતું; સદીઓના ત્રાસથી ટીપાઇ ટીપાઇને બધીર થઇ ગયું હતું. **હવે શાંતિના જમાનામાં તે સાંભળશે.** કેળવણીએ તેનો રોગ મટાડવા માંડ્યો છે. અને હું ભવિષ્યવેત્તા નથી તથાપિ કેળવણીના પ્રસારની સાથે આ મહત્વનો સવાલ અંતઃકરણપૂર્વક ગુર્જર સાક્ષરો, સુશિક્ષિત યુવકો, ગુર્જરી ભૂમિની સુશિક્ષિત સન્નારીઓ, ઉપાડશે, અને તેથી શું પરિણામ આવશે? ગુજરાતના બ્રાહ્મણોના સુધારાની સાથે, સમગ્ર હીંદુ કોમની ને સમગ્ર હીંદની સુધારાની શરૂઆત થશે. ગુજરાતને તો વળી વિશેષ લાભ થશે. કન્યાઓની અછતને લીધે બકરાં મેંઢાં પેઠે થતું બાળાઓનું વેચાણ, મચ્છીબજાર-સટ્ટાબજાર-ને બીજાં અધમ બજારોની ધમાલ કરતાં સહજ શાંતિવાળું, પરંતુ તે કરતાં પરિણામે સહસ્ત્રગણું પાપના દુખના ખાડામાં નાંખનારૂં બજાર હમેશને માટે સદંતર બંધ થશે! વરવિક્રય પણ બંધ પડશે! **બાળલગ્નો,** જે આ ગરીબડી પ્રજાનાં ખીલતાં સુકુમાર પુષ્પોને-પ્રજાવૃક્ષની અદ્‌ભૂત મંજરીને-હોમાગ્નીમાં સ્વાહા કરવા માટે; માબાપોનાં અંતઃકરણો પૂર્વે કદી ન જોયેલાં સાંભળેલાં અનુભવેલાં તેવાં કઠોર બનાવી રહેલ છે, જેના રાક્ષસી જુલમ માટે રસીલી નાજુકડી ગુર્જરગીરા મોળી પડે છે તે પણ બંધ થશે!-”

આ ચર્ચા વખતે સુવર્ણકુમારી અનિમિષ ચક્ષુએ અત્યંત શ્રદ્ધા-પૂર્વક નિહાળી રહી હતી. એણીએ અદ્યાપિપર્યંત મેળવેલ શીક્ષણમાં હાલના અંધાધુનીના જમાનાએ ઉપસ્થીત કરેલ શંકાઓનાં પડેપડ ઉખડી શંકાવાદળ વિસ્તૃત થતું હતું. લક્ષ્મીપ્રસાદના ઉદ્ગારોએ એના અંતઃકરણને જાણે ગ્રહણ કરી લીધું હોય-પૂરી લીધું હોય-સ્તબ્ધ

બનાવી દીધું હોય, અનિચ્છાએ પરતંત્ર બનાવ્યું હોય તેમ તે અનુભવવા લાગી. એ ઉદ્ગારો નીકળતા હતા તે વખતે તે કયાં બેઠી છે શું કરે છે તેનું ભાન નહતું. લક્ષ્મીપ્રસાદની ચિત્તાકર્ષક દીવ્યમૂર્તિ સમક્ષ તે, અંદર જીવ મૂકેલી કોતરેલી પૂતળી હોય તેમ તટસ્થ, સમાધિસ્થ હોય તેમ બેસી રહી હતી-શબ્દે શબ્દનું ભાવપૂર્વક પાન કરતી હતી. લક્ષ્મીપ્રસાદની હૃદયાનંદક-નયનાનંદક મૂર્તિ આજ વધારે મનોહર લાગતી જણાતી હતી, અને તેની ઇચ્છા ન છતાં પણ અનિવાર્ય રીત્યે તેની સામે જોઈ જવાની અંતઃકરણની પ્રેરણાને વખતો વખત અટકાવવા પ્રયત્ન કરવા પડતા. એને બહુ બહુ વિચારો આવવા લાગ્યા કે-મ્હને આવા પ્રકારની આ લાગણીઓ સૌથી પ્રથમનીજ શા માટે-શા હેતુપૂર્વકની થતી હશે ? વીધિએ આમાં શું ધાર્યું હોવું જોઇએ ? કયા જન્મના કેવા સંસ્કારો આવી રીત્યે આ દીવ્યપુરૂષ પ્રત્યે મ્હારા અંતઃકરણને વિનાપ્રયત્ને-સ્વાભાવિક રીત્યેજ-બળપૂર્વક-આકર્ષવા પ્રયત્ન કરતા હોવા જોઇએ ? અરે ! પણ એ આટલી ઉમરના થયાં છતાં હજુ કંઈ અવિવાહીત હશે ? પણ કયાં મ્હારા આ ઉન્મત-ઉચ્છંખલ-વિચારો અને કયાં આ તપસ્વી મહાપુરૂષનું નિર્લેપ-નિખાલસ-વિશુદ્ધ તેજસ્વી અંતઃકરણ ? ! મને એ વિચારો કરવા સ્વાભાવિક કુતુહલ કેમ થતું હોવું જોઇએ ? મ્હને તેમ કરવાનો અધિકાર શો છે ?—" વગેરે વગેરે સેંકડો તર્કવિતર્ક એક પળમાં આવ્યા. એટલે એણીએ ભવાનીપ્રસાદ સામે જોઇ સમયોચિત કહ્યું કે-પિતાશ્રી ! હું ધારૂં છું કે અહીં વધારે રોકાવાથી ઠંડી સખત પડશે—"

ભવાનીપ્રસાદ—બરોબર છે. ચાલો ત્યારે આ વિષય કંઈ એક દીવસની ચર્ચાથી પૂરો થાય તેમ નથી. માફ કરશો, મી. લક્ષ્મીપ્રસાદ તમારા વિચારો અણીશુદ્ધ જાણવા મ્હારે ઇરાદાપૂર્વક વિરૂદ્ધ પક્ષ લેવો પડયો હતો.

" એ વળી વધારે સંતોષની વાત ! " લક્ષ્મીપ્રસાદે કહ્યું.

પ્રકરણ ૭ મું.

ભાષણ-પુનરપિ પુનિત પ્રસંગ.

સુવર્ણકુમારિ હીંદમાં હતી ત્યારથીજ, લક્ષ્મીપ્રસાદના સંબંધમાં એની ચારે બાજુએ ખ્યાતિનાં વચનો અપૂર્વ આનંદ સાથે સાંભળતી. પૂર્વ જન્મના કોઇં અગમ્ય, પ્રયોજને, મહત્ પુણ્યના પ્રભાવે કરીનેજ, અનાયાસે, સ્ટીમરમાં પ્રારબ્ધે યોજેલા તેના મેળાપને ભાગ્ય-રેખાની પરિસીમા સમો તે અનુભવવા લાગી. લક્ષ્મીપ્રસાદને તેણીએ, પ્રથમ જોયેલો ન હતો તેથી તેના સંબંધમાં, સહસા, નિર્દોષ રીત્યે કેટલાક શબ્દો બોલી જવાયા હતા* તેથી તેને રોમે રોમે લજ્જા પ્રસરી ગઇ ! ધૈર્ય એકત્ર કરી, સમયસુચકતા વાપરી, તે વાત જાણે બનીજ નથી એમ માની લઇ, તે વખતે ચર્ચાતા વિષયમાં તેણીએ ભાગ લીધો. પરંતુ એ પ્રસંગથીજ, એના સુકુમાર નિર્દોષ અંતઃકરણમાં, વિના પ્રયત્ને, સ્વભાવિક રીત્યેજ, લક્ષ્મીપ્રસાદ વીષે કંઇક અશ્રુતપૂર્વ લાગણી એને અનુભવાઇ ! એ લાગણીને તે પૂરી ઓળખી શકી નહીં. એ વિષે વિચારમાં પડતાં પણ મુઝાવા લાગી. એ વિચારને દૂર કરવા જતાં, ઉલટી રીત્યે, અંતઃકરણમાં ઉંડો જવા લાગ્યો.

ભવાનીપ્રસાદની ખાસ દેખરેખ તળે, સુવર્ણકુમારીને, પંદર વર્ષની વયમાં, સંપૂર્ણ ગુજરાતિ ઉપરાંત ઉપયોગી થઇ પડે તેટલી ઇંગ્રેજી કેળવણી આપવામાં આવી હતી. સંગીત, ચિત્રકામ, ભરત, શીવણ, ટાઇપરાઇટીંગ, શૉર્ટહેંડ, જેવા કેટલાક વ્યવહાર હુન્નરોની તાલીમ પણ આપવામાં આવી હતી. પરંતુ ભવાનીપ્રસાદ જેવા દીર્ઘદર્શી પિતાની પુત્રીને શિક્ષણ આપવાની એક ખૂબી એ જોવામાં આવતી હતી કે, આધુનિક જમાનાનાં સાંસારિક વ્યવહારૂ બંધનોના સંબંધે એને પ્રયત્ન પૂર્વક અજ્ઞાન રાખવામાં આવી હતી. એકજ પંક્તિએ સાથે જમવા બેસવાના બનાવથી, તેમજ "આપણી જ્ઞાતિ" એવી સંજ્ઞાથી વખતો વખત થતી વાતચીતો ઉપરથી લક્ષ્મીપ્રસાદને તે પોતાનીજ પેટાજ્ઞાતિનો માને તે સ્વાભાવિક હતું. તોપણ જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓના સંબંધમાં જેમ જેમ પૃથઃકરણ સાથે વાત ચર્ચાવા લાગી તેમ તેમ

---

*જુઓ પાનું (૨૯)

તેને સમજાવા લાગ્યું કે–લક્ષ્મીપ્રસાદ નજીકની પેટાજ્ઞાતિમાં છે. આ બાબત સ્પષ્ટ રીત્યે લક્ષ્મીપ્રસાદને તો પૂછાય તેમ ન હતું. તેમ કરવામાં રહેલો ધ્વની પ્રકટ થવાની વાસ્તવિક ભીતિ રહેતી. અને પેટા જ્ઞાતિઓની હયાતિ માત્રથી લજ્જા પામતાં તેનાં માતપિતા, એ વિષય લક્ષ્મીપ્રસાદના રૂબરૂ જરૂર પડતોજ ચર્ચાવતાં હોવાથી તે બાબત વધારે જાણી લેવાના પ્રસંગ ન આવતા. ચતુવર્ણાશ્રમ ધર્મ, એ આર્ય ધર્મને દુનિયાના બીજા ધર્મોમાંથી ઓળખાવી આપનારૂં, બીજાં ચિન્હોમાંનું એક છે, તે વેદોક્ત છે, આવશ્યક છે ને સ્વાભાવિક છે.–કૃત્રિમ નથી. જૂદે જૂદે સ્વરૂપે, દેશકાળ લોકરીતને અનુસરીને સર્વત્ર હયાતિ ભોગવે છે. પરંતુ ચાર વર્ણમાંથી પાર વગરનાં તડો પડી પેટાજ્ઞાતિઓ બંધાઇ ગયેલાં છે તે એકત્ર થવાની અને પૂર્વવત્ માત્ર ચાર જ્ઞાતિઓ બંધાવાની જરૂર છે, એ તેમની માન્યતા હતી.

ખરૂં જોતાં, સુવર્ણકુમારીને લક્ષ્મીપ્રસાદ સાથે પેટાજ્ઞાતિઓના સંબંધે વાર્તાપ્રસંગ કહાડવા એક બાજુથી કુતુહલ હદપાર ઉશ્કેરતું, અને આર્ય બાળાઓની સ્વાભાવિક લજ્જા તે વિચારો શમાવી દેતી. સ્ત્રી પુરૂષના પરસ્પર સંભાષણની મર્યાદાને લંબાવનારૂં ઈંગ્લંડનું સ્વતંત્ર વાતાવરણ, એવી રીત્યે ઉત્પન્ન થતી લજ્જાને પ્રકટ કરવામાં લઘુતા માનતાં શીખવતું–એટલે એ (લજ્જા) છૂપાવી રાખવી પડતી. આથી લક્ષ્મીપ્રસાદની પેટાજ્ઞાતિ બાબતની શંકાનું સમાધાન પૂર્ણરીતે સુવર્ણકુમારી પોતાની મેળે કરી શકી નહીં, પરંતુ ઉદ્યાનમાંના લક્ષ્મીપ્રસાદના છેવટના ઉદ્‌ગારોએ પ્રતિતિ આપી કે પેટા જ્ઞાતિઓ નિરર્થક છે–કલહરૂપ છે ને તે એકત્ર થવા જરૂર છે તે ચોઘડીયામાંથી તેના નિર્દોષ સુકુમાર હૃદયમાં અપૂવ આલ્હાદ ઉત્પન્ન થયો હતો. અને રોમેરોમે હર્ષ થવાથી શિશિર રૂતુની ઠંડીને પણ ન ગણકારતા સ્થૂલ અંતઃકરણેજ જાણે, લક્ષ્મી પ્રસાદની દીવ્યમૂર્તિને સહસ્ત્ર પ્રતિનિધીદ્વારા અવલોકવા ઇચ્છયું હોય તેમ પ્રસ્વેદનાં બુંદ બહાર નીકળી આવ્યાં હતાં ! અને તેથીજ, તે પ્રસંગના વાર્તાલાપનું સહસાછેદન કરી નાંખી, અંતઃકરણની લાગણીઓ ઉપર આચ્છાદન કરનારા અન્ય કોઇ વિષયનો આશ્રય માગતી હોય તેમ સુવર્ણકુમારીએ ઉદ્યાનમાંથી ઉઠવા સુચના કરી હતી. ગાડીમાં બેઠી ત્યાં પણ તે જાણે સ્વપ્નાવસ્થા અનુભવિત હોય, બેશુદ્ધ હોય, બદ્ધ હોય, હીંદમાં છે કે કયા દેશમાં છે, શું કરે છે, જીવન ધારણ કરી

રહેલી છે કે મૃતપ્રાય છે, તે પણ જાણવાની શક્તિહીણ થયેલી જેવી, ઘસડાઇ ચાલી. યંત્રની મદદથી ચાલતી મૃતિકાની (હૃદય વગરની) પુતળી, માત્ર પગની સાહાય્યથી ચાલે તેમ પોતાના ઓરડામાં જઈ એક લાંબી ખુરશી ઉપર કેટલોક વખત પડીજ રહી. થોડીવારે સાવધ થતાં એને વિચાર આવ્યા કે–અહો ! વિધાતાની આ શું ચમત્કૃતિ લાગે છે ! આ દિવ્ય પુરૂષના દર્શન માત્રથી મ્હારાથી વિનાપ્રયોજન વિકલવ કેમ થવાતું હશે ? અસાવધ હોઉ તેમ–અસ્વસ્થ હોઉ તેમ, મ્હારૂં મનોનિગ્રહ બલ, હમેશ મદદ કરતું તે આજ કેમ અટકી પડે છે ! પ્રારબ્ધે આમાં શું ધાર્યું હોવું જોઇએ ? મ્હને સમજાતો નથી એવો આ ગહન વિષય શું હશે ? હું વિચાર વગરની, મૂઢ બનેલી, સામાન્ય સ્ત્રીઓની નિર્બળતાને આધીન થવા જાઉંછું ? શિશુપણાથી સખીવત્ બનેલા નિગ્રહબલ ! મ્હને આજ કાં ત્યજે છે ? ”

“ સવર્ણા બ્હેન ! ” તેની માતાએ આવી પૂછ્યું “ કેમ આજે અસ્વસ્થ જણાઓ છો ? ”

“ કંઇ નહીં માડી ! ઈગ્લંડની ઠંડી હીંદમાં વાંચતાં તે કરતાં વધારે સખત લાગે છે ! ”

“ અહીંના લોકો ભીંતોનાં પડમાં કોલસા સળગાવી ઓરડાને ગરમ કરી રાખે છે ત્યારે રહી શકાય છે એ જાણોછો ને ? ”

“ હીંદમાં પણ કેટલેક સ્થળે ઈગ્લંડના એ શોખની બીનજરૂરી-યાત નકલ થતી સાંભળી છે. ” સુવર્ણકુમારીએ કહ્યું.

“ હીંદમાં આટલી ઠંડી કદી પણ નથી જોતાં તોપણ ” જરૂર વગર જરૂર ન જોતાં માત્ર ખાલી નકલ કરવામાં આપણા લોકો મશહુર છે. ડૉ. લક્ષ્મીપ્રસાદે કહ્યું હતું કે ખોટી નકલ કરનારા નહીં પરંતુ વિશુદ્ધ વર્તનવાળા મનુષ્યોની સંખ્યા ઉપર અમુક દેશની ઉન્નતિનો આધાર રહેલો છે.”

“ એ ખરી વાત છે. ” સુવર્ણકુમારીએ બહુજ મૃદુ સ્વરે જાહેર હીંમતનો ઢોંગ કરી પ્રત્યુતર આપ્યો.

“ ડૉ. લક્ષ્મીપ્રસાદના ઉદ્ગારો જે જે વિષય પર જ્યારે જ્યારે નીકળે છે ત્યારે તે રૂચિકર લાગે છે. મ્હને એ યુવકને માટે, એને મ્હોડેથી જ્યારે જ્યારે કંઇ પણ સાંભળુંછું ત્યારે બહુ માનની માગણી પેદા થાય છે. ”

"બાહોશ વિદ્વાન પુરૂષ ! એમાં શક નહીં, માતુશ્રી !" જાણે બ્હીતે બ્હીતે, ધીમે ધીમે, સુવર્ણકુમારી બોલી.

"સૌથી વધારે તો, ભાજીપાલાના ખોરાકની ઉત્તમતા સિદ્ધ કરી આપનારાં એમનાં બ્યાખ્યાનો સાંભળવા લાયક થાય છે. મ્હારો વિચાર છે કે એમાંનાં કેટલાંક આપણે પણ સાંભળવાં. પરંતુ મ્હારે તો ત્હારા પિતાના મનની સ્થીતિ–"

"**મ્હારા પિતાના મનની સ્થીતિ**–તે શું માતુશ્રી !"

"કંઇ નહિં બેટા !"

"એમ કેમ માડી ! મ્હને એ જાણવા દેવામાં કંઇ વાંધો છે?"

"કંઇજ નહીં–કદી પણ ન હોય."

"ત્યારે પછી ?"

"બીજું ખાસ કંઇ લાગતું નથી. "ચેરીંગ ક્રૉસ" સ્ટેશન સુધી આવ્યા ત્યાં સુધી તે હમેશના ખુશ મિજાજમાં હતા, પરંતુ સ્ટેશન પર એમને કંઇક પત્ર મળ્યો, અને સામે તેડવા આવનાર સખસ ગેરહાજર રહ્યો ત્યારથી એમના મનની સ્થીતિ બેહદ દુ:ખ દાયક સમજાય છે. મ્હને પણ તેનું કારણ કહી શકતા નથી તેમ હું તે વીષે કંઇ પણ અનુમાન કરી શકતી નથી. એમની મુઝવણ તે મારી બેવડી મુઝવણ થઈ રહે છે. મ્હને તે પત્ર પણ બતાવ્યો નથી, અને એમની ઇચ્છા સિવાય મ્હેં તે માગ્યો પણ નથી. એમની એવી મનની સ્થીતિ જોઇ, ઇંગ્લંડ આવી આપણે જ્યાં જ્યાં જવાનું, જે જે સંસ્થાઓ, કારખાનાં, પ્રસિદ્ધ સ્થળો, જોવાનાં તે તમામ મુલતવી રાખવું પડયું છે."

"મ્હને તો એમ કંઇ સમજાતું નહતું—"

"મ્હારાથી એમની લાગણીઓ પ્રકટ ન કરવા તે પ્રયત્ન કરે છે અને એમના પૃથક્ પૃથક્ નીકળતા ઉદ્ગારો ઉપરથી હું અનેક કલ્પનાઓ માત્ર કરી શકું છું–વાસ્તવીક કારણ સ્પષ્ટ જાણી શકતી નથી તો પછી બેટા ! તું તો તે શી રીતે જાણવા પામે ?"

"કેમ ? હું બેધડક જઇને એમનેજ પૂછું તો શું હરકત છે ?—"

"અરે ! અરે ! જોજે તું એવું સાહસ કરી બેસતી ! ચારે બાજુએ–સંખ્યાબંધ જગોએ દ્રવ્ય પાથરનાર ધનવાનને બેચેની–ગમ-

ગીની થવી એ નવાઇ નથી. વળી અનેક મનુષ્યોના સંકટને પોતાનું દુ:ખ કરી માનનારને પણ સુખની ઘડી ભાગ્યેજ હોઇ શકે છે. એમાંથી ગમે તે કારણ હોય, અને કદાચ્ તું પોતે પણ એમની ચિંતાના વિષય માટે કારણભુત હોય. એ પણ શી રીત્યે કહી શકાય? હીંદુ સંસારમાં દીકરીના પિતાને–પ્રસ્તુત દુ:ખમય બંધારણની હયાતિમાં સુધી સુખની ઘડી નથી. અનેક "ઘોળ" બંધાઇને પડી ગયેલાં ટુંકા ટુંકા તડોને લીધે કેટલીક જ્ઞાતિઓમાં વરની અને કેટલીક જ્ઞાતિઓમાં કન્યાઓની અછતથી આપણા લોકો અનેક કુચાલોમાં સબડી રહેલા છે. વારૂ, પણ હું તારા પિતાને જમવા બેસવાનું કહીને આવી છું માટે ચાલ.

મા દીકરી બન્ને જમવાના ઓરડામાં ગયાં. અનેક ઉંડા તર્ક વિતર્કમાં ગરક થયેલો, મુખ મુદ્રા ઉપરથી ગ્લાની સુચવતો ભવાનીપ્રસાદ એક પાટલા ઉપર આવી બેઠો હતો.

"ડૉ. લક્ષ્મીપ્રસાદ કયાં ગયા ?" પેસતાંજ શાન્તાગવરી બોલી.

સેંટ્રલ પ્રીન્સબરી તરફ આવેલા મદ્રાસના તૈલંગી બ્રાહ્મણ મંડળમાં એ ગયા છે એટલે આજે તે આપણી સાથે જમવાના નથી. આઠેક દીવસ ત્યાં રહેવાના છે એમ કહીને તે હાલજ ગયા. વારૂ, દેવી ! આવતી કાલ કદાચ હું લેંકેશાયર જઇ આવું એમ મને વિચાર થાય છે. સાંજની ટ્રેનમાં હું પાછો આવી શકીશ.—"

"કેમ નાથ ? એટલે જવા કંઇ ખાસ કારણ છે ?"

"હું દીલગીર છું કે હાલ તે તમને કહી શકતો નથી. પરંતુ મ્હારે ત્વરાથી ત્યાં જઇ આવવા જરૂર છે."

ભવાનીપ્રસાદ બીજે દીવસે સવારમાં લેંકેશાયર ગયો. માતા અને પુત્રીએ અનેક વિષય પર વાર્તાવિનોદ કરી દિવસ ગાળવા પ્રયત્ન કર્યો તો પણ ભવાનીપ્રસાદની ગેરહાજરીથી તે સહજ લાંબો જણાવા લાગ્યો. બપોરે એક ઈંગ્રેજ બાનુએ એમના ઓરડામાં આવી ડૉ. લક્ષ્મીપ્રસાદ હોય તો તેમને મળવા માગ્યું. પૂછપરછ ઉપરથી જણાયું કે આ બાનુ ડૉ. લક્ષ્મીપ્રસાદના એક ભાષણ વખતે હાજર હતી તે પ્રસંગથી તેને વેજીટેરીયન સોસાઇટીમાં દાખલ થવા ઇચ્છા થઇ હતી. પરંતુ તેમાં દાખલ થતા પૂર્વે કેટલીક શંકાઓનું સમાધાન કરવાની તેને ઇચ્છા થવાથી તે લક્ષ્મીપ્રસાદને શોધતી હતી. વેજીટેરીયન સો-

સાઇટીના મકાનમાંથી તેણીને ખબર મળી કે મી. ભવાનીપ્રસાદના ઉતારામાં તે હશે તે ઉપરથી અહીં આવી હતી એમ તેણીએ જણાવ્યું.

"હું ધારૂં છું કે ડૉ. લક્ષ્મીપ્રસાદ તે આજ હોવા જોઇએ, નહીં વારૂ ?" સામી દીવાલ ઉપરની એક છબી સામે જોઇ તે બાનુ બોલી.

"નહીં, નહીં," શાન્તાગવરીએ કહ્યું. તે તો આ મ્હારી દીકરીના પતાની છબી છે.—

"એટલે તમારા ધણીની—"

"હા. તેમજ થયું તો —"

"અને, આ ડૉ. લક્ષ્મીપ્રસાદની છબી રહી. તેના પિતાના એક પુસ્તકમાં છૂટી રાખેલી છબી બતાવી. સુવર્ણકુમારીએ કહ્યું.

"કેવો સુંદર પુરૂષ ? નહીં વારૂં ? પચીસ પચાસ છોકરીઓ તરફથી તેને પરણવાનાં માગાં આવવાં જોઇએ ! તમે શું ધારો છો ?"

મા દીકરી બન્ને, જૂદાં જૂદાં કારણોને લઇને, ખડ્ ખડ્ હસી પડયાં.

"મ્હેરબાની કરીને મ્હને કહી શકો કે તમે કેમ હસવાનું વાજબી ધાર્યું ?" તે બાનુ બોલી.

"કંઇજ નહિ. અમારામાં એક પુરૂષનાં વખાણ કરતી વખતે અમે લોકો હદમાં રહીએ છીએ બીજું કંઇજ નથી." શાન્તાગવરીએ જવાબ આપી સહજ હસી પડી.

"લાયકને લાયક માન કે અભિનંદન નહીં, નાલાયકને દુનિયામાં માણસને મ્હોડેથી ફીટકાર નહીં તો પછી જીભની કંઇ કીંમત ખરી કે ? " તે બાનુ બોલી." તમારામાં કેટલાક એવા દુર્ગુણો છે કે જે સાંભળતાં કંપારી છૂટી આવે, જેની આગળ અમો લોકો એક સુંદર આકૃતિને ઘટતું માન આપવાની છૂટ લઇએ તે દુર્ગુણ ગણવો એ બરોબર નથી."

"અમારી પ્રજામાં તમે કેવા કેવા દુર્ગુણો સાંભળ્યા છે ?" સુવર્ણકુમારીએ પૂછ્યું.

"અરે ! જો કે તમારી પ્રજાના ગુણો જાણવાનો અભ્યાસ

મેં કારણુસર હમણાંજ શરૂ કરેલો છે તો પણ જેટલું મેં જાણ્યું છે તે ઉપરથી મ્હને લાગે છે કે—મને માફ કરશો કે મ્હારે કહેવું પડે છે પણ—હીંદુઓ જેવી અણુઘડને પોતેજ પોતાના નાશ તરફ ગતી કરનારી પ્રજા બીજી કોઈ પણ નહીં હોય. આ પ્રસંગે હું તેમના અનેક સદ્‌ગુણો તરફ બહુ માનની લાગણીથી જોવાનું ભૂલતી નથી. પરંતુ મ્હારે કહેવું જોઇએ કે, એ સદ્‌ગુણો સમગ્ર પ્રજામાં સામાન્ય એવા દુર્ગુણના વાદળમાં છૂપાઇ જાય છે. તમારામાં સ્કુલમાં જતા પહેલા ન્હાનાં બાળકોને લગ્નની ગાંઠે જોડી દેવામાં આવે છે! અજબ હીંદુ લોક! એવી કોઈ પણ પ્રજા પૃથ્વીની સપાટી પર બતાવશો કે જે આવી રીત્યે પ્રજા તરિકે પોતાના આત્મઘાતની કોશીશ કરી રહી છે?"

"વચમાં બોલું તે માટે માફ કરશો. પરંતુ તમારે અમારા લોકના રીતરિવાજ જાણવાનો પ્રસંગ શાથી આવ્યો?" શાન્તાગવરીએ પૂછ્યું.

"હજુ તો હવે મ્હારે અવકાશ મેળવી તમારા રીતરિવાજોનો અભ્યાસ કરવાનો છે—" તે બોલી.

"એમને આપણા મુલક તરફ નોકરી મળેલી હોવી જોઇએ" સુવર્ણકુમારીએ કહ્યું.

"હા. એમજ હોવું જોઇએ" શાન્તાગવરીએ ઉમેર્યું.

"ના, તેમ તો નથી." તે બાનુ બોલી "પરંતુ તમારા દેશના એક જુવાન માણસને હું અહીં પરણી ચૂકી છું. અમો બન્ને એક બીજાને ઘણાં ચાહીએ છીએ. તો પણ મતમતાંતર થવા એ દુનિયાંનો રિવાજ છે. મારા ને મારા ધણીના ખોરાકમાં ફેર હોવાથી અમારા વચ્ચે લાંબા વખત સુધી ચર્ચા ચાલી. છેવટે એમ નક્કી કર્યું છે કે મ્હારે વેજીટેરીયન (ભાજીપાલાનો ખોરાક ખાનાર) થવું; પરંતુ મ્હારા ધણીને પોતાના ખોરાકમાં ફેરફાર કરવો પરવડે તેમ નથી."

"તમારે તેમની ભાષા પણ શીખવી પડશે" શાન્તાગવરીએ કહ્યું.

"ના, ના. તે ઇંગ્રેજી ઘણી સારી રીત્યે બોલી જાણે છે" તે બાનુ બોલી.

"પણ તમે તમારે સાસરે-તમારા ધણીના દેશમાં જશો ત્યાં તમારા ધણીની માતૃભાષા તમારે જાણવી પડશે કે નહીં?" સુવર્ણકુમારીએ પૂછ્યું.

"અમો બન્ને અમારી જીંદગી અહીં ઈંગ્લંડમાંજ ગાળીએ એવો મ્હારા ધર્ણીનો મત થયો છે."

"ત્યારે તમારો ધણી તમને પોતાની નાતજાતથી છાની રીત્યે પરણેલા હોવા જોઇએ" શાન્તાગવરીએ કહ્યું.

"તે કંઇ હું સમજી નહીં"

"તમારે તે સમજવા જેવું પણ નથી. પરંતુ વારૂ, અમને જણાવશો કે તમારા ધણી હીંદુસ્તાનમાંથી કયા ભાગના વતની છે?"

શાન્તાગવરીએ પૂછ્યું.

"ગુજરાતમાં કાઠિયાવાડ તરફના છે" તે બોલી.

"અને જાતે કોણ છે!" સુવર્ણકુમારીએ પૂછ્યું.

"જાતે? જાતે તે હીંદુ છે."

મા દીકરી બન્ને પાછાં હસી પડયાં.

સુવર્ણકુમારી–હીંદુ તો ખરા, પણ બ્રાહ્મણ, વાણીયા, પાટીદાર, ભાટીયા, લુહાણા કે કેવા?

"શું એક હીંદુમાં પાછા એવા પેટાભાગો છે ખરા કે?"

શાન્તાગવરી—હા. ચાર ભાગ છે. બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અને શુદ્ર અને તે મૂળ ચાર વર્ણમાંથી હાલ ચારસેં કરતાં પણ વધારે પેટાભાગ પડી ગયેલા છે. અને તેઓમાંના કોઇ એક નાતનો માણસ બીજા જોડે જમી શકતો નથી તેમ એક નાતની કન્યા બીજા કોઈને અપાતી કે લેવાતી નથી.

"અજબ દેશ! હીંદુસ્તાન! અમો લોકો દોઢસો વર્ષ કરતાં વધારે વખતથી તમારા ઉપર રાજ કરીએ છીએ એટલા બધા લાંબા પ્રસંગ છતાં તમો હજુ સત્તરમી સદીના દીવસો ગાળતાં જણાઓ છો"

શાન્તાગવરી—તમે એમની નાત સુદ્ધાં ન કહી શકો તેમ હોય તો કાઠિયાવાડમાં કયા ગામના છે તે કહી શકશો?

"હા કેમ નહીં?" એમ કહી તેણીએ એક તેના ધણીનું વીઝીટીંગ કાર્ડ શાન્તાગવરીના હાથમાં મૂક્યું.

આ વખતે સામે, વેજીટેરીયન સોસાઇટીના મકાનમાંથી, એક ગૃહસ્થે આવી આ યુરોપીયન બાનુને ખબર આપ્યા કે, ડૉ. લક્ષ્મીપ્રસાદનું આજ ભાષણ હોવાથી તે મળી શકશે નહીં છતાં જરૂર હોય

તો તે ભાષણના હૉલમાં જાઓ કે જ્યાં ભાષણ થઇ રહ્યા પછી તે બીજાઓની શંકાઓનાં સમાધાન કરવાના છે તે પ્રસંગે મળશે, તે ઉપરથી, તે બાનુ, ત્યાં જવા ઉઠી. શાન્તાગવરીને પણ વિચાર થયો કે આજે ભાષણ સાંભળવાની ઉત્તમ તક છે. સુવર્ણકુમારીને પણ તૈયાર થવા કહ્યું; જતાં જતાં, બોલાવવા આવનારે કહ્યું કે—ભાષણ શરૂ થયું છે માટે વેળાસર જજો.

સહસા સુલભ પ્રાપ્ત થયેલ દીવ્ય પ્રસંગ! અકથ્ય આનંદપ્રદ માતુશ્રીની આજ્ઞા! વિરલ પ્રારબ્ધ યોગ! સુવર્ણકુમારી જેનું સુરમ્ય સ્વપ્ન ચાલ્યા કરે છે જેના સંકલનાનું ઘડીભર વિસ્મરણ નથી થતું તે પાછું આગળનું આગળ! જે જાદુઈ અમૃત વચનો પાર્કમાં સાંભળેલાં તેજ પાછાં, હૃદયને આનંદ આપનાર, આત્માને અનુપમ ભવ્યતા આપનાર, કિન્નર ગાંધર્વ જ્ઞાનથી વિશેષ મધુરતાવાળાં, વેદ વચનસમાં પવિત્ર, ગુરૂ વચનસમાં આત્મોન્નતિ તરફ દોરનારા, કર્ણપ્રિય વચન પ્રવાહનું પ્રજાથી થતું જાહેર પાન, જોવાનો, સાંભળવાનો પુનરપિ પુનિત પ્રસંગ! માતુશ્રીની આજ્ઞાથી વિચારમાં પડેલ સુવર્ણકુમારી સાવધ થઇ, ઇંગ્લંડના મહિલામંડળમાંથી, આ સુશિક્ષિત હીંદી બાનુઓને, જૂદાં પાડનાર **પોશાક*** સજી દીધો, અને ત્રણે જણ ગાડીમાં બેઠાં.

ભાષણપ્રિય ઇંગ્લંડની ભૂમિ! જ્યાં બેચોનેટો ને તોપો કરતાં જીભે મહાન સાહસિક પરાક્રમો કરેલાં ઇતિહાસનાં પાનાં ઉપર મોજુદ છે, ત્યાંના લોકોની એક હૉદીને ભાજીપાલાના ખોરાકની ઉત્તમતા સિદ્ધ કરી આપવા ઉમેલો જોવાની અજબ ભીડ જોવામાં આવી! ટીકીટદ્વારે આવી બધાં ઉભાં! સંભ્રમમાં સુવર્ણકુમારી પૈસા પાસે રાખવાનું વિસરી ગઇ હતી! કપડાં તાજાં બદલેલાં હોવાથી મા દીકરી બન્નેનાં ગજવાં ખાલી હતાં! મડમ પાસે માત્ર રૂ. દશની એક નોટ નીકળી! ત્રણ પૌંડ જોઇએ! કારણ કે, શ્રોતાઓથી આજની થયેલી ઉપજ ફંડ ખાતે જનાર હોવાથી, દાબીને ટીકીટ રાખવામાં આવી હતી.

જે ભલો આઇરીશ પેસેન્જર સ્ટીમરમાં સાથે હતો તે અહીં પણ પ્રયોજક તરિકેની દોડા દોડીમાં હતો. તે આ સંસ્થાનો એક સેક્રેટરી હતો. ત્રણે જણને અજાણ્યા ટીકીટ આપનારની ઑફીસ

*બીજી રીતે તો જૂદા પડી શકે તેમ ન હતું. મતલબ-'વર્ણ'=રંગ તો ઇંગ્લંડની બાનુઓમાં ભળી જાય તેમ હતું, એમ લખવાનો આશય છે.

આગળ વાતે ઉભેલાં જોઇ તે દોડી પહોંચ્યો એને જોતાંજ સુવર્ણ-કુમારી હકીકત કહી દીધી.

"કંઇ હરકત નહીં! મીસકુમારી. ટીકીટના પૈસા પાછળથી અપાશે! પણ તમે તુર્તજ જાઓ! ભાષણ પૂરૂં થવા આવ્યું છે.—" એ ભલા ગૃહસ્થે કહ્યું.

"પણ અમને પૂરી સાંભળવાની તક મળે તેવી ગોઠવણ કરવા મ્હેરબાની કરો—" સુવર્ણકુમારીએ ધૈર્ય ત્યજી આજીજી કરી!

ત્રણેને લઈ, આ ભલા ગૃહસ્થે પ્લાટફૉર્મ ઉપર જઈ એની જગા કરી અને સુવર્ણકુમારીને રિપોર્ટરોની નજીક જગા કરી આપી.

"શું, આ લેડી રિપોર્ટર છે?" એક નજીક બેઠેલા રિપોર્ટરે આઇરીશ ગૃહસ્થના કાનમાં સંભળાય તેમ પૂછ્યું.

"હા. હિંદુસ્તાન ખાતેનાં પત્રોમાં મ્હારે ખબર મોકલવાના છે." હર્ષઘેલી સુવર્ણકુમારીએ સહસા જવાબ આપ્યો.

"બાનુ! દીલગીર છું કે તમે ત્યારે મોડાં આવી પહોંચ્યાં" સુવર્ણકુમારીની હીંમત જોઇ રિપોર્ટરે વિવેક કર્યો.

"તે આપના જેવા ધંધાભાઇ તરફથી ભાષણની શૉર્ટ હેંડમાં નકલ મળશે તો કંઇ દીલગીરી થવાની નથી! આપ માયાળુ ભાઇ-ઓએ યાદ રાખવું જોઇએ કે અમારા કાઠિયાવાડ જેવડા ઈંગ્લંડના બંધુઓ માટે જ્યારે આટલા બધા રિપોર્ટરો આવી બેઠા છે તો તેથી ત્રીશ બત્રીશ ગણા મ્હોટા દેશના કરોડો વતનીઓની હું એકનીએક પ્રતિનિધી છું. પણ હવે મ્હને સાંભળવા દો!"

ભાષણ શાંતિથી ચાલતું હતું. કોઇ પ્રકારની હોંસાતોસી નહતી! આયર્લેન્ડના હોમરૂલના સવાલની પેઠે કોઇની સાથે કજીયાબાજી કે કલહ પ્રધાન વિષય નહતો.

દુનિયામાંથી ગુલામગીરિના વ્યાપારને નાબુદ કરનાર, અનેક વિપત્તિઓને કેવળ સ્વાશ્રયથી પ્રયત્નપૂર્વક દૂર કરી ધીમે ધીમે પરંતુ મક્કમપણે એક સામર્થ્યવાન્ પ્રજા તરિકે, પ્રજાઓની ગણનામાં અગ્ર-ગણ્ય પ્રજા તરિકે આવનાર, પાછળ પડેલી અશિક્ષિત પ્રજાઓને સ્વપરાક્રમનું અદ્‌ભૂત દષ્ટાંત આપનાર, પ્રજા પ્રજા વચ્ચે, મનુષ્ય મનુષ્ય વચ્ચે, ન્યાય ક્યાં રહેલો છે તે જોઈ તે તરફ વળવાને આંચકો

નહીં ખાનાર, પ્રજાજનોના અંતઃકરણના પ્રતિબીંબ સમા બરફથી પરિવૃત થયેલ બ્રીટીશ બેટ વાસીઓ, અનેક વિશુદ્ધ અંતઃકરણોનું અનુકરણ કરનારી તે અંતઃકરણોસમીજ ધવળ આકૃતિઓનો ગંજાવર જનસમુહ એક સુશિક્ષિત હીંદપુત્રીએ સૌથી પ્રથમજ જોયો !

૭ હજાર માઇલ જેટલે છેટેનાં મનુષ્યોની ભાષા ઉપર સંપૂર્ણ કાબુ પ્રાપ્ત કરી, પૂર્વ દેશોના અલંકારોનું તેમાં મિશ્રણ કરી, પશ્ચિમની જુસ્સાદાર ઇંગ્રેજી વાણીમાં કર્ણપ્રિય કંઠથી અસ્ખલિત વાગ્પ્રવાહ ચાલતો હતો અને તેમાં લાખો અવાચક્ પ્રાણીઓના જીવન મૃત્યુના સવાલોનો ફડચો થઈ તેમની ભાગ્યરેખા મુકરર થતી હતી ! સેંકડો વર્ષથી ચાલતા વધથી કરોડો મૃત્યુ પામેલાં પશુઓના આત્માઓ જાણે અહીં ઉંચે ઝઝુમી રહ્યાથી વાતાવરણ ભારે ભારે લાગતું હતું.

ભાષણના મંદિર (હૉલ) ની ભવ્યતા, ધ્યાન ખેંચનારી હતી. શાંતિથી સાંભળનાર સુશિક્ષિત જનસમાજ, ભાષણકર્તાને વખતોવખત તાળીયોના ગડગડાટથી વધાવી લેવાથી રસજ્ઞ છે અને નિષ્પક્ષપાતપણે સાંભળે છે તેમ સ્પષ્ટ જણાઇ આવતું હતું. પુરૂષો કરતાં સ્ત્રીઓની સંખ્યા ઓછી નહતી જણાતી—તે ઉપરથી દેશમાં ચાલતા મહા સવાલોના થતા નિર્ણયમાં સ્ત્રીઓ કેટલો ઉલટભર્યો ભાગ લેછે તે જોવાનું મળતું હતું.

હર્ષઘેલી સુવર્ણકુમારીને થયેલો આનંદ બહુ અલ્પાયુષી નીવડયો ! તેના કાનમાં જે વાકયો રેડાવા લાગ્યાં તે તેણીએ ટુંકાક્ષરોમાં નોંધવા માંડયાં હતાં, પરંતુ થોડીજ વારમાં બાઇબલમાંથી કેટલાંક વાકયો બતાવી ભાષણ સમાપ્ત થયું !

નજીકના પડોશી રિપોર્ટર પાસેથી નકલ લઇને ઉતારવા માંડી; એટલામાં બીજા રિપોર્ટરોનું ધ્યાન તે તરફ ખેંચાતાં એકેક પાનું બધાએ ઉતારવામાં મદદ કરી અને પંદરેક મીનિટમાં સમગ્ર ભાષણ-ની નકલનો પોથો મેળવી તે યુરોપીયન બાનુ જેને શંકા સમાધાન માટે રોકાવાનું હતું તેની રજા માગી, માતુશ્રી સાથે ગાડીમાં બેઠી.

પ્રકરણ ૮.

ઇંગ્લાંડમાંથી વિદાયગીરિ.

વિદેશેથી લૈ કીર્તિના હાર અંગે,
સ્વદેશે સિધાવે સગાંમાં ઉમંગે.

સુવર્ણ કુમારી અને શાન્તાગૌરી જે દીવસે ભાષણમાં જઇ આવ્યાં તે વાતને આજે વીશ દીવસ થઇ ગયા. પરંતુ લક્ષ્મી-પ્રસાદ તૈલંગ મંડળમાંથી આવી શકયો નહીં. તે ઉપરથી ત્રણે જણને જૂદા જૂદા તર્ક વિતર્ક થવા માંડયા.

ભવાનીપ્રસાદની ચિંતા દિન પ્રતિદિન વધતી જતી જણાવા લાગી ને તેને લીધે ઇંગ્લંડમાં આવીને જે જે જોવાની યોજના હતી તે તમામ મુલતવી રાખવી પડી. શાન્તાગવરી અંત્યંત મૃદુ સ્વભાવનું સ્ત્રી રત્ન હતું. પતીને સહજ પણ દુઃખ થાય તે પૂછવાની તેનામાં હિંમત ન હતી. એટલે તે પતીના દુઃખનું કારણ જાણી શકી ન હતી.

એક દીવસે પોતાના હોલમાં ફરતાં ફરતાં ભવાનીપ્રસાદના હાથમાં એક ન્હાનું "વિઝીટીંગ કાર્ડ" આવ્યું ! તે જોઇ તે અકદમ ચમકી ઉઠયો ! અરે ! આ શું ? આ કાર્ડ અહીં કયાંથી ? શાન્તા-ગવરીને તેણે એકદમ મ્હોટેથી પ્રશ્નો કરવા માંડયા;—

"દેવી ! આ પુરૂષ અહીં કયારે આવેલો ? શા કામે આવેલો ? અરે ! જેને માટે પૃથ્વીભરમાં મ્હેં ભ્રમણ આરંભ્યું છે તે અહીં મ્હારાથી ચુપકીથી આવી પણ ગયો લાગે છે ? આ શો ચમત્કાર ?"

"નાથ કદાચ ભ્રમિત ચિત્તના થશે કે શું ?" એવો શાન્તા-ગવરીને મનમાં વિચાર આવી ગયો. કારણકે ભવાનીપ્રસાદના મુખનાં આટલાં વાકયો, મ્હોટેથી, ઇગ્લંડમાં આવ્યા પછી, આજેજ સંભળાયાં ! તેથી એ દોડતી આ હૅાલમાં આવી, એના હાથમાંથી કાર્ડ લઈ જોયું. સાદી, ભોળી, ભલી, નિર્દોષ શાન્તાગવરી ! એ કાર્ડ કયાંથી ઘરમાં દાખલ થયું હશે તેનું તેને, ભવાનીપ્રસાદનો ચિંતાભાર જોતાં, વિસ્મરણ થઈ ગયું હતું.

"નાથ ! આ નામનો કોઇ પુરૂષ અહીં આવેલો જણાતો નથી-"

"બસ કરો દેવી ! પ્રાણથી વ્હાલાં પેટનાં બચ્ચાંના નીતિ શિક્ષણની આટલીજ દરકાર કરોછો ? હાય ! હીંદનાં માબાપો !"

સુવર્ણકુમારી અનેક તરંગ વ્યાપારમાં પડી ગઇ હતી. તોપણ ભવાનીપ્રસાદના ઉપરના શબ્દો મ્હોટેથી બોલાયા તેથી તે તરફ તેનું ધ્યાન ખેંચાયું. અને દોડતી આવી

" શું છે ? શું છે ? માતુશ્રી ! " એમ કહેતાં શાન્તાગવરીના હાથમાં કાર્ડ જોયું. " આ કાર્ડ તો પેલી ઇંગ્રેજ બાનુ જે કોઇ હીંદુને પરણ્યાનું કહેતી હતી તે, ભાષણ સાંભળવા ગયાં, તે દીવસે લાવી હતી તેજ કે ? "

" હા ! હા !નાથ ! હવે મ્હને બધું સાંભર્યું. આપને **લેંકેશાયર** જવાનું હતું, ત્યારે એક ઇંગ્રેજ બાનુ આ કાર્ડ લઇને આવી હતી–"

" **બાનુ** લઇને આવી હતી ? પછી ? "

" હા ! હા ! એક ઇંગ્રેજ બાનુ લઇને આવી હતી અને તે એક હીંદી યુવકને પરણી હતી એમ તે કહેતી હતી. તે યુવકનું નામ માગતાં આ કાડ તેણીએ આપ્યું છે.

" શું આ યુવક સાથે ન હતો ? "

નાથ ! એટલું બધું આશ્ચર્ય પામવાનું પ્રયોજન સમજાવશો ?

" જાણો ત્યારે દેવી. પ–અ–અ–ણ પહેલાંતો મ્હને કહેવાદો કે હું તમને જરા ઉંચે સ્વરે બહુ બોલી ગયો–"

" ફીકર નહીં નાથ ! આપ જે કહેતા હતા તે કહો, "

'. વારૂ, સાંભળો–આ ' **નરેંદ્રપ્રસાદ હરસુખરાય** ' નામનું કાડ છે. એ હરસુખરાય આપણી જ્ઞાતિમાં એક ધનાઢ્ય સદ્‌ગૃસ્થ છે.—પ–અ–અ–ણુ બ્હેન સુવર્ણા ! તું ત્હારા હૉલમાં જા. આજે હીંદમાંથી ટપાલ આવવાની છે તે આવે એટલે એમાંથી વર્તમાન પત્રોના તાજા સમાચાર મ્હને કહી સંભળાવજે—"

" દેવી ! છોકરાંનાં લગ્ન સંબંધી વાતો માબાપે કરવાની હોય ત્યારે, જ્યાં તેનાં લગ્ન થવાનાં નથી તેવાં કુટુમ્બોને લગતી વાતો વખતે તેમને પાસે ન રાખવાં વધારે ઉચિત્ છે, કારણકે જે સ્થળની છાપ બચ્ચાંના હૃદયમાં પાડવી આવશ્યક નથી તેથી તે દૂર રહે તે વધારે સારૂં—વારૂ, સાંભળો આપણી જ્ઞાતિમાંથી વર શોધવા માટે મ્હેં મ્હારા મિત્રોની મદદથી સમુદ્ર મંથન કર્યું તેમાં હરસુખરાયના પુત્ર નરેંદ્રપ્રસાદનું નામ આવ્યું. આ નરેંદ્રપ્રસાદ " લગભગ મેટ્રીક " સુધી અભ્યાસ કરી, તે પછી મેટ્રીકયુલેશનની પરિક્ષા અહીં પસાર કરીને બેરીસ્ટર થવા માટે ઇંગ્લંડ આવેલો છે એવું મ્હેં ત્યાં હીંદમાં સાંભળ્યું હતું. એ છોકરાની પ્રસંશા મારે કાને બહુ આવી તે ઉપરથી મ્હારો

વિચાર એને માટે બહુ મજબુત થયો હતો. પરંતુ પુત્રીના વેવીશાળ જેવાં જન્મ પર્યંતના સંબંધનાં કાર્યો જાતે જોઇને કરવાં એ વધારે સલાહ ભરેલું છે, એમ જાણીને મ્હેં તેનું ઠેકાણું પૂછીને તેને લેંકેશાયરથી આપણને ચેરિંગક્રૉસ સ્ટેશને મળવા આવવા કહેલું: તેમ છતાં તે આપણને મળી શક્યો નહીં અને મ્હને સ્ટેશન ઉપર એવી મતલબનો કાગળ લખ્યો કે—"આપ જે હેતુથી મ્હને મળવા ધારોછો તે હેતુ કોઇ રીત્યે બર આવી શકે તેમ નથી. આપણાં હીંદુ લોકોનાં જ્ઞાતિબંધનો પ્રત્યે મ્હને મ્હોટો તીરસ્કાર છે. મ્હેં મ્હારી પસંદગીની યુરોપીયન સ્ત્રી શોધી લીધી છે એટલે હું આપની નજરમાં એક વટલી ગયેલો—વહી ગયેલો યુવક લાગું તો મ્હને માફ કરશો."

"વળી દેવી! હરસુખરાયે આવા લાડઘેલા પુત્રની સારવાર માટે એક ગુમાસ્તો મોકલેલો છે જેને પણ મ્હેં લખ્યું હતું કે મ્હને ચેરિંગક્રૉસ સ્ટેશને મળે. એ ગુમાસ્તાને અને મ્હારે મૂળથી પણ ઓળખાણ હતું. આપણી પેઢીમાં ઈંગ્લંડ આવ્યા પછી તેણે કેટલોક માલ મોકલાવ્યો હતો. આમ છતાં નરેંદ્રપ્રસાદના મનમાં એમ કંઇક આવેલું કે એજો આપણને મલશે તો એની કંઇક નિંદા કરશે. એ ભીતિથી એને પણ આવતો અટકાવ્યો હતો. એથીજ આપણે આ સ્થાન શોધી લેવાની જરૂર પડી."

"પણ તે શું ખોટું છે!" શાન્તાગવરી બોલી "તમે આટલો મનનો ઉભરો કહાડયો તે ઠીકજ થયું. દીકરીને આપણ જન્મ આપીએ છીએ. એની સાંસારિક સંબંધની યોજના તો એનું પોતાનું અનેક જન્મના કર્મફળ તરિકે યોજાયલું પ્રારબ્ધ કરે છે. જ્ઞાતિમાં વરની અછત છે તેથી શું? ફરીને પૂરતો તપાસ કરીશું!—"

"દેવી! હા! હા!" નિઃશ્વાસ નાંખતો ખેદ યુકત અંતઃકરણે ભવાનીપ્રસાદબોલ્યો; મ્હેં આપણી જ્ઞાતિમાં તો ઘરેઘર શોધી જોયું છે. હવે કંઇ કોઈ વર જન્મવાનો તો થોડોજ છેને?"

"નાથ! તેથી શું? જન્મવાનો નથી, તો કોઇની સ્ત્રી ગુજરી જવાની પણ હોય"

"એ બધાં ફાંફાં કહેવાય, દેવી!"

"તો પછી ફીકર નહી, નાથ! તે દિવસે મ્હેં આપને ડૉ. લક્ષ્મીપ્રસાદ સાથે પેટા જ્ઞાતિઓનું એકીકરણ કરવાની ચર્ચા પછી જે કહ્યું હતું કે "એ બનવું બધી અશક્ય વાત છે," પરંતુ પાછળથી ફરી-

ફરીને વિચાર કરતાં મ્હને સમજાય છે કે એવું એકીકરણ આવશ્યક છે, વધાવી લેવા જેવું છે, અનેક માબાપોનાં હૈયાં શાંત કરનારૂં છે, પ્રજોન્નતિ કરનારૂં છે, એટલે હું હવે જોઇ રહેવાની નથી. કેટલાકે આપણી જ્ઞાતિમાં એવી પહેલ કરી છે, અને એવાંઓની સંખ્યામાં આપણુ ઉમેરો કરીશું !—"

" પણ નજીકની પેટા જ્ઞાતિઓમાં પણ લાયક વર ક્યાં મળવાના ?"

" બહુ એ હશે, તેમાં આપણે ક્યારે શોધ ચલાવી છે ? એક વખત એ સાહસ માટે તત્પર થયા પછી લાયક વર પણ મળશે. દાખલા તરિકે—અને આ તો હું માત્ર દાખલોજ આપું છું. **આ ડૉ. લક્ષ્મીપ્રસાદ !** કેવો લાયક સુશિક્ષિત યુવક ! કોનાં ભાગ્ય હોય કે આવો પ્રભાવશાળી ભવ્યચરિતનરરત્ન સંબંધી થાય !—"

" હા–આ–આ–સ, દેવી ! બુદ્ધિ મસ્તિક જન્ય શાસ્ત્રને કોરે મૂકિ, આજે મ્હારી પંક્તિમાં તમે બેઠાં એથી મ્હારી અડધી મુંઝવણ ઓછી થાય છે હોં ! પેટા જ્ઞાતિઓ સંધાઇ જઈ એકત્ર થાય એવું તમે મ્હોડેથી કહેશો એ મ્હને સ્વપ્ને પણ ન હતું—"

" જરૂરીઆત એ નવી શોધોની જનની બને છે, તો પછી આ તો પેટા જ્ઞાતિઓને એકત્ર કરી દેવી એ તો માત્ર માંખણનું ઘી બનાવવા કરતાં પણ સહેલી વાત છે. આ વિષય નવો ઉપડ્યો નથી. પેટા જ્ઞાતિઓ પડીજ શા માટે ? ક્યા શાસ્ત્રે તેમ થવા અનુમતી આપી ? કયા **મનુએ** આવી એ પાડી આપી ? અસલ વર્ણાશ્રમ ધર્મ સમયે યોજવામાં આવેલ ચાર વર્ણોને વધારવાની આપણને સત્તા શું છે ? માટે એની એજ ચાર વર્ણ પાછી થવી જોઇએ. એ માન્યતા શાસ્ત્રથી કોઇ રીત્યે વિપરિત નથી.—

" વારૂ, પણ આ નરેંદ્રપ્રસાદ તો ત્યારે હાથથીજ ગયોને ! ?–

" સર્વ વાતે ! કોઇ રીત્યે લાયક રહ્યો જણાતો નથી. એની સાંસારિક સ્થીતિ અમે તપાસી. હાલ તો એ "દંપતિ" માં એકજ બાબતનો મતભેદ છે—"

"શો ?"

" એ યુવકે, બીજી રીત્યે નીતિ ભ્રષ્ટ થયા છતાં, માંસાહાર અંગીકાર કર્યો જણાતો નથી. ને તેથી તેની યુરોપીયન સ્ત્રીને વેજીટેરીયન બનાવવા જીકર કરતો લાગે છે !"

"ઠી--ઈ–ઇ–ક. પછી ?"

" પછી શું વળી ? કાળે કરીને બીજી બાબતોમાં મતભેદ થતાં છૂટા છેડા થવાનો પ્રસંગ આવવાનો. અને પછી "અતોભ્રષ્ટ અને અને તતોભ્રષ્ટ " થવાના !

" અરે દેવી ! એ છોકરાની નીતિ રીતિની ખાતરી કરવા માટે મ્હેં આ ૭ હજાર માઈલ જમીન ખેડી છે ! બિચારો હરસુખરાય આ વાત જાણશે ત્યારે દિવાનો થઇ જશે ! અધુરી કેળવણી આપણા યુવકોને ક્યાં ઘસડી જાય છે ? તમને ઇંગ્લંડનાં કારખાનાં ઇત્યાદિ બતાવવાનો તો એક બાજુએ રાખેલોજ માત્ર હેતુ હતો, દેવી મને માફ કરશો, "

" કંઇ નહીં, નાથ ! આપની હૃદય પેટીમાં પૂરી રાખેલી દીર્ઘ દૃષ્ટિનો વિજય થયો ! અને ૭ હજાર માઇલ દોડવાનું પણ સાર્થક રહ્યું નહીં તો--

" ઠીક-મને એમ કહેતાં રહેવું ! દેવી ! એમ કહ્યા કરવું. એથી હું બધું મનોબળ પાછું મેળવી શકીશ !"

" કંઈ મનોબળ ગુમાવ્યું નથી ! નાથ ! જ્યાંનું ત્યાં છે; આપને આજે આટલા ખુલ્લા દિલથી બોલતા જોઇ મ્હને રોમેરોમ હર્ષ થાય છે "

" વારૂ, આવતા કાલથી ત્યારે તમારે જેજે જોવાનું છે તેનું ફરીને "પ્રોગ્રામ" યોજીશું, અને તે પૂર્ણ થઇ રહે પછી આપણ પાંછાં ફરીએ, "

આ ઠેકાણે એક તેર ચૌદ વર્ષના છોકરાએ આવી ભવાનીપ્રસાદના હાથમાં એક તાર મૂક્યો.

" હરસુખરાય આવે છે. ગરીબ બિચારો પિતા ! છોકરાની તપાસ માટે આવતો જણાય છે. મ્હારે સ્ટેશન જવાનું થશે ! પણ મેલતો આજે આવી જવો જોઇએ, નહીં વારૂ ? "

" મહારાજ ! લેટ શે ! " કાળા રંગના છોકરાએ ભવાની પ્રસાદને ગુજરાતીમાં પ્રત્યુતર આપવાથી તેને આશ્ચર્ય લાગ્યું !

" છોકરા તને ગુજરાતી આવડે છે ત્યારે તું એ તરફનો હોવો જોઇએ ! ',

" મહારાજ ! મી મરાઠે સે !"

" પણ અહીં શી રીત્યે આવ્યો ? "

" મહારાજ ! મારે માબાપ છે નથી, દુકાળ મધિ સેટ લાવેલા,

તે પછી મેરેકુ ઇધર છોડકે ભાગુનગેલા સે !" એમ કહી છોકરો સહજ દીલગીર થયો.

"પછી ?"

"પસે મી થા નોકરી કરીસે."

"તને હીંદુસ્તાન સાંભરે છે !"

"ઇંડીયા ! ઇંડીયા ?" કહેતાં છોકરાનાં નેત્ર સજળ થયાં.

વારૂ, છોકરા તું અહીં પછો આવતા કાલ આવજે ! ત્હારે હિંદુસ્તાન આવવું હશે તો ગોઠવણ થશે.

છોકરો ઉપકાર માની ચાલતો થયો. તે પછી ભવાનીપ્રસાદ સ્ટેશને જવા નીકળ્યો.

ભવાનીપ્રસાદની મુઝવણ એ શાન્તાગવરીને પણ મ્હોટી ચિંતાનો વિષય થઇ રહ્યો હતો. આજે જાણે આ વિપત્તિ વાદળ ઘણું ખરૂં વિખેરાઈ ગયું ! એથી થયેલ હર્ષથી, શાન્તાગવરીના હૃદયમાં પુત્રી વાત્સલ્ય ઉભરાઇ ગયું ! ભવાનીપ્રસાદ સાથે થયેલ વાતચીતમાંથી કેટલીક પુત્રીને કહી દીધી ! સુવર્ણકુમારી નિરૂત્તર રહી. પરંતુ ડૉ. લક્ષ્મીપ્રસાદ સંબંધમાં બોલાયલા શબ્દો કહેતાં શરદપુણીમાના વાદળમાં થતી વિજળી સમી એના મુખડા ઉપર છવાઇ જતી પ્રસન્નતા માતા જોઇ શકી. સાંજ પડી હોવાથી બન્નેએ પાર્કમાં તે દિવસે ગયાં હતાં તે સ્થળે જવા ગાડી મંગાવી.

લક્ષ્મીપ્રસાદ આ કુટુંબમાં રહ્યો ત્યાં સુધી તેની સગવડ તરફ-અનુકુળતા તરફ. સૌથી વધારે લક્ષ આપવામાં આવતું તેણે જોયું પરંતુ એવી રીત્યે પળેપળ ઉપકાર વૃષ્ટિના જળમાં જાણે સ્નાન કરનાર આ અતિથિને તે રૂચ્યું નહીં ! એના વિશુદ્ધ અંતઃકરણમાં, આ ગોઠવણ એના કાર્યક્રમમાં સ્ખલન કરનારી, પૂર્વે અપરિચિત પ્રદેશમાં મનને ભ્રમણ કરાવનારી લાગી. તે ઉપરથીજ તેણે તૈલંગ મંડળમાં કેટલોક સમય વ્યતીત કરવાની ગોઠવણ યોજી લીધી હતી. આજ સવારે હીંદમાંથી પિતાનો જરૂરી તાર આવ્યો કે તમારે એકદમ ઘેર આવવા જરૂર છે. આ વાત સોસાઇટીના સભ્યોની જાણમાંઆવતાં તેમણે તેને વિદાયગીરિ સમય એક સભા ભરી 'સુવર્ણપદક' (મેડલ) આપી તેનુ યોગ્ય સન્માન કરવાની ગોઠવણ કરી. તે મુજબ આજે તે ત્યાં ગયો ! સભાના હૉલમાંથી પાછા ફરતાં એને વિચાર થયો કે—ભવાનીપ્રસાદને મળીને જવું. પાછો

વિચાર થયો કે–મ્હારે ત્યાં શા માટે જવું જોઇએ? પરંતુ ભવાનીપ્રસાદની અને શાન્તાગવરીની સુજનતા ! અને મમતાની લાગણીઓ ! લક્ષ્મીપ્રસાદની વિદ્વતા જોઈ તેની પ્રત્યે ઉભયનો પુજ્ય ભાવ ! પવિત્ર નિર્દોષ સુકુમાર સુવર્ણકુમારીની આનંદજનક દીવ્ય મૂર્તિ !–આ ચિત્રોએ પાછો એકવાર ત્યાં થઇને દંડીયા જવા એને ઉશ્કેર્યો ! " મન ! અરે ! શું મનુષ્યમાં આ એક સુક્ષ્મ સારથી બનાવી પરમાત્માએ ચાતુર્ય પરિસીમા બતાવી છે ?–

यज्जाग्रतो दूरमुदैति दैव्यं तदुसुप्तस्त तथैवैति । दूरं गामं ज्योतिषां ज्योतिरेऽकं तन्मेमनः शिवसंकल्पमस्तु ॥[1]

સ્વસ્થ ચિત્તે નિશ્ચય ઉપર આવવા પાર્કમાં જઇ બેસવા વિચાર કર્યો. જ્યાં ભવાનીપ્રસાદને અને તેને પ્રથમ લાંબી ચર્ચા ચાલી હતી તેજ સ્થળે સ્વાભાવિક રીત્યે આકર્ષાઇ ચાલ્યો ! " આ તેજ પવિત્ર સ્થળ ! જ્યાં એક ચપળ છોકરાએ હાથમાં હીંદની ખબરોવાળું વર્તમાનપત્ર આપી અમારા વચ્ચેના વિષયની ચર્ચાને ગતીમાં મૂકી હતી ! "

લક્ષ્મીપ્રસાદને અહીં બેસતાં થોડીકવાર થઇ હશે, તેવામાંજ સુવર્ણકુમારી સાથે શાન્તા ગવરી પાર્કમાં આવવા નીકળેલાં તે આવ્યાં!!–

" વાહ્ ડૉ. લક્ષ્મીપ્રસાદ ! આપે પાછી અમારી ખબર પણ ન લીધી ? ! "

જાણે લાચાર થઇ ગયા જેવો લક્ષ્મીપ્રસાદ ઉભો થઇ નિરૂત્તર રહ્યો ! **વિદ્વાન દિંગમૂઢ** જેવો જણાવા લાગ્યો !

" શેઠ **ભવાનીપ્રસાદ** આજે કેમ નથી જણાતા ? "

" એ તો તમે બીજી વાત કહાડી, પણ એમના મનની સ્થીતિ જોતાં તમે પાછા કેમ નથી ફરી શકતા ? એ તૈલંગમંડળ શું છે ? ત્યાં કોણ રહે છે ? એ કયા ભાગમાં આવેલું છે. ? "

" આજે ઘેરથી ખબર આવ્યા છે કે મ્હારે તુરત પાછા ફરવું– "

" હેં ? " શાન્તાગવરી સહજ આશ્ચર્ય પામી.

" હાજી; તે ઉપરથી હું આજ સાંજે આપને ત્યાં આવી આપની રજા લઇ વિદાય થવાના વિચાર કરતો અહીં બેઠો છું. "

---

૧. જાગૃત સ્થીતિમાં દૂર લઇ જનાર, સુશુપ્તિ સ્થીતિમાં પણ તેવીજ રીતે દૂર જઇ આકાશમાં ભ્રમણ કરનારૂં એવું મ્હારૂં મન સારા સંકલ્પ કરો !

"સોસાઇટી તરફથી માનપત્ર લઇને આવતા જણાઓ છો? નહીં વારૂ?" હાથમાં મ્હોટા પુષ્પહાર તરફ જોઇ શાન્તાગવરીએ કહ્યું.

લક્ષ્મીપ્રસાદ નીચેજ જોઇ રહ્યો. "શેઠ ભવાનીપ્રસાદની પ્રકૃતિ હવે કેમ છે તે મને કહેશો?"

"કેમ વારૂ! એમની **પ્રકૃતિમાં** આપને કંઇ દરદ જણાયું હતું."

"હાજી; માનસિક **દરદ** malencholia નામનું મ્હને જણાયું હતું."

"તે શી રીત્યે ઉત્પન્ન થાય છે? તેનો ઉપચાર શો હશે?"—

"કંઇક નાજુક વિચારોની ગ્રંથિ મગજમાં થવાને લીધે દીલગીરી થયા કરેછે. તેનું કારણ દરદિને પોતાને પણ પૂરૂં સમજાતું નથી. જ્યારે તે ગ્રંથિ ઉકેલાઇ જાય ત્યારે તે દીલગીરિ જતી રહે છે.

મા દિકરી બન્ને સહજ હસી પડયાં,

"એ દરદ ઘણે ભાગે અંગ્રેજ બાનુઓને થાય છે." લક્ષ્મીપ્રસાદે કહ્યું.

"એમ કેમ વારૂ?" શાન્તાગવરીએ પૂછ્યું.

"એ લોકો લગ્ન કાર્ય જેવા પ્રસંગોમાં નાજુક અખતરા કરવાનું સાહસ કરી બેસે છે ને તેમાં નાસીપાસી થયે તેની સામે સહજ શક્તિ રાખવાનું મનોબળ ધારણ કરી શકતાં નથી, એમ કંઇક લાગેછે."

સુવર્ણકુમારીને જાણે ટાઢને લીધે બેસી રહેવાનું ધૈર્ય ન જણાયું. તેથી તે ઉભી થઈ ગઇ.

શાન્તાગવરી પણ ઉઠી. "ચાલો, ડૉકટર! મેલેન્કોલીયાનું દરદ ફરી તપાસી અભિપ્રાય આપો."

ત્રણેને લઈ ગાડી ઘર ભણી ચાલી; સુમારે બે કલાક સુધી શાન્તાગવરીએ લક્ષ્મીપ્રસાદને વિવિધ પ્રશ્નો પૂછ્યા. "ઇંગ્લંડમાં આવીને શું શું જોયું?:" ઇંગ્લંડના સાંસારિક બંધારણમાં અને હીંદના સાંસારિક બંધારણમાં શા શા ફેરફારો છે?" વગેરે વગેરે વિષયો ઉપર પ્રશ્નો કર્યા.

રાત્રે આઠ વાગતે ભવાનીપ્રસાદ આવ્યો. ડૉ. લક્ષ્મીપ્રસાદને આજે અહીં જોઇ તે બહુ પ્રસન્ન થયો.!

"દેવી! ગરીબ બિચારો હરસુખરાય! પુત્રને મળવા લેન્કેશાયર પરબારો ગયો!"

"નાથ ! છોકરાંને લાડઘેલાં બનાવતાં વિચાર નહીં રાખનારાં માબાપો પસ્તાય એ દેખીતું છે."

"વારૂ, ડૉ. લક્ષ્મીપ્રસાદ શી રીત્યે અહીં આવવા ફુરસદ મેળવી શકયા ?"

"એમને હીંદથી જરૂરી તાર આવવાથી તે આવતા કાલ ઘેર જાય છે. અહીં આવ્યા પછી કોઇ પણ સહજ નિવૃત્તિ સાથે બેઠા હોય તો તે આજેજ છે."

ગયા કાલ મેલ મોડો થવાથી હીંદની ટપાલ આવી ન હતી તેથી આજે આવી તે લેવા સુવર્ણકુમારી દોડી. અંદરથી જૂદાં જૂદાં વતમાનપત્રો કહાડી જોવા લાગી.

"મ્હારૂં કેવું કમનસીબ કે આટલાં બધાં ડૉ. લક્ષ્મીપ્રસાદનાં ભાષણો થયાં તેમાંનું એક પણ નિરાંતે ન સાંભળી શકી ?" શાન્તાગવરીએ કહ્યું.

"મ્હેં સાંભળ્યું હતું કે તમે એકવખત તો આવ્યાં હતાં. પેલા આઇરીશ ગૃહસ્થે મ્હને વાત કરી હતી."

હા. ખરૂં. પણ તે ચાર વાકયો સાંભળ્યાં એટલામાં પૂરૂં થયું હતું. સુવર્ણકુમારીએ શૉર્ટહેંડમાં તેની નકલ કરી તરજુમો કરીને હીંદમાં મોકલ્યાનું તે કહેતી હતી ખરી.

"અને તે આ આવ્યું." પ્રસન્નવદને સુવર્ણકુમારી આવીને બોલી.

"ઠીકજ થયું. દીકરી, વાંચ જોઉં." શાન્તાગવરીએ કહ્યું.

"સવર્ણા બ્હેન ! સૌથી વધારે મ્હારે સાંભળવા આકાંક્ષા છે માટે અક્ષરેઅક્ષર વાંચી બતાવ, જોઉં ! જમવાની તૈયારી કરવા કહેજો—"

સુવર્ણકુમારીએ ભાષણ વાંચવા માંડયું:—

આરોગ્ય અને લાંબી જીંદગી, એ બે બાબતોને આ પૃથ્વીપરનું દરેક મનુષ્ય ઇચ્છે છે, અને તે પ્રાપ્ત કરવાના હરેક તરેહના પ્રયત્નોમાં મચ્યો રહેલો જોઇએ છીએ. તોપણ કેટલાં મનુષ્યો, બચપણમાં અને યુવાવસ્થાસ્થામાંજ અનેક જાતના રોગને આધિન થઈ મરતાં જોઇએ છીએ ? આનું કારણ શું હોવું જોઇએ ?

પથ્યના સામાન્ય, કુદરતી નિયમોનું પ્રતિપાલન કરવાથી, અકસ્માત સિવાય જીંદગી ધારિયે તેટલી લંબાવી શકાય છે. પરંતુ શોચનીય વાત છે કે આપણામાં કુદરતી મોતથી મરવા કરતાં, મનુષ્યો પોતાનાંજ કૃત્યોથી મરવાનું શીખ્યાં છે–અને તે કૃત્યો પોતાના દાંતથી થાય છે.

સ્વાસ્થ્ય ભરેલી સુખી જીંદગીને અગર છેવટે માત્ર મોતનેજ (પણ દરદને કદી નહીં) ઓળખનારાં, મૃદુતાની–નિર્દોષપણાની પ્રતિમાઓ સમાં પક્ષીઓ પોતાના માળાઓમાં કલ્લોલ કરતાં, તેમને માટે યોજાયલી મુદત સુધી શા માટે જીવી શકે છે તેનો, પથ્યને નહીં સેવનાર મનુષ્યો તમે કદી ખ્યાલ કર્યો છે?

કેટલીક તોપો, ૩૦–૩૫ કે ૫૦ ફુટ જેટલેજ છેટે પોતાનો ગોળો ફેંકી શકે છે, મ્હોટી તોપો છતાં તેમની ફેંકવાની શક્તિ, મૂળ કારીગરે એટલીજ યોજેલી હોય છે (જે તમે અમેરીકન જાદુગરો જેઓ તોપના ગોળાને જતો પકડવાનો અખતરો કરે છે તેમની પાસે કદાચ જોશો.) કેટલીક એ માઈલ જેટલે પણ ફેંકી શકે છે. તેવીજ રીતયે પશુ, પક્ષી અને મનુષ્યને માટે જીવવાની અમુક અંદાજે હદ બાંધી લીધેલી જોઇએ છીએ, તે હદ, (જેનું કારણ તપાસવું એ શાસ્ત્રનો એક ગહન વિષય છે, (અને જે વીષે એક વખત અહીં આપણે ચર્ચા કરી ગયા છીએ તે) જો ન બાંધેલી હત તો, પથ્યના નિયમોના અસ્ખલિત પ્રતિપાલનના પરિણામે, સૃષ્ટિની ઉત્પત્તિ વખતનાં પશુ પક્ષીઓ આજ આપણ જોઇ શકત! એમનામાં તમે કોઇવખત તાવ, મરડો, કૉલેરા, ક્ષય, પક્ષાઘાત, આંમવાયુ અને એવાં સંખ્યાબંદ નવા જમાનાનાં નવાં દરદો જુવો છો? તેમ તેમને તમારા માટે છે તેવી ઇસ્પીતાલો જોઈ છે? તેમની દરેક વ્યક્તિ તેમની જાતની ઉત્તમતાનો નમુનો હોય છે. સાદો સરળ એક ખોરાક તેની કુદરતી સ્થીતિમાં તેમને માટે બસ છે.

મનુષ્યોના એવા ઉત્તમ નમુનાઓ કયાં જતા રહ્યા? કુદરતી ખોરાકની અંદર, અનેક કુપથ્ય પદાર્થોનું મીશ્રણ કરી, તેનું નામ "સ્વાદીષ્ટ ખોરાક" પાડી સદીઓથી તેવા કુપથ્યને ટેવાયલા લોકો, એવા નમુના હવે કયાંથી બતાવી શકે? અને દીર્ઘાયુષ્ય પણ કયાંથી લાવે? મનુષ્ય જાતે પોતાના "ધર્મ"માં સુધારો કર્યો તો ભલે; તેમજ

સાંસારિક અને રાજકીય બાબતોમાં કહેવાતી ઉચ્ચ સ્થીતિ પ્રાપ્ત કરી તે પણ સારૂં કર્યું કહેવાશે પરંતુ સ્વાભાવીક-કુદરતી ખોરાકને, અનેક જૂદીજૂદી પદ્ધતિપૂર્વક, પથ્ય તેમજ કુપથ્ય પદાર્થોના મિશ્રણવડે, માત્ર સદીઓ ભરની પ્રમાદયુક્ત ઘેલછાભરેલી માન્યતાના ગુલામ બની જઇ, **તેમાં** જે સુધારો કર્યો છે, તે વાસ્તવીક સુધારો નથી પરંતુ, મનુષ્ય જાતિને ધીમો આપઘાત બનાવનાર અને મનુષ્ય જાતિમાં અનેક નવાં દરદો ઉત્પન્ન કરનાર એક પ્રકારનો ઘાતકી કુધારો છે; અને એ મનુષ્ય જાતે એવી રીત્યે ઉત્પન્ન કરેલાં નવાં દરદોની સારવાર માટે, અનેક યંત્રો, અનેક શાસ્ત્રોપચારો, હજારો પુસ્તકો, કઇક રસાયણી પદાર્થો ધન્વંતરી સમા વૈદ્ય હકીમ અને સરજયનોની બુદ્ધિ આજકાલ ખરચાઇ રહી છે.

સાદો કુદરતી ફળફળાદિનો આહાર ત્યજી, રાંધી તૈયાર કરી હોજરીને મદદ કરવાને બ્હાને, જીવ્હાલૌલ્યથી લલચાઇને, મનુષ્ય જાતિએ જે ધતીંગ કેટલીક સદીઓથી આરંભ્યું છે તેથી હોજરીને વાસ્તવીક રીત્યે મદદ મળતી નથી પરંતુ તેવા ખોરાકને બાળી નાંખી નિષ્પ્રયોજન દાખલ કરેલ તત્વોને લીધે, મળની વૃદ્ધિ થતાં, બહાર કહાડનારા અવયવોને મુસીબત પડે છે. કેટલીક વખત સુધી કુદરતતે કેટલીક મુસીબતો વચ્ચે સહન કરી રહે છે, પરંતુ વખતોવખત વૃદ્ધિ થતા તેવા મળને આખરે બહાર કહાડવા તે અવયવો અશક્ત થાય છે ત્યારે 'દરદ' ઉત્પન્ન થાય છે, એટલે વાસ્તવીક રીતે જોતાં મનુષ્યો પોતેજ દરદોને ઉત્પન્ન કરે છે, છતાં જ્યારે દરદો થવા પામે ત્યારે "અહીંની હવા પસંદ નથી" "અહીં અમુક પ્રકારના જંતુઓ થયેલા છે" વગેરે વગેરે કહેવામાં આવે છે. અને તેને માટે પાછા દવાના રગડા શરીરમાં દાખલ કરવામાં આવે છે જેને પણ મળની પેઠેજ, શરીરમાંથી દૂર કરવા માટે જરૂર હોવાથી કુદરતની ક્રિયામાં આણી મૂકેલા અવરોધમાં ઓર ઉમેરો થાય છે. ધૈર્યથી, હિમતથી મનુષ્ય જો નવીન ખોરાક દાખલ થતો બંધ કરી જે હોય તેને પચાવવા માટે તાજા નિર્મળ પાણીનો જથો શરીરમાં દાખલ કરે, અને તેમ કરતાં કુદરત ઉપર શ્રદ્ધા રાખી, માત્ર સ્વાસ્થ્ય ફરી મેળવવાની વાટ જુએ તો જૂના વખતના યોગી પુરૂષોના રોગીને નિરોગી બનાવવાના અદ્ભુત ચમત્કારો હજુ પૃથ્વીપર મોજુદ જણાશે!

પૃથ્વી ઉપરની વનસ્પતીમાં જે સત્વ છે તે તમામ સૂર્યમાંથી

તેને મળેલું છે. તાજાં પાકેલાં ફળો જેટલાં સ્વાદિષ્ટ અને રૂચિકર છે તેટલાં પૌષ્ટિક અને હિતાવહ છે. એમની કુદરતી સ્થીતિ જેમાં સૂર્યમાંથી જરૂર પડતી ગરમી દાખલ થઇ ચૂકેલી છે તેમાં ફેરફાર કરી તેમને ગરમ કરી અગર રાંધવાથી તે મૂળ સ્થીતિ જેટલાં ગુણકારી નથી રહી શકતાં. અને જે કંઇ ગુણ કરે છે એમ જણાય છે, તે, જેટલે ભાગે તે બળી જઇ તેના સત્વનો તદ્દન નાશ ન થયો હોય તેટલોજ ભાગ ગુણ કરે છે. રાંધવાની અકુદરતી પદ્ધતિએ મનુષ્ય જાતને ભુલાવામાં નાંખી આડે રસ્તે દોરી છે.

કુદરતી સ્થીતિમાં, કાચાં અને પાકાં ફળો, જગતની ઉત્પતિથી મનુષ્ય જાતિનો સર્વોત્તમ ખોરાક યોજવામાં આવેલો છે. હાલના કીંમતી ખોરાકો કરતાં તે વધારે કીમતી છે અને તે છતાં કોઇ પણ દુર્ગુણથી મુક્ત છે. લીલાં ફળોને અભાવે બદામ જેવાં સુકાં ફળો પણ તેવીજ રીતયે હિતાવહ છે. પરંતુ બની શકે તો બદામ જેવાં ફળો, જેમાંથી પાણી સુકાઈ ગયેલું હોય છે તેમને પાણીમાં ભીંજવી ઉપયોગ કરવો જોઇએ. તેમને કોઈ જાતની કૃત્રિમ ગરમી આપવામાંથી મુક્ત રાખવાં જોઇએ. જરૂર પડતી ગરમી, સૂર્યમાંથી તેમને મળી ચૂકેલી અને તે વીધિ પૂર્વક મનુષ્યને માટે ગોઠવી રાખેલી હોય છેજ.

નિષ્પક્ષપાતથી, ન્યાય દૃષ્ટિથી, સુક્ષ્મ દૃષ્ટિથી જોશો તો જણાશે કે આ દુનિયામાં ફળ ફળાદિ ઉપર નિર્વાહ કરનારાં, અને માંસાહારી એ રીતયે બે વર્ગમાં તમામ પ્રાણીઓના ભાગ પાડી શકાય છે. અને તેમાં મનુષ્ય ફળ ફળાદિ ઉપર નિર્વાહ કરનારા વર્ગમાં યોજાયલું છે. મનુષ્યના દાંત, અને જડબાંની રચના જોતાંજ તમને મ્હારા શબ્દો માટે પ્રતિતિ મળવી જોઇએ; તેમાં એક વાતની બીજી પ્રતિતિનો ઉમેરો કરો! મનુષ્યને, માથે કે બીજે, વરાહ, વાઘ, વરૂ, ગેંડાની પેઠે કોઇ જાતનો હથીઆર જેવો અવયવ આપેલો છે? સામા થવા માટે—અપરાધ કરવા માટે કે છેવટ બચાવ માટે શીગડાં પણ આપેલાં છે? વળી કુદરતમાં, આપણી મૂળ ઓલાદના નજીકના પિત્રાઇઓ! વાંદરાં, ઓરાંગ ઉટાંગ, અને ગોરીલાને માટે યોજાયલા હાથ, પગ, ખોપરી અને હોજરી મનુષ્યોના અવયવોને મળતીજ છે! તેઓ ફળાહારી નિર્દોષ જીવન ગાળે છે! અને તેમની શક્તિ વીષે તમે શું ધારો છો? એક બાજુએ એક ઉરાંગ ઉટાંગ વાંદરાએ છ બહાદુર ખલાસીઓ

પાસેથી એક ન્હાનું ઝાડ, એકલાએ લઇ લીધાના દાખલા સાંભળેલા છે! અને જાણીતી વાત છે કે 'ગોરીલા' નામનો વાંદરોતો સીંહની સાથે પણ લડી શકે છે! અને મ્હોટા સીંહને પણ જોરથી બાથમાં ભીડી દબાવીને મ્હારી નાંખે છે!

સમગ્ર પ્રજા તરિકેનો દાખલો, જોવો હોય તો જાપાની પ્રજાનો દાખલો લો! એ લોકો ભાજી પાલાના ખોરાક ઉપર જીવન ગાળનારી પ્રજા છે. રૂશિયા અને જાપાન વચ્ચેની લડાઇ વખતે જાપાની લોકનું બાહુબળ નિઃશંક રીત્યે સિદ્ધ થયું હતું. તેમને વાગેલા ઘા જલદીથી સારા થતા જોવામાં આવ્યા હતા. અને તેનું કારણ તેઓ માંસાહારી નહતા તે બતાવવામાં આવ્યું હતું.

માંસાહારી પશુઓ જેવાં કે બીલાડી, કુતરા, વાઘ, વરૂ, ના મ્હોંમાં જોશોતો જણાશે કે તેમાં આપણા દાંતને મળતો એકે દાંત નથી! અને તેમાં જૂદીજ રચના કરી મૂકી છે!

પરંતુ સૌથી વધારે મ્હારા અંતઃકરણના ઉંડાણની તમો સૌને એ પ્રાર્થના છે કે મનુષ્યજાતિને ઇશ્વરે અંતઃકરણ આપેલું છે તે તમને ન્યાયદૃષ્ટિથી જોશો તો શું કહે છે? કહેવાય છે કે ઇંગ્લંડનું અંતઃકરણ હમેશાં ન્યાયને જોનારૂં છે, અને તે વાકયમાં મ્હને અગાધ શ્રદ્ધા છે, તેથીજ છ હજાર માઇલ જેટલે છેટેથી, મ્હારી દરખાસ્તને વાજબી ટેકો મળવાની આશાએ હું આવું છું!

અમારા દેશના એક પારસી ગૃહસ્થ ઑન. મી. દાદાભાઇ નવરોજીએ ૬૦ વર્ષના લાંબા વખત સુધી હીંદના રાજકીય હકો માટે ઉપયોગી જીવન ગાળ્યું છે; અને તેને પરિણામે તમોએ અમને કેટલાક સંગીન લાભો આપેલા છે અને હજુ પણ ઘણા આપવાના છે. તેવાજ બીજા એક ઉદ્યોગી મહાન નર ઑન. મી. ગોપાળ કૃષ્ણ ગોખલે તેવુંજ ઉદ્યોગી જીવન ગાળે છે—તેમને તમે સાંભળ્યો છો ? તેમણે રાજકીય બાબતોમાં સુચવેલા સુધારાને અનુમોદન આપો છે, અને આ તમારા પોતાના અંગત હીતની વાતને તમે ન્યાયી બ્રીટન પુત્રો, આંખ આડા કાન કરી શકશો ? હું નથી ધારતો કે તમારા આગળ વાસ્તવીકરૂપમાં મૂકેલી હકીકત ઉપર તમે લક્ષ આપ્યા વગર રહો! માત્ર તમને જૂઠું સમજાવવામાં આવ્યું હોય ત્યારે તમે તેને પકડી રહો છો એ તમારો સ્વભાવ છે! મનુષ્યજાતિનો એવો સ્વભાવ હોવો એ સ્વાભાવિક છે.

સદીઓભરની તમારી માન્યતા છે કે—"પશુપક્ષીઓના કાપેલા શરીરોના કડકાને ખાવામાં ઉપયોગમાં લેવાથી તમારા અવયવોને અસાધારણ પુષ્ટિ મળે છે! અને એ ચીજો ખોરાક તરિકે જરૂરની છે!" પરંતુ સમગ્ર પ્રજામાં કેટલીક સદીઓથી આ ભૂલ ચાલી જતી નહત, તો પવિત્ર બાઇબલના અનુયાયીઓમાંથી આ વ્યાપાર કયારનો બંધ થઈ ગયો હત! તમારામાંના બુદ્ધિમાન પુરૂષોને જ્યારે બતાવવામાં આવે છે કે માંસાહાર મનુષ્યને માટે યોજાયલો નથી–અકુદરતી છે, જરૂરનો નથી–હાનીકારક છે અંતઃકરણથી વિરૂદ્ધ છે,[૧] દરેક ધર્મના કાનુનોથી વિરૂદ્ધ છે, અને જ્યારે સુપ્રસિદ્ધ સરજનોના અભિપ્રાયો બતાવી ખાતરી કરી આપવામાં આવે છે [૨] ત્યારે તેઓ પણ આ દરખાસ્તને ટેકો આપ્યા વગર રહેતા નથી અને કબુલ કરે છે કે તેઓ માંસખાતા નથી પણ દરદો ઉત્પન્ન કરનારાં જંતુઓના સમુહને ખાઇએ છીએ અને તેમ કરી દરદોને ઘર કરી આપીએ છીએ. પેટરૂપ બ્રહ્માંડમાં જીવલેણ જંતુઓનાં નગરો અને શહેરો વસાવીએ છીએ અને તેમ કરી આપણા મરવાના દસ્તાવેજો આપણે પોતેજ કરીએ છીએ અથવા ધીમો આપઘાત કરીએ છીએ.

(આ ઠેકાણે ભાષણકર્ત્તાએ સંખ્યાબંધ સરજનો અને મેડીકલ પ્રોફેસરોના ફળાહારની તરફેણમાં આપવામાં આવેલા અભીપ્રાયો વાંચી બતાવ્યા અને સાનફ્રાન્સીસ્કોના કેપટન ડાયમન્ડને ૧૧૪ વર્ષની ઉમર થયા છતાં તંદુરસ્ત છે તેમની છબીઓ વ્હેંચી હતી.

---

૧ "Imagine a procession of 10000 cattle, marching two by two, in a line fifteen miles long; let 20000 sheep follow them, bleating along twelve miles of road; after them drive sixteen miles of hogs, 27000 strong; then let 30000 fowls bring up the rear, oner a space of six miles; ond in this whole caravan, stretching for nearly fifty miles and requiring two days to pass a given point, you will see the animals devoted to death in the packing houses—" *"Cosmopolitan"*

Quited in "the testimony of science in favour of natural and Humane diet."

By Sidney. H. **Beard.**

૨. આ અભીપ્રાયો જાણવાની જરૂર હોય તે ગૃહસ્થોએ મુંબઈના જીવ દયા જ્ઞાનપ્રસારક ફંડના ઓનરરી સેક્રેટરી શ્રીયુત્ લલ્લુભાઇ ગુલાબચંદ ઝવેરી, ચાંદ બજાર, મુંબઇ એમના પાસેથી મંગાવવા.

આ બધા અભિપ્રાયોથી આપની ખાતરી થવી જોઇએ કે જૂદાં જૂદાં સંખ્યાબંધ કારણોથી માંસાહાર મનુષ્યજાતિને માટે ઉચિત્ ખોરાક નથી. ડૉ. એલેક્ઝાન્ટર હેગે આ સંબંધમાં એક ઇલાયદું પુસ્તક લખેલું છે[1] જેમાં તે પૂરવાર કરી આપે છે કે માંસાહારથી જો સ્ફુર્તિ શરીરમાં લાગતી જોવામાં આવતી હોય તો તે કૃત્રિમ છે. બળાત્કારે ઉત્પન્ન કરેલ છે અને એક (કેરોસીન તેલની પેઠે) સળગી ઉઠનારા તેલ અને મધ્યમ રીત્યે શાંતિથી બળનારા તેલના પ્રમાણમાં તેના અને દુધ અને રોટલીના ખોરાકમાં દેખીતો તફાવત છેઃ—

A meal of meat, as compared with a meal of milk cheese and bread, equally rich in alluemens, is like the force in an explosive oil, as compared with the same amount in a slow—burning oil. ... .stimulation is not strength, but force rendered a little more quickly available, and it is invariably followed by an exactly corresponding amount of dipression, when the force is used up and must be replaced.

શાસ્ત્રના આધારો, માંસાહારની તરફેણમાં શોધવાનાં ફાંફાં મારવાં, એ, પરમકૃપાળુ પરમાત્માએ મનુષ્ય માત્રને આપેલી વિવેક બુદ્ધિને કોરે મૂકવા જેવું થાય છે. “ હું અમુક કાર્ય કરૂં છું તે વાસ્તવીક છે, તેથી સામાન્ય નીતિના કોઈ નિયમોનું ઉલંઘન થાય છે ? એ પ્રશ્ન જોવાનો છે. એમ નહીં કે—હું જે કરતો આવ્યો છું તેને કાયમ રાખવા માટે શાસ્ત્રમાં કંઇ આધારો મળી આવે તેમ છે કે નહીં ?- **કુદરતે** મનુષ્યને માંસાહારી બનાવ્યું નથી એ આપણે જોયું. **ઇતિહાસ**નાં પાનાં પોકારી રહ્યાં છે કે-સૃષ્ટિનું સૌથી પ્રથમ જોડું આદમ અને ઈવ હતું. તેમને ઇશ્વરે બાગમાંનાં અમુક ફળો ખાવાની આજ્ઞા કરી હતી. તે આજ્ઞા પાળી ત્યાં સુધી સ્વર્ગનાં સુખો તેમણે ભોગવ્યાં અને ઇશ્વરની તે આજ્ઞાનો તેમણે અનાદર કર્યા ત્યારથી કવિ મિલ્ટનના કહેવા પ્રમાણે Paradise (was) lost સ્વર્ગસુખ ગયું !

---

1. Diet & food in relation to strength and power of endurance by Alexander Haiz. M. A. M. D. Oxen. F. R. C P.

નીતિ શાસ્ત્રના સિદ્ધાંતોથી જણાય છે કે-નિર્દોષ નિષ્પાપી, શાંતિથી પોતાનાં રહેઠાણોમાં ગુલતાન કરી રહેલાં પક્ષીઓ, અને નિર્ભય ફરતાં પશુઓનો શિકાર તેમજ આહાર માટે પશુ વધ, એ સામાન્ય બુદ્ધિથી વિપરીત છે. હૃદય કબુલ કરી શકે તેવું નથી. દયાથી રહીત છે. તમે લોકો દંત કથાઓને બહુ માનતા નથી. એટલે દૃષ્ટાંતોથી સમજાવવું એ સહજ ગુંચવાડા ભરેલું છે પરંતુ એક દાખલો આપવા રજા લઉં છું:—

એક વખતે, સ્વર્ગમાં, પ્રાણિ માત્રને તેમના મૃત્યુ પછી ઇનસાફ આપનાર ધર્મરાજાના ન્યાયમંદિર આગળ બે જીવોને યમદૂતોએ લાવીને રજુ કર્યા હતા. ધર્મરાજા બીજા કોઈ કાર્યનો ઇનસાફ કરતા હોવાથી આ જીવોને પૃથક પૃથક લાવી, ન્યાયમંદિર આગળના ચોકમાં ઇનિસાફની વાટ જોતા, બેસારી રાખવામાં આવ્યા હતા.

" તમે કોણ છો ભાઇ ! ! " એક જીવે બીજાને પૂછ્યું.

" ભલે, આપ ભૂલી જાઓ કે હું કોણ છું, મ્હારાથી તે કેમ વિસરે ? હા ! તે દુ:ખદ બનાવ ? " એમ કહી તે પ્રત્યુતર આપનાર જીવ રડી પડ્યો.

"પણ મ્હને જણાવશો કે-તમારી પ્રત્યે મ્હેં શો અપરાધ કરેલો છે કે જેથી આ યમદૂતોએ મ્હને બહુ ભીતિ સુચક શબ્દો સાથે અહીં લાવી રજુ કરેલો છે ? હું એક રાજા હતો. મ્હેં સેંકડો જળાશયો બંધાવી મનુષ્યોને સુખ કરી આપ્યું છે. અનેક ધર્મશાળાઓ બંધાવી મનુષ્યોને રહેવાનાં સ્થાન તૈયાર કરાવ્યાં છે. કૈંક દેવાલયો બંધાવેલાં છે—"

" હા: એતો બધું ખરૂં, પરંતુ કોઇને તમે નાહક હેરાન કર્યું છે ?

" **તુલસી** " હાય !" ગરીબકી; કબુ ન ખાલી જાય,

મુએ ઢોરકે ચર્મસે ! લુહા ભસ્મ હો જાય. "

" ના; તેવું તો કંઇ પણ કર્યાનું યાદ નથી. "

સાંભળો ત્યારે, આ એક કારમી ચીસ ! ! ! "

" અરરર ! આશું ? બહુજ ત્રાસદાયક ચીસ ! તે શું હશે ? "

સાંભળો:—"એ ચીસ સાથે આપે જાણે ગયા કાલેજ બહુજ કમકમાટ ભરે લી રીતે એકસહજ આનંદના ચોઘડીયામાં એકાએક માત્ર તમારા શોખને માટે મ્હારા પ્રાણ લીધાછે ! "બટેરા" અથવા "ભોટુડાં" નામની સંજ્ઞાથી મત્યુલોકમાં ઓળ-

ખાતાં પક્ષીમાં મ્હારો જન્મ હતો, અને તમે, સંસારના અનેક વૈભવ મસ્ત રાજા હતા. ભીરૂત્વને માટે અમારી પક્ષી જાતિ મશહુર છે. પાંચ સાત સાત બચ્ચાંનાં ટોળાં સાથે ખેતરોમાં અને જાળાંઓમાં અનાજના દાણાની શોધમાં અમે ફરતાં હતાં. પરંતુ દુકાળને લીધે અમે કંઈ તે દિવસે મેળવી શકયાં નહીં. કરમદી નામના એક અરણી વૃક્ષથી પરિવૃત થયેલા મ્હોટા જાળાના ચાર ખૂણામાં અમે ચારકુટુંબો સાત સાત બચ્ચાં સાથે રાત દિવસ નિવાસ કરતાં. રાત્રે, નજીકના પિપલી વૃક્ષ ઉપર દિવસે રહી એક મયુરરાજ આવીને એ જાળાના મધ્ય ભાગે સુઈ રહેતો. એ રીતયે અમારૂં એક ન્હાનું પક્ષીગ્રામ શાંતિથી અહીં નિવાસ કરતું, અમારાં બચ્ચાંને બે દિવસથી કંઈ અનાજના દાણા નહીં મળવાથી દોડાદોડી કરી કલાન્ત થયેલાં દીનમુખે એક બાજુ બેસી રહ્યાં હતાં તેવામાં નજીકના કૂવાના પાણીથી બહુ શ્રમ વેઠી પકવેલ ધાન્યની કેટલીક ઉબીઓ મયુરરાજ મોંમાંથી પીપલી વૃક્ષ ઉપરથી નીચે ગરી પડી. તે મ્હેં જોઈ. તેમાંથી સૌથી પહેલી ઉંબી ચાંચમાં ઘાલતાંજ સામેથી પક્ષીની પેઠે જાણે ઉડતા ઘોડાની ખરીઓનો અવાજ મ્હારે કાને આવ્યો લાવેલા તેમના તેના ઉપર આપ બેઠેલા હતા. મોંમાંથી ઉંબી ફેંકી દઇને હું જાળામાં પેસું તે દરમ્યાન, જાળાના દ્વારમાંજ, મગના દાણા જેવડી સીસાની ગોળીએ મ્હારા શરીરને વિંધી મ્હારા તત્કાળ પ્રાણ લીધા! મ્હારાં ચક્ષુઓએ મૃત્યુલોકમાં સૌથી છેવટનું જોયું તે, અમારાં તમામ પક્ષીઓ જાળાના મધ્યમાં રહી, તમારા ત્રાસથી બ્હીતાં, પરંઉ સલામતિ ભરેલે છેટે ઉભાં રહી, મ્હારી હાલ સંભળાવી તેવી ચીસ સાંભળી, મ્હારી છેવટની ઘડીઓમાં, ચોધાર આંસુએ, દયામણે મુખે, તદ્દન નિરાધાર ઉભેલાં, તેનું કોઈ નિઘૃણ પુરૂષને પીગળાવે તેવું, વજ્રનાં હૃદયોને પણ દયા ઉપજાવે તેવું, અતિ કઠોર, હૃદયવેધક ચિત્ર હતું!

આ વખતે ધર્મરાજના દ્વારપાળે પક્ષકારોને અંદર બોલાવ્યાં!

ચિત્રગુપ્ત! મનુષ્યોમાં પરસ્પર વૈરની લાગણી ચાલુ છે ત્યાં સુધી શું કરી શકાય તેમ છે?! "આત્મવત્ સર્વ ભૂતેષુ" એ મહામંત્ર મંગળ વગેરે ગૃહવાસીઓએ ઘણા વખતથી સ્વીકારેલો છે પરંતુ પૃથ્વીના ગૃહમાં હજુ તે સ્વીકારવાની શરૂઆત માત્રછે. વારૂ, રાજા! તને શાસન આપતાં મ્હને દયા આવે છે, પરંતુ મ્હારાથી કર્મફળના મહા નિયમનું કોઇ રીતયે ઉલ્લંઘન થઇ શકે તેમ નથી. માટે એક વખત પુનરપિ પક્ષી જાતિમાં પડ! તેં સેંકડો વખત વચન આપેલું છે કે હવેથી સાત્વિક જીવન ગાળીશ. તેની પાછી આ ચેતવણી આપું છું—"

"મહારાજ! પણ પક્ષીઓ તો માંદાં પણ પડતાં નથી ને વેળાસર મરતાં પણ નથી. તે જોતાં મને લાંબા વખતનું શાસન આપ્યું."

"જ્યાં સુધી કુદરતના ખાનપાનના નિયમોનું એ પક્ષીઓ અતિક્રમણ નથી કરતાં ત્યાં સુધી કોઈ દરદે એમનામાં પ્રવેશ કરવો એવી આજ્ઞા નથી"

આ રીત્યે જોતાં, મનુષ્યનાં કર્મફળ તેને જૂદે જૂદે જન્મે જૂદી જૂદી રીત્યે હેરાન કરે છે.

પશુ પક્ષીઓના શરીરના કાપેલા કડકામાં કોઇ જાતની લલચાવનારી કારીગીરિ જોવામાં આવતી નથી કે જેનાથી તે પ્રત્યે મનુષ્ય જાતિની જીભને કે નેત્રને કોઈ જાતનું આકર્ષણ થાય ! સ્વચ્છતાના નિયમો જોતાં તો પણ કોઇ રીતે આદર કરવા યોગ્ય તે પદાર્થો નથી ! કરકસરના નિયમો જોતાં પણ મનુષ્ય જાતિના મ્હોટા ભાગને એ પરવડતી વાત નથી અને શરીરમાં તે દાખલ થતાં ચીરૂટ અને ખર્ચાળ દારૂથી લખલૂટ દ્રવ્યભોગ માગે છે ! દયાના નિયમો દેખીતી રીત્યે આ વાત નાકબુલ કરે છે ! આટલું છતાં જો કદી ધર્મ આ વાત સ્વીકારે છે એમ કહીએ તો કેટલી બધી તાજુબી કહેવાય ?

ઘણીખરી બાબતો એવી છે કે જેને માટે ધર્મમાં સ્પષ્ટ મના કર્યાનાં ફરમાનો નથી. તંબાકુ પીવાનું, અફીણ ખાવાનું, વ્યભિચાર, દ્યુત રમવાનું, દારૂ પીવાનું વગેરે મના કરવાના સ્પષ્ટ શબ્દો શાસ્ત્રમાં ક્યાં જોવામાં આવે છે ? છતાં વિવેક બુદ્ધિનો ઉપયોગ કરતાં જાણી શકીએ છીએ કે એ ચીજોમાં પાપ છે.

બાઇબલ લખાયું તે વખતે જે દુર્ગુણોની હયાતિ મનુષ્ય જાતિમાં ન હોય તેનું નામ પણ બાઇબલમાં શી રીત્યે જોવામાં આવે એ પણ વિચાર કરવાનો છે.

બાઇબલે જેજે કૃત્યોથી પાપ થાય છે તેની યાદી આપવા પ્રયત્ન કરેલો નથી પરંતુ માત્ર ધર્મના કેટલાક ઉત્તમ સિદ્ધાંતો બતાવેલા છે કે જેના પ્રતિપાલનથી દરેક જાતનાં પાપોથી મનુષ્ય જાતિ દૂર રહી શકે. "ઓલ્ડ ટેસ્ટમેન્ટ" જોતાં જણાય છે કે-તદ્દન અંધકારવાળા જમાનામાંથી સહજ સુધારાના કેળવણીના જમાનામાં પસાર થતા લોકોનાં ઇતિહાસનાં સુત્રો તેમાં છે. તે વખતની ભોગ આપવાની ક્રીયાઓ ઘાતકી હતી; પરંતુ તે ક્રિયાઓના સંબંધમાં સેંકડો વર્ષ સુધી ચર્ચા ચાલી છેવટ મનુષ્ય જાતિ હવે સમજવા લાગી છે કે સૌથી મ્હોટામાં મ્હોટો ભોગ, જે સર્વ શક્તિમાન ઇશ્વરને પ્રિય છે, તે બકરાનો નહીં, ઘેટાનો નહીં, કોઇ પ્રાણીનો નહીં પરંતુ એક નિર્દોષ સ્વચ્છ દયા ભરેલું, સર્વ પ્રાણીઓને ચહાનારૂં, નીષ્પાપ, નિર્લેપ અંતઃકરણ તે સમગ્ર બ્રહ્માંડના

ન જગનિયંતા—પરમાત્માના ચરણમાં નમાવવું તેજ છે.

બાઇબલ લખાયાને—આજ ઓગણીશ સદીઓ થઇ! તે છતાં તેમાં રહેલા ઉપદેશના પ્રાબલ્યે કરીને, પ્રાણીવધ પ્રત્યે અંતઃકરણને માનીને જીવન ગાળનારા, જન્મેજન્મે ઉંચ્ચ ગતીને પામવાનો રસ્તો લેનારા પવિત્ર ખ્રીસ્તિઓનો તે પ્રત્યે આપણ અણગમો જોઇએ છીએ. એ શું બતાવી આપે છે ?

તે મહાન યોગસિદ્ધ પુરૂષ ! પાણીપર ચાલનાર, આંધળાંને દેખતાં કરનાર, પક્ષાઘાતવાળાને સ્પર્શ માત્રથી સુધારનાર, અદ્ભૂત મનોબળ-વાળો મહાત્મા ! **ઇસુખ્રીસ્ત !** દયાનો ન્યાયનો મનુષ્યજાતિમાં ઉત્તમ પવિત્રતાનો નમુનો ! જેનું જીવન મનુષ્યજાતિ પ્રમાણભૂત ગણી તે જમાનાથી ઉંચ્ચત્તમ થતી આવી છે. તે હાલ પૃથ્વીપર આવે તો આવી રીત્યે ઇશ્વરે ઉત્પન્ન કરેલાં પ્રાણીઓના વધ પ્રત્યે કેટલો તિરસ્કાર બતાવે? તે દયાળુ મહાત્મા, કુહાડો લઇને એક ઘેટા બકરા પાસે ઉભા રહેનાર મનુષ્યને જોઇ પીગળી જાય તેવું તેનું વિશુદ્ધ અંતઃકરણ બાઇબલનાં પવિત્ર પાનાં ઉપરથી આપણ નથી જોઈ શકત ? મેથ્યુ, જેમ્સ, ઇસુખ્રીસ્તનો ભાઇ જેમ્સ તદ્દન ભાજીપાલાના ખોરાકપર નિર્વાહ કરનારા હતા. તેવીજ રીતે થોમસ, પીટર, પણ હતા. તેમજ જે મેદાની ઉજાણી વખતે ઇસુખ્રીસ્ત હાજર હતો એમ કહેવામાં આવે છે. અને જે ઉજાણીના બનાવને પ્રમાણભૂત માનવામાં આવે છે તે વાત બાઇબલનાં પાનાંથીજ નાસાબીત ઠરે છે. ઇસુખ્રીસ્તના પવિત્ર હોઠોમાં મેંઢાના શરીરના અવયવો અગર તેનો ભાગ દાખલ થવા પામે તે નહીં માનવાજોગ બાબત છે. ઇસુખ્રીસ્તનો પવિત્રાત્મા, અગર બાઇ-બલનો કોઇ ઉપદેશ, દયાના સિદ્ધાંતો કદી વીપરીત હોઇ શકે નહીં !—

"Blessed are the merciful; for they shall obtain mercy.........in as much as ye have done it unto one of the least of these my brotheren, ye have done it unto me...........thou shalt not kill"......વળી જ્હોન કાઇસેાેમે ધાર્મિક ખ્રીસ્તીઓના સંબંધમાં લખેલું છે કે:—

No streams of blood are among them; no buthering and cutting up of flesh...no disagreeable fumes from kitchen; no tumult or disturbance,

and wearisome clamours but bread and water... ...If however, they may desire to feast more sumptuously, the sumptiousness consists in fruits.

(Homily 79 on Matthew 22).

આજે તમારી શાંતિની કસોટી કરવાની મ્હેં હીંમત ધરી છે જેથી તમારી સૌની માફી માગું છું. એક શાન્ત શ્રોતા સમુહને જુલમ અ-ટકાવવાના વિષયનો બોધ આપતાં જુલમ થાય તેટલીવાર રોકવા એ બરોબર નથી. તમે ખ્રીસ્તિ કહેવાઓછો ? તમે દુનિયામાં અનેક જાતના ત્રાસો ઓછા કર્યા છે ! ગુલામગીરિ તમે અટકાવી છે ! મનુષ્ય જાતિના બચાવ માટે હમેશાં તત્પર છો-હવે પ્રાણિમાત્રના બચાવને માટે તત્પર બની બન્ને ગોળાર્ધમાં વાજબી પ્રસંશા, વાજબી કીર્તિ મેળવવા પરાક્રમી બનો ! તમારી પાસે તેમ કરવાનાં તમામ સાધનો છે ! અમે લોકો ઉપદેશ આપવા તૈયાર છીએ પરંતુ સંપૂર્ણ રીતે સાધનસંપન્ન નથી તેથી તેમાં તમારામાંના ધાર્મીક ખ્રીસ્તી બંધુઓ તરફથી વાજબી મદદની અમે આશા રાખી શકીએ. હજુ પણ તમને આ વિષય ઉપર શંકા હોય તો તેનું સમાધાન કરવાનો ભાષણ પાછ-ળથી વખત રાખવામાં આવેલો છે. અને તેથી વિશેષ ખાતરી એકાદ કસાઇખાનાના ભયંકર ત્રાસ ઉપજાવનાર ઉદ્યોગ પ્રસંગે તમારી હાજરી તમને અવશ્ય કરી આપશે ! માટે તેવે પ્રસંગે જઇ જાતે ખાતરી કરી લેશો.

આ ધર્મ કાર્યને તમે ટેકો નહીં આપો તો તે પડી રહેવાનું નથી. કારણકે મનુષ્ય જાતિ હવે સમજવા લાગી છે. આ જમાનાનો સુધારો આવતા જમાનામાં જંગલીપણું કહેવાય છે તે નજરે જોઇએ છીએ. માટે મુંગાં પ્રાણીઓ ઉપરનું ઘાતકીપણું અટકાવવામાં રહેલ પુણ્ય તમેજ ઉપાર્જન કરો એવી મ્હારી વિનંતિ છે."

"બહુ અસરકારક શબ્દોમાં બોલાયલું હોવું જોઇએ, એમ ત-રજુમા ઉપરથી પણ કહી શકાય છે." ભવાનીપ્રસાદે કહ્યું.

"ઈંગ્લંડના અંતકરણ સુધી પહોંચે એવો અસરકારક શ્રમ થવા જરૂર છે ત્યારે આપણા પ્રયત્નો સફળ થાય," લક્ષ્મીપ્રસાદે કહ્યું.

"ધન્ય છે, ડૉકટર ! તમારા જેવાં નર રત્નોની હીંદને બહુ જરૂર છે."

"આપને આટલા ઉલ્લાસથી બોલતા સાંભળી મને સમજાય છે કે, ઈંગ્લંડમાં આવ્યા પછી કંઇક વિચાર ગ્રંથિએ આપને વ્યાધિ-ગ્રસ્ત જેવા બનાવ્યા હતા તેમાંથી મુક્ત થયા છો—" લક્ષ્મીપ્રસાદે કહ્યું.

ભવાનીપ્રસાદ—બરોબર છે દાક્તર, તેમજ છે. હરસુખરાય નામના એક સદ્‌ગૃહસ્થે પોતાના અધુરી કેળવણી પામેલા યુવાન પુત્રને ઇંગ્લંડ રવાના કર્યાના મ્હને ખબર મળ્યા હતા. પુખ્ત વય વહેલાં જે માબાપો છોકરાંને આટલે છેટે મોકલી તેમને સારી સોબતમાં રાખવાની પુરતી કાળજી રાખતાં નથી તેનું પરિણામ કેવું આવે છે તે હરસુખરાયના પુત્ર નરેંદ્રપ્રસાદની સ્થીત્યંતર ઉપરથી જણાઇ આવે છે. કેટલાક કારણસર મ્હારે આ નરેંદ્રપ્રસાદને જોવો હતો. તેથીજ તેને અને તેની સાથેના એક બીજા ગૃહસ્થને ચેરીંગ ક્રૉસ સ્ટેશને બોલાવવાની મ્હેં ગોઠવણ કરી હતી. પરંતુ આડે રસ્તે દોરવાયલો આ યુવક શરમને લીધે મ્હારી સન્મુખ આવી શકયો નહીં—"

લક્ષ્મીપ્રસાદ—સ્ટેશન ઉપર આપની ગભરામણનું કારણ હવે મ્હને સમજાયું. અભ્યાસ માટે આવનારા હીંદના યુવકોનાં **શરીરોને** ભર સમુદ્રે સાચવીને લાવવા માટે મનુષ્યોએ સ્ટીમરોની રચના કરી છે પરંતુ તેમનાં સુકુમાર **મન,** યુવાવસ્થાના ભર સમુદ્રે સાચવી રાચવી રાખવા નીતિ શિક્ષણની યોજના કરવાની પણ તેવી આવશ્યક્તા છે. યુવકોને અભ્યાસ કરતાં જરૂર પડતી સગવડોની ન્યુનતા, એ દેશોન્નતિની ગતીનાં ચક્રોને રોકનાર છે. ત્રીશ કરોડ મનુષ્યોથી ભરપુર હીંદમાંથી ઇંગ્લંડ આવતા અભ્યાસકો, એ જનસમાજે રૂપી રેલ ગાડીના ડબા નથી, એનજીનો છે ! એટલે જનસમાજને ઉન્નતિ સ્ટેશન તરફ દોરનારા છે પ્રારબ્ધે, એ એનજીનોનું કારખાનું અહીં યોજ્યું છે, એટલે એમને શુદ્ધ સુંદર અને વેગવાળાં બનાવવાના શુભ કાર્યમાં હીંદના શ્રીમાનોએ મદદ કરવાની આવશ્યક્તા તેમના કાન ઉપર લાવવા જરૂર છે શેઠ જમસેદજી નસરવાનજી તાતા, શેઠ ગોકુળદાસ તેજપાળ, શેઠ ધરમસી મોરારજી ગોકળદાસ, સર જમસેદજી જીજીભાઇ, રા. બ. રણછોડલાલ છોટાલાલ, સર જગમોહનદાસ વરજીવનદાસ નાઇટ, સર મંગળદાસ નથુભાઇ, શેઠ પ્રેમચંદ રાયચંદ, સર વસનજી ત્રીકમજી નાઇટ

સર ચીનુભાઇ માધવલાલ બેરોનેટ, જેવાં નરરત્નો જેમણે લાખો રૂપિઆ વિદ્યાદાન માટે કહાડેલા છે તેમના જન્મથી વિભુષિત થયેલ પવિત્ર ભારતી વસુંધરા એવા એક વધારે પ્રભાવ શાળી ઉદાર ચરિત પુરૂષને જન્મ આપે કે જે ઇગ્લંડ આવતા અભ્યાસકોની સગવડો તરફ પોતાની ઉદારતાનો ઉપયોગ કરી, એક વિશાળ દેશનાં કરોડો સંતાનોનો આશીર્વાદ મેળવે એવી આપણી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના હજો ! હીંદિ વિદ્યાર્થીઓ પોતપોતાનો ધર્મ સંભાળે એની અગત્ય, ધર્મચુસ્ત હીંદુ, પારસી, મુસલમાન બંધુઓ સ્વીકારે અને તે તરફ તે તે કોમના યુવકોની વૃતિઓ દોરે એ ઉજ્વળ દીવસ પ્રભુ સત્વર આપો !

સ્વ. કરસનદાસ મુળજી અને સ્વ. રા. સા. મહીપતરામ રૂપ-રામ ગુજરાતના સૌથી પ્રથમ ઈંગ્લંડ આવનાર પુત્રો ! તેમનાં પગલાં આ ભૂમિ ઉપર મૂકાયે કેટલાં વર્ષ થયાં ? ત્યારથી “ઈંગ્લંડ આવતાં ધર્મ ભ્રષ્ટ થવાય છે” વગેરે વિષયો ચર્ચાયા કરે છે, અને તે સાથે ઇગ્લંડ આવ્યા સિવાય, ઈંગ્લંડ જોયા સિવાય, ઈંગ્લંડમાં અભ્યાસ કર્યા સિવાય, ઇગ્લંડના ઉદ્યોગો જોઇ ઔદ્યોગીક સંસ્થાઓનો અનુભવ લીધા સિવાય, આપણી ઉન્નતિનાં સ્વપ્નાં ખરાં પડે તેમ નથીજ નથી એ પણ આપણી પ્રજાનો મ્હોટો ભાગ સ્વીકારે છે તે છતાં ઈંગ્લંડમાં હીંદિ વિદ્યાર્થીઓને માટેની અનુકુળતા આવી રીત્યે અપૂર્ણ છે એ આ-પણી દેશોન્નતિ માટેની શિથિલ લાગણીઓનું ત્રાસજનક—દયાજનક ભયાનક પ્રદર્શન નથી ? અત્રે ઈંગ્લંડમાં, ગુજરાતીઓના એક મેળાવડા વખતે મ્હેં નરેંદ્રપ્રસાદ હરસુખરાયના સંબંધમાં કેટલીક હકીકત સાં-ભળી છે,–”

ભવાનીપ્રસાદ—“હેં ! ?

લક્ષ્મીપ્રસાદ—હા; સંતોષ કંઇક એ માનવાનો છેકે આ ભાઇ વેજીટેરીયન રહી શકયા છે,

જમવાની તૈયારી થયાથી બધાં ઉઠી ભોજનગૃહમાં ગયાં.

“વારૂ,” ડૉ લક્ષ્મીપ્રસાદ ! ભવાનીપ્રસાદે બેસતાં બેસતાં પૂછ્યું. “બાળલગ્નના સંબંધમાં આપે કંઇ લેખ લખેલા છે ?

લક્ષ્મીપ્રસાદ—હા પણ તે અહિં મ્હારી સાથે નથી. બાળલગ્નને

નહીં ઓળખનારી પ્રજામાં તે જરૂરના નથી. બાળલગ્ન એતો એક હીંદુ પ્રજાનુંજ મ્હોટામાં મ્હોટું દુષણ છે-અન્ય કોઈ પ્રજાનું નથી.

શાન્તાગવરી--આપને વર્ષ કેટલાં થયાં છે. દાક્તર !

લક્ષ્મીપ્રસાદ--મ્હને ત્રેવીશ વર્ષ પૂરાં થઇ ચોવીશમું ચાલે છે.

ભવાનીપ્રસાદ--મ્હને લાગે છે કે પૂર્વેના વેદ સમય મુજબ પચીશ વર્ષ પૂરાં થતા લગી લગ્નમાં નહીં જોડાઓ, કેમ વારૂ ?

લક્ષ્મીપ્રસાદ નીચે જોઇ નિરૂત્તર રહ્યો.

શાન્તાગવરી--અરે ! આપણા બંધારણમાં વેદ સમયની કયાં ગણના થાય છે ? હીંદમાં જશે એટલીજ વારમાં કંઇક ગોઠવણ થઇ જશે.

હજુ પણ લક્ષ્મીપ્રસાદ નિરૂત્તર રહ્યો. સુવર્ણકુમારી લક્ષ્મીપ્રસાદના મ્હોં પરની લાગણીઓનું અધ્યયન કદી પૂર્વે ન કરેલું તેવી ગંભીરતાથી કરવા લાગી.

"-પ-અ-અ-ણ મ્હેં સાંભળ્યું છે કે એમના કુટુંબનો જ્ઞાતિવાળા બાહિષ્કાર કરવા ઠરાવ કરવાના છે." સ્મીતહાસ્યથી ભાનુપ્રસાદે કહ્યું.

શાન્તાગવરી--કેમ વારૂ ?

ભવાનીપ્રસાદ--જેવી રીત્યે તમારે માટે ખટપટ થઇ રહી છે તેમજ ! અહીંથી હીંદ જાઓ તેટલીજ વાર છે.

શાન્તાગવરી--તો પછી દાક્તતર તમે અમારી નાતમાં દાખલ થજો !

ભવાનીપ્રસાદ—વાહ ! વાહ ! દેવી તમારી નાત બહાર રહેલાંની નાતમાં ? એ વળી કેવી રીત્યે ? ! !

બધાં ખડ્ ખડ્ હસી પડયાં.

ભવાનીપ્રસાદ--પણ ચાર છ મહિનામાં જ્ઞાતિવાળા કંઇક પૂછ પરછ કરીને દાખલ કરશે. ડૉ. લક્ષ્મીપ્રસાદે જેવું એક ધર્મ સુસ્ત જીવન અહીં ઈંગ્લંડમાં આવીને ગાળ્યું છે તેવું તો ભાગ્યેજ કોઈ બીજા અભ્યાસકો ગાળતા હોવા જોઇએ. છતાં જો જ્ઞાતિના આગેવાનો એમનો બહિષ્કાર કરવાની ગંભીર ભૂલ કરશે તો તેઓ એ સારૂં કર્યું કહેવાશે નહીં.

શાન્તાગવરી—તો પણ મ્હને લાગે છે કે દાખલ કરતા પહેલાં

કંઈક પણ પ્રાયશ્ચીત કરાવશે. અગર હવે કદી પાછા જવું નહીં એવું કંઇક કહેવરાવશે. અગર કદાચ માફી મંગાવશે !

ભવાનીપ્રસાદ—શેની ? શા માટે ? એમ કરીને ઇંગ્લંડ આવવાનો રસ્તો હીંદીઓ પાસે બંધ કરાવવો છે. દેવી ? ! ડૉકરર ! કેમ બોલતા નથી ?

લક્ષ્મીપ્રસાદ હજુ નિરૂત્તર આ ચર્ચા સાંભળીજ રહ્યો.

શાન્તાગવરી—ઇંગ્લંડના લોકોને ભાજીપાલાના ખોરાકની ઉત્તમતા સિદ્ધ કરી આપવા માટેજ અહીં આવનારનો પણ આપણી જ્ઞાતિઓ બહિષ્કાર કરશે તો તો પછી ઉન્નતિની આશાઓને નમસ્કાર !

ભવાનીપ્રસાદ—એમ નહીં બને. પણ આપણ કદાચ્ શું બને છે તે જોઈ શકીશું. તમે 'આપણે ઇગ્લંડમાં જોવાનાં સ્થળોનું "પ્રોગ્રામ" કર્યું. !

શાન્તાગવરી—હા,જી.

ભવાનીપ્રસાદ—તો તે ઉપરથી કહો કે ઇગ્લંડથી હીંદ જવા માટે આપણને કેટલો સમય લાગશે ?

શાન્તાગવરી—પંદર દિવસથી કંઇ ન લાગવો જોઈએ, દાક્તરના જવા પછીની મેલમાં પણ ધારીએ તો આપણ જઇ શકીએ.

ભવાનીપ્રસાદ—તો તો પછી આપણ જોઇ શકીશું કે ડૉ. લક્ષ્મીપ્રસાદને જ્ઞાતિવાળા કેવી રીત્યે પ્રાયશ્ચિત કરાવવા કહે છે.

શાન્તાગવરી—આપણી પોતાની પેટા જ્ઞાતિમાં ડૉ. લક્ષ્મીપ્રસાદ હત તો કદાચ્ આપણી લાગવગનો ઉપયોગ પણ તેમના કામમાં આવત—"

ભવાનીપ્રસાદ—તમારી પોતાનીજ જ્ઞાતિમાં તમે તેમને શા માટે નથી ગણતાં ? પેટા જ્ઞાતિઓ તો એકત્ર થયા વગર હવે રહેવાની નથીજ, એતો તમેજ કહો છો.

લક્ષ્મીપ્રસાદ આ સ્થળે ભોજન સમાપ્ત કરી, ઉઠીને બાજુના હૉલમાં જઇ નિશ્ચિંત એક લાંબી ખુરશી ઉપર આંખો હાથે દબાવીને પડયોઃ—

કેવાં ભલાં મનુષ્યો ! પેટા જ્ઞાતિના અંતરાયને લીધે સ્પષ્ટ શબ્દોમાં તે અંતઃકરણના ઉદ્દગારો બતાવી શકતાં નથી. પરંતુ મ્હને સ્પષ્ટ સમજાય છે કે-

પુત્રીને વિવાહિતા કરતાં પૂર્વે, તે નરેંદ્રપ્રસાદનું વર્તન તપાસવા અહીં આવ્યાં લાગે છે. અને તેમાં નાસીપાસી પામેલાં જણાય છે. તેમના બન્નેના મારા વર્તન પ્રત્યે બારીકીથી તપાસ, મ્હારી પ્રત્યે તેમની મમતા, પૂર્વ જન્મનો તેમનો કંઇક મ્હારી સાથે સંબંધ હોવાનું સ્પષ્ટ સુચન કરે છે! અને આ સૌંદર્યની પ્રતિમા સુવર્ણકુમારી, એનું હૃદય તો ચર્મપટથી નહીં પરંતુ સ્ફટિક પટાંતરથી અનેક રીત્યે એનો અદ્વીતીય, વિશુદ્ધ, નિર્મળ સ્નેહ પુરવાર કરી આપે છે!

નહીં, નહીં, નહીં! આતો માત્ર મ્હારા હૃદયમાં પડેલ વિચાર ચિત્રો પુનરપિ મ્હારા સન્મુખ ખડાં થઇ જાય છે! કયાં એમની ભોજન સમયની, અહીંના લોકોનું અનુકરણ કરનારી નિર્દોષ ચર્ચા, અને કયાં મ્હારા વિચારો ?! પ્રારબ્ધની ગતી કોણ રોકી શકે તેમ છે.

हरिणापि हरेणापि ब्रह्मणात्रिदशैरपि ।

* * * *

दैवं फलति सर्वत्र न विद्या न च पौरुषं "

લક્ષ્મીપ્રસાદના ભોજનપરથી ઉઠી જવા પછી ભવાનીપ્રસાદને અને શાન્તાગવરીને અનેક તર્કવિતર્ક થયા. જ્ઞાતિ તરફથી ચર્ચા ઉપસ્થીત થવાના જોખમે પણ, ભવાનીપ્રસાદ પોતાની પુત્રીનું વેવીશાળ તેની સાથે કરવા ઇરાદો રાખે છે એમ સ્પષ્ટ શબ્દોમાં કહી દેત, પરંતુ કંઇક સુવર્ણકુમારીની હાજરીએ, અને કંઇક એ પોતે પણ ખુલાસો ન કરી શકે તેવા વિચારોએ, તેમ કરતાં અટકાવ્યો. શાન્તાગવરી પતીના વિચારો અણીશુદ્ધ જાણી શકી. "પણ, દાક્તર એકદમ કેમ ચાલ્યા ગયા ? સવર્ણા ! જા ! તેમને આ પાનબીડું આપતી આવ, અને પાછા બોલાવી લાવ." એમ કહી સુવર્ણકુમારીના હાથમાં પાનની રકાબી આપી.

કચ્છી કારીગીરિની ચાંદીની નાનકડી રકાબીમાં, પાકી ગયેલાં, સુવર્ણના રંગ સમાં પાનનાં બીડાં લઇ, સુવર્ણકુમારી, સેંકડો લજ્જા-રજ્જુઓથી બોલતાં પાછી ખેંચાતી, પરંતુ ઉત્સુકતાની અનેક રજ્જુ-ઓથી આગળ વધતી, કાર્ય પ્રસંગે આવેલ તેથી જીભ ઉપાડવા આગ્રહ કરતી, પરંતુ હૃદયના ઉંડાણમાંથી આર્ય સ્ત્રીઓના સામાન્ય ભીરૂત્વને વશ બનેલી, મ્હોં આગળ પ્રત્યક્ષ જોવામાં આવતો સુંદર દેખાવ જે અનિમિષ નેત્રે જોઇ રહેલી હતી તે જાણે વધારે વાર જોવા

ઉત્સુક્ત હોય તેમ, અને તેમ છતાં શીઘ્રતાથી તેને બોલાવવાનો તેથી જાણે ઉતાવળ હોય તેમ,–બન્ને પ્રકારની લાગણીઓ વચ્ચે દોલાયમાન થતી, આ હૉલમાં આવી ઉભી. પણ તેણીએ શું જોયું ? બેઉ હાથે આંખો બંધ કરી, સમાધિસ્થ હોય તેવી રીત્યે આ પ્રભાવશાળી આકૃતિવાળો દીવ્ય પુરૂષ એક ખુરશીપર લાંબો થઇ વિચારગ્રંથિમાં છેવટના શ્લોકનાં પૃથક્ પૃથક્ ચરણો તેને કાને પડયાં હતાં.

સહજ મૃદુ સ્વરે, જાણે ન ચાલતાં, બોલી—

" આપને પાછા ભોજનગૃહમાં બોલાવે છે !"

ઉત્તર ન મળી શકયો. એટલે હાથમાંની રકાબી સહજ ભાર દઇને મેજ ઉપર મૂકવાથી થયેલા ધ્વનીએ લક્ષ્મીપ્રસાદનું ધ્યાન ખેંચ્યું ! નેત્ર ઉપરથી હાથ લઇ લીધા !

'કોણ મીસ કુમારી !' કહેતાં ઉભો થઇ ગયો !

" પેલો શ્લોક બોલ્યા તેનો ભાવાર્થ શો ?"

" શું તમે તે સાંભળ્યો ? આશ્ચર્ય !"

"એમાં આશ્ચર્ય શું ?' "

" તમે કયારનાં અહીં આવીને ઉભાં છો ?"

" હું તો હાલજ આવી. મ્હારા પિતાશ્રી આપને ભોજનગૃહમાં પાછા બોલાવે છે, ચાલો."

" કેમ વારૂ, કંઇ વાત હજુ અધુરી રહી છે ?"

" હાજી; કંઇ પૂરેપૂરી વાત નહીં થઇ શકી હોય, તેથીજ બોલાવતા હોવા જોઇએને ? આવતા કાલજ જવા ઈરાદો રાખો છો ?"

'હા.'

'ઈંગ્લંડમાં બહુજ થોડું રહ્યા.' "

ભોજનગૃહ તરફ ધીમે ધીમે ચાલતો ચાલતો લક્ષ્મીપ્રસાદ નિરૂતર રહ્યો.

" અને તેમાં વળી અમારા કુટુંબમાં તો નહીં જેવા રહ્યા છો" લક્ષ્મીપ્રસાદ હજુ પણ નિરૂત્તરે રહ્યો.

સુવર્ણકુમારી ભોજનગૃહમાં લક્ષ્મીપ્રસાદને બોલાવવા ગઈ એટલે શાન્તાગવરીએ પતીની આગળ ખુલ્લે ખુલ્લા શબ્દોમાં હૃદય હલકું કરવા માંડયું.

"નાથ! ત્યારે આ ડૉ. લક્ષ્મીપ્રસાદને સ્પષ્ટ શબ્દોમાં કહી દેતાં વિલંબ કરવાનું આપણે કંઇ કારણ છે?"

"દેવી! હીંદુ સંસારમાં લગ્નની ગોઠવણો પિતાની હયાતિમાં પુત્રો કરતા સાંભળો છો? લક્ષ્મીપ્રસાદને માથે હજુ પિતા હયાત છે. એટલે વેવીશાળનાં સ્પષ્ટ વચન પ્રવચન એમના અને આપણા વચ્ચે થવાનાં. ઉમરે પ્હોંચેલા પુત્રની સંમતિ અમુક પિતા લે, તો તે હીંદુ સંસારમાં બસ છે. આવા બંધારણની હયાતિમાં લક્ષ્મીપ્રસાદને વિશેષ શું કહેવાની જરૂર છે? અને જે કહ્યું છે તે સ્પષ્ટ કહ્યા બરોબર નથી? આવા વિદ્વાન પુરૂષને આથી વધારે સ્પષ્ટ આ પ્રસંગે કહેવાની જરૂર છે? વળી, આપણ એક અગર બે અઠવાડીયાં પછી હીંદ જવાના એટલે કંઈ હરકત નથી. ત્યાંજ ગયા પછી એમના પિતાને સહજ સમજાવવા પડશે. મૂળ જ્ઞાતિ એકજ, પરંતુ પેટાજ્ઞાતિઓ જૂદી, અને વળી ભાનુપ્રસાદ જૂના વિચારના; અગ્રેસરોના કાબુમાં. એમને મતમાં મેળવતાં કંઇક પરિશ્રમ કરવો પડશે. વારૂ, પણ, સાંભળો. કદાચ્ જ્ઞાતિ છે, સમુદ્ર કહેવાય છે, અને એ સમુદ્રમાંથી દૈવયોગે કોઇ રત્ન નીકળી આવ્યું, અને તમે પાછાં મ્હને કહેશો કે આ ઠીક છે. જ્ઞાતિ તરફનો ઝગડો ઉપસ્થીત થતો નથી તો?..........."

"કદી નહીં નાથ! મ્હારો તો મક્કમ વિચાર છે ને તે નહીં ફરે. જ્ઞાતિના–બન્ને પેટાજ્ઞાતિના સમજુ પુરૂષો તો કંઇ વાંધો લે તેમ નથી લાગતું. અને હઠપકડુ, મુર્ખાઓના અભિપ્રાયને માન આપવાનું પરવડે તેમ નથી—"

"વારૂ, ત્યારે તમે હવે આવતા કાલ પુષ્પના હાર વગેરે સારી રીત્યે તૈયાર કરાવજો. લક્ષ્મીપ્રસાદ જેવા વિદ્વાનનો સત્કાર તેની વિદ્વતાના પ્રમાણમાં થવો જોઈએ. તેમાં વિશેષે કરીને એમની સાથેના ભવિષ્યના સંબંધના વિચારોનું પ્રતિબીંબ એ સન્માનની વીધિમાં પણ થોડુંક આવી જવું જોઇએ."

લક્ષ્મીપ્રસાદ આવીને ભોજનગૃહમાં પાછો બેઠો. ભવાનીપ્રસાદ એને લઇને પોતાના હૅાલમાં આવ્યો. એટલામાં પ્રથમ આવી ગયેલો તારવાળો છોકરો આવી એ હૅાલમાં ઉભેલો જોયોઃ—

"મહારાજ! મી હા સ્યેટીફીકેટ લાયાસે!"

'આ કોણ છે?' લક્ષ્મીપ્રસાદે કહ્યું 'હીંદુસ્તાનનો વતની લાગે છે,'

"હા, તેમજ છે. પ્રથમ તે અહીં એક તાર આપવા આવ્યો હતો......" શાન્તાગવરીએ કહ્યું.

"નહીં, મહારાજ ! મી તીન વાર આવેલાસે. હ્યા સ્પેટીફીટિક, સ્પેટીફીટિક વાચા !—"

લક્ષ્મીપ્રસાદે એક અંગ્રેજી કાગળ એના હાથમાં લાવ્યો હતો તે લઇ વાંચવા માંડ્યો.

In the commencement of the present century, the western part of India, was visited by a dire famine of almost unprecedented magnitude; the sufferings of starving mass of humanity superceded all past records—a fact of which the bearer, whom Providence has enabled to survive the misery, is a living example.

About a couple of hours before an English steamship, bound for the British isles, was to sail from an Indian port, a Hindu woman was seen dying on a foot-path, and a crying child lay by! It was a horrible spectacle to look at! Some of the passengers, being unable to render any other help under the circumstances in a moment of hurry, begged of the authorities to allow the child to remain with them In consequence, the dying mother was sent to the nearest Hospital, and the child was taken upon vessal where it be. came an object of pity of the passengers on board-

On arriving at the destination, the child was entrusted to an orphanage from whence a gentleman who came from Deccan asked the superintendent to allow him to take care of him; thus, this child remained with him for about two years. When the gentleman left England, the lad, then aged five, was again entrusted to the Superintendent of the Orphanage. He cannot speak any of the Indian Vernaculars correctly, nor has he any

decent acquaintance with necessary English words even, having rolled from one to other hand, at a time when he could have made one of the languages his own. He is made a message-boy at the telegraph office, near the orphanage, by the Superintendent of the Orphanage, and is sent to learn whatever work he can. It is a pity that there is hardly any material to judge, even remotely, his caste, his creed, and his ancestral calling."

---

૧ સારઃ—

ચાલુ સદીની શરૂઆતમાં હીંદુસ્તાનમાં એક ભયંકર દુષ્કાળ પડયો હતો, મનુષ્ય જાતને પ્રથમ નહીં પડેલું તેવું ભુખમરાનું દુઃખ પડતું તે વખતે જોવામાં આવ્યું હતું. તે દુખથી ઇશ્વરે ઉગારેલો આ છોકરો દૃષ્ટાંત તરિકે મોજુદ છે. તે વખતે હીંદુસ્તાનના એક બંદરથી ગ્રેટબ્રીટનના ટાપુઓ તરફ આવનાર એક સ્ટીમરને ઉપડવાની બે કલાકની વાર હતી, તેવામાં રસ્તાની બાજુ પર ફરસબંધી પર એક સ્ત્રી મરવાની તૈયારીમાં હતી અને પાસે એક છોકરૂં રોયા કરતું હતું. સ્ટીમરને ઉપડવાની ઉતાવળમાં બીજી કંઇ મદદ કરી શકાય તેમ ન હતું તેથી કેટલાક પેસેન્જરોએ સત્તાવાળાઓને કહી આ છોકરાને લઇ જવા પરવાનગી મેળવી. છોકરાની માતાને નજીકની ઇસ્પીતાલમાં મોકલી દેવામાં આવી. અને આ છોકરાને વહાણમાં લીધો જ્યાં પેસેન્જરો તેને બહુ દયા બતાવતા હતા. વહાણ પોતાને મથકે આવ્યું ત્યારે, આ છોકરાને એક અનાથાશ્રમમાં મોકલવામાં આવ્યો હતો ત્યાંથી એક દક્ષણી ગ્રહસ્થે અનાથાશ્રમના વડાને કહી પોતાની પાસે રાખ્યો તેની પાસે આ છોકરો બે વર્ષ રહ્યો. અને તે ગૃહસ્થ પાછો ફર્યો ત્યારે પાછો આ છોકરાને અનાથાશ્રમના વડાને સોંપતો ગયો. આ છોકરો હીંદની એકે ભાષા શુદ્ધ બોલી શકતો નથી. તેમ તેને જરૂર પડતા અંગ્રેજી શબ્દો પણ આવડતા નથી એનું કારણ કે જે અરસામાં એકે ભાષાને પોતાની કરી શકે તે અરસામાં તે એક ઠેકાણેથી બીજે ઠેકાણે ફરતો રહેલો છે. અનાથાશ્રમની નજીકની એક તાર ઑફીસમાં એને જે કંઇ આવાડે તે શીખવા અનાથાશ્રમના વડાએ મૂકેલો છે. એની જ્ઞાતિ, ધર્મ, અને એનો બાપદાદાનો ધંધો જાણવાનું કશું પણ સાધન નથી એ દીલગીરિની વાત છે.

શાન્તાગવરી—અરેરે ! છપ્પનના દુષ્કાળે કેટલાં કુટુમ્બોની પાયમાલી કરી મૂકી છે !

ભવાનીપ્રસાદ—દુષ્કાળ સામે ટક્કર ઝીલે તે સારૂ હીંદમાં જાથુકનું ફંડ જોઇએ.

સુવર્ણકુમારી—અને એમ પણ કહેવાય છે કે પાણીનાં સાધનો કુવા, તળાવો પૂરતા જથામાં હોય તો દુષ્કાળની ધાસ્તીજ મટે ને ફંડોની પણ જરૂર ન રહે. પછી મેઘ રાજાની પથારી ભલે વાદળાંમાંજ બારે માસ રહે !

લક્ષ્મીપ્રસાદ—મ્હને એ વિચાર થાય છે કે આપણી તે દિવસની પાર્કમાં પ્રથમ થયેલી ચર્ચાના વિષયને આ છોકરા ઉપર અજમાવેલો અખતરો કંઇક મજબુતી કદાચ આપે ! એના વિચારો, એની લાગણીઓ, અમુક ધંધાને માટે એની પસંદગી, વગેરે ઉપરથી એની જ્ઞાતિ નો કદાચ પત્તો મળે !

ભવાનીપ્રસાદ—એતો હવાઇ કિલ્લા લાગે છે–

લક્ષ્મીપ્રસાદ—જે પણ હવે બલુનોની શોધ થવાથી સાચા પડવાના છે, ગભરાઓ નહીં. આ છોકરાને હું એજ અનાથાશ્રમના ઉપરીને મળીને હીંદ લઇ જાઉં ?

ભવાનીપ્રસાદ—ભલે એના ઉપરથી અખતરો અજમાવવો હશે તો એને અમેજ સાથે લેતાં આવીશું. છોકરા ! તું કાલ પાછો અહીં આવી શકીશ ?

છોકરો—મહારાજ ! સેટને રજા આલે !

શાન્તાગવરી—એ શું કહે છે ?

ભવાનીપ્રસાદ—એ કંઇક એમ કહે છે કે શેઠ રજા ન આપે.

શાન્તાગવરી—શેઠ કોણ ?

ભવાનીપ્રસાદ—અનાથાશ્રમનો ઉપરી.

લક્ષ્મીપ્રસાદ—મ્હને લાગે છે કે એને શેઠ રજા આપે એવી ગોઠવણ કરવાને આપણી પાસે માગણી કરે છે. છોકરા તારે શું જોઇએ ?

છોકરો—સેટને રજા જોઇએ, મહારાજ !

“બરોબર છે” કહી, બધાં હસી પડયાં.

સુવર્ણકુમારી—બિચારો વિભક્તિ કયાં શીખે ?

છોકરાને વિદાય કરી બધાં ભોજન ગૃહમાંથી બહાર આવ્યાં. લક્ષ્મીપ્રસાદને વેજીટેરીયન સોસાઇટીના કેટલાક ગૃહસ્થો સાથે હજી કેટલુંક કામ આટોપવાનું હોવાથી તે ત્યાં ગયો.

શાન્તાગવરીની ગોઠવણે, પ્રાતઃકાળમાંજ પુષ્પના ભવ્ય હારથી મધમધતો એક ગંજાવર થાળ લાવી મૂકયો ! ભવાનીપ્રસાદે, "જવેલરી માર્ટ"માંથી, નેત્રને અપૂર્વ આનંદ આપનારી અને હીંદ કરતાં દશ ગણી કીંમત કરી બેસારેલી એવી કેટલીક જવાહીરની ચીજો ભેટ માટે મંગાવી ! સુવર્ણકુમારીને માટે સ્થુલ રૂપમાં કંઇ આપવાની બાબત અપ્રાસંગીક જણાઈ !

બપોરે સ્ટેશન તરફ જતાં, જુજ પ્રસંગ છતાં યુગના યુગ સુધીનો જાણે પરિચય હોય તેમ બધાંને લાગ્યું. સુવર્ણકુમારીએ આવા પ્રકારની માનસિક દુઃખની લાગણી સૌથી પ્રથમજ અનુભવી. એની ભવ્ય–પ્રભાવશાળી આકૃતિ સહજ પણ મ્લાન ન જણાવા પામે તેટલા માટે કૃત્રિમ સ્મીત હાસ્ય, જે શીખવાની ઇગ્લંડમાં ખોટ ન હતી, તેનો તેણીને આશ્રય લેવો પડયો હતો ! સ્ટેશન ઉપર, ભલા દીલના, પ્રાણી માત્ર ઉપર માયા મમતાને બંધુત્વ માટે જીવન ગાળનારા, વેજીટેરીયન ગૃહસ્થો સારી સંખ્યામાં જણાતા હતા. જાત જાતનાં પુષ્પહારો સંખ્યાબંધ ગૃહસ્થોના હાથમાં જોવામાં આવ્યા ! અને સમય થતાં પૂર્વે એક પછી એક, "તમ અમારા કામને સારો વેગ આપ્યો છે." "તમારાથી અમે મગરૂર છીએ" "તમારા જેવા પુરૂષોનું લાંબુ જીવન ઇચ્છીએ છીએ" "હીંદુસ્તાન તરફથી અમે તમારા જેવા પુરૂષોને અમારા કાયની મદદ માટે વાસ્તવીક આશા રાખીએ છીએ" "અમને યાદ કરજો" "અમારા હેતુઓને માટે એવીજ સતત કાળજી રાખજો." "પાછા એક વખત ઇગ્લંડ અવશ્ય આવી જજો" વગેરે વગેરે સ્નેહસુચક ઉદ્‌ગારો સાથે તે લક્ષ્મીપ્રસાદને પહેરાવવામાં આવ્યા.

જાણે ગયે કાલજ થઇ હોય તેવી આ સોસાયટીની નવીન ચેલી, અંગ્રેજ બાનુ જેણીએ ભવાનીપ્રસાદના કુટુમ્બમાં વીઝીટીંગ કાર્ડ વિસારી મૂકી કંઇક ઘડીભરનો કલહ કરાવી નાંખ્યો હતો તે અહીં પણ અપ્રસિદ્ધ રહી શકી નહીં ! એ પણ એક મ્હોટો હાર લાવી હતી. અને "હવે ઇગ્લંડ આવો ત્યારે મીસીસ લક્ષ્મીપ્રસાદ થવાનું જેને માન હોય તેને પણ સાથે લેતા આવજો !" કહીને પહેરાવી દીધો !

ભવાનીપ્રસાદ અને શાન્તાગવરીને ફરી ફરીને પ્રણામ કરતો લક્ષ્મીપ્રસાદ ગાડીમાં બેઠો. અને હુરે ! હુરે ! ના પોકારો વચ્ચે ગાડી મેલ સ્ટીમરને મળવા ઉપડી.

સુવર્ણકુમારીના સુકુમાર હૃદયને હૃદય-કાઠિન્ય–ધૈર્યના અભ્યાસનો આ અપૂર્વ પ્રસંગ હતો.

પ્રકરણ ૯ મું.

"અમારી બીજી બાજુ"—વીજીનાં વેવીશાળ.

રણવાસ ગામમાં, દેવીના મંદિર આગળ, બાલ્વારામની દીકરી વીજીને ચક્કર આવી અને તેને નજીકના અનાથાશ્રમમાંથી આવતી સ્ત્રી દાકતરે સારવાર કરી શુદ્ધીમાં આણી તે વાતને આજ લાંબો સમય થઇ ગયો.

એ દહેરીની પાછળ એક, ગામડાના પ્રમાણમાં સહજ મ્હોટી, ધર્મશાળા આવેલી છે. આ ધર્મશાળા બંધાવ્યે ઘણાં વર્ષો થવાથી તેની ભીંતો જર્જરીભૂત થઇ ગયેલી હતી; તો પણ જૂના વખતનું ચુના કામ તે વખતના કારીગરોની કામ કરવામાં શુદ્ધબુદ્ધિની સાક્ષી પૂરતું હતું. એ ભીંતો ધોળી છતાં, આ સ્થળે વખતોવખત કરવામાં આવતી ઉજાણીઓને લીધે થતા ધુંમાડાથી બહુ મેલી થઈ ગઇ હતી. અને તેમાં વળી ધોળા અક્ષરે નહીં, રાતાએ નહીં, હમેશને માટે નહીં, અને અલ્પાયુષી રહે તેવા પણ હેતુથી નહીં, દોષીત રીત્યે પણ નહીં, નિર્દોષ રીત્યે પણ નહીં, પ્રસિદ્ધ જગોએ નહીં, તેમ પ્રસિદ્ધીજ પ્રાધાન્ય હેતુ રાખેલો હોવાથી તદન અપ્રસિદ્ધ જગોએ પણ નહીં, એવી રીત્યે, અક્ષયકીર્તિ પાછળ મૂકનાર સુપ્રસિદ્ધ રૂષીમુનીસમા દેવતાની પાછળની કોયલા જેવી પ્રજાએ, મૃગજળ પેઠે મિથ્યા કીર્તિ લોભથી આકર્ષાઇ, પોતાનાં મુબારક નામ, ઠેર ઠેર કોયલાથી લખેલાં જોવામાં આવતાં હતાં !

આવા અપ્રસિદ્ધ ગામડાની આ ધર્મશાળા પણ અપ્રસિદ્ધ છતાં, વર્ષના કેટલાક ભાગમાં અહીં સંખ્યાબંધ મુસાફરો—યાત્રાળુઓની અવર જવર થતી; કારણ કે અહીંથી ત્રણેક માઇલ ઉપર એક પુરાતન કાળનું સુપ્રસિદ્ધ જાણે તેરમા સ્વયંભુ જયોતિર્લીંગ સમું શીવાલય આવેલું હતું. અને મુકરર કરેલે દીવસે ત્યાં મેળા ભરાતા.

આ દેવાલયની નજીકમાં એક સુંદર ઉપવન આવેલું હતું. અને એમ કહેવામાં આવતું હતું કે એ સ્થળે પૂર્વે કોઇ તપસ્વીએ કેટલાંક વર્ષ તપ કરેલું છે. હાલ પણ તેને બેસવા ઉઠવાનાં સ્થાન તરિકેએ ઉપવનમાંની કેટલીક જગાઓ ઓળખાવવામાં આવતી હતી. આધુનીક

સમયમાં પણ તે સ્થળની હવા સારી હોવાનું કહેવામ! આવતું હતું તેથી જુના તેમજ નવા વિચારના ઉભય પક્ષના લોકોને આ સ્થાન ઉપયોગી થઇ પડયું હતું. તેમાં અસલી વિચારના પરોપકારી ધર્મ જીજ્ઞાસુ લોકોએ આ સ્થળે એક અન્નક્ષેત્રની સંસ્થા ચાલુ કરી હતી અને કેટલાક સુશિક્ષિત યુવકોએ એક આરોગ્ય ભુવન એક પુસ્તકાલય અને એક સારા ઉદ્યાનનો ઉમેરો કર્યો હતો. દૂરનાં સ્થળોથી હવા ફેર માટે લોકો અહીં આવતાં. મનુષ્યોનાં માનસિક દરદો Malencholia માં પણ અહીંની હવાથી વિશ્રાન્તિ લાગતી.

ધર્મશાળા સહજ ટેકરી ઉપર આવેલી હતી અને તેની નીચે એક ન્હાની નદી વહેતી હતી. સામે કિનારે સ્મશાન ભૂમિ હતી. રાત્રે તો આ બાજુનો ભાગ, રણવાસના લોકને ભયાનક લાગતો. તેમજ યાત્રાએ જવાના દિવસો સિવાય, દિવસે પણ ગામમાં બીજી વસ્તીવાળા ભાગમાં ધર્મશાળા હતી તેનો ઉપયોગ વધારે થતો. કંઇક નજીકના સ્મશાનમાં કહેવામાં આવતાં ભૂતોને લીધે, કંઇક દેવીની બીતિથી, એકાદા મનુષ્યે આ બાજુ વખત બેવખત આવવું એને સાહસ ગણવામાં આવતું. તથાપિ, અનેક જન્મોથી અંતઃકરણે પ્રાપ્ત કરેવી જડતાની પરિસીમા બતાવનારી આ મંડળીએ કંઈક કારણસર અહીંજ આજની બેઠક કરવી ઉચિત ધારી હતી.

કેટલીક પેઢીથી, કંગાળ લોકોએ મજુરી વગેરેથી પ્રાપ્ત કરેલ દ્રવ્ય, તેમનાં કુદકે ને ભુસકે એકદમ ફુલી જનારાં ખાતાંમાં જમા પકડવાના ધંધાએ, દોરોમાંથી ઉપાર્જન થયેલા ઉત્પન્નને ટેકો આપી, બોધારામ પાસે જે કંઈ દ્રવ્ય સંચય કરાવેલો હતો, તે આજના દીવસનો ભોગ્ય વિષય હતો ! ગડબડ અને તેનું મંડળ, બાપુશંકર પુરાણી ઉપર પોતાનું પ્રાબલ્ય અજમાવી, બોધારામ ઉપર પણ તેથી વધુ સફળતાથી અજમાવી આજે એકત્ર થયેલું છે.

લક્ષ્મીપ્રસાદના વિલાયત જવા પછી ભાનુશંકરના કુટુમ્બને જ્ઞાતિ બહાર મૂકવા માટે ગડબડની મંડળીએ બહુ પ્રયત્નો કર્યા, પરંતુ સમગ્ર જ્ઞાતિ એમના મતમાં એકમત થઈ શકી નહીં. જેમના ઉપર દાબ-તોર વધુ અજમાવવામાં આવ્યો તેઓ લક્ષ્મીપ્રસાદના આવ્યા પછી તે વિષય હાથ ધરવાનું વચન આપવા સુધી જઇ શક્યા.

ઓછામાં પૂરૂં અવિચળપ્રસાદ જાણે કયાંય ગુમ થયો જણાતો

હતો. અને ભાનુપ્રસાદને તેની બહુ ખોટ પડી હતી. બહુ તપાસ કરતાં માલમ પડયું કે-ઉપાધિવાળી જીંદગીના પરિશ્રમથી કંટાળી કેટલોક વખત એક નજીકની ગુફામાં કોઇ મહાત્માની શોધ લાગેલી હોવાથી તે યોગ શીખવા માટે ગયેલ છે. આથી અવિચળપ્રસાદની ગેરહાજરીએ ભાનુપ્રસાદ અને રત્નલક્ષ્મીની ચિંતા, અને ગડબડ અને મંડળીનો અંદરથી ગુપ્ત જુલમ, અને બાહેરથી બતાવવામાં આવતી મદદ એ બન્ને વધારી મૂકયાં હતાં!

"આત્મવત્ સર્વભૂતેષુ"—એ મહામંત્રનું, સત્યયુગનાં મનુષ્યોથી પૂર્વે થતા પ્રતિપાલન ઉપરાંત અવિચલપ્રસાદે તેની વાસ્તવીક મર્યાદાને સહજ ખોટી રીત્યે લંબાવી નાંખી હતી! એકાદ ચોરને, કોઇ ગરીબની માલમતા ચોરી લઇ જવા માટે શિક્ષા થાય, તેવાને તે જુએ તો પણ તેને દયા આવે! એક વખતે, ઉન્હાળાના દિવસમાં, ધાર્મિક ક્રિયાઓ માટે અને ઉષ્ણુ ૠતુ તેમજ કળિયુગના પ્રચંડ તાપથી શાંત રહેવા માટે શહેર બહાર તેણે બંધાવેલી પર્ણકુટીમાં રાત્રિના બાર વાગતે તેના કાને એક દયાજનક મનુષ્યના રૂદનનો અવાજ પડયો! પાસે સુઇ રહેલા પરિજનોને પણ પૂછયા વગર તેણે બારણું ઉઘાડયું. એક કદાવર શરીરનો હૃષ્ટપુષ્ટ શ્યામ વર્ણનો પુરૂષ દાખલ થયો!

"મહારાજ! હું ગરીબ માણુસ છું ને બે દીવસથી ભૂખ્યો છું."

"અરે! પણ તું આટલી મોડી રાત્રે કયાંથી આવ્યો? ત્હારા શરીર ઉપર વસ્ત્ર પણ નથી. લે, આ પ્હેર!" પોતાનું ફલાટીનનું મ્હોટું પ્હેરણુ બીછાના ઉપરથી આ નવા અતિથિને આપતો અવીચળપ્રસાદ બોલ્યો.

"મહારાજ! મ્હારી મ્હોટી ભૂલ થઇ કે કેટલુંક અનાજ મ્હારા કુટુમ્બના નિર્વાહ માટે મ્હેં દરબારી કોઠારમાંથી ચોરી લીધું. પણ તે ચોરી કબુલ કરાવવા માટે મ્હારા બરડામાં સિપાઇઓએ જે નેતરની સોટીઓના પ્રહાર કર્યા છે તેમને બહુ દુઃખ દેછે-"

અવિચળપ્રસાદ—"અરે રે રે! મનુષ્ય જેવા મનુષ્યને અનાજ લઇ જવા માટે આટલો જુલમ?! ત્યારે તું મ્હારી પાસે પહેલાંજ કેમ ન આવ્યો? કે હું તને અનાજ આપત! બેસ! બેસ! શાન્ત થા. લે, આ તાજાં ફળો છે; આ રોટલો સહજ સુકાઇ ગયો છે. ત્હારે દાંત મજબુત છે?"

"મહારાજ! દાંત તો મજબુત છે, પણ ચાવવાનું નથી! તમે એક દિવસ અનાજ આપશો તેથી મ્હારી હમેશની ક્ષુધા શી રીત્યે સમશે? હવે હું કદી ચોરી તો કરવાનો નથી કારણ કે ઉન્હાળાના બાર લાંબા દિવસ સુધી તુરંગમાં સજા ભોગવવાથી મ્હને તેનું દુઃખ સમજાય છે."

અવિચળપ્રસાદ—બાર લાંબા દિવસ! અનાજ લઇ જવા માટે? વાહ મનુષ્યોના કાયદા! પરોપકારને તિલાંજલી! પાપી ભૂમિ! બેસ! બેસ! નિશ્ચિંત થા! ખાઇને ઉંઘી જા નિરાંતે! ઉભો રહે તને પથારી કરીઆપું.

"પણ મહારાજ! મ્હને ઉંઘ નહીં આવે!"

"એમ કેમ?"

મહારાજ! મ્હારી પાસે આ પાંચ રૂપીઆ છે તેથી મ્હને ભીતિ લાગે છે."

અહીં કોઇની ભીતિ રાખવાનું કારણ નથી. તું નિભય સુઇજા!

"નહિં, નહિ મહારાજ! આ દ્રવ્ય ઠેકાણે મૂકી દેવું જોઇએ"

"એમ? ભલે ત્યારે પેલી સામે પેટી જણાય છે તેમાં પણ દ્રવ્યજ છે, તે પેટી ઉપર મૂક!"

"ના મહારાજ, અંદર મૂકવું જોઇએ. તોજ મ્હને ઉંઘ આવે!"

"ભલે ત્હારી જેવી ઇચ્છા." એમ કહી ભલા અવિચળ પ્રસાદે તે પેટી ઉઘાડી, તેમાં કેટલીક મ્હોરો. તથા સોના રૂપાના દાગીના આ નવા અતિથિએ જોયા તેથી તે પ્રસન્ન થયો.

"મહારાજ! અમારા ગરીબ લોકોને આવું જોવા પણ ન મળે હો!"

"એમાંથી ત્હારે જોઇએ છે? લે, આ સોનાનો કકડો! એ ત્હારે બાર માસ કરતાં વધુ ચાલશે—"

"મહારાજ પછી હું શું કરીશ?

"પછી પાછો મ્હારી પાસે આવીશ તો હું તને કંઇક ફરીને આપીશ."

પછી બન્ને ઉંઘી ગયા. સવારમાં વહેલાં પરિજનો આઘાપાછા

કામમાં રોકાયા હતા, અને અવિચળપ્રસાદ નિત્યકર્મમાં બેઠો હતો તે તકનો લાભ લઈ ચોર આખી પેટી ઉપાડી ચાલતો થયો ! ગામમાં પેસતાંજ દરવાજામાં પેટી માથે મૂકીને નિર્ભય રીત્યે જતા આ ચોરને સરકારી માણસોએ ઓળખ્યો ! પાસેની પેટી ઉઘડાવી જોતાં અંદર દાગીના ઉપરાંત કેટલાંક પુસ્તકો જોવામાં આવ્યાં. ચોરને પૂછતાં તેણે કંઇ પણ સીધો જવાબ ન આપ્યો, એટલે પાછો તેને અચ્છી રીત્યે માર પડ્યો ! અને તુરંગમાં લઇ ગયા ! વધારે બારીકાઇથી તપાસ કરતાં પુસ્તકોમાંના કેટલાક અક્ષરો ઉપરથી આ માલ અવિચળપ્રસાદનો હોવાનો શક જવા ઉપરથી સિપાઇઓ માલ ઓળખાવવા ચોર અને પેટી સાથે અવિચળપ્રસાદની પર્ણકુટીએ આવ્યા. અવિચળપ્રસાદ નિત્યકર્મમાં હોય ત્યારે તેને બોલાવવાની મના હતી. તેથી ચોર પકડીને આવેલ સિપાઇઓને દરવાજે બેસારવામાં આવ્યા. અવિચળપ્રસાદનો નોકરવર્ગ માલ પકડાવાથી ખુશ થયો !

"હમકુ સો રૂપીઆ ઈનામ મિલેગા !" હવાલદારે સિપાઇને કહ્યું.

" સાબ ! હમકુબી કુચ મિલના ચાહીએ. "

થોડીવારમાં અવિચળપ્રસાદ ધાર્મિક ક્રિયામાંથી ઉઠી બહાર આવ્યો.

" અરે ! આ ગરીબ માણસને કેમ બાંધી લાવ્યા છો ?" તેણે જોતાંજ સિપાઇઓને પૂછ્યું.

" સાહેબ ! આપનો માલ ચોરીએ ગયાનો આ સખસ ઉપર શક છે–આ પેટી આપની છે ? અંદરનો માલ જોઇ કહો કે તે પણ આપનો છે ? "

અવિચળપ્રસાદે કહ્યું—અરે ! પણ આ બધું મેં તેને બક્ષીસ આપેલું છે ! ! તમારે તેને પકડવાનું કારણ ન હતું. !

ઇનામ લેવાની લાલચે આવેલા સિપાઇઓ નિરાશ થઇને ચાલતા થયા. આવેલા દ્રવ્યમાંથી કેટલોક ભાગ પાછો લઈ ચોરને હમેશને માટે ચોરી ત્યજવાનો ઉપદેશ આપી વિદાય કર્યો.

આ અવિચળપ્રસાદની આજે પૂરેપૂરી ખોટ જણાઇ ! એ મહાત્મામાં અતિ દયા હતી. કઠોર કર્મ કરનારાઓને સજા કરવાને બદલે માફી આપવાથી તેઓ પશ્ચાતાપ પામી વધારે સુધરે છે એવી કંઇક તેની માન્યતા હતી. બે ત્રણ સદીઓ પછી મનુષ્યોના વ્યવહારો એ સિદ્ધાંતને વશીકરણ વિદ્યા તરિકે ઓળખશે એમ તે કહેતો હતો. દુઃખીનો, નિરાધારનો, અનાથનો તે એક પ્રભુ સમો દુનિયામાં બીજો

બેલી હતો ! હમેશાં બે પક્ષમાં હારેલાની તરફમાં જવા તેનું મન દોરાતું !

એનામાં રહેલી અતિ દયાને લીધે એની વૃત્તિ દુનિયામાં નિરાધાર–મદદ માગનાર પ્રત્યેજ દોરાતી. ઘેલછાને લીધે તેમ નહતો કરતો. પ્રમાદી નહતો. બેવકુફ નહતો. ઉન્માદી નહતો. ઉચ્છૃંખલ નહતો; પરંતુ જગતના મિથ્યાભાસમાં અને ધર્મપરાયણ વૃત્તિમાંજ, ઇશ્વરમય વાતાવરણમાં સતત જીવન ગાળનાર હોવાથી, આનંદને માટે ન્હાના મ્હોટા અખતરા કરી, મનુષ્યોનાં કૃત્યોનું સુક્ષ્મ રીત્યે અવલોકન કરતો. જનસ્વભાવનો અપૂર્વ અભ્યાસક હતો. **"આત્મશ્લાઘાનો દોષ."**

એની ગેરહાજરીમાં ગડબડના મંડળે, ભાનુપ્રસાદના કુટુમ્બને, લક્ષ્મીપ્રસાદના વિલાયત જવાથી, ગુપ્તરીત્યે, ઘણું હલકું પાડવા પ્રયત્યો કર્યા. ઠેર ઠેર વાતો ચર્ચાવવામાં આવી કે–" લક્ષ્મીપ્રસાદના આવ્યા પછી જ્ઞાતિ એનો બહિષ્કાર કરશે." " પેલો અવિચળ પ્રસાદ જોગટો તો દુનિયાં પાર જતો રહ્યો છે....બગલું થઇને ઉડી ગયો ! "

એક બાજુથી એ કુટુમ્બની બોઘારામ આગળ પ્રસંશા કરી, લક્ષ્મીપ્રસાદની લાયકાતનું બ્યાન કરી, ગમે તે ઉપાયે વીજીનું વેવીશાળ લક્ષ્મીપ્રસાદ જોડે કરવા બોઘારામને ઉશ્કેરી મૂકી હદ પાર ઉત્સુક્ત કર્યો હતો ! બાપુશંકર પુરાણીની આગળ વાપરેલ ચાતુર્ય કરતાં બોઘારામ આગળ વધારે ચાલાકી વાપરી તેને મ્હોંડે કહેવડાવ્યું હતું કે જો આ ગોઠવણ સિદ્ધ થાય તો ગડબડ અને મંડળીને લગ્નના પ્રારંભ પહેલાં બે હજાર રૂપિઆ અને પાછળથી એક હજાર રૂપિઆ આપવા !

બીજી બાજુથી ભાનુશંકર અને રત્નલક્ષ્મીના આગળ બોઘારામના કુટુમ્બની અને વીજીના સૌંદર્ય અને ગુણની પ્રસંશા હદપાર કરી મુકાવી આ દંપતિને પણ ઉશ્કેરી મૂકયું હતું; અને લક્ષ્મીપ્રસાદના હીંદમાં આવ્યા પછી કદાચ્ જ્ઞાતિ તરફથી કંઈ હીલચાલ થાય તો તે પહેલાં અગમચેતી વાપરી આ વેવીશાળ કરી લગ્ન તાબડતોબ કરી દેવું એવી સલાહ આપવામાં આવી હતી. અને તે ગભરાવી નાંખેલાં ભોળાં માબાપે સ્વીકારી પણ હતી !

ગડબડનો પોતાના હૃદયનો ઉમળકો, લક્ષ્મીપ્રસાદના હીતને માટે છે તે બતાવવા માટે વિલાયતથી તે જેવો આવે તેવોજ તેને માટે એક મ્હોટો હૉલ ઘરમાં શણગારવા માટે ભાનુપ્રસાદને તેણે સુચના

કરી; અને જ્ઞાતિની લગભગ દરેક વ્યક્તિની વિરૂદ્ધતાના ચોઘડીયામાં ગડબડના હાથમાં આવી રહેલો ભાનુપ્રસાદ તે કહે તે મુજબ કરવા તત્પર થયો.

ભાઈને માટે તે વિલાયતથી આવે તે પહેલાં એક સુંદર દિવાનખાનાનો હૉલ ભાતભાતના ફરનીચરથી શણગારવામાં આવ્યો. ગડબડને અમદાવાદના ફરનીચરના કેટલાક વેપારી અને સુથારો સાથે સારી લાગવગ હોવાથી તે પોતેજ જઇને બધો સામાન લઇ આવ્યો. રાજા રવીવર્માનાં તમામ ચિત્રો મ્હોટા કદનાં લાવીને દિવાનખાનામાં ગોઠવવામાં આવ્યાં. આ દિવાનખાનાની શોભા એટલાથી અટકી નહી. વીજીની એક સામાન્ય છબી પડાવરાવી તેના મ્હોં ઉપરનાં સંખ્યા બંધ શીળીનાં નિશાન છબી ઉપરથી "પૉલીશ" કરાવી, તેને (એનલાર્જ) મ્હોટી કરાવી. મ્હોંપરનો રંગ ખુશ્નુમા ગુલાબી ધવળ રંગાવ્યો. પ્હેરેલી સાડીનો રંગ લીલો રંગાવ્યો, અને બીજી બધી રીત્યે તેને, એ (વીજી) પોતે પણ ઓળખી નશકે તેવી, સૌંદર્ય પ્રતિમા કરી આ દિવાનખાનામાં લાવી ટીંગાવી! એ છબી અહીં આવી ત્યારથીજ લક્ષ્મીપ્રસાદની આઠ વર્ષની, નાની બ્હેન સરલા તેની સામે વારંવાર આવીને ઉભી રહેતી. એને ફુલના હાર પહેરાવતી! "ભાભલડી બોલો! જરાતો બોલો! તમે અહીં આવીને કયારે બોલશો?" વગેરે વગેરે અનેક સ્નેહસૂચક વાકયોવડે ગમત મેળવતી! ગડબડના ચાતુર્યના આ બધા પરિણામે એક બાજુથી ભાનુપ્રસાદના કુટુંબને ને બીજી બાજુથી બોધારામને તત્પર કર્યા હતા.

ગડબડને, આ ગોઠવણ બર લાવવા માટે કરેલા રૂ. બે હજાર ગણી આપવાનો આજનો દીવસ મુકરર કરેલો હતો. એટલે ધારેલી ખટપટમાં કંઇક ફતેહ મળી ચૂકેલી અને કંઈક મળવાની આશાથી, ફુલાતો, ધર્મશાળા વચ્ચે રવેસી નજીકના મ્હોટા ચોકમાં એક સેતરંજી નાંખેલી હતી તેના ઉપર એક મ્હોટા તકીયાને અઢેલીને તે હાથમાં તંબાકુ અને ચુનો મસળતો બેઠો હતો, ઉજમબાઇ રસોડામાં દેખરેખ રાખવામાં રોકાઈ હતી. બાધારામ, ભટજી ભુવા અને રણવાસના બીજા ત્રણ ચાર બ્રાહ્મણો ધર્મશાળાની પાછળ આવેલી ન્હાની નદી ઉપર સ્નાન સંધ્યા નિમિત્તે ગયા હતા. એટલે ગડબડની મંડળી અવકાશ સાધી, હૃદયે પ્રાપ્ત કરેલ કાઠિન્યનું પ્રદર્શન બતાવનારી, સહૃદય વાચકવૃન્દને ચમકાવે તેવી નવલકથાનાં પાનાને દુષિત

કરી અશુદ્ધ આવિર્ભાવ ઉત્પન્ન કરે તેવી ગોષ્ટી ધીમે ધીમે એકબી-જાના કાનમાં કરવા માંડી.

ગંદા બજારમાંથી પસાર થતાં નાકે સહજ રૂમાલ દાબી ચાલવું નથી પડતું? તેવીજ રીત્યે, આવી જાતના ગંદા પ્રસંગોનું વાંચન, વિચારશીલ વાચક વર્ગ સમુહ સન્મુખ મૂકવાનું કાર્ય કેટલું બધું અપ્રિય થઇ પડે? દરેક વાચકના હૃદયને પળેપળ ઉચ્ચતર સ્થીતિએ મૂકવા પ્રયત્ન કરનાર એક લેખકને માટે પણ તે કેટલુ બધું નાજુક-સાહસ ભરેલું! પરંતુ આ ખટપટ વ્યાપારનું યથાર્થ સ્વરૂપ સમજવા જરૂર નહત તો આ ભાષાને લજવનારાં, વાકયોની યત્કિંચિત જરૂર નહતી. જન સમાજ કેળવાઇને સુધર્યો નથી ત્યાં સુધી આવા જ્ઞાતિના નેતાઓના હાથમાં પ્રજાનું પ્રારબ્ધ છે. ભવિષ્ય તો અણમોલ સોનેરી છે! કેળવણીના વિસ્તારમાત્રની ખોટી છે.

"પેલાભાઈ—લક્ષ્મીપ્રસાદ તો વિલાયતથી મોટા "સાબ લોગ બનીને આવશે અને આ બાવળનું પુતળું વળગાડી શું ને—" ઓખો બોલ્યો.

"ચુપ!" ગડબડે વચમાં બોલીને કહ્યું "જાહન્મની ખાડમાં પડે ને બધાં! એની આપણે શી પંચાત છે?" "પણ આપણને કદાચ્ કોઇ કહેશે તો ગડબડભાઇ, જવાબ દેતાં જરા વસમું—" અંટા ગુડગુડે કહ્યું.

વસમું? શું વસમું?! શાનું વસમું!" ગડબડે હિંમતથી પાછો વચમાં બોલી જવાબ આપ્યો" "હજુ કાચા છો ભાઇ, કાચા છો, આપણુ રૂપીઆ લઇએ છીએ તે સિવાય બીજું શું આમાં કરીએ છીએ? પૂર્વજન્મનું દેવું છે તે આજે આપણને આપી આ બાધારામ છૂટો થાય છે."

"બરોબર છે, બરોબર; શાબાશ! અંટીઆ! જોયો ગડબડ-ભાઇનો જવાબ? મ્હોટા શાસ્ત્રી પુરાણી પણ દીંગ્મુઢ બની જાય તેવો?" ઓખાએ કહ્યું.

"અમે કેટલાં આવાં કોઠાં કર્યાં હશે? કેટલાંને ગોથાં ખવડાવી : ા ધંધો કરતા હઈશું] કેટલા પુરાણીઓના પ્રસંગમાં આવ્યા હઇશું?" તોરમાં ને તોરમાં ગડબડે કહ્યું.

"જો! બાપે કંઇ ધંધો શીખવાડયો નથી, કાંઇ ઝાઝું ભણ્યા નથી. કંઈ પાસે બીજા ઇલમ નથી. જાદુ, ધંતરમંતર કીમીયો કે એવો કંઇ કસબ નથી જાણુતો, પરંતુ ભણેલા, કે જાદુવાળા કે

કોમીયાવાળા બધાને ગોથાં ખવડાવનારી એક આ વિદ્યા હાથમાં આવી છે ને તે ઉપર ગુજારો નીભ્યે જાય છે; તેમાં વળી આવા વેપાર વધારે આવે તો માથાફોડ ઓછી? આતો માત્ર તડ પડેલી કાચની બરણી સહજ નાજુકાઇથી સંભાળીને માલીકને ઘેર પ્હોંચાડવા જેવું કામ છે! સમજ્યા! ભાગી ફૂટી તો આપણુ શું કરીએ? "કાયા કાચો કુંભ છે!"

ઓખો—એમ મરી તો કાંઇ જતી નથી. પણ આ તદ્દન ઢંગધડા વગરના ગામડીયાની જરા પણ શહેરીઓના સમાગમમાં નહીં આવેલી અભણ છોકરી, વિલાયત જઇ આવેલા મ્હોટા ડાકતરનું ઘર કેવી રીતે માંડશે? એમનો ગોગ શોભશે? એમના વચ્ચે સ્નેહને સ્થાન મળશે?

અંટા ગુડગુડ—મ્હને લાગે છે તે તો વિલાયતથીજ વખતે પરણીને—':

ગડબડ—બેસ! બેસ! ગધેડા જેવા! તેમ થયું તોપછી તારો કોણ ભાવ પૂછશે?

આ વખતે નદી ઉપરનું મંડળ પરવારીને આવ્યું, એટલે વાત બંધ રહી. ભોજનની તૈયારી થઇ. ઉજમબાઇએ જાતે દેખરેખ રાખી લાડુ, દાળભાત, શાક, ભજીયાં વગેરે ઉત્તમ ભોજન તૈયાર કરાવી આ નવીન મેમાનોને સંતોષ આપવા પ્રયત્ન કરેલો જણાઇ આવતો હતો,

"ગામડામાં પણ રસોઇનો "ટેસ" બરોબર જમાવ્યો છે હોં!" ઓખાથી ઉજ્હાલોલ્યંને વશ થઇ બોલ્યા વગર રહેવાયું નહીં.

"હા; એમ ભોજનથીજ ભોળવાવી નાંખવાનો પ્રપંચ લાગે છે!" પ્રપંચના વાતાવરણમાં રહેતો ગડબડ બોલ્યો, "જુઓ, બોઘારામ પંડ્યા! આ દંભીશંકર અને તમે બધા સાંભળો છો અને ચોખ્ખી વાત કરીએ છીએ. વ્હવહારના કામમાં સફાઇ રાખવી કામની છે. અમારે હજુ અહીંથી લાંબે પંથે જવાનું છે તે તમે જાણો છો, તેમાં વળી એક બે ટટ્ટુ ગયા કાલનાં જરા સુસ્ત જેવાં થઇ ગયાં છે. રસ્તામાં લૂટારાની પણ ધાસ્તી છે, માટે હવે તમે કહેતા હતા કે-જમતા પહેલાં રૂપિઆ બે હજાર આપી દઇશું તે તૈયાર રાખ્યા છે?"

બોધારામ—આટલી બધી અધીરાઇ શી છે? કદાચ લગ્નને બીજે દીવસે મળે તો શું અમે કાંઇ વાંકો જવાબ દઇએ એમ છે?

જાણે આંખો રબરની હોય તેમ મોટી કરી, જમતાં જમતાં ગડબદ એકદમ ઉભો થઇ ગયો ? " બસ ! થઇ રહ્યું ? આટલીજ વાર ? ફરી ગયા ? શું જોઇ રહ્યો છે ? ઓખલા ઉઠ ! ઉભો થા ! આમ આવ ! જા મ્હારી બ્હેન (રત્ન લક્ષ્મી) ને કહે કે—

ઉજમબાઇ—અરે ! પણ આશું ! આમ બ્રાહ્મણ પંક્તિમાંથી જમતાં જમતાં ઉઠાડી મુકો છો એ શું ! રૂપિઆ આવશે, પણ આમ જમતાં ઉઠાય ?

એક ઉઠયો, બે ઉઠયા, ભોજનપંક્તિ જમતાં જમતાં ઉભી થઇ ગઇ ! એક બીજામાં કોલાહલ થઇ રહ્યો. ગડબડ ઓખાને એક ખૂણામાં લઇ ગયો. " બસ જા ! તું જઇને બે કામ કર ! એક તો ત્યાં જઇને આપણા લાગવગવાળા બધાને કહે કે એમાંનું કોઇ આ લગ્નમાં ભાગ લેવા આવે તો તેને નાતનું અપમાન કર્યાનો તકસીરવાન ઠરાવીશું. તેમ અહીંના લોકોએ પણ આ નાત બહારવાળા સાથે ભાગ લેવાનો નથી—એથી એમની શોભા વધવાની નહીં એમ સમજાવી મૂક ! આ રૂપીઆ એમને એમ પતે એમ લાગતું નથી. આમ રમખાણ કરી મૂકાશે ! બધેથી જ્યારે આવા અવાજ આવી મળશે ત્યારે આ બદમાસોના કાન ઉઘડશે. જા ! પ્હોચ વ્હેલો—"

ઓખો કપડાં પ્હેરી ટટ્ટુ ઉપર બેસતો હતો, અને ગડબડ એને સમજાવતો હતો કે અમે ગમે તેમ તમને આગ્રહ કરીએ પણ તમારે આવવાનું નથી. એમ કહેજે તેવામાં ઉજમબાઈ આવી ! " હું કરગરીને કહું છું મહારાજ ! હું પગે પડીને કહું છું અમને ગરીબોને શીદ સતાવો છો ?! જમતાં જમતાં આમને ઉઠાડીને તમે કયાં મોકલો છો ? ઉભા રૂહો ! મ્હારા સમ ! જ્યાં જવું હોય ત્યાં જમીને જજો ! "

ઉજમબાઇના કરગરી પડવાથી તો ગડબડનું શૌર્ય ઉલટું વધ્યું ને ઓખાને રવાના કરી દીધો. " બોલો, ઉજમબાઇ, હવે તમે ને તમારા વર ! કયાં ગયા ? બોઘારામ પંડયા? હું જોઉ છું કે તમે મને કયાં સુધી આવા ખોટા ખોટા વાયદા કર્યા કરો છો ? "

" ભાઇ સાહેબ ! અમારે કાંઇ વાયદા કરવા નથી. જ્ઞાતિમાંથી ઉત્તમમાં ઉત્તમ ઘર જાણે તમે ગજવામાંથી કહાડીને અમારા આગળ મૂકી દીધું છે, કોઇ મ્હોટા ધનાઢ્ય કે વગવાળાને મળે તેવું તમે અમારી દીકરી માટે સ્થળ શોધ્યું છે તે અમે નથી જાણતા ! આપની

મરજી હોય તો હું હાલજ રૂપિઆ જઇને લઇ આવું છું. પણ તમે પાછા પંક્તિ ઉપર બેસી જાઓ ! મહારાજ ! મ્હારો અપરાધ થયો હોય તો ક્ષમા કરો !" એમ કહી રડી પડવા જેવો થયો.

"હવે આ ઉચ્છિષ્ટ અન્ન અમે નહિં જમવાના ! બીજી પત્રાળી પીરસો ! ચાલો–" અંટા ગુડગુડે સિદ્ધાઇ બતાવી.

"નહીં, હવે તો રૂપિઆ આવ્યા પછીજ બેસીશું !" ગડબડ પોતાનું દૃષ્ટિબીંદુ સાચવતો તોરમાં બોલ્યો.

"પણ એ જાય છે ને હું બીજી પત્રાળી પીરસાવી, બેસાડું છું. મહારાજ ! ગુન્હો માફ કરો ! આ રસોઇ ઠંડી થઇ જશે !'

અત્યાગ્રહના પરિણામે ગડબડ પાછો જમવા બેઠો એટલે બીજા પણ બેઠા. પણ તે ગરીબ બિચારો બોધારામ ઘેર રૂપિઆ લેવા નીકળ્યો ત્યારે થોડીકવારમાં હાંફ્લો ફાંફ્લો આવી ગડબડના મ્હોં આગળ બે થેલીઓ લાવીને મૂકી ! ગડબડ પ્રસન્ન થયો ! આ ગામડીયાં ગબરૂ પ્રત્યે જાસ્તી ગુજારવાના પોતાના કૃત્ય પ્રત્યે સિંહાવલોકન કરતાં સહજ લાગ્યું. પણ "કંઈ નહી, દુનિયાંજ ગાંડી છે, તેમાં ગુજરાત તો છેક ગાંડી ! આગે લાત પીછે બાત !" એ વિચારે સમાધાન કરી લીધું !

ગડબડ તુરત ટટ્ટુ ઉપર સામાન માંડવા લાગ્યો. અને બોધારામ અને ઉજમબાઇએ સૌથી પ્રથમની મુલાકાતે સહજ બોલવું થયું હોય તો ક્ષમા માગી એટલે પ્રત્યુતરમાં એમને બે દિલાસાના શબ્દો કહ્યા–"જાનનાં માણસોને માટે આ ગામડા ગામમાં કંઈ જરૂર જોગી ચીજ ભાવ જોઇએ તો મંગાવજો. અમારાં રત્નલક્ષ્મી બ્હેન બહુ બહુ ભલાં છે એટલે તમારી ન્યુનતા સામું નહીં જુએ. તો પણ જેમ તમારો તેમનો સંબંધ શોભે તેમ કરવું એ તમારૂં કામ છે. જુઓ, દેવતાને પણ દુર્લભ એવું આ તમને ઠેકાણું બતાવ્યું છે અને તેની મ્હેનતનો બદલો આ તમે આપ્યો તે કંઈજ નથી એ ખાતરીપૂર્વક સમજવું."

પ્રકરણ ૧૦.

બીજાનાં વેવીશાળ.

આ તેની તેજ ભૂમી! તેજ મનુષ્યો! આ તેજ સ્થળ કે જ્યાં એક વખત મહાત્મા અવિચળપ્રસાદની દીવ્ય મૂર્તિના ઓજસ પ્રતાપવડે, સમગ્ર શ્રૈયનગરનાં મનુષ્યો વાત્સલ્યભાવપૂર્વક લક્ષ્મી-પ્રસાદને સફળ સફરને શીઘ્રપુનઃ મેળાપ ઇચ્છવા ભેગાં થયાં હતાં! એ અવિચળપ્રસાદ આજે નથી! આજે સ્ટેશન ઉપર, ગડબડના ખટપટ પ્રકરણને અંગે રણવાસમાંથી, ઓખા અભખરાને મોકલી, લક્ષ્મીપ્રસાદને વિલાયતથી પાછો ફરતાં પોતાનો બંધુભાવ પ્રદ-ર્શીત કરી મેળાપ કરનારા લોકોના ઉપર પ્રતિબંધ મૂકી દઇ જન-સમૂહ શુન્ય-બધીર સમો કરી મૂકયો જોવામાં આવે છે. એક તૈમુર કે ઓરંગઝેબ આટલી બધી સત્તા જમાવી શકત કે કેમ તે પણ શંકા રહે છે!

આજે લક્ષ્મીપ્રસાદ વિલાયતથી પાછો આવે છે અને ગડબડ અને તેના મિત્રોની ગુપ્ત ખટપટથી, ખિન્ન હૃદયનાં થઇ રહેલાં, તેને આ-ધિન જેવાં થઇ તેણે લગ્નની ગોઠવણ જે બનાવી તે સ્વીકારવા તત્પર થયેલાં, ગડભડ સમો કોઇપણ મનુષ્ય સ્વર્ગ મૃત્યુ પાતાળમાં ત્રાતા નથી એવી માન્યતા કરી બેઠેલાં, ભાનુપ્રસાદ, રત્નલક્ષ્મી પોતાનાં લાડકાં છોકરાં સાથે સ્ટેશન ઉપર, પુત્રને દૂરથી આવતો જોવા ટગ-મગી રહેલાં અનિમિષ નેત્રે ટ્રેનની વાટ જોતાં ઉભાં છે!

ગાડી આવી. સેંકડો લોકો બીજા ઉતર્યા. તેમાં અનુપમ સ્નેહ રજ્જુઓને તેમના જન્મ સ્થાનમાં પાછી લાવી મૂકનાર લક્ષ્મીપ્રસાદની દીવ્ય મૂર્તિ માત પિતાએ અપૂર્વ આલ્હાદપૂર્વક નિહાળી! પુત્ર ગાડી માંથી ઉતર્યો તેવોજ ભાનુપ્રસાદ તેને, સંસારના ત્રિવિધી તાપને ભૂલી જઇ, ભેટયો અને માતાએ પણ દેવોને દુર્લભ એવા પુત્રરત્નનું મુખ ઘણે દિવસે જોવાથી અશ્રુત પૂર્વ આનંદ અનુભવ્યો. પુત્ર મુખ દર્શન સુખના આનંદની ઘડીમાં, ગડબડને સુકાની તરિકે રાખી જે

ચાંચીયારૂપ જ્ઞાતિજનો સંસાર સમુદ્રમાં એમના સુખને લૂટી રહ્યા હતા તેનું વિસ્મરણ થયું ! માતપિતાને એકલાં જોઇનેજ, જ્ઞાતિજનો તરફથી કંઇક અનિષ્ટ બનેલું છે એ લક્ષ્મીપ્રસાદ સમજી ગયો. માત પિતાના મુખ ઉપર પોતાને જોયા પહેલાંની ઘડી પૂર્વે ગ્લાનિ વાદળ હતું તેને જાણી લીધા છતાં તેણે માત પિતાને વિધિની ખાતર સુખ પૂછ્યું. સ્ટેશન ઉપર જ્ઞાતિજનોની શુન્યતાનું હાર્દ સમજતો છતાં અમુક ખુશીમાં છે ને ? અમુક હાલ કયાં છે ? એવા પ્રશ્નો કેવળ વીધિની ખાતર કરતો, બંને બાજુએ બેઉ ભાંડુને ઉચકી, પૃથ્વી ઉપર ઉતરી આવેલા બ્રહ્મા સમા જણાતો, પરીજનોને સંખ્યાબંધ નવાઇની ચીજો, કંઇક હીંદમાં દાખલ કરવાના હુન્નરો માટેનાં ઓજારો વગેરેના પાર્સલો લાવવા આજ્ઞા કરી ઘેર આવવા માટે માત પિતા ભાંડુ સાથે ગાડીમાં બેઠો.

" જ્ઞાતિબંધુઓની બેદરકારી સિવાય બીજું તો કંઇ અનિષ્ટ નથી બની શકયું ને ?—"

ઉત્સાહ પ્રેરતો લક્ષ્મીપ્રસાદે પીતાને પ્રશ્ન કર્યો.

" ના, ભાઇ ના કંઇ નથી બન્યું. અને જે કંઇ બન્યું છે તે સંજોગો જોતાં બનવુંજ જોઇએ " ભાનુપ્રસાદે ઉત્તર આપ્યો.

લક્ષ્મીપ્રસાદ પિતાના આ ઉત્તરનો મર્મ પૂરો સમજી શકયો નહી.

" વારૂ, અવિચળપ્રસાદ મહાત્મા કયાં છે ?" લક્ષ્મીપ્રસાદે આ-તુરતાથી પ્રશ્ન કર્યો.

" ભાઇ, એ બિચારો મહાત્મા તું ગયો ત્યારથી કંઇક અદૃશ્ય થઇ ગયો છે એજ અમારૂં દુઃખ થઇ પડયું છે.—"

"પણ દુઃખ શું ?—"

" કંઇ નહીં, કંઇજ નથી. તું સહજ શાંત થઇને સાંભળજે પછી.

" આપ દુઃખ ભલે માની લેજો, જ્ઞાતિબંધુઓ તરફથી કોઇ અવરોધ કે અંતરાય નાખેલો જોવામાં આવે તેને હું દુઃખ નથી ગણતો. પિતાશ્રી આપને સહજ પણ સંકોચ પામવાનું કારણ નથી. શું એ લોકોએ આપણા કુટુંબને જ્ઞાતિ બહાર મૂકી દીધું છે ?"

" ના, ના, હજુ સુધી ગડબડભાઇ જેવા અગ્રેસરની સહાયતાથી

તેટલે સુધી તો નથી બન્યું. તે મદદમાં નહત તો તે પણ થાત.” રત્નલક્ષ્મીએ હૃદય હલકું કરી ઉભરો કહાડયો.

“ શું ગડબડ જેવા સાધારણ મનુષ્યો મદદમાં રહેવા તત્પર થયા? અને બાપુશંકર પુરાણી જેવા ખસી નીકળ્યા, અજબ દુનિયાં ! માતુશ્રી ! ”

“ ગડબડે તો બિચારા એ ડુબતા નાવને જાણે ટેકો આપ્યા જેટલી મદદ કરી છે.” રત્નલક્ષ્મીએ કહ્યું-

લક્ષ્મીપ્રસાદ—શી ?

“ ભાઇ,” ભાનુપ્રસાદે કહ્યું “ બાપુશંકર પુરાણીથીજ કળિયુગીઆં મનુષ્યોના જુલમની શરૂઆત થઈ; અવિચળપ્રસાદના ક્યાંય ગુમ થવાથી તેમના ચેલાઓની સહાયતા નષ્ટપ્રાય થઇ. જ્ઞાતિ સમસ્ત એકત્ર થઇ, પરદેશ ગમન કરવા માટે આપણા કુટુમ્બનો જ્ઞાતિ બહિષ્કાર કરવાની તૈયારી થઇ.”

“ પછી મૂકી દીધાં ? ”

“ મૂકિ દેત ! પરંતુ ગડબડની વગે બહુ કામ કર્યું.” એણે કહ્યું કે આ બધો લક્ષ્મીપ્રસાદને જ્ઞાતિમાંથી કન્યા ન મળે અને તમે બે ચાર વર્ષ જ્ઞાતિ બહાર રહો તે માટેનો પ્રપંચ રચાય છે.

“ પછી ! ”

“ એમ કહી તેણે એક ગામડામાંથી પણ સારા ઘરની કન્યા શોધી કહાડી છે—”

“ **એમ** ! ! ! ” અત્યંત આવેશપૂર્વક દીઅર્થી શબ્દવડે એણે પૂછ્યું, વિદ્વાન અધીરો બન્યો !

“ હા; અને જો તે આપણ સ્વીકારતા નથી તો અણધાર્યા વખત સુધી દુઃખ સમુદ્રમાં ઝંપલાવા જેવું થતું હતું. તે ઉપરથી તે ગૃહસ્થો આજથી આઠેક દિવસ ઉપર આવી ચાંલ્લો કરી ગયા છે.”

અંતઃકરણમાં અત્યંત ખેદ પામતો, બહારથી શરમાયા જેવો સહજ ઢોંગનો આશ્રય લઇ, ખેદની વાસ્તવીક લાગણીઓને તેનાથી આચ્છાદન આપતો, અંદરથી સેંકડો નિઃશબ્દ નિઃશ્વાસ નાંખતો, વિધીની ચમત્કૃતિથી વિસ્મય થતો લક્ષ્મીપ્રસાદ ગાડીમાં નીચે જોઇજ રહ્યો.

સ્ટીમરમાંના પ્રશસ્ત ગુજરાતી કુટુંબની સાથે થયેલી સૌથી પ્રથમ ઓળખાણ, તે પછી પ્રારબ્ધ યોગે તે કુટુમ્બનાં મનુષ્યો સાથે થયેલો પરિચય, જે પરિચયથી પૂવ જન્મે યુગના યુગ સુધી તેમની સાથેના સંબંધનાં આત્માએ ઉખેડી ઉખેડીને જોયેલાં પડો, ઉદ્યાનનો અપૂર્વ વાર્તાલાપ, પછીના પરિચયો, સુવણ કુમારીની દીવ્ય મુખમુદ્રા નિ:શબ્દ છતાં સેંકડો ઉચ્ચાર કરી પોતાના વાસ્તવીક આવિર્ભાવ પ્રગટ કરનારા સંખ્યાબંધ પ્રસંગો, અને છેવટે હીંદમાં પાછા ફરતાં, એ કુટુમ્બની લાગણીઓએ એના અંતઃકરણ ઉપર મેળવેલી ફતેહ— આ બધા બનાવો, શ્રી કૃષ્ણ પરમાત્માએ સુદામાને યમુનાનાં પવિત્ર જળમાં ડુબકી મારી પોતાની લીલા બતાવનારા પ્રસંગનું ભાન કરાવનારા જેવા જણાયા, અને તે સ્વપ્નવત્ સીનેમેટોગ્રાફી યંત્ર સમા, એક મનમાં આવી ગયા!

એટલામાં ઘર આગળ આવીને ગાડી થોભી! એટલે ગાડીની ગતીએ, નસેનસમાં વધારી મૂકેલા રૂધિરાભિસરણની ગતીને પણ જાણે મંદ પાડવાથી મગજમાંની સંકલ્પના પણ થોભી. અને તેણે ઘર આગળ લાગ લગું શું જોયું? કેળ નીચોવતાં, પાપડ વણતાં, પાપડ વણીને સુકવતાં, વગેરે વગેરે લગ્નની જૂદી જૂદી માંગલીક ક્રિયાઓ શરૂ કરી ગાતાં ચાર ચાર પાંચ પાંચ સ્ત્રીઓના મંડળોએ ઘર નજીકના વાતાવરણને લગ્નમય, આનંદમય ઉત્સવમય બનાવી મૂકેલું જોયું!

" *સૈયર લગન દીવસ આવ્યા ઢુકડા—
" સૈયર પેઉજી સિધાવ્યા પરદેશરે—નણદીના વીરા
" આજે ઘર ભણી વ્હેલા આવજો!
" મ્હેં તો કુમકુમથી લખી કંકોતરી—
" મ્હેં તો તેડયાં **નાતીલાં નરનારરે**—નણદીના વીરા.
" આજે ઘર ભણી વ્હેલા આવજો!

* * * * * *

"**નાતીલાં નરનાર**" એ શબ્દ આવતાં બધાં સ્તબ્ધ થઈ ગયાં.

"ભમરા વ્હેલો વધાવો મ્હારે આવીઓ" એ દેશી.

“ભાઇ આવ્યા ! ભાઇ આવ્યા !” થઇ રહ્યું. સૌના મનમાં આનંદ આનંદ થઈ ગયો ! સરલા સૌથી વધારે આનંદમાં આવી ગઇ જણાતી હતી ! લગ્ન વીધિના કેટલાક ભાગમાં એને ભગિની તરિકે ભાગ લેવાનું એને કરાવવામાં આવેલા ભાનથી એનો ઉમળકો અંતઃ-કરણમાં સમાતો નહોતો. પણ ભાઈ એ હજુ એને સ્ટેશન ઉપર તેડી લીધા ઉપરાંત બોલાવવાનો અવકાશ મળ્યો ન હતો.

“સરલા બ્હેન ! વિલાયતથી ભાઇ ત્હારે માટે શું લાવ્યા છે એ કંઇ તને કહ્યું ?” એક સહજ બોલકણી ‘કાકી’એ સાહસ કરી પૂછ્યું.

સરલા શાંત ઉભી રહી. ભાઇને ભાન થયું કે હજુ એને પૂરી બોલાવી પણ નથી. એટલે એને પાછી ઉંચી કરી. પરંતુ એ નીચે ઉતરી પડી અને જાણે લક્ષ્મીપ્રસાદને તાણવા લાગી.

“ના, નાં; હું બતાવું ત્યાં ચાલો. નહીં બસ ! અમે કહીએ તેતો જુઓ !” એમ બોલતી લક્ષ્મીપ્રસાદનો હાથ તાણતી એને દિવાન-ખાનામાં લઇ ગઇ ! અને વીજીની મ્હોટા કદની ચિતરાવેલી છબી આગળ ધસડી ગઇ:—

“જુઓ, મ્હોટાભાઇ, આ છબી મ્હને સૌથી સારી લાગે છે ! જાણે હમણાં બોલી ઉઠશે ! જુઓને !”

લક્ષ્મીપ્રસાદને આ છબી જોઈ અનેક તર્ક વિતર્ક થવા માંડયા.” ખરેખર, અહીંતો બધું નક્કી કરી મુકેલુંજ લાગે છે ! એક બાજુથી લગ્ન માટેની સીધા સામાનની તૈયારી થતી જોઉં છું. બીજી બાજુએ માત પિતાએ અનેક મુસીબતો વચ્ચે પસાર થઇ આ ગોઠવણી મુકરર કરેલી જણાય છે. !

અહો ! જગતમાં ગુણોની ઉપર કે પુરૂષાર્થ ઉપર મનુષ્યે “ શો આધાર રાખવો ? કોઈની અનહદ કૃપા ઉપર કે અપૂર્વ સ્નેહથી પણ શું ? પ્રત્યક્ષ પદાર્થને પરોક્ષ કરી મૂકી, સ્વપ્ને પણ ખ્યાલ નહીં કરેલ તેવા પદાર્થોને સન્નિધે લાવી મૂકનારી વીધિની ચમત્કૃતિ, મનુષ્યોથી કેટલી ગહન છે ? અમૃતમય સંજોગોને ઘડીમાં હળાહળ વિષામય કરી મૂકનાર, બ્રહ્મા વિશ્નુ અને રૂદ્ર, સૂર્ય અને ચંદ્ર જેવાને પણ કોઈ જાતના અપવાદ વગર, એક સરખી રીત્યે કર્મના મહા નિયમને આધિન બનાવી મૂકનાર વિધાતા ! તને સર્વથા નમસ્કાર છે !

ક્યાં મ્હારા ઇંગ્લંડમાં કરેલાં સ્વપ્નાં! અને ક્યાં આ માત પિતાએ કરી મૂકેલી ગોઠવણ?! મૃત્યુ લોકમાં તો કર્મરેખાને અનુસરીનેજ ફલ પ્રાપ્તિ છે એ સામાન્ય નિયમ મ્હને હજુ હવે જાણે સમજાય છે! અને મ્હેં તો ત્યાં આખી જીંદગીનાં "પ્રોગ્રામ" રચી મૂકેલાં હતાં! અહો! વિના પ્રયોજને જાણે મૃગજળ પાછળ પાછળ મ્હેં કાળ ક્ષેપ કર્યો! નહીં. નહીં. હું મ્હારાં અનુમાનોમાં ભૂલતોતો નથીજ. ભવાનીપ્રસાદના ઉદ્‌ગારો, અને શાન્તાગવરીના વિચારો, એ તમામ નેત્ર સમક્ષ ખડા થતાં પુનરપિ પ્રતિતિ આપે છે કે મ્હારી ધારણાઓ વાસ્તવીક હતી."

આવી રીત્યે લથડતા વિચારો કરતો લક્ષ્મીપ્રસાદ એક લાંબી ખુરસીપર બેઠો હતો તેવામાં ભાનુપ્રસાદ અહીં આવ્યો. પુત્રને એકલો જોઇ, જ્ઞાતિના આગેવાનો તરફથી મુસીબતો પુત્ર સમક્ષ મૂકી હૃદય હલકું કરવાના વિચારે તે બોલ્યો.

ભાઇ, તને મ્હેં થોડા વખતમાં એકદમ બોલાવી લીધો એથી ત્હારે આશ્ચર્ય પામવાનું નથી હોં! અમારી મુસીબતો ત્હારા ગયા પછી દીવસે દીવસે વધવા લાગી.--અસહ્ થઇ પડી. આપણને જ્ઞાતિ બહાર મૂકવાની વાર ન હતી.

એ અરસામાં આપણા કેટલાક શુભેચ્છકોએ સલાહ આપી કે જ્ઞાતિએ એક વખત બહીષ્કાર કર્યો તો પછી કન્યા મળતાં મુશ્કેલી નડવાની. આપણી જ્ઞાતિ ગુણ અવગુણ, વિદ્વત્તા કે નિરક્ષરતા જોતી નથી. માત્ર અગ્રેસરોના હાથમાં છે. ને અગ્રેસરો કેવા છે તે કહેવાની જરૂર નથી. એ લોકો પૂર જોસમાં આવી ગયા છે. અને વખતે ભેગા થઇ કંઇ એવા ઠરાવ ઉપર આવી જાય તે પહેલાં ગડબડની મદદથી રણવાસ ગામમાં એક સ્થળે ત્હારૂં વેવીશાળ યોજી નક્કી કર્યું છે. રણવાસ અહીંથી સહજ દૂર તો છે. રેલવે સ્ટેશનથી પણ થોડે છેટે છે. પણ આ સંબંધ બહુ ગરીબ સ્વભાવનાં મનુષ્યો સાથે છે એટલે સુખે દુઃખે સાથે રહી આપણી સાથે ઝંપલાવે તેવાં સુવાળા સ્વભાવનાં છે, એ ગડબડના કહેવાથી જણાય છે. ગડબડે તો આપણને સંકટના સમયમાં ખરેખરી સુહાય કરી છે."

લક્ષ્મીપ્રસાદ નિરૂત્તર રહી નીચે ગલીચા સામે જોઇજ રહ્યો. શરીર માત્ર અહીં હીંદમાં હતું. મન ઇગ્લંડમાં, સુવર્ણકુમારી પાનનાં બીડાં આપવા તથા બોલાવવા આવી હતી એ ઓરડામાં ફરતું હતું.

જીંદગીમાં પહેલવહેલીજ અસહ્ય ક્લેશની ઘડી તેણે આજે અનુભવી. મનનું સમાધાન કરવાનો એકે માર્ગ ન જોયો.

"પિતાશ્રી ! " તેણે કહ્યું " હવે ગભરાવાનું કંઇ કારણ નથી–" પોતાના હૃદયમાં હતું તે બોલી જવાયું.

" હવે તો શું છે ? પ્રથમ હતું ભાઇ, હવે તો સૌ સારાં વાનાં થયાં છે. ગડબડ આપણી વતી જાતેજ જોઇ તપાસ કરીને નક્કી કરી આવેલો છે. "

" વારૂ, ભલે. પણ મ્હને સહજ અસ્વસ્થતા લાગે છે તો આ વાત મોડેથી કરીએ તો કંઇ હરકત છે ? મ્હને કંઇક વિશ્રાન્તિની જરૂર છે, પિતાશ્રી ? "

" ભલે, ભાઇ, તેમ હોય તો તું વિશ્રાન્તિ લે, સુઇ જા ! હું નોકરને કહેતો જાઉછું કે તને કોઇ ગડબડ ન કરે. "

સહજ પણ ક્લેશને, કદી મગજમાં અવકાશ ન આપનાર આ સાધુ પુરૂષને આજે તીવ્ર લાગણીઓએ દુઃખી કરવાથી તેને બેચેની જણાવા લાગી, પરંતુ હિમતથી, મનોબળ એકઠું કરી, આવી પડેલી વિપત્તિ તરફ જોઇ, તદ્દન નિરાશાના પ્રસંગમાં પણ, મનોરથોએ–તરંગોએ ચણી મૂકેલો કિલ્લો તૂટવા ઝઝુમી રહેલો જોઇને પણ, આ સાધુ પુરૂષ વીધિની ઘટના જોઇ તે તરફ માત્ર હસ્યો ! શ્રમિત થયેલાં મગજને વિશ્રાન્તિ આપવા માટેજ જાણે, આશ્વાસન આપવા આવી હોય તેમ, દુઃખી ઘડીમાં ' સુખ પૂછવા ' આવનાર માતા સમી નિદ્રા આવવાથી તે બિછાના ઉપર પડયો.

વીશેક મીનિટ પછી જાગૃત થયો. દિવાનખાનામાં આમતેમ આંટા મારવા લાગ્યો. " અનેક જન્મોના કર્મફળ તરિકે મનુષ્ય માત્રનું પ્રારબ્ધ યોજાય છે, દેવો પણ તેની યોજનામાં ફેરફાર કરવા સમર્થ નથી, એ બધું વાંચી ગયા તે હવે અનુભવવાનો સમય આવી પહોંચ્યો ! શ્રીરામચંદ્રજી જાણતા નહતા કે સુવર્ણનો મૃગ કદી હોઇ ન શકે ? ક્યાં અયોધ્યા ? ક્યાં દશરથનાં વચન ? કૈકૈની માગણી ? ક્યાં રામ વનવાસ ? ક્યાં સીતાનું હરણ ? ક્યાં લંકા ? સંભવ નથી એવાની પણ ઘટના કરનાર વિધાતાની યોજનામાં ફેરફાર કરવા કોણ સમર્થ છે ?

"અહા ! પણ ભવાનીપ્રસાદનું દૈવી કુટુંબ ! તે સ્ફટીક હૃદયનાં

દૈવ મનુષ્યો ! ક્યાં એમની મ્હારા માટેની અમાનુષી લાગણીઓ ! અને પિતાના વચનને માન આપી પિતાની યોજનામાં સામેલ થાઉં તો ક્યાં મ્હારી એક અઘોર પાપ કર્મ કરનારની હૃદય કાઠિન્યતા અને કૃતઘ્નતા ! ક્યાં ઈંગ્લંડના સુરમ્ય, સ્વર્ગ લોકને દુર્લભ એવા પવિત્ર બનાવોના પ્રસંગો ! અને ક્યાં તેનું, આ ગોઠવણમાં સામેલ થઇએ તો ક્રૂર રીત્યે કરવામાં આવતું વિસ્મરણ ? ! ! વિસ્મરણ કે ખુન ? !

"હા; એક બીજી વાત છે. ને તે મ્હોટી વાત છે તેનો વિચાર કરવો રહી જાય છે. ઈંગ્લંડના બધા એ પ્રસંગો દરમ્યાન, ભવાનીપ્રસાદ કે શાન્તાગવરીના મુખમાંથી સુવર્ણકુમારીનું વેવીશાળ મ્હારી સાથે કરવાને લગતો એક શબ્દ પણ નથી નીકળ્યો ! પુત્રીના લગ્ન જેવી મહત્વની બાબતમાં સ્પષ્ટ શબ્દોને અભાવે શું મ્હારે તે માનીજ બેસવું જોઇએ ? એ કેટલું સાહસ ! આવાં ઉચ્ચ આશયવાળાં દૈવી મનુષ્યો નિર્દોષ વાર્તાલાપ કરે તે ઉપરથી બંધાતાં અનુમાનોમાં કદાચ્ હું મ્હોટી ભૂલ તો નહીં ખાતો હોઉં ?

" નહિં, નહિં, નહિં ! કેળવણી ! દુનિયાના જુજ અનુભવ ! મ્હને તમે હમેશનાં પરિચિત મિત્રો થઇ છેતરશો નહિં ! એક જન્મમાં નહીં પરંતુ અનેક જન્મમાં ન ભુલાય તેવાં ચિત્રો હમેશને માટે મ્હારા હૃદયમાં પડી ચૂકેલાં મોજુદ છે ! એટલે એમાં સ્પષ્ટ શબ્દોનો જો કે અભાવ છે. પરંતુ તે માન્યતામાં હું ગફલત કરતો નથી.

"શામાટે સ્પષ્ટ ખુલાસો એમણે નહીં કર્યો હોય ? શું તક નહતી ? પ્રસંગ નહતો ? અનુકુળતા નહતી ? અગવડ હતી ? ઇચ્છા હતી તો અવરોધ હતો ? હતો તો તે શો ? એનો ખુલાસો શી રીત્યે થઇ શકે તેમ છે ?

"એમની પેટા જ્ઞાતિ જૂદી છે. ને તે ઉપરથી કદાચ્ પેટા જ્ઞાતિઓના સંમેલનનો વિષય તેમણે ભાર દઇને ચર્ચાવાની તક મ્હારી હાજરીમાંજ લીધી હોવી જોઇએ. પરંતુ તે ચર્ચાના પરિણામે તેઓ શા નિશ્ચય ઉપર આવ્યાં તે જાણવાનું સાધન ક્યાં છે ? વિવેકી મનુષ્યોની હીલચાલો તો બધે પ્રસંગે વિવેકી હોયજ ! એટલે એથી ભૂલવાનું નથી.

"ગમેતેમ હોય. એમના વિચારો સ્પષ્ટપણે નથી જાણ્યા એટલે બધું અનિશ્ચિત ! દરમીયાન પિતાએ ગોઠવણ કરી રાખી છે ! આર્ય

સંસારમાં "**પિતાની આજ્ઞા અને રાજાનું વચન**" એ વેદ મંત્ર સમાં સમજવાં. ઇંગ્લંડ જવા માત્રથી જ્ઞાતિના મ્હોટા ભાગે જે રમખાણુ મચાવી મૂકેલું જણાય છે તે પેટા જ્ઞાતિમાં લગ્ન કરવાથી બહુ વધી જાય! પરંતુ તે માટે તો હું તત્પર બનવા ભાગ્યશાળી માનત! પરિણામે પેટા જ્ઞાતિઓનું ઐકય થવાનું છે એમાં મ્હને અગાધ શ્રદ્ધા છે. માત્ર તે ઐકય, કેટલે દૂર છે તે હાલ સમજી શકાતું નથી. પરંતુ સ્પષ્ટ વચનના અભાવે માત્ર અનુમાનો ઉપર દોડવું એ બરોબર નથી લાગતું!

"વળી, સૌથી મ્હોટો ખુલાસો પ્રારબ્ધે અહીં કરી મૂકેલો છે તેનું કેમ? પિતાએ ગોઠવણુ કરી મૂકી છે, તેમની આજ્ઞા થાય છે, તેને તાબે થવું એ મ્હારો પરમ ધર્મ છે, મ્હેં કંઇ વ્યવસ્થા કરી નથી, જે છે તે અવ્યહાર સમજણથી, અનુમાનોથી ચાલે છે.

"પિતાએ કરી મૂકેલી આ ગોઠવણથી પુત્ર ધર્મ સચવાય છે. હું પિતાને શું—શા શબ્દોમાં—કેવી રીત્યે કહું? આ તો પાયા વગરની વાત છે, પણ પાયા વાળી મૂકવી હોય તે પણ શી રીત્યે મૂકવી? અસ્તુ! પ્રારબ્ધ તને સેંકડો નમસ્કાર હજો! પિતાએ કરેલી યોજના હૃદયને તો નહિં ફાવે! દુઃખ લાગશે! પરંતુ સંસારમાં પચ્ય થવા દુઃખ પણ બહુ જરૂરનું છે! અંતઃકરણને ભલે ખેંચાવા દેવું પડશે! એથી થતા દુઃખનો અનુભવ મેળવવાનું, મ્હારાજ પૂર્વ જન્મોના અનેક કર્મોએજ યોજી રાખ્યું છે ને તે માટે મ્હારે તત્પર રહેવું જોઇએ!

"આ દુઃખની ઘડીમાં **મન** જે મ્હારો હમેશનો સોબતી, તેણે પોતાના સ્થાનમાંથી વિંધ્યાટવીની મહાન ગુફામાં જાણે ભ્રમણ કરવા માંડયું છે! સોબતી કહીએ—ગુરૂ કહીએ, વડીલ કહીએ તે મહાત્મા **અવિચળ-પ્રસાદ!** જેણે સંસારમાં મનુષ્યોના દાવાનળ સમાં દુઃખદ વર્તનોના, આધુનિક અધમ સ્થીતિ જેનું પરિણામ બની રહી છે તેવા (વર્તનો) થી કંટાળી, ત્રાસ પામી, સંસારમાં સંપૂર્ણ રીતે ધકાઇ, સંસારને હમેશને માટે ત્યાગ કરી, કોઇ મહાન ગુફામાં, મનુષ્યોના વ્યવહારોના શબ્દો પણ કાનને ન પહોંચે તેવી રીત્યે પ્રવેશ કર્યો લાગે છે!

"શું આવા મહાત્માઓ, સંસારના ત્યાગી પુરૂષો, એમ સમજતા હશે કે, અમુક અરણ્યમાં જઇ પરમાત્માનું ધ્યાન ધરી મોક્ષપદવીના મુમુક્ષુ બની જવામાંજ મનુષ્યદેહની સાર્થકતા રહેલી છે?! આર્યોની

કરોડો વ્યક્તિઓ, આધુનિક અધમ સાંસારિક બંધારણના ત્રાસથી, દુઃખી થાય છે તે જમાનામાં, **परोपकाराय सतां विभुतयः** અને **आत्मवत् सर्व भूतेषु** ઇત્યાદિ પારમાર્થીક સુત્રો પોતાનાં કરેલાં છે એવા મહાત્માઓએ પોતાનાજ આત્માની ઉન્નતિને અર્થે પ્રયત્નમાં જોડાવું એથી "**સ્વાર્થ**"ની બીજી વાખ્યા પણ શી ?

"કૉન્ગ્રેસો અને કૉન્ફરન્સો ભરાય છે. સંસારનાં અને ઉદ્યોગનાં. તેમાં લોકલાગણીની પરિસીમા બતાવનાર ઉચ્ચ આશયવાળા મહાત્મા રાનાડે સમા દેવ પુરૂષોની, પવિત્ર અને અમુલ્ય જીંદગીઓ ખર્ચાવાથી ઉદ્યોગની ને પરોપકારની બીજી શાખાઓમાં તે લંબાઇ શકતી નથી. ઉપદેશના આવશ્યક કર્તવ્યમાંજ તેવી ઉપકારક જીંદગીઓની અવધિ આવી રહેછે. એ **ઉપદેશકનું આવશ્યક કર્તવ્ય**—આ મહાત્મા અવિચળપ્રસાદ અને એમના જેવા હીંદમાં સુમારે પચાશ લાખ બાવા ત્યાગી પુરૂષો હશે, તેમાંથી જો પચાશ હજાર પણ વિદ્વાનો હોય અગર તેથી ઓછા હોય તે ઉપાડી લે, તો હીંદની સાંસારિક ઉન્નતિના હિતેચ્છુઓને માથેથી કેટલો બોજો ઓછો થાય ?

"પણ મ્હને લાગે છે કે આ વખતે મ્હારો સ્વાર્થ મ્હને આ શબ્દો બોલાવે છે ! અરે પણ નહિં ! એ મહાત્મા અવિચળપ્રસાદનાજ આ શબ્દો છે !

આ સ્થળે ભાનુપ્રસાદે બારણું જાળવીને ઉઘાડયું—એટલે પાછળ છાયાની પેઠે રત્નલક્ષ્મી દાખલ થઇ, અને કોઇ જાતની વિધિ વગર એ ભાંડુ દોડતાં દોડતાં ભાઇના ઉત્સંગમાં આવી બેઠાં ! એ ક્ષણે લક્ષ્મીપ્રસાદને વિચાર થયો કે "જેમ ચાલે છે તેમ થવાદો ! આપણા કુટુંબની શાન્તિમાં, મ્હારી સ્વતંત્રતાને પ્રવેશ કરાવી રમખાણ મચાવી મૂકવા જરૂર નથી. પરંતુ તતક્ષણે ભવાનીપ્રસાદ, શાન્તાગવરી, અને સુવર્ણકુમારી જાણે તેના સન્મુખ હવામાં આવી ઉભાં રહ્યાં ! અને જાણે પોતે લાચાર થતો હોય તેમ તેમના સામે જોતાં શરમાવા લાગ્યો. એક સાધુપુરૂષના વિવેકે કુટુંબકલેશ સામે જાણે શસ્ત્રો લીધાં !

"પિતાશ્રી !" એણે હિંમત એકઠી કરી પૂછવા માંડયું "વખત બધો એકસરખો નથી જતો. કદાચ્ એકાદ મહિના પછી આ ધામધુમ થાય તો કેવું ?!"

"નારે ભાઇ ! તો તો પછી કેટલો બધો પ્રયાસ કરી આ ગોઠવણ કરી છે તે બધી વ્યર્થ જાય ! જે ફજેતી કેટલાકોએ શરૂ

કરવા માંડી હતી અને જેના જવાબરૂપે આ લગ્ન નક્કી કરી મૂક્યું છે તે તેથી વળી ઓર વધે ! એમાં સાર્થક શું ? એમ કરવાથી શું ઉપાધિ ઓછી થાય તેમ છે તે તો કહે !"

"ઉપાધિ ઓછી થાય નહીં કેમ ? જે જે લોકો જ્ઞાતિમાં વિરૂદ્ધ પડેલા જણાય તેમની સંમતિ મેળવવા પ્રયાસ થાય. એમને સમજાવાય કે મ્હારૂં વિલાયત જવું તે વટલી જવા માટે નહતું. અને હું વિલાયત જવા માત્રથી વટલી ગયો નથી. પરંતુ ત્યાંના લોકોને મદ્ય માંસ ત્યાગ કરાવવાના હેતુથી ગયેલો હોવાથી હું ઉલટો તેમની કૃપાનું પાત્ર બનેલો છું એ વગેરે બાબતો જે વિરૂધ્ધ હોય તેમને ગળે ઉતારવી."

"હા; પણ તેથી આ લગ્નમાં એ લોકો વધારે સંખ્યામાં ભાગ લે, એટલુંજ ને ? એમની ખુશામતનું પરિણામ બીજું શું વધારે આવે ? અને તે પાછી પ્રયોજન વગરની ખુશામત ! આપણ તદ્દન નિર્દોષ છીએ, એ વાત સમજશે એટલે તો એ બધા આવીને આપણી સાથે પાછા બેસવાના ! જ્ઞાતિજનોની બધે રીત છે કે, આમ ઘેર સો આંટા મારી જાય અને આંગ્યે ટાંકણે ભારે થઇને બેસે !"

"ના; ના. પિતાશ્રી ! લગ્નમાં એમને સામેલ રાખવા એટલુંજ નહીં, પરંતુ આપણા સ્વાર્થની ખાતર પણ આપણે વિચાર કરવાનો છે. લગ્ન જેવાં કાર્યો, જે જીંદગીમાં એકજ થાય છે ;તેને માટે જે પુખ્ત વિચાર ને બારીક તપાસ કરવાનો છે—"

તે તો બધો અમે ગડબડ મારફતેજ કર્યો છે—પછી કોઇ આવા બારીક વખતમાં બીજું મળી શકે તેમ થોડુંકજ છે !"

"કેમ નહીં, પિતાશ્રી ! બીજે પણ કેમ ન મળે ? ! જ્ઞાતિના બધા લોકો કંઈ એક સરખા વિચારના થોડાકજ હોય છે ?"

"આપણી જ્ઞાતિમાં એક પણ માણસ હું જોતો નથી કે, જે આ ઉપસ્થીત કરી મૂકેલ ચર્ચાના ચોઘડીયામાં આવીને આપણે ઘેર ચાંલ્લો કરી જવાની હિંમત ધરી શકે !"

"ભલે. આપણી જ્ઞાતિમાં નહીં, ને કદાચ્ નજીકની પેટા જ્ઞાતિવાળો કોઇ હિંમતવાન બનવા તત્પર થાય;—"

"છે, છે ખરૂં. આપણે કાને આવેલી બીજી ચર્ચામાં પણ કંઇક પાયો છે ખરો—" ભાનુપ્રસાદે રત્નલક્ષ્મી સામે જોઇ કહ્યું.

રત્નલક્ષ્મી પુત્રના મુખ સામે નિરૂત્તર જોઇજ રહી.

"બીજી શી ચર્ચા કાને આવી છે, પિતાશ્રી !"

બીજી ચર્ચાએ કાને આવી છે કે......નગરના એક ધનાઢ્યનો પુત્ર વિલાયત ભણવા મોકલ્યો હતો તેણે ત્યાંની કોઇ સ્ત્રી સાથે લગ્ન કર્યાનું સંભળાય છે. તેવીજ રીત્યે તારા માટે પણ કેટલાકે થોડાકજ રોજ ઉપર જ્ઞાતિમાં એક નનામો કાગળ લખી ચર્ચા ચલાવી મૂકી હતી—"

"ના; ના. પણ તે અંગ્રેજ સ્ત્રી પરણ્યા સંબંધમાં નહીં. પરંતુ ભાઇના સંબંધમાં તો બીજી નાતની સ્ત્રી સાથે લગ્ન થવાનાં છે એવી વાત ચર્ચાવા માંડી હતી" રત્નલક્ષ્મીએ ઉમેર્યું.

"બીજી નાતની એટલે વાણીયાની ક્ષત્રીની કે શુદ્રની ? !" લક્ષ્મીપ્રસાદે પૂછ્યું.

"આપણી પોતાની નાતની નહીં. પછી તે ગમે તે નાતની હોય !" ભાનુપ્રસાદે કહ્યું.

"પણ તે આપણીજ જ્ઞાતિની એટલે નજીકની પેટા જ્ઞાતિની હોય, જેમની સાથે છૂટા પડયાને પૂરાં બસેં વર્ષ પણ ન થયાં હોય તેવામાંથી કદાચ્ સારૂં સ્થળ મળી આવે તો !"

"જ્ઞાતિવાળાઓને તો એટલુંજ કંઇક જોઇએ છે ! એમ થાય તો તો ગડબડ જેવા મદદના સ્તંભ પણ ભાગી પડે ને એક કોરે જઇને બેસે ! જ્ઞાતિમાં તેજદ્વેષ કેટલો છે તે તો તારી જાણમાં છે. વિલાયત જવાથી તું વટલાઇ ગયો નથી એ વાત તો ઘણાખરાના જાણવામાં છે, એટલે કદાચ્ એ ચર્ચાથી થયેલો ઘા ટુંક વખતમાં સારો થશે, પરંતુ આ પેટા જ્ઞાતિમાં પણ લગનની વાત સરખી થવા પામી તો અવિચળપ્રસાદ મહાત્મા નથી એટલે કદાચ્ જીંદગી સુધી નાત બહાર ! માટે એ વિચારોને મગજમાં સ્થાન પણ હાલ ન આપતો ભાઈ, કુટુંબના ભલાની ખાતર, આ ત્હારાં ભાંડુઓના ભવિષ્યની ખાતર, એટલે બધે સુધરી જવાનો જમાનો હજુ આવી પહોંચ્યો નથી જ-ણાતો ! પ્રથમ જ્ઞાતિઓ એકઠી કરવાનો ઉપદેશ આપી અપાવી તે એકત્ર થાય તે પછી એવી વાતો શોભશે. તે પૂર્વે આપણે ત્યાંથીજ એ શરૂઆત કરવાનું સાહસ મ્હારામાં નથી. મ્હેં તને વિલાયત જવાની સંમતિ આપેલી તે ત્હારા વિશુદ્ધ ધાર્મિક વર્તનની મ્હારા મનમાં ઉંડી છાપ તેથી, કાંઇક એ મહાત્મા અવિચળપ્રસાદના ઉપદેશથી,

કાંઇક પુજ્યપાદ ભગવાન્ શંકરાચાય મહારાજશ્રીએ કેટલાક વિલાયત જઇ આવેલા બ્રાહ્મણોને પ્રાયશ્ચિત આપી પાવન કર્યાના દાખલા મ્હારા આગળ એ મહાત્માએ મૂકયા તેને લઇને ! બાકી, ત્હારા ગયા પછી અમને જે મનનું સંકટ વેઠવું પડયું છે તેનું પ્રથમથી કોઇએ ભાન કરાવ્યું હત તો હું તે પણ વિચાર કરત ! "

" ભાઇ, એવું કોઇ પેટા જ્ઞાતિનું બ્રાહ્મણ કુટુંબ વિલાયત આવ્યું હતું ? " રત્નલક્ષ્મીએ આતુરતાથી પ્રશ્ન કર્યો.

"હા; હા. તેને ઉદ્દેશીનેજ હું આ વાત કરૂં છું." લક્ષ્મીપ્રસાદે કહ્યું.

" ના, ભાઈ ના. તે આપણે આવા મામલામાં ન જોઇએ " રત્નલક્ષ્મીએ કહ્યું.

આ ચર્ચા એટલેથી લક્ષ્મીપ્રસાદે મૂકિ દાધી ! માતપિતાની સંમતિનો અભાવ, અશિક્ષિત જ્ઞાતિજનોની વિરૂદ્ધતા, લોકમતની અ-પરિપકવ સ્થીતિમાં આવા પ્રકારનું સાહસ કરવામાં રહેલ જોખમ, જે બન્ને ભાંડુના ભવિષ્ય ઉપર પણ અસર કરવાની ભીતિ બતાવે છે જેના ઉપર પિતાએ ભાર દઇને ધ્યાન ખેંચ્યું તે, અવિચળપ્રસાદ જેવા મદદગારની ગેરહાજરીમાં, પ્રારબ્ધને જીંદગીનું સુકાન સોંપી તે આવે તે સંજોગો માટે તત્પર થયો !

લગ્નની તૈયારીઓ આ ચર્ચા પછી પૂર જોસમાં ચાલી. ગડબડે કેટલાક જ્ઞાતિજનોને મતમાં મેળવી લીધા. કેટલાક કેળવાયલા યુવકો તો સાહસ કરીને પણ સામેલ થવાનું જોખમ ખેડવા તત્પર થયા. કેટલાંક સગાં જેમના નિકટના સંબંધને લઇને તે આવે વખતે લજી શકે તે અકુદરતી લાગવાથી તેવા પણ આવી મળ્યા. પરંતુ દૂષની લાગણીવાળો મ્હોટો અશિક્ષિત જનસમુહ, ભીતિથી સામે રહ્યો ! તેમાં સુશિક્ષિત જેવા પૈરાણીકોએ ઉમેરો કર્યો ! તેમની માન્યતા એ હતી કે વિલાયત ભલ જઇ આવે, પરંતુ કોઈપણ જાતના સહજ પ્રાયશ્ચિતને અભાવે કોઇ મનુષ્ય પાવન થઇ શકતો નથી ! એટલી " ફોજદારી " જ્ઞાતિઓની ન રહે તો વિલાયત જવાનો માર્ગ એકદમ ખુલ્લો થઈ જાય ! અને તેથી શાસ્ત્રી–પુરાણી–શુકલ–પુરોહિતોનો ધંધો તો નષ્ટ-પ્રાય થઇ જાય !

" પારકે પૈસે પરમાનંદ ! "—ગડબડે ભાનુપ્રસાદના ખર્ચે એક

સારૂં બેન્ડ, એક હારમોનીયમવાળાની સાથે ગાયન મંડળી, એકાદ દક્ષિણી વયોવૃધ્ધ હરદાસ કથાકાર વગેરે માટે પણ રેલવેનો એક થર્ડકલાસનો ડબો ખાસ રાખી લેવરાવ્યો. ત્રણ સ્ટેશન પસાર કરીને એક નાનકડા “ ફ્લૅગ ” સ્ટેશને ઉતરી ત્યાંથી વીશેક માઈલના રસ્તા પછી “ રણવાસ ” ગામ આવતું હતું. એટલે રસ્તાના માટે પણ પૂરતો સરંજામ રાખવા ખાસ કાનપુરથી બે તંબુ મંગાવી રાખ્યા હતા ! ટુંકામાં, વિરૂધ્ધ મતવાળાઓની હાજરીની ન્યુનતા, આવા પ્રકારની ધામધુમથી પૂરી પાડી ! અંદરખાને પ્રથમથીજ વિરૂદ્ધ, અને પાછળથી પોતાની મુરાદ બર આવી અને રૂ. બે હજાર મળવાના નક્કી થયા તે પછીથી ગડબડે ઉપર ઉપરનો મિત્રતાનો આડંબર પણ હદપાર વધારી મૂકયો હતો !

પ્રાત:કાળમાં ‘શ્રેયનગર’ સ્ટેશન ઉપર તે વખતે મુંબઇના મેલને સાંધનારી એક પેસેન્જર ટ્રેન આવતી હતી તેમાં ગડબડે જાન ઉપડવાની ખાસ ગોઠવણ કરાવી હતી. આ વખતે આ સ્ટેશન ઉપર સામેથી કાઠીયાવાડના મધ્ય ભાગમાંથી આવતી એક લોકલ ટ્રેનનું ‘ક્રૉસીંગ’ થતું હોવાથી લોકોની મેદની થતી, તેમાં જાનનું કુલ પચાશેક માણસનો ઉમેરો નહીં જેવો જણાયો! ભાનુપ્રસાદના વિરૂદ્ધ મતવાળા સમુહમાંથી પણ જૂદે જૂદે નિમિત્તે સ્ટેશન ઉપર આવેલ કેટલાક, જોવામાં આવતા હતા.

લક્ષ્મીપ્રસાદ અનેક તર્કવિતર્કમાં ગરકાવ થયો હતો. જ્ઞાતિવાળા તરફથી શું હીલચાલ થાય છે અગર શું તપાસ થાય છે તેનો તેને ખ્યાલ પણ ન હતો. એને કંઇક ઉંડી શ્રદ્ધા હતી કે તે પોતે ઘર ઘર ભટકીને દરેકને આજીજી કરી આગ્રહ કરે તો કદાચ્ સૌ એકમત થઈ જાય પરંતુ હૃદયના નિર્દોષત્વે તેમ કરવા સાફ ના પાડી. એવી આજીજી કરાવવાને ટેવાયલા જ્ઞાતિજનોની એ કુટેવ છોડાવવાના હીતમાંજ એમને અત્યાગ્રહ કરવાનું સલાહકારક ન જણાયું.

સ્ટેશન ઉપર, લક્ષ્મીપ્રસાદને ટપાલવાળાએ દોડી આવીને કેટલાક કાગળો આપ્યા. તેમાં વિલાયતના મેલમાંથી પણ એક કાગળ હતો. તેના સરનામાના અક્ષરો, ભલો આઈરીશ ગૃહસ્થ, જે વેજીટેરીયન સોસાયટીનો ઉત્સાહી સભાસદ હતો, તેના હસ્તાક્ષરે જોયા.

"Dear Dr. Laxmiprasad,

"You must have by this time, been in the sublime "atmosphere of your beloved native place, but the whole "lot of members of our society misses you: it is a plea- "sure to remember your pathetic appeal to an English "audience, in the cause of innocent birds and beasts; it "is an honour to pen a few words to an Indian of your noble virtues.

"An incident which occurred to-day seems to be "worth bringing to your notice. We met a Mahatma "coming from your side, whom I dare say you must be "knowing very well. His name is something like "A. V. Chalpra sad! (I know Gujarati somewhat full "well, you remember I translated tolerably well, the "Gujarati song so nicely sung by Miss Kumari, but yet "I cannot make out what this name particularly signifies!)

"He seemed to be a real Mahatma. He is totally "indifferent to the world! You will be surprised to "learn that he was all the way with us in the voyage, "he attended all of your lectures, and seemed to be "taking much interest in you! He goes to America, "where he means to live for a long time. I learnt "all these things from him during an interview which "was half a dozen times denied to me, but which my "overbearing persistence earned for me only once; I

સાર—તમે તમારી માતૃભૂમિમાં પહોંચ્યા હશો. અહીં તમારી બહુ ખોટ પડી છે. મુંગાં નિર્દોષ પ્રાણીઓના હિતમાં તમો જે દયાભરેલાં વચનો અહીં કહેલાં છે તે સંભારતાં આનંદ થાય છે. તમને કાગળ લખવો એ એક માન સમજીએ છીએ.

અત્રે એક બનાવ બન્યો છે જે તમને લખવા જેવો છે. એક મહાત્માને અમે મળ્યા હતા કે જેને તમે ઓળખતા હશો. એમનું નામ કંઇક 'એ. વી. ચલપ્ર સૅડ' જેવું છે. (હું ગુજરાતી ઠીક ઠીક જાણું છું તમને યાદ હશે કે એક રોજ સ્ટીમરમાં મ્હેં મીસ કુમારીએ ગાયેલા સુંદર ગાયનનો તરજુમો સામાન્ય રીતે ઠીક કરી બતાવ્યો હતો! તો પણ આ નામનો શો અર્થ હશે તે હું કહી શકતો નથી!)

આ એક ખરેખરો મહાત્મા જણાયો હતો. દુનિયાંની એને લેશમાત્ર

"valued the occasion as one of the holiest moments of "my life–it inspired me with nobler sentiments of purity "and godliness; but what struck me most, was his "earnest desire and unflinching zeal, to do some substan- "tial work in the cause of the already long since too "late reform, to unify the several sub-castes which as "you said, were one of the main reasons which has kept "the Hindu Sooiety ignorant of the danger that is "awaiting it.

With the best of wishes

Yours Sincerely

× × × × ×

"ચાલો, સારૂં થયું કે આ પણ એક મ્હોટી વાતનો ખુલાસો થઇ ગયો! અરે! પણ આ મહાત્મા ત્યાં શી રીતે પહોંચી ગયા હશે? સ્ટેશન માસ્તરથી તપાસ કરવા માંડી, પરંતુ ટ્રેનને ઉપડવાનો થોડો વખત બાકી હતો અને ગડબડ હજુ આવી શકયો ન હતો. ગડબડે તો છેવટે ટ્રેન ઉપડવાની બે ત્રણ મીનિટ પહેલાં કહેવડાવ્યું કે એક અગત્યના કારણ માટે તેને મુંબઇ જવું પડે છે માટે બની શકશે તો ત્યાંથી પરવારીને પરબારો તે બે ત્રણ દિવસે આવશે.

જ્ઞાતિજનોમાંથી જે જુજ ભાગ આવ્યો તેમને સાથે લઇને, લક્ષ્મીપ્રસાદની જાનનાં માણસો, સવારના આઠ વાગતામાં ફ્લૅગ સ્ટેશને ઉતર્યાં. અને ત્યાંથી ઠાઠમાઠ સાથે રણુવાસ આવવા નીકળ્યાં.

દરકાર જણાતી નથી. વળી તમે જાણીને અજાયબી પામશો કે તે સ્ટીમરમાં પણ આપણી સાથેજ હતો! તમારાં બધાં ભાષણોમાં પણ તે હતો! અને તમારા પ્રત્યે સારી લાગણી ધરાવતો જણાયો! તે હવે અમેરીકા જાય છે કે જ્યાં તે લાંબો વખત ગાળવા ધારે છે. મ્હેં અડધો ડઝન વખત આંટા ખાધા ત્યારે મને એક મુલાકાત તેણે આપી તે દરમ્યાન આ વાતો હું જાણવા પામ્યો. મ્હારી જીંદગીની તે પવિત્ર મીનિટો હતી! કે જે મીનિટોમાં મ્હને પવિત્રતા અને પરમાત્માના અંશના સંગીન વિચારોની પ્રેરણા થતી લાગી. પરંતુ આ મહાત્મામાં જે મ્હને સૌથી ધ્યાન ખેંચનાર ગુણ જણાયો તે તો તેની, તમારામાંની પેટા જ્ઞાતિઓનું એકીકરણ કરવાની આતુરતા જણાઇ આવી. આ સુધારો કરવાનું તમારામાં હવે તો ઘણું મોડું થઇ ગયું છે. જેના સંબંધમાં તમે કહેતા હતા કે–હીંદુ પ્રજા જાણતી નથી કે–આ પેટા જ્ઞાતિઓને એકત્ર કરવામાં વિલંબ કરવાનું કેવું ગંભીર પરિણામ આવવાની ધાસ્તી રહે છે.

રણુવાસની ધર્મશાળામાં, બે હજાર રૂપિઆની તકરાર થતાં, ગડબડે ઓખાને મોકલી દઇ, જ્ઞાતિમાં જ્યાં જ્યાં એની વગલાગ હોય ત્યાં, કહેવડાવ્યું હતું કે, આ લગ્નમાં કોઇએ ભાગ લેવાનો નથી. આ સંદેશો, રૂપિઆ મળતાં તેણે ઘેર આવીને શ્રેયનગરમાં તો પાછો ખેંચી લેવા ગોઠવણ કરી. પરંતુ રણુવાસમાં જે પચીશેક બ્રાહ્મણોનાં ઘર હતાં, તેમને ઓખાએ ગડબડના નામે ધાસ્તી આપીને ધમકાવી મૂકેલાં તે જેમનું તેમ રહી ગયું હતું. ઓખાએ, ગડબડના કહેવાથી એમ કહી રાખ્યું હતું કે "અમે તમને ઘણા આગ્રહથી આ લગ્નમાં સામેલ રેહેવાનું કહીએ પરંતુ તમારે કશું માનવું નહીં. અને જો તમે ભેગા રહ્યા તો એકેએક ઘરને અમે જોઇ લઇશું." આ ધાસ્તી, આ ગામડીઆઓમાં એટલી બધી સચોટ બેસી ગઇ હતી કે બોધારામ અને ઉજમબાઇને, મૂળ ન્હાના ગામમાં અને ટુંકી વસ્તીમાં જે ચાર માણુસોની હાજરીથી લગ્ન પ્રસંગ કંઈક અંશે પણ જણાઇ આવે તેમ ન રહ્યું. મ્હોટા ગામની, મ્હોટા કુટુમ્બની, ગમે તેટલી મુસીબતો વચ્ચે પણ ડીમાક્ સાથેની જાન આવી પહોંચી તેને સામે લેવા જવા માટેના 'સામૈયામાં'માં બોધારામની મદદમાં બે ત્રણ આવેલા મેમાનો અને દંભીશંકર ગોર સિવાય કોઇ ન જણાયું ! રણુવાસના બ્રાહ્મણોમાંથી, આ પ્રસંગમાં, ઓખાની ધમકીથી, ગેરહાજર રહેવા માટે જાણી જોઇને કેટલાક ખેતી માટે ખેતરોમાં ચાલ્યા ગયા હતા અને કેટલાક બીજે સ્થળે જતા રહ્યા. જે ચાર પાંચ જણુ ઘેર હતા તેમને જેમ જેમ આગ્રહ કરવા માંડયો તેમ તેમ તે વધારે હઠપકડુ થઈ રહ્યા.

કન્યાપક્ષમાં સ્ત્રીમંડળની ખામી સાથે આણેલી સંગીતમંડળીએ પૂરી પાડી. અને હારમોનીયમની મદદથી મધુર સ્વરે ત્રણચાર છોકરાઓએ પૂર્વેના શ્રીરામચંદ્રજીના લગ્નોત્સવના પ્રસંગને મધુર કંઠે યાદ દેવડાવી વાતાવરણ પવિત્ર બનાવી મૂક્યું:—*

જનકપૂરી દીપી રહીને, લીલા અપરંપાર,
વૈમાન હાથી રથ પાલખી રે,
ભારે ભારે મળ્યા સહુ ભૂપ
જનકરાયને માંડવે.

ઉત્સવ આજે નગરમાંહી, દીપોત્સવી સમ થાય,

---

* "રઘુનાથજીની ઘોડલી" એ દેશી.

ટાળે ટાળાં નરનારીયે રે મળી મંડપ જોવા જાય,
જનકરાયને માંડવે.
મંડપ લચતો મોતીડે ને, દીપક ઝાક ઝમાળ,
સીતાજી ચોરીમાં પધરાવીયાં રે સાથે દીપે જ્યાં-
દશરથ કુમાર. જનકરાયને માંડવે.
પાય પ્રક્ષાલન ત્યાં કર્યાં, રઘુવીરનાં જનકરાજન,
માતપિતાએ પ્રીતે પછી રે, દીધાં સીતાનાં કન્યાદાન;
જનકરાયને માંડવે.
મંત્ર ભણે ભૂદેવ જ્યાં, વેદ રીતિ અનુસાર,
અગ્ની સમક્ષ રહી અને રે ત્યાં તો વચન પરસ્પર થાય.
જનકરાયને માંડવે.
રામચંદ્રજી કહે આજથી છો "થયાં મુજ અર્ધાંગ,
ક્ષત્રીને એકજ સૃષ્ટિમાં રે, બાણ વચન અને સ્ત્રી જાણ."
જનકરાયને માંડવે.
સીતાજી પ્રત્યુત્તરમાં વદે, "છો મુકુટ મમ સહુ જાણ,
તમથી અધિક સૃષ્ટિ મહીં રે, નથી દેહ, નથી મમ પ્રાણ"
જનકરાયને માંડવે.
પૂર્વ તણી પરણાલીકા આ, આજે જો અનુસરાય,
ધર્મ ને અર્થ સૌ સાંપડે રે, ગુજરાત સકલ સુખી થાય,
સુજન સહુ સાંભળો.
ચતુર ઘડી જે લગ્નની ત્યાં આ મંગળ ગીત ગાય,
ભુજ જોડી રઘુવીરને રે, સરવે માનુની પાવન થાય,
સુજન સહુ સાંભળો.

તે પછી કન્યાને ચોરીમાં પધરાવવાની દંભીશંકર ગોરની આજ્ઞા થઇ. પ્રારબ્ધના અગ્નીરથમાં જાણે બેઠા હોય તેથી-સ્વેચ્છાએ કોઇ દિશામાં ગતી કરવાને લાચાર હોય તેવો લક્ષ્મીપ્રસાદ બધું જોયા કરતો હતો. દંભીશંકરના અર્થ કે સંબંધ વગરના, સંસ્કૃત શ્લોકો સાંભળી માથું પાકી આવે તેમ હતું-પરંતુ અદ્વીતિય ચિત્ત ગાંભીર્યવાળો આ યુવક શાંતિથી એ બધું સાંભળી રહેતો. ઉલટી રીતે આ નિરક્ષર લોકો ઉપર તેને દયા આવવા લાગી. "મ્હોટાં મ્હોટાં નગરોમાં, શાસ્ત્રીઓ અને વૈયાકરણીઓના સમુહમાં, જાહેર વ્યાખ્યાનો અપાતાં

જોઇએ છે તે પણ હીંદુસ્તાન દેશ ! અને આપણ તેનો તેજ દેશ કે જેના આવા અશિક્ષિત જનસમુહને સુશિક્ષિત જનો સાથે એક હારમાં લાવ્યા વગર અને **બીજી બાજુ જોયા સિવાય** દેશોન્નતિની વાસ્તવીક આશા રખાયજ નહીં." વગેરે વિચારોમાં મન રોકાયલું હતું તેવામાં વીજીને લાવીને ચોરીમાં બેસારવામાં આવી; સ્નાન કરાવતી વખતે સહજ વધારે તૈલમર્દન થવાથી, કાળા ઝીણા ચળકતા રેશમી રંગનાં જાણે મોજાં પહેરાવેલાં હોય તેવા, તેના પગો, દંભીશંકરે, વરના કરતાં બમણા ઉંચા મૂકેલા પાટલા ઉપરથી પડી જવાની બીકને લીધે, કે ચાલુ નબળાઇને લીધે ઠરતા નહતા ! એટલે ધૈર્યથી એને બેસારીને, ઉજમબાઇએ ઝાલી રાખી હતી; તોપણ દંભીશંકરને ઘરની અંદર બોલાવીને કહી દીધું કે—વીજીના શરીરમાં નિરંતર તાવ રહ્યા કરે છે; અને સામાન્ય રીત્યે ઉભી થતાં થતાં ચક્કર આવે છે તો પછી સપ્તપદી ફરવા માટે મુશીબત પડશે માટે સપ્તપદી વીધિ સંક્ષિપ્તમાં થાય તો સારૂં.

લગ્નવીધિ નિર્વિઘ્ને પાર પડે એ ચોઘડીયામાં હીંદુ બૈરાં હર્ષના આવેશમાં આવી જાય છે. સાસુઓનો એ વખતનો વહુપરનો પ્રેમ, થોડોક વખત પણ જો (જુજ અપવાદવાળાં કુટુંબો બાદ કરીને) ટકતો હોય તો હીંદુસંસારના સેંકડો કલેશો નાબુદ થઇ જાય ! પુત્રવધુનું મુખ જોવાને અધીરી બની રત્નલક્ષ્મી ઘરની અંદર જઇ તેને ભેટી, અને તેને હાથે એક કીંમતી હીરાની વીંટી પહેરાવી તેને નિહાળી જોઈ ! ! "છેતરાયાં ! અરે ! પ્રભુ ! ગડબડનું સત્યાનાશ જજો !" એવો નિઃશબ્દ, અંતઃકરણના ઉંડાણમાં એણીએ શ્રાપ આપ્યો ! કયાં લક્ષ્મીપ્રસાદ જેવા, સુંદર સુદઢ અનુપમ ઓજસવાળાં પુત્રરત્નની મનોહર આકૃતિ ! અને કયાં એક અધમ સંસ્કારોમાં ઉછરેલી વીજીનો કઢંગો ગ્રામ્યવેશ ? ગુણનો તો હજુ પરિચય થવાનો હતો એમ કહીશું. રૂપરંગ તે મનુષ્યમાં માત્ર એક વિશેષત્વ માની લઇએ ! શીળીનાં ચાઠાંએ તો દેહને રંદો ફેરવાઇ ગયા પછીથી પ્રારબ્ધયોગે થયેલ રોગે પોતાનું સ્મારક ચિન્હ રાખે ગણવું પડશે ! ઉમરના પ્રમાણમાં કદ હોવાનો અભાવ એ તો, દાકતરની હાજરીની, પથ્યના શીક્ષણની, આબો હવાની, તાજાં ફળોની, ફરવા હરવાની; કસરતની, જરૂરજોગા આનંદની, ઇત્યાદિની ખામી ગણજો ! પરંતુ વીજીને નીરંતર સ્વાસ્થ્યનીજ ફરિયાદ જોવામાં આવી તેને માટે રત્નલક્ષ્મીના મનનું સમાધાન કરાવી શકીએ તેમ નહતું !

વીજી પરીક્ષ હતી ત્યાં સુધી તો ગડબડ વગેરેનાં અતીશયોક્તિ ભરેલાં વર્ણનોનો મ્હોટો ભાગ મનાતો. અગર માનવાને કારણ હતું, વીજીની જે છબી લક્ષ્મીપ્રસાદના હૉલમાં મૂકવામાં આવી હતી તે જોતાં, અસલ (વીજી) અને એ નકલ (છબી)માં, દુનિયામાં કાળા માથાના માનવીએ છબી પાડવાની શોધ કર્યા પછી, આવી રીત્યે પદાર્થ કરતાં છાયા જૂદીજ એવી ભાગ્યેજ કોઇ છબી જોવામાં આવી હોય ! એમાં મ્હોટો તફાવત હતો એ કહેવું તો ખોટું કહેવા બરોબર છે. તફાવત તો કંઇક પણ મળતાપણા સાથે હોઈ શકે–કંઇક સરખાવવા યોગ્ય પદાર્થ સાથે હોઇ શકે–આ છબીમાં તો સરખાવવા જેવું ભાગ્યેજ હતું; વીજીને આજે નજરે જોતાં એ છબી જાણે તદ્દન ઇલાયદી આકૃતિની હોવાનું તાદશ જણાઈ આવ્યું !

તોપણ પોતાને થયેલ ગ્લાની પતીની આગળ તેણીએ પ્રકટ ન કરતાં ચાલે ત્યાં સુધી સમસ્ત શોકભાર પોતેજ વહન કરવા તત્પર બની. સંજોગોએ ધૈર્ય રાખતાં શીખવ્યું. પ્રારબ્ધની યોજનામાં ફેરફાર કરવા મનુષ્યો લાચાર છે તેનાં દૃષ્ટાંતોમાં આ પોતાના સંબંધમાંજ એક દૃષ્ટાંત વધુ ઉમેરાયું. કોઇ પ્રકારની ઉહાપોહ કરવી એ વાજબી ન ધારી. શોક દાવાનળને નાજુક પુષ્પસમી હૃદય પેટીમાં ગુંગળાવતાં મુશીબત જણાઈ પણ તેમ કરવુંજ સલાહભરેલું જણાયું. ઉભરા કહાડવાનો અન્ય કોઇ માર્ગ અહીં ન જણાયો. સમગ્ર જ્ઞાતિ એક પગે થઇ રહી હતી તેમની સન્મુખ કંઇ પણ વાત જવા ન પામે એજ ઉચિત રસ્તો ધારી લેવો પડયો તોપણ લોકનિંદા ભયથી હૃદય કાંપવા લાગ્યું.

બીજે દીવસથી વિવાહની બાકીની વીધિ આટોપવા માંડી. પાંચ દીવસ સુધી જાનને રહેવાની ગોઠવણ પ્રથમથી થઇ ચૂકી હતી, પરંતુ કંઇકને કંઇક કારણો બતાવી ત્રીજે દીવસે વિદાય થવા રત્નલક્ષ્મીએ ઇચ્છા બતાવી. તે મુજબ ભાનુપ્રસાદે પણ સંમતિ આપી. પરંતુ બોધારામે અત્યાગ્રહ કર્યો અને ચોથા દીવસની રાત્રિના બે વાગતે "ફ્લૅગ" સ્ટેશનેથી ઉપડતી ટ્રેનને મળવા માટે સાંજના પ્રહરનું જાનને વિદાય થવાનું મુકરર થયું. અને જે વખતે "શ્રેયનગર" સ્ટેશનેથી જાન ઉપડી હતી તેજ વખતે ત્યાં જાનનાં માણસોને લઇ આવેલી ગાડી આવીને થોભી. આ વખતે મુંબઇના મેલને સાંધીને કાઠિયાવાડમાં ઉતરનારી ગાડી પણ અહીં આવીને થોભી હતી. જાનનાં મનુષ્યો ટપોટપ ઉતરી પડયાં.

પણ એટલામાં મુંબઈ તરફથી આવી ઉભેલી ગાડીમાંથી એક બાર તેર વર્ષનો છોકરો એકદમ લક્ષ્મીપ્રસાદને જોઇને ફર્સ્ટકલાસમાંથી ઉતરી પડયો ! લક્ષ્મીપ્રસાદ તેને એકદમ ઓળખી શકયો નહીં, એટલામાં એ છોકરેજ ખુલાસો કરી નાંખ્યો કે—

"સેટ ! મી સ્યેટીશીટેક વાલા સોકરા ! ઇગ્લંડ મધી મળેલા સે તો !"

"અરે ! તુ અહીં કયાંથી પણુ ?" એમ પ્રશ્ન કરતો લક્ષ્મીપ્રસાદે ફર્સ્ટકલાસના ડબા સામું જોતાં ભવાનીપ્રસાદને પણ બારીમાંથી જોતાં જોયો ! જીંદગીમાં શરમની આવી એક મીનિટ લક્ષ્મીપ્રસાદે અનુભવી નહતી ! બન્નેએ એકબીજાના મ્હોં સામે જોવાઈ જવાયું પરંતુ એકેથી એક બીજાને બોલાવી શકાયું નહીં !

રાત્રિના ગાડીના ખળભળાટને લીધે, સહજ જાગરણ જેવું થવાથી, સુવર્ણકુમારી અને શાન્તાગવરી બન્ને પ્રાતઃકાળની શીતળ, મંદ પવનની ગુલાબી નિદ્રામાં પડયાં લાગતાં હતાં. લક્ષ્મીપ્રસાદને જોયા છતાં તેને બોલાવવાની તો નહીં પરંતુ શાન્તાગવરીને જગાડવાનો ખ્યાલ પણ ભવાનીપ્રસાદને રહ્યો નહીં ! એટલામાં મુંબઇવાળી ગાડી ઉપડવાની થઇ, એટલે લક્ષ્મીપ્રસાદે છોકરાને કહ્યું.

"છોકરા ! તું જેમાં આવ્યો તે ગાડી ઉપડે છે ! હોં !"

"નહીં મહારાજ ! મી લ્યાં રેવેસે !"

"પણ ત્યારે તારો સામાન ?"

"નહીં, મ્હારાજ ! સામાન નથી જતો !"

લક્ષ્મીપ્રસાદે જાણ્યું કે એનો સામાન ભવાનીપ્રસાદની સાથે કંઇ હશે તો રહેશે. અને ભવાનીપ્રસાદે જાણ્યું કે છોકરો ગાડીમાંથી ઉતરીને લક્ષ્મીપ્રસાદ પાસે ગયો છે; એમ અરસ્પરસ બન્નેના સમજવામાં આવ્યું. પરંતુ બન્નેનાં મ્હોં જાણે બોલવા માટે બંધજ થયેલાં જણાયાં ! એટલામાં તો ગાર્ડની સીસોટીએ સમાધાન કર્યું ને લોકોના "આવજો !" "આવજો !"ના ચારે બાજુના વાતાવરણમાં થયેલા ધ્વનીની સાથે ગાડી ઉપડી.

પ્રકરણ ૧૧.

સ્નેહવ્યથાના શાંત્વનના ઉપાયો.

તત્વવેત્તાઓ કહે છે કે નાસીપાસીના પ્રસંગો સ્વર્ગ લોકમાં હોતા નથી ? ત્યારે હૃદયભેદક બનાવો તો આ હતભાગ્ય મૃત્યુ લોક માટેજ બ્રહ્માએ યોજી રાખ્યા હશે કે શું ? એવા બનાવો વગરની હોય તો પૃથ્વી પણ શા માટે સ્વર્ગ ન બની શકે ? મનહર પુષ્પ વૃક્ષોથી મઘમઘતા બગીચાઓ, સીમા વગરના વ્યોમને પણ જાદુની પેઠે સહજમાં ન સમજાય તેમ જાણે અંતરમાં સમાવનાર સ્ફટીકમય જળાશયો, સરિતાઓ, ભાતભાતનાં સ્વાદિષ્ટ ફળો, **જોવાને માટે** (મારવાને માટે નહીં) સુંદર પીછાંવાળાં કુદરતની લીલાને ઓર દીપાવનારાં રંગબેરંગી પક્ષીઓ, સાંભળવાને માટે, પરમાત્માના ભજનસમું કર્ણપ્રિય તેમનું નિર્દોષ કુજન, આ બધાં સ્વર્ગ ચિન્હો છતાં વજ્રના હૃદયને પણ પીગળાવનારા કેટલાક દુઃખદ બનાવો, એજ માત્ર મૃત્યુલોકપરનાં મનુષ્યોનું જીવન દુઃખી કરી મૂકનાર જણાય છે !

વળી એમ પણ દુઃખી મનુષ્યોનાં અંતઃકરણનું સમાધાન કરવા માટે કહેવામાં આવે છે કે—એવા બનાવો તો ખાસ જરૂરના છે ! દુઃખ વગર સુખની કીંમત નથી. દુઃખથીજ મનુષ્યની કસોટી થાય છે ! પરંતુ મનુષ્યને, પશુને, પક્ષીને, દુઃખના, કલેશના અંશ વગરની પૃથ્વી કેટલી શાંત ને સુખી ભાસે તેનો તમે ખ્યાલ કરી શકોછો ? કર્મફળનો મહાનિયમ નડતો હોય તો, મનુષ્યજાતિનાં પાછલાં તમામ અનીતિનાં અઘોર કર્મોની હમેશને માટે માફી આપી, ભવિષ્યમાં મનુષ્ય માત્રને મન વચન કાયાથી ઇશ્વરમય વાતાવરણમાંજ રાખવાનું પરમ કૃપાળુ કહેવાતા પરમાત્માને કેમ ઉચિત નહીં લાગતું હોય? આ એક "અતી પ્રશ્ન" છે. એટલે કે મનુષ્યની બુદ્ધિ તેનો જવાબ કરવાને પ્હોંચી ન શકે તેવો પ્રશ્ન જણાય છે.

આ ઉદ્‍ગારો માત્ર, દુઃખને નહીં ઓળખનાર, સુવર્ણકુમારીના સુકુમાર મનની એક અત્યંત દુઃખી ઘડી જોઇ તે જોવાને સાંભળવાને લખવાને બધી રીતે અસહ્ય જેવા જણાયાથી અહીં ટાંક્યા

પડયા છે. ભવાનીપ્રસાદે, " શ્રેયનગર " સ્ટેશન ઉપર વરરાજાના વેશમાં પણ ડૉ. લક્ષ્મીપ્રસાદને તત્કાળ ઓળખ્યો હતો એટલુંજ નહીં પરંતુ તેને ઇંગ્લંડમાં જરૂરી તાર મળવાના પ્રયોજનનું પણ તે ખરૂં અનુમાન આ વખતે કરી શકયો. ગાડી ઉપડયા પછી પણ કેટલીકવાર સુધી તો તે સ્તબ્ધ જેવો બેસી રહ્યો. સાથે લાવેલ છોકરો લક્ષ્મીપ્રસાદને જોઇ ટ્રેનમાંથી ઉતરી પડયો તે બાબત પણ તેને જરાએ લાગણી ન થઇ.

માતા અને પુત્રી બન્ને પ્રભાતની ગાઢનિદ્રામાં જણાતાં હતાં. એમને ઉતરવાનું મ્હોટું સ્ટેશન રણવાસ જવા માટેના ફ્લૅગ સ્ટેશન પછી પણ પચીશેક માઇલ આગળ આવતું હતું. તોપણ જાણે હવામાં દબાણ હોય, મગજ ઉપર બોજો હોય તેમ લાગવાથી પ્રથમ શાન્તાગવરી આંખો ચોળતી ઉઠી.

" ગાડીની ઉંઘમાં પણ સ્વપ્નાં ખરાંને ખરાં. એ શું હશે ? નાથ ! "

" કેમ વારૂ દેવી ! કેવુંક સ્વપ્ન હતું ? "

" ગાડીનાં ને ગાડીનાં. જાણે બેસતે બેસતે ગાડી ઉપડી જાય છે ! એના એ ભણકારા, બીજું શું ? "

" બરોબર છે, દેવી ! તમારા સ્વપ્નમાંથી પણ કંઇક વીધિની યોજનાની સંજ્ઞાનો કેટલેક અંશે બોધ મળે છે ! "

" એટલે શું ? "

" એટલે કે આપણે મોડા આવવાથી જાણે ગાડી ઉપડી ગઈ ! હા: હા. ઉપડી ગઇ !

" કઇ ગાડી ? "

" દેવી ! આપણા હવાઇ કિલ્લા જેવા તરંગોએ બાંધેલી, સુખ સ્ટેશને જવા મુકરર થયેલી, આપણી માન્યતા મુજબ પ્રારબ્ધે યોજેલી ગાડી ગઈ. તે ગઇ ! મ્હેં તે ગુમાવી ! દેવી ! સ્ત્રી ! ત્હારાં અમુલ્ય વચનો એક વખત નીકળેલાં તેનો મ્હેં યોગ્ય આદર ન કરેલો તેનું ફળ હવે હું ચાખીશ ! કેટલાકો કહે છે કે સ્ત્રીની બુદ્ધિ પાનીએ છે ! મ્હને તો એથી ઉલટો અનુભવ થયો ! દીર્ઘદષ્ટિ વાળી સ્ત્રી ! ત્હારા શબ્દોએ એથી ઉલટોજ ધડો મ્હને આજે આપ્યો. "

" નાથ ! આપના કહેવાનો ભાવાર્થ સ્પષ્ટ સમજાવશો ? "

"શું મ્હારૂં કપાળ સમજાવું? ડૉ. લક્ષ્મીપ્રસાદને ઇગ્લંડમાં તાર આવેલો તે લગ્ન કરી દેવા માટેનોજ!"

"તે શા ઉપરથી કહોછો?! શ્રેય નગર સ્ટેશન ગયું?" અધીરી બનેલી શાન્તાગવરીએ પૂછ્યું.

"હા. હાલજ ગયું અને લક્ષ્મીપ્રસાદ એટલામાં પરણીને જાન સાથે ઉતર્યા પણ ખરા!"

"આ શું કહોછો નાથ!!"

"સત્ય છે દેવી! મ્હારી આંખે નજરે ન જોયું હત તો હું તે એકદમ માનત ખરો કે?"

"આપને કંઇ તેમની સાથે વાત થઇ?"

મ્હારાથી તો કંઇ બોલી શકાયું નહીં! હુ તો જાનનું માણુસ, વરરાજાના સોનેરી ઝભ્ભામાં શણગારાયલા લક્ષ્મીપ્રસાદ, વગેરે જોઇ દિંગ્મુઢ જેવો બની ગયો! આશ્ચર્ય પામ્યો! ત્હારી સ્પષ્ટ કહીદેવાની ઈંગ્લંડમાં આપેલી સલાહ તરફ ફરીફરીને વિચારમાં પડી ગયો! એટલામાં એમનાથીજ મ્હારા સામે પણ જોઈ જવાયું! પરંતુ એ નિખાલસ હૃદયના ભલા માણસનું ધૈર્ય મ્હને બોલાવવા જેટલું પણ મ્હેં ન જોયું!! કાંતો એણે મ્હારા સામે જોયું એ વાતમાં હું ભુલતો હોઉં, અગર કાંતો—"

"નહીં! નહીં! નાથ!એમ અંગ્રેજી ભણેલા તો કંઇ શરમાતા નથી"

"બિચારા, ભણેલાજ વધારે શરમાળ હું જોઉં છું. નફ્ટ, અગર શરમ ત્યજેલો ભાગ તો દુનિયામાં નિરક્ષરો કે અર્ધદગ્ધ યુવકોમાંથી નીકળશે. મ્હને કેળવણીનાં સંગીન પરિણામમાં કંઇક અગાધ શ્રદ્ધા છે દેવી! સંગ દોષના પરિણામેજ કવચિત્ યુવકો બેશરમી બનવા પામતા હશે—નરેંદ્રપ્રસાદ જેવા! પણ તેવાને પણ મ્હોડું બતાવવા આવતાં શરમાવનાર તે કેળવણી! લક્ષ્મીપ્રસાદે એક વીજળીના ચમકારા જેટલુંજ જો કે મ્હારા સાથે જોયું છે. અને ફરીથી તે જોઇ શકયો નહીં તેથીજ મ્હારૂં અનુમાન મને વાસ્તવીક જણાય છે, કે એ ભલા માણસ ઉપર કંઇક દાવપેચ અજમાયો હોવો જોઇએ! જે હશે તે સમજાશે! પરંતુ આપણે પુત્રીને માટે તો હાલ નિરાધાર જેવાં થયાં! બીજી એક વાત બની; અહિં પેલો સાથે લાવેલ છોકરો મ્હારી પાસે વ્હેલો ઉઠીને બેસી રહ્યો હતો. તે લક્ષ્મીપ્રસાદને જોઇ એકદમ

ઉતરી પડયો ! એમની પાસે જઇને ઉભો ! એમના વચ્ચે કંઇક વાત-ચીત પણ થતી મ્હેં જોઇ, પરંતુ કેટલાક છેટાને લીધે, અને મનુષ્યોના ટોળાંના કોલાહલને લીધે હું તે સાંભળી શકયો નહીં ! ગાડી ઉપડતાં તેણે સહજ નજીક દોડી આવીને મ્હને કહ્યું પણ ખરૂં કે " સેટ ! મીં હ્યાં રેવેસે ! "

એમ ? ? એ છોકરો ગયો પણ ત્યારે ? ? એટલું બધું થયું ત્યાં સુધી નાથ ! મ્હને તે નજરે તો બતાવવું હતું ? મ્હને બોલાવવી હતી ! "

" શું સારી વાત હતી તે વળી તમને કહીને જગાડવાં, દેવી ! "

" અરે, પ્રભુ ! નસીબ બે ડગલાં આગળનું આગળ ! પુત્રીના હિતને માટે દુનિયાભરમાં ભ્રમણ કરતાં પણ છેવટ પાછું એનું એ રહ્યું. સંપન્તિવાળાં માબાપો પણ આવી રીતે મુસીબતોમાં આવી પડે છે. તો પછી સામાન્ય મનુષ્યોની શું સ્થીતિ ? "

" સુધરશે. દેવી એ સ્થીતિ એમને એમ નહીં રહે ! સંસારની કોઇ અમુક સ્થીતિ ચાલુ નથી રહેતી. **સ્થીત્યંતર** એ તો કુદરતનો, સૃષ્ટિની ઉત્પત્તિથી એક ચાલતો આવેલો અટલ નિયમ છે "

" પણ એ દિવસ આવી પહોંચે તે વખતે જે હયાત હશે તેમને એ સ્થીત્યંતરનો લાભ મળશે હાલ તો આપણ—"

" સ્વાર્થી ન બનો, દેવી. સ્વાર્થી ન બનો. એવા એક કુચાલને નાબુદ કરતાં પૂર્વે હરકત આવે તે વેઠી લેવી પડે. જનસમુહ હજુ અધુરો કેળવાયલો છે, ને તે જાદુથી એકદમ કેળવાઇ જાય તેમ નથી.—"

" અરેરે મ્હારી વ્હાલી પુત્રી ! " અત્યંત વાત્સલ્યભાવથી પુત્રીના માથા ઉપર હાથ ફેરવતી માતા બોલી. "

" તાનીઓ કયાં ગયો ? ? તાનીયો ! " એમ કહેતી જાણે બધું સાંભળી રહી હોય તેમ, એકદમ સુવર્ણકુમારી ઉઠી સાવધ થઈ.

સુવર્ણકુમારીએ છોકરાનું નામ " તાનીઓ " પાડયું હતું.

માતપિતા એક બીજાના મ્હોં સામે જોઇજ રહ્યાં હતાં. ચુપકી પ્રસરી રહી. " જામનગર ભાવનગર, " " જામનગર ભાવનગર " એવા જાણે શબ્દો બોલતી હોય તેવા પ્રકારના ગાડીના ધડધડાટ સિવાય, ચુપકી જણાઇ ! સુવર્ણકુમારીના પ્રશ્નનો ઉત્તર એકે આપ્યો નહીં. હજારો ઘોડાઓના બળવાળા અગ્નીરથમાં બેઠા છતાં અનેક વ્યક્તિ-

એના આશ્રયરૂપ બનેલાં સમર્થ માતાપિતા સમક્ષ, અંતઃકરણની મજબુતાઇમાં—મનોબળમાં સ્ત્રીઓની સામાન્ય નિર્બળતાને વશ ન થતાં અતી ઉચ્ચ આશયવાળી સ્વભાવથીજ હોવા છતાં, જાણે હવામાં ઉડતી હોય તેમ નિરાધાર જેવી માતપિતા બન્નેની નજરે દેખાતી. સુવર્ણકુમારીએ આકાશમાં પૃથ્વીની પેઠે, માતાના ઉત્સંગમાં, માથું નાંખી પાછી મ્હોંએ ઓઢીને સુઇ ગઇ !

"દીકરી મ્હોંએ ના ઓઢીએ;"

"શું થાય? માડી !"

બ્હેન ! તુંજ તે દિવસ વાત કરતી હતી કે, એનો એ એંઠો પવન પાછો શ્વાસમાં ન લેવાય. જીવનને ઉત્તેજીત કરનાર તો શુદ્ધ ઑકસીજન વાયુની જરૂર છે; અને મ્હોંએ ઓઢવાથી ધીમું ઝેર શરીરમાં દાખલ કરવા બરોબર છે.

"એ તો ઠીક છે કે હજુ અહીં હીંદમાં ધીમી ઝડપે ગાડીઓ ચાલે છે; પણ જ્યાં કલાકે સીત્તેર માઇલની ઝડપે દોડે છે ત્યાં પવનની ગતી ધીમી પાડવાની તરેહ્દત નથી કરવી પડતી? તેવી રીત્યે પવનની ગતી ઓછી કરવા થોડીવાર મ્હોંપર ઝીણા વસ્ત્રની જરૂર નથી?"

ત્રણે જણાંઓ કૃત્રિમ હાસ્ય સાથે સાવધ થઇ બેઠાં. ઉતરવાનું સ્ટેશન નજીક આવવાથી તાનીઓ નોકરો સાથે થર્ડ કલાસમાં બેઠેલો સમજી, સુવર્ણકુમારી ત્યાં એને બોલાવવા ગઇ !

"તાનીઓ, તમારી પાસે બેઠો છે?" નોકરોને પૂછ્યું.

"ના બા. અહીં તો નથી—" નોકરોમાંથી પાસેનાં પોટકાં, બંડલો ગાડીમાંથી નીચે ઉતારતા એકે પ્રત્યુતર આપ્યો.

"ઓલ્યા, વરરાજાની વાંહે ગીયા મ્હોટા ઇસ્ટોલે ઉતરી વહ્યો ગયો ઇ કોણ ત્યારે?" નોકરોની જોડે બેઠેલ એક રબારણે વગર પૂછ્યે ખુલાસો કરવા માંડ્યો.

ચાલો, બ્હેન, સુવર્ણા, તાનીયાની ફીકર કરવાની નથી. ડૉ. લક્ષ્મીપ્રસાદ ગયા એક સ્ટેશને જોયા તેમની પાસેજ તે ઉતરી પડયો છે. એટલે કંઇ હરકત નથી.

ઉપરનો ખુલાસો બસ થયો.

ભવાનીપ્રસાદના વભા પ્રમાણે, ઇંગ્લંડથી આવતાં, તેને ઉતરતી વખતે સામે લેવા માટે કેટલાક સ્નેહી અને મીત્રો, કેટલાક ખાતાપતરા-

વાળા વ્યાપારિયો, કેટલાક આશ્રિત વિદ્યાર્થીઓ, વગેરે આવ્યા હતા. એમની પેટા જ્ઞાતિમાં કેળવણીનો પ્રસાર સારો થયો હતો. નિરક્ષર સ્વાર્થી અગ્રેસરોના હાથમાં જ્ઞાતિનું સુકાન નહતું. નાની સરખી પાર્લમેન્ટ હોય તેવી રીત્યે બેસતા વર્ષના રોજ પ્રાતઃકાળમાં ચુંટી કહાડેલા અગ્રેસરોનું સંમેલન થતું. અને બંધારણ મુજબ કાર્યક્રમ ચાલતો હતો. કોઇને કોઇ વાતે ફરિયાદ કરવાનું કારણ જવલ્લે મળતું. અને તેમ હોય તેવે પ્રસંગે તેનો વાજબી ઇનસાફ થતો. લોકો ઉદ્યોગમાં એટલા બધા મશગુલ રહેતા કે જ્ઞાતિની પંચાતમાં પડવાનો કોઇને અવકાશ મળતો નહતો. દરેક વ્યક્તિ પોતાનું જીવન સ્વતંત્ર રીત્યે ચલાવવા હકદાર છે એવી સામાન્ય માન્યતા ચાલતી; એક ધર્મચુસ્ત વ્યક્તિને ધાર્મિકો તરફથી યોગ્ય સન્માન મળતું, અને કહેવાતા સુધારા વાળાઓનાં પણ તે તે મતના અનુયાયીઓ તરફથી માનપત્રો, પદકો, સન્માનો થતાં. પરંતુ જનસમુહનો મ્હોટો જથો તો બે વચ્ચેની પંક્તિનો સામાન્ય વ્યાપારી વર્ગ, જીવનની ઉહાપોહમાં મસ્ત હતો. કોઇ કોઇને બહિષ્કારની ભાંજગડ કરવા તત્પર બનતું નહતું, પરંતુ જ્ઞાતિસમગ્રે મળીને માત્ર એકજ વખત કલેશ કુસંપનોજ બહિષ્કાર કરી દીધો જોવામાં આવતો હતો! વચલા વર્ગમાં, કંઇક ઉચ્ચ સ્થીતિ પ્રાપ્ત કરેલ જીવન ગાળનાર ભવાનીપ્રસાદ હતો. એટલે એને માટે સ્ટેશન ઉપર માનપત્રો, પુષ્પ હારોનો વર્ષાદ કે એવું કંઇ ઝાઝુ નહતું તેમ "બહિષ્કાર!" "નાત બહાર" એવા પણ ધ્વની કોઇ ખૂણેથી સંભળાય તેમ નહતું. ઇંગ્લંડ જતી વખતે ભવાનીપ્રસાદે જ્ઞાતિબંધુઓ સમક્ષ તેમનામાંના વયોવૃદ્ધ, શાસ્ત્રકારો, જેઓ મૂર્તિમાન વેદસમા પુજ્ય અગ્રેસરો હતા તેમની પરવાનગી માગતાં તે ખુશીથી આપવામાં આવી હતી.

પરિજનો પાર્સલો વગેરે લાવવામાં રોકાયા હતા તે વખતે કુટુંબને લઇ ભવાનીપ્રસાદ ઘર ભણી ગાડીમાં બેસી ચાલ્યો. એનું ચિત્ત સુશીલ પત્નીએ ઇંગ્લંડમાં સહજ ઠેકાણે આણ્યું હતું તેવામાં શ્રેયનગર સ્ટેશન ઉપર જોયેલો આઘાત એને બહુ લાગ્યો, હતો તેથી એ મંદોત્સાહ હતો.

ભવાનીપ્રસાદના વૈભવ પ્રમાણે, બંધાવેલા ભવ્ય માળા ઉપરાંત, નગરથી એક માઇલ છેટે એક સુંદર ઉદ્યાન અને અંદર બંગલો કરાવેલો હતો. બન્ને મકાનોને એમના આવતા પહેલાં ધોળાવી, વા-

રનીશ વગેરેથી સમારી, સલાહ પ્રમાણે કેટલુંક નવીન ફરનીચર ગોઠવવામાં આવ્યું હતું. સુવર્ણકુમારી ઇંગ્લંડ જતા પહેલાં આ ઉદ્યાનમાં વખતોવખત સહચરીઓ સાથે આવતી. તેની પાસે સ્ત્રી નોકરો પણ હતી જે હમેશાં સાથે રહેતી. એક પારસી બાનુ, જે પ્રથમ શિક્ષક હતી તે પણ હવે સખીની માફક વખતોવખત આવતી. માત પિતા હમેશાં સાંજે કરવા આ સ્થળે આવતાં અને કેટલેક પ્રસંગે રાત્રિ પણ આ રમ્ય સ્થળે ગાળતાં.

સખીઓમાં સૌથી વધારે સુવર્ણકુમારીનો સ્નેહ ભાનુમતી[૧] નામની સખી ઉપર હતો. આ ભાનુમતીનું શ્રેયનગરમાં લક્ષ્મીપ્રસાદના દૂરના સગાંમાં પિયર હતું. તેને અહીં લક્ષ્મીપ્રસાદની પેટા જ્ઞાતિ હતી તેમાં પરણાવી હતી; તે એક બાહોશ સુશિક્ષિત ઉમદા સ્ત્રીરત્ન હતું. સ્ત્રી જાતિની કેળવણી ઉપર ગુજરાતની ઉન્નતિ છે એમ તે માનતી, અને તે માટે બનતું કરતી. લક્ષ્મીપ્રસાદના ગુણોનું ધ્યાન પ્રથમ એના તરફથીજ ઘણે ભાગે સુવર્ણકુમારીને મળ્યું હતું.

ભોજનથી પરવારીને સુવર્ણકુમારી ગાડી જોડાવી બે સ્ત્રી નોકરો સાથે ઉદ્યાનમાં આવી. નવીન ફરનીચરથી શણગારેલા ભવ્ય બીજા માળના દિવાનખાનામાં આવી, બ્રહ્માંડમાં ફાટ પાડે તેવો, વજ્રપાતસમો, ઉંડો દીર્ઘ નિઃશ્વાસ નાખી એક ખુરશીપર પડી ! સાથેની બે નોકરડીઓ તો જોઇ રહી ! ખુરશી ઉપરથી બેશુદ્ધ થઇ, મગજે લોહી ચડી જવાથી તે ભોંય પડી ગઇ. એટલામાંજ નીચે બીજી ગાડીનો અવાજ સંભળાયો. ઘણા દિવસના વિયોગ પછી, ઇંગ્લંડના નવાજુની સમાચાર સાંભળવા અધીરી બનેલી, **ભાનુમતી** સખીને ભેટવા ઉત્સાહપૂર્વક ઉપર દોડી આવી ત્યાં આ હૃદયફાટ ચિત્ર જોયું ! મગજ ઉપર ઠંડું પાણી લગાડી તેનું ધીકતું માથું પોતાના ખોળામાં લીધું ! ધીમે ધીમે તેને, શાન્તાગવરીથી પણ ન આપી શકાય તેવું ને તેટલું આશ્વાસન આપવા માંડયું.

વીશેક મીનિટે સુવર્ણકુમારીએ નેત્ર ખોલ્યાં ! પોતાને વ્હાલી સખી ભાનુમતીના ઉત્સંગમાં જોઇ તેને અત્યંત સ્નેહપૂર્વક ભેટી પડી.

"પ્રિય ભાનુમતી ! હું તમારીજ વાટ જોતી હતી."

"અને મ્હને મ્હારાં સુવર્ણા બ્હેનને કયારે મળું કયારે મળું એમ થઇ રહ્યું હતું."

---

૧ જુઓ પાનું (૧૨) મહિલા સમાજની પ્રતિનિધી તરિકે ઈંગ્લંડ જતી વખતે લક્ષ્મીપ્રસાદને હાર પહેરાવનાર.

'પણ કંઇ જાણ્યું ?'

ભાનુમતી—"બધુંએ । કઇ પણ બાકી નથી."

'ત્યારે હવે ? ! !'

" ઉંચે ગગનભણી આંગળી કરી, ભાનુમતી અશ્રુપ્રવાહને બળપૂર્વક રોકતી, સીલીંગમાં કૃષ્ણ પરમાત્માના અનેક કિરણોના વચ્ચે ચિત્રેલી છબી જોઇજ રહી."

• 'હા ! સંસાર આવો છે ?'

અનેક સંપત્તિ વિભુષિત ગર્ભશ્રીમંતના બાળકનું સૌથી પ્રથમનું હૃદયફાટ રૂદન ચાલ્યું !

"બા ! આમ બાળક કેમ બની જાઓ છો ?" એક વૃદ્ધ નોકરડી બોલી.

ફીકર નહીં. એમને રડવા દો ! એથી સહજ હૃદય હલકું થાય. "ભાનુમતીએ કહ્યું. અને આશ્વાસન આપતાં મૃદુ સ્વરે એના માથા ઉપર હાથ ફેરવતાં બોલી કે—સખી ! વ્હાલી સખી ! શાંત થા ! આ મૃત્યુલોકમાં આપણો જન્મ થવો તે પાપ પુણ્ય મિશ્રિત આપણા અનેક જન્મોના કર્મે ઉપાર્જન કરેલું ફળ માત્ર છે–સુખો દુઃખો અન્યથા કોઇ રીત્યે સંસારમાં પ્રાપ્ત થતાં નથી. દુઃખની ઘડીમાં ધૈર્ય રાખી. નિરુત્સાહ ન બનતાં, વિશ્વંભરની કૃપામાં અગાધ શ્રૃદ્ધાળુ બની, મનની વૃત્તિઓને એના ચરણે દોરવાના સદુદ્યોગમાં જોડાવામાં મનુષ્ય જન્મની સાર્થકતા રહેલી છે—અને એમ કરીને પરમાત્માની ભક્તિથી, એ મહાન શક્તિવાળા જગદીશ્વર સાથે તન્મય થવાના ઉગ્રતપના પ્રતાપવડે, સંચિત થયેલ પાપ કર્મ ફળને ભસ્મીભુત કરી, ક્રિયમાણ–ભવિષ્યમાં કરવાનાં કર્મોને, ઉત્તમ બનાવવાં એજ માત્ર, સુખી થવાનો માર્ગ છે. અન્ય નથી.

સખી ! મન તો મનુષ્યમાં રહેલ, આ દેહરથને હાંકનાર મદોન્મત સારથી છે; અંદર બેઠેલા આપણે પળેપળ સાવધતા રાખવાની જરૂર છે કે આ સંસાર રૂપ ખાડા ટેકરાવાળી અટવીમાં એ રથને જોડવામાં આવેલા આવેલા ૧૬ જબરજસ્ત અશ્વો એને કોઇ ખાડામાં ગીરાવી નાંખી એના ચૂરેચૂરા ન કરી નાંખે ! એક હાંકડીઓ "કોચમેન"! અગર રેલગાડીનો એનજીન હાંકનાર ! સારથી મન ! અસાવધતાને લીધે, ગાડીને

---

૧ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર.

ગબડાવી દેવાના દાખલા આપણે જોયા છે. પ્રાપ્ત કરેલા જ્ઞાનનો, વિવેકનો, બુદ્ધિનો, કોઇ પણ વખતે વિશેષ ઉપયોગ પડતો હોય તો તે મનુષ્યોની દુઃખની ઘડીઓમાંજ છે.

સવર્ણા ! તમે સમજુ છો; વિવેકી છો. મ્હારી સુવર્ણા બ્હેનસમી બુદ્ધિશાળી છોકરી હું કોઇ જોતી નથી." ભાનુમતીએ પોતાના કોમળ હસ્તદ્વારા વિશુદ્ધ સખિ પ્રેમરૂપ વિદ્યુતપ્રવાહ સુવર્ણકુમારીના મસ્તક અને શરીર ઉપર ચલાવતાંજ તે ગાઢ નિદ્રામાં પડી.

અનેક જંગલની જડીબુટ્ટીઓના તારતમ્યરૂપ, હિમાલયમાં વસતા અનેક યુગોથી તપ કરનાર તપસ્વીઓની અનહદ કૃપાના પરિણામે પ્રાપ્ત થયેલી જાણે હોય તેના સમી, મહાન રાજ્યમહેલોના પુષ્પ પર્યંકોમાં અઢળક ધન છતાં પણ કદાચ અપ્રાપ્ય, અને વિના મુલ્યે એક ગરીબની ઝુંપડીમાં પણ સુલભ એવી, દુનિયાના દરેક દરદને શમાવનાર, આ અમને, મનુષ્યોને, એક ઉત્તમમાં ઉત્તમ ઔષધી મૂળથી હાથ લાગેલી છે, પરંતુ અમે તેની વાસ્તવીક કિંમત કાંતો કરતા નથી કે જાણતા નથી. નિદ્રા !

સુવર્ણકુમારીને નિદ્રા આવવાથી, તેને કોઈ રીત્યે કોઇ અવાજથી, યા બીજી રીત્યે ગડબડ ન થાય તેમ બે નોકરો હતી તેમને થોડેક છેટે બેસારી રાખી, ભાનુમતી પણ ત્યાંજ બેઠી. મનના અત્યંત કલેશને લીધે વ્યથિત થયેલ મસ્તિકને સારી રીત્યે વિશ્રાન્તિની જરૂર હતી, અને ઘસઘસાટ નિંદ્રા આવવાથી તે મળી શકી.

સુમારે બે કલાકની વિશ્રાન્તિ પછી સુવર્ણકુમારી સાવધ થઇ.

"હવે મ્હને કહે મ્હારી વ્હાલી સવર્ણા કે મ્હારો ઇગ્લંડમાં આવેલો છેલ્લો કાગળ મળ્યો હતો ? " અમે અહીં એક ઘર ભાડે લીધું છે. ત્યાં મ્હારા પિતાએ ડૉ. લક્ષ્મીપ્રસાદને જમવા માટેનો આગ્રહ કરવાથી તે વખતોવખત આવે છે. સ્વભાવે બહુ શરમાળ હોવાથી સેંટ્રલ પ્રીન્સબરીમાંના એક મંડળમાં વખતોવખત જતા રહે છે. એમનાં ભાષણમાં અમે એક વખત જઇ આવ્યાં. આ સંબંધ માટે માત પિતા પણ તલપી રહેલાં છે ને તમે રોપેલ આ સ્નેહ અંકુર જો પૂર્ણતાને પામે તો જગતમાં મ્હારા જેવું ભાગ્યશાળી કોઇ નહીં " એ વગેરે તો ત્હારા પત્રોથી મ્હેં જાણ્યું, પરંતુ ડૉ. લક્ષ્મીપ્રસાદના ઈગ્લંડથી ઉપડતા પહેલાં પ્હોચી શકે તેવો

એક કાગળ મ્હેં તને લખેલો જેમાં સ્પષ્ટ સુચના આપી હતી કે—અહીં તો લક્ષ્મીપ્રસાદને નાત બ્હાર મૂકવાના છે એવી અફવા કેટલાક ખટ-પટીઓએ ઉરાડી મૂકિ બહુજ ઉતાવળથી તેને તેડાવી એકદમ લગ્ન કરી નાંખવાનાં છે. અને તેમ કરવામાં સંમત થવામાં લક્ષ્મીપ્રસાદનાં ભોળાં માબાપો પણ એવી રીત્યે ઠગાયાં છે કે તમે સાથેજ નહીં આવો તો પરિણામ શું આવશે તે કહી શકાતું નથી. માટે ઇંગ્લંડનાં સુપ્રસિદ્ધ સ્થળો તો સદીઓભરથી જ્યાં છે ત્યાંનાં ત્યાંજ રહેવાનાં છે એટલે ફરી જોવા મળશે પરંતુ તમે સાથેજ આવશો. કદાચ લક્ષ્મી-પ્રસાદને ત્યાં કબુલ કરાવશો તો તે પણ અહીં ચાલવા દેશે નહીં.”

“અરે ! શું એવું તમે લખ્યું હતું ? એ કાગળ મળ્યો હત તો પછી બીજું શું જોઇતું હતું ?” સુવર્ણકુમારીએ કહ્યું. મ્હારાં માત-પિતાએ એમ જાણ્યું કે આઠ દશ દિવસમાં કંઇ આમ થઇ જવાનું છે ?

“લક્ષ્મીપ્રસાદના ઉપરનો તાર શી મતલબનો હતો ?” ભાનુ-મતીએ પૂછ્યું.

“તે તો હું જાણવા પામી નથી. પરંતુ તે “લગ્ન માટે આવો” એવો તો ન હોવો જોઇએ એમ મારાં માતુશ્રીને મ્હારા પિતા વચ્ચેની વાત ઉપરથી હું જાણવા પામી હતી.”

“વારુ, ત્યારે મ્હારી વ્હાલી સવર્ણા, ત્હેં આ લગ્ન થઇ ગયા-ની વાત જાણી કયારે ?”

“મ્હેં તો એવી રીત્યે જાણી કે શ્રેયનગરનું સ્ટેશન આવવાને બીજાં ત્રણ કે ચાર સ્ટેશન તો બાકી હતાં. તે વખતે હું જાગી હતી. એ સ્ટેશન ઘણી વખત જોયેલું તે છતાં ફરીથી એક વખત જાણે જોવા માટે કુતુહલ થયું. અમારી ગાડી એ સ્ટેશને આવીને, સામેથી ગાડી આવવાની વાટ જોતી ઉભી હતી. તે વખતે સવારના સાડા છ વાગતાનો સુમાર થયો હશે. એટલે અરૂણોદયની વાર હતી, તો પણ પ્રકાશ ઠીક થયો હતો. હું સ્ટેશન જોતી સુઇ રહી હતી; દૂરનો પણ ખ્યાલ ન હતો કે આ સ્ટેશન ઉપર ડૉ. લક્ષ્મીપ્રસાદને લગતા કોઇ પણ ખબર મળે ! એવામાં સામેથી ગાડી આવી પહોંચી. અને જાન ઘેર આવતી વખતે ગવાતાં ગીતોનો અવાજ કાને આવ્યો. જોત જો-તાંમાં જાનનું પચાસેક માણસ ત્યાં ઉતર્યું. વરરાજાના લેબાસમાં લક્ષ્મી-

પ્રસાદને પણ મ્હેં જોયા; એ જોતાંજ વજ્રપાત સામો આંચકો મ્હેં અનુભવ્યો ! ગભરાટમાંને ગભરાટમાં, જાણે વિનાકારણ પણ શરમાતી હોઉ તેમ મ્હોંએ ઓઢી લીધું પછી વધારે શું કહેવડાવવું છે ?"

"કંઇ નહીં, કંઇ નહીં પણ પછી ત્યાં સ્ટેશન ઉપર શેઠને અને લક્ષ્મીપ્રસાદને વાતચીત ન થઈ ?"

ના, કંઈ પણ નહીં. ઇગ્લિંડમાંથી અનાથાશ્રમમાંથી એક છોકરાને અમે સાથે લીધો હતો તે મ્હારા પિતા જોડે બેસી રહ્યો હતો. તે ત્યાં ડૉકટરને જોઇને ઉતરી પડયો.

"પ્રથમથી ઓળખતો હશે."

"હા."

"પછી ?"

"પછી, મ્હારાં માતુશ્રી અને પિતા વચ્ચે વાતચીત થઇ. તેમાં ઇગ્લંડમાં અધુરી રાખેલી વાતચિત માટે પશ્ચાતાપ કરવા લાગ્યાં. એ શું કરે ? એ કંઈ જાણતાં હતાં કે આવી રીત્યે ખટપટ રચાઇ ગઇ હશે ?"

"મ્હેં લખેલો પત્ર કેમ ન મળી શકયો, એનો તપાસ પૂરો કરવો પડશે—"

"એ મળ્યો હત તો વસ્તુસ્થીતિ બદલાઇ જવા સંભવ હતો. પણ પ્રારબ્ધની યોજના આમ હોવી જોઇએ."

એવામાં નીચેથી ગાડી આવવાનો અવાજ સંભળાયો. ભવાનીપ્રસાદ અને શાન્તાગવરી, પુત્રીની પાછળજ જાણે, હમેશ કરતાં વહેલાં આવ્યાં.

"કેમ બીછાનું કરવું પડયું છે, સવર્ણા બ્હેન !"

"કંઇ નહિં, સહજ બેચેની જણાઇ. તાપમાં આવ્યાં તેથી; બીજું શું ?" ભાનુમતિએ સમાધાન કર્યું.

"મ્હેં તો કહ્યું હતું કે જમ્યા પછી તુર્તજ તાપમાં એકદમ જવાનું સાહસ કરવાનું કામ નથી, પરંતુ એને આ ઉદ્યાનનું સ્થળ બહુજ સારૂં લાગતું જણાય છે. હવે કેમ છે, સવર્ણા બ્હેન !" એમ કહી તેનો હાથ પોતાના હાથમાં લીધો. "સહજ ગરમ કેમ લાગે છે ?"

"શું તાવ તો નથી જણાતો ને ?" ભવાનીપ્રસાદે પૂછ્યું.

"ના, રે ના ! કંઇજ નથી." ભાનુમતિએ ખુલાસો કર્યો. "એ તો અમે બહુ દીવસે મળ્યાં. એટલે બ્હેન સહજ દીલગીર થયાં. વળી એક મ્હારો કાગળ એમને મળ્યો જણાતો નથી."

"શી બાબતનો ?" બન્નેએ આતુરતાથી પૂછ્યું.

"કંઇજ નહિં, સામાન્ય ખુશખબર ઉપરાંત અહીંની ખબરો. અમારા સખીઓના પ્રેમ ઉભરા આપસઆપસના. તે મળ્યોજ જણાતો નથી એટલે તે વિષે વાત કરવી પણ પ્રયોજન વગરની છે.

ગેરહાજરીમાં ભવાનીપ્રસાદે ઉદ્યાનના કેટલાક ભાગમાં બંગલાનો ભાગ વધારવા સુચના આપેલી તે મુજબ તે થયું છે કે નહીં, બગીચાના નોકરોની શી સ્થતિ છે વગેરે જોવામાં રોકાયા. શાન્તાગવરી પહેલે માળે આવી રસોડાના નોકરોને બોલાવી ખબર પૂછી.

ભાનુમતિએ પોતાને ઘેર કહેવડાવી, સુવર્ણકુમારી સાથેજ રાત્રિએ પણ રહેવા ગોઠવણ કરી. રાત્રે બધાંએ સાથે વાળુ કર્યું. ભાનુમતીને ઇગ્લંડના લોકના રીતિરિવાજ સંબંધી કેટલીક વાતો બોધ કરનારી લાગી. ભોજનનો સમય ઠીક ઠીક કૃત્રિમ આનંદમાં પસાર થયો ! ઇગ્લંડમાં કૃત્રિમ હાસ્ય, કૃત્રિમ આનંદ બતાવવાનું શીખવાના બહુ બહુ પ્રસંગો આવે છે એ ભાનુમતિએ વાંચેલું તેનો કંઇક અનુભવ મળ્યો.

જમી રહ્યા પછી, ભાનુમતી સાથે સુવર્ણકુમારી ઉપર પોતાના દિવાનખાનામાં ગઇ. ભાનુમતિએ, સુવર્ણકુમારીની ગેરહાજરીમાં મહિલા સમાજે ગુજરાતમાં સ્ત્રીશિક્ષણ સંબંધી કરેલ કાર્યો કહી સંભળાવ્યાં. તે પછી ફોનોગ્રાફમાંથી ઇગ્લંડમાં ખરીદેલાં કેટલાંક બેન્ડ, કેટલાંક ત્યાંનાં નાટકોમાંથી ઉત્તમ કહેવાતા સરોદો ભાનુમતીએ સાંભળ્યા. પરંતુ તે પછી ગુજરાતી--ભક્તિમાર્ગ પ્રાધાન્ય નાટચપ્રયોગોના મધુર અવાજે ભવાનીપ્રસાદ અને શાન્તાગવરીને પણ ઉપર જાણે બોલાવી લીધાં !:—

પદ.[1]

"જયગંગે હર હર ગંગે—
"અઘટિત પાપ કરત દુ:ખભંગે—ગંગે.
"નિશદીન ધ્યાન ધરત તુજ નિરમલ,

---

૧. પદ ભૈરવી.

મન ચંગે કઠોટમેં ગંગે!...જય ગંગે—"

× × × × ×

" [1]ઉધો મનકી મનમેં રહી—
ગોકુલને જબ મથુરાં પધારે–કુંજન આગ દહી. ઉધો—
તન તોલાભર ના રહી ના રહી, જલબલ ભસ્મ ભઇ. ઉધો—
સુરદાસ પ્રભુ તુમારે મીલનકો–જો કછુ ભયીસો ભયી." ઉધો—

× × × × × .

"[2]તોરી ગતી અપાર, હર હર ઓંકાર,
સરજંન હાર–નીરંજન નીરકાર. તોરી.
સપ્તદ્વીપ સપ્તસાગર અષ્ટકુલ પર્વત,
મેરૂ સેબ્યો સપ્તદ્વાર...સરજંનહાર. તોરી.
જલ થલ ક્રિરતાર, પૃથ્વી ગગન ધાર,
અધમ ઔદ્ધાર, તારનહાર, ઇહ સંસાર. તોરી.
તાનસેન પિયા ઘટ ઘટમેં દીપે ગ્યાન ધ્યાન,
અગમ નિગમ સકલ અપરમપાર." તોરી ગત અપાર.

બીજાંઓને પુણ્યસરિતામાં સ્નાન કરવા સમાં આ પદો સુવર્ણ-કુમારીને "મન ચંગે કઠોટમેં ગંગે"–"મનકી મનમેં રહી," એ તો જાણે આ નવ નવા નિર્જીવ પદાર્થે હૃદયભેદક માર્મિક વચનો સંભાળાવી દુઃખ ઉપર ડામ જેવું કર્યું! ભાનુમતી તે સમજી શકી, એટલે પદની 'રકાબીઓ' ખસેડી રામાયણમાંથી એક બીજું મૂક્યું:—

"ધર્મ હેતુ અવતરેઉ ગુસાંઇ,
"મારેઉ મોહિ વ્યાધકી નાંઇ,
"મૈં બેરી સુગ્રીવ પિયારા,
"કારણ કવન નાથ મોહિં મારા—"

આ વખતે નગરમાંથી દોડતા પરિજને આવી ખબર આપ્યા કે—" મહેલ્લાના એક ઘરમાં આગ લાગી છે, વચમાં ચાર ઘર મૂકિ આપણું ઘર આવે છે!!"

---

૧. ભૈરવી પદ.
૨. ધ્રુપદ–માલકોષ.

"બંબા વાળા આવી પહોંચ્યા છે?" ભવાનીપ્રસાદે ધૈર્ય ત્યજી પૂછયું!!

"બોલાવવા ગયા છે. પણ હજુ આવ્યા નથી."

ભાનુમતીને સુવર્ણકુમારી પાસે રહેવાનું કહી, માતપિતા બન્ને નગરમાં ગયાં.

એમના ગયા કેડે બન્ને સખીઓ એકાન્ત જોઇ નિશ્ચિંતપણે હૃદયના ઉભરા કહાડવા લાગી. બન્ને સમાન વયનાં નહતાં. ભાનુમતી સહજ મ્હોટી હતી, અને નજીકના પેટાજ્ઞાતિના પડોશી સાથે પરણાવેલી હોવાથી એક રીત્યે કાકી કહેવાનો પ્રથા હોવા છતાં 'કાકી' કહેવાથી ભાનુમતીને ખોટું લાગતું હતું. બન્ને વચ્ચે ગાઢ મૈત્રિ હતી. દુનિયામાં કોઇ સખીદ્વંદ્વ એકબીજાને એવું નિઃસ્વાર્થ પ્રેમથી જોડાયલું નહીં હોય!

"સુવર્ણાબ્હેન!" થોડીવાર ઉપર સાંભળેલાં પદનાં માર્મિક વચનોમાં તલ્લીન થઇ શય્યામાં પડેલી સુવર્ણકુમારીની જોડેજ બેસી ભાનુમતી બોલી, "આમ જો! આમ! મ્હારી સવર્ણા! હવે ગમગીની મૂકી દઈ સાવધ થવું પડશે!"

"સાવધ છું, સાવધ! કાકી બોલ!"

"મ્હને **કાકી** કેમ કહી?"

"મ્હારો અપરાધ થયો પછી કંઇ?"

"તેની શિક્ષા શી?"

"કાકીશ્રી ફરમાવે તે! પછી કંઇ!"

"પાછી **કાકી** કેમ કહી?"

"એ વખત અપરાધ થયો."

ત્યારે જો! હવે સાંભળ! એ અપરાધો માટે શિક્ષા નથી કરતી. પરંતુ બાવરાપણું ત્યજી શાંત ચિત્તે સાંભળ, કે એક વખત ભૂલ થઇ એવીજ બીજે પ્રસંગે પાછી હવે, એવા કે કોઇ બીજા પ્રકારની થવા પામે નહીં!"

"એટલે શું? હું સમજી નહિં."

"મ્હારી સવર્ણાબ્હેન ન સમજે એવું હોય?"

"ખરેખર નથી સમજી."

"જો, સમજ ત્યારે કે આવતા કાલ ત્હારાં માતપિતા સાથે મ્હારે પાછું ત્હારા સંબંધમાં મળવાનું છે. અને—"

"શા માટે પણ?"

"પૂરૂ સાંભળ તો ખરી ? અને જ્ઞાતિ સમુદ્રને મન્થન કરી વળી કોઇ પ્રારબ્ધ યોગે અમુલ્ય રત્ન મળી આવે તો—"

"હવે વળી રત્ન કેવું ? રત્નજ સાંપડયું હતું ! અને તે કોઇ જાતના મન્થન વગર અનાયાસેજ ! પ્રારબ્ધે જાણે લાવીને સન્મુખ રજુ કરી દીધું હતું, અને તે જોતજોતામાં મૃગજળની પેઠે અદશ્ય થઇ ગયું !

હવે પાછું રત્ન કેવું ? એક વખત અંતઃકરણે લક્ષ્મીપ્રસાદને પતી તરિકે સ્વીકારવા મ્હને પ્રેરી. એ સ્નેહમંદિરે જાણે એકબે પગથી હું ચઢી. તેમ મ્હારી એ ઇચ્છાનો ભવિષ્યમાં અસ્વિકાર થશે એ સ્વપ્ને પણ નહતું. તે પછી દૈવેચ્છાએ એમ બનવા ન પામ્યું તો પછી એક વખત અંતઃકરણે સ્નેહપૂર્વક કરેલી યોજનાનું શું કરવું ?

એક વખતે એક પુરૂષનો વિચાર સરખો આવ્યો, અને તેને પતી તરિકે સ્વીકારવાનો અંકુર ઉત્પન્ન થયો ને પછી અન્ય પુરૂષને પતી તરિકે સ્વીકારવાની ઇચ્છા માત્ર કરવી એ ઉચ્ચ આશયવાળી આર્ય સ્ત્રીઓને માટે એક મ્હોટો અવિનય છે. એવા અવિનયને માર્ગે જનાર જીવ જન્માંતરના અને ઘણા પ્રકારના પશ્ચાતાપ વગર પાછો ફરતો નથી.

સાંભળો ! સંસારમાં કાયિક વાચિક અને માનસિક ત્રણ જાતનાં પાપ થાય છે. દેહ વડે કરાય તે કાયિક પાપ, વચન વડે થાય તે વાચિક પાપ, અને મન વડે–વિચાર માત્રથી જે પાપ થાય તે માનસિક પાપ કહેવાય છે, એટલે એક પુરૂષને પતિ તરિકે સ્વીકારવા માનસિક યોજના ધારી લીધા પછી અન્ય પુરૂષની ઇચ્છા થવી એ માનસિક પાપ છે. શાસ્ત્રથી વીપરીત છે.

મ્હેં સંપૂર્ણ રીત્યે, પુખ્ત વિચાર કરીને લક્ષ્મીપ્રસાદને પતી તરિકે સ્વીકારવાની ઉદ્ભવેલી મ્હારી ઇચ્છાને ઘણા વખત હૃદયમાં રાખી. વિરૂદ્ધતા ન બતાવનારા એમના વર્તન વડે જાણે એ મ્હારી ઇચ્છાને પ્રત્યુતર મળી એક પ્રકારનું પોષણ પણ મળ્યું. માતપિતાનું વર્તન, આ યોજનાને સહાનુભતિ આપનારૂં અનુભવ્યું ! એટલે લગ્ન ન થયા છતાં પણ લગ્નથી ભરપુર અંતઃકરણવાળી એવી મ્હારાથી વાસ્તવીક છાપને હૃદયના ઉગણમાંથી ઉખેડી નાંખવાનું શી રીત્યે

બને ? જે જે દેશમાં, જે જે કાળમાં, જે જે કથામાં એમ બનવા પામ્યું હશે ત્યાં ત્યાં સ્થુળ અને સુક્ષ્મ (મન) ના જૂદા જૂદા પતી થઇ રહેલા હશે. એવી શંકરવૃત્તિ ઉત્પન્ન કરવી એ કેટલો અધર્મ છે ? શાસ્ત્રથી કેટલો ઉલટો લાગે છે ? નીતિથી કેટલો વિપરીત છે ? હૃદયની માન્યતા ઉપર કેટલો જુલમ કરનારો ભાસે છે ? મન ઉપર કેટલો ત્રાસ આપનારો છે ? લોકમતમાં કેટલો હાંસિ ઉત્પન્ન કરનારો છે ? સ્ત્રીની સ્વાભાવિક હોવી જોઇએ તેવી, નીતિ માટેની મગરૂરીને કેટલું નીચું જોવરાવનારો છે ? પવિત્રતાથી કેટલો બધો દૂર દીસે છે? બ્રહ્માંડને પણ ડોલાવનાર વિશુદ્ધ શિયળ વૃતના ઉચ્ચ આચાર્યોને કેટલો ડગાવનાર છે ?—

ભાનુમતી—અરે ! પણ ત્યારે તું શું કરવા ધારે છે ? સવર્ણા !

સુવર્ણકુમારી—હું શું કરવા ધારૂં છું ? હૃદયના ઉંડાણમાં એક વખત પડેલી છાપની અદ્વીતીય સુંદરતાની પતિમાનું હમેશને માટે પૂજન કરવા ધારૂં છું. છબી પાડવાના કાચ સમું, એક પવિત્ર આર્ય સ્ત્રીનું હૃદય એકજ પુરૂષની તસ્વીર હૃદયે લીધા પછી તે બીજી લઇ શકતું નથી, એ ધાર્મિક સુત્રની પ્રતિતિ આપણી ભગિનીઓને આપવા ધારૂં છું ! એક પુરૂષની ઇચ્છા કર્યા પછી, અન્ય પુરૂષને ઇચ્છવાથી થતાં માનસિક પાપોથી આપણી સ્ત્રી જાતિની અધોગતિ થાય છે એ પરમ પવિત્ર સર્વ શાસ્ત્રોનું સુત્ર સર્વ ધર્મોનું તારતમ્ય, જે સ્ત્રીઓ સમજી આચરણમાં મૂકી પોતાનું જીવતર ઉચ્ચ બનાવવા ઇચ્છા કરતી હોય તેમને બતાવવા ધારૂં છું—સીતા, તારા, દમયંતી, સાવત્રિનાં મનોવેધક જીવનોમાંથી મેળવેલ અનુભવને આચરણમાં મુકવા ધારૂં છું,

ભાનુમતી—અરે, પણ સવર્ણા, તારૂં સમજવું જૂદું છે. લક્ષ્મી પ્રસાદની જીંદગી તો હવે બીજી સ્ત્રી સાથે લગ્ન થતાં મુકરર થઇ ગઇ.

સુવર્ણકુમારી—પણ તેથી મ્હારા અંતઃકરણને મ્હારે શા માટે બદલવું ? લગ્નથી ભરપુર દીસતા અંતઃકરણને મ્હારે ક્યાં ઠલવી દેવું ? હૃદય મંદિરમાં પડેલ છાપને શી રીત્યે ઉખેડી બીજી પ્રતિમાને સ્થાન આપવું ? સ્ત્રીધર્મ સ્થળે પ્હોંચવા વેગથી દોડી રહેલા હૃદયરથની ગતી વિપરીત દીશામાં ઉલટી દીશામાં શી રીતે બદલવી ?

મ્હારા સ્નેહનો મ્હેં અસ્વીકાર ન જોયો, તેથી સ્નેહ અંકુરને પોષણ મળ્યું તે પછી એ સ્નેહીની કાંતો મ્હને ત્યાગ કરવા પાપ વૃત્તિ થઇ, કંઇક અવરોધ આવ્યો, કંઇક જ્ઞાતિજનો, બંધુજનોનો પ્રત્યવાય નડ્યો, વડિલોની આજ્ઞા થઇ હોય, અન્ય સ્ત્રીના વિશેષ સૌંદર્યને લીધે મ્હને ત્યજી એને વરવા લાલચ ઉપસ્થીત થઇ, દ્રવ્ય લાલસાને વશ થવાયું હોય, કોઇ અન્ય લોભવૃત્તિએ પ્રેર્યો હોય, મ્હારો કંઇ ગંભીર અપરાધ એની દૃષ્ટિએ જોવામાં આવ્યો હોય, તેથી કે હું બતાવી પણ ન શકું તેવા કોઇ કારણથી તેની જીંદગીનું સુકાન બદલાય તેની અસર મ્હારી જીંદગી ઉપર હું શા માટે થવા દઉં? .

ભાનુમતી—નહીં, નહીં. પણ એમ મનનું સમાધાન કર કે એનીને આપણી જ્ઞાતિ જૂદી છે.

સુવર્ણકુમારી—તેમ પણ ક્યાં છે? મૂળથીજ એ માન્યતા મ્હારી હત, ને તે પોષવામાં આવી હત તો આ સ્નેહનો ઉદ્‌ભવજ થાત કે? ભાનુમતી! તમેજ પ્રથમ તો વાત કરેલી કે પેટા જ્ઞાતિઓના એકીકરણની આ નગરમાંથી વાત ઉપસ્થીત થઇ ચૂકી છે, અને જો ત્હારો સંબંધ લક્ષ્મીપ્રસાદ જોડે થાય તો કેવું ઉત્તમ! એટલેથી ક્યાં અટક્યું છે? તે પછી તો ઇંગ્લાંડમાં મ્હારા માત પિતા સમક્ષ આ પેટાજ્ઞાતિઓના ઐક્યનો વિષય પૂર જોસમાં ચર્ચાયો હતો. તમે મૂળ મ્હને અહીં જ્યારે વાત કરેલી ત્યારે તો આ પેટા જ્ઞાતિઓ શું એ વગેરેનો મ્હને નહીં જેવો ખ્યાલ હતો. એક પંક્તિ એટલે એક જ્ઞાતિ એવી મ્હારી માન્યતા હતી, ઇંગ્લંડમાં પાર્કમાં એક વખત ચાલેલી ચર્ચાથી આ જ્ઞાતિઓની ગુંએસના સંબંધમાં મ્હારી સમજનાં પડે પડ ખુલ્લાં થયાં. લક્ષ્મીપ્રસાદ નજીકની પેટા જ્ઞાતિના હતા. પરંતુ એ જ્ઞાતિઓને એક કરવાનો વિષય ચર્ચાવા માંડ્યો છે. એવાં પેટા જ્ઞાતિઓમાં લગ્ન થયાં છે. તે ઉભય જ્ઞાતિઓએ કંઇક ધુરકીયું માત્ર કરી સ્વીકાર્યાં પણ છે. લક્ષ્મીપ્રસાદનો તે માટે પ્રયત્ન કરવા સંપૂર્ણ ખ્યાલ મ્હેં જોયો—જેને મ્હેં મ્હારી વૃત્તિઓના અનુમોદનરૂપે માની. મ્હારાં માતપિતા પણ એ ચર્ચામાં, સંમત થયાં. મ્હારી માતાએ સ્પષ્ટ શબ્દોમાં આ સંબંધમાં પોતાનો હર્ષ પ્રદર્શીત કર્યો. આવી રીત્યે એક નિર્દોષ અંતઃકરણમાં

ઉંડી સ્નેહ છાપને ઉખેડી, અન્યને જગા આપવાનો તમે ઘાતકી ઉપદેશ કરવા તત્પર થાઓ છો ? અને સૌથી વધારે, તમેજ ઈંગ્લંડ કાગળ લખી આ સંબંધને છેક છેલ્લી ઘડી સુધી તો અનુમોદન આપેલું છે ! !

ભાનુમતી—વારૂ, ત્યારે હવે લક્ષ્મીપ્રસાદે તો પોતાના જીવનની ગતી અન્ય દશામાં ફેરવી-તે ત્હારી કસુરથી હોય, કે તેમની કસુરથી હોય કે અનાયાસે હોય પણ તે બની ગયું, તે પછી ત્હારે કેમ હવે વર્તવું તે બતાવીશને ?

સુવર્ણકુમારી—શું બતાવવું બાકી રહ્યું છે ? એક નિર્દોષ, નિષ્પાપ નિખાલસ અંતઃકરણ ઉપર આવી રીત્યે વજ્રપાત થયાનો સૃષ્ટિની ઉત્પત્તિ પછી કંઇ મ્હારો આ પ્રથમ દાખલો થોડોકજ છે ? જે જે પવિત્ર અંતઃકરણો મ્હારી માફક છેદાઈ, કચરાઇ સ્નેહીજનની વિપરીત માન્યતાના પ્રચંડ હોમાગ્નીમાં સ્વાહા થઇ ચૂકેલાં છે તે મારો માર્ગસુચક પતાકા થશે બીજું શું ?—"

સુવર્ણકુમારીના મુખમાંથી જાણે વિદ્યુત્ પ્રવાહ ચાલતો સાંભળીને ભાનુમતી તો એક બાળકની પેઠે રડવા લાગી ! સુવર્ણકુમારીના મ્હોંપર તો આંખમાં આંસુ છતાં મુખ ઉપર ધૈર્ય જોવામાં આવ્યું. "વ્હાલી સવર્ણા આ તું શું બકવા કરે છે ?" કહી તે સુવર્ણકુમારીનીજ શય્યામાં, આશ્રય માગતી હોય તેમ દીન મુખે પડી તેને ભેટી પડી.

"ભલે, હાલ રહેવાદે ! તને અણગમતો વિષય હું હાલ નહીં ચર્ચાવું." એમ કહી ભાનુમતીએ ઉઠીને નજીક એક સુંદર 'પિયાનો' ગોઠવવામાં આવ્યું હતું તેમાંથી એક સારો સરોદ વગાડવો શરૂ કર્યો. પાંચેક મીનિટ પછી પાછી ફરીને સુવર્ણકુમારી સામે જોતાં થાકેલા મગજને લીધે તેને પાછી નિંદ્રા આવતી જણાઇ ! એટલે મૃદુ સંગીત લાંબી વખત સુધી ચાલુ રાખી સુવર્ણકુમારીને ઘસઘસાટ નિંદ્રા આવવા પછી પોતે વિશ્રાન્તિ લીધી.

"અહા શું સુંદર સ્વપ્ન ? ! !" એમ મ્હોટેથી એક વખત બોલી, ડસકાં ખાતી સુવર્ણકુમારી પ્રાતઃકાળમાં વ્હેલી ઉઠી બોલી તેથી ભાનુમતી તુરત જાગૃત થઇ !

"વ્હાલી સખી ! શું છે તે કહે ! ગભરાતી નહીં" એમ કહી તેને છાતી સાથે દબાવી. "શું સ્વપ્ન હતું ?"

" ખરેખર, આ સ્વપ્નજ મ્હને બતાવી આપે છે—તાદશ્ય ખાતરી આપે છે કે આ સંસાર પણ એક આવુંજ સ્વપ્ન નીવડત ! માત્ર તે સ્વપ્નની ઉમરમાં, લંબાઇમાંજ ફેર સમજવાનો છે. મરણુ બાદ મૃત્યુ એ માત્ર દિર્ધ નિદ્રા છે, અને જીવન તે સ્વપ્ન છે, સમજી. સમજી હું ભાન વગરની હવે સમજી."

ભાનુમતી—પણ મ્હને કહે તો ખરી કે શું સમજી ? શું સ્વપ્ન હતું ?

સુવર્ણકુમારી—તેની પુનરૂક્તિથી પાછો મ્હને રોમાંચ થશે. જવા દો એ વિચારજ હવે. ભુલી જાઓ એ વાતજ હવે. જાણે કંઈ બન્યુંજ નથી—

ભાનુમતી—શું કંઇ ભયંકર હતું ?

સુવર્ણકુમારી—સુરમ્ય—સુંદર—સ્વર્ગીય—અનુપમ આનંદ આપનાર, પણ તે જીંદગીની માફક ચાલ્યું ત્યાં લગીજ ! પાછળથી મૃત્યુથી અધીક કલેશ આપનાર જીવલેણ દુઃખમાં નાંખનાર, કાયાને કંપાવી અનહદ કલેશ આપનાર—"

ભાનુમતી—મ્હને એમ અધીરી બનાવવા કરતાં કહી દે મ્હારી વ્હાલી સવર્ણા—

સુવર્ણકુમારી—એ કહેવાથી હવે કંઇપણ સાર્થક નથી.

ભાનુમતી—પણ મ્હારે જાણવું એ સાર્થક નહીં કે ? ! સખી પ્રેમ તને ફરજ પાડે છે કે ત્હારે તે પ્રકટ કરવુંજ જોઇએ—શું હતું બોલ !

સુવર્ણકુમારી—સાંભળો ત્યારે ! જાણે એક સંખ્યાબંધ સુગંધી વનલતાઓ અને પુષ્પોથી શોભી રહેલા, મંડપમાં, અનેક સજ્જનોની ઠઠ્ઠ સમક્ષ બ્રાહ્મણો વેદમંત્ર ભણી સપ્તપદીની ક્રિયા કરે છે ! પોતાના વર્તન પ્રત્યે સિંહાવલોકન કરતાં સહજ લજ્જાને પ્રાપ્ત થયેલ છતાં પ્રસન્ન વદને, લક્ષ્મીપ્રસાદે અનેક સુગંધી પરિમલવાળા પુષ્પહારથી અધિક દેદીપ્યમાન થતા મુખવડે મ્હારૂં—"

ભાનુમતી—શું ! શું ! બોલ બોલ !

સુવર્ણકુમારી—ત્યાં વળી, અનેક જાતના વસ્ત્રાલંકારોથી શણગાર સજેલી સ્ત્રીઓ મધુરકંઠે વિવાહગીત ગાઇ રહી છે, સંખ્યાબંધ વાદિત્રોના કંઠપ્રિય સરોદો આનંદ આપી રહ્યા છે. વેદ પઠનથી, હોમાગ્નીમાં સુવાસિત આહુતીથી તે સ્થળ અધિક પવિત્ર બની રહ્યું છે. સોનેરી રૂપેરી વસ્ત્રો તથા અલંકારોથી શણગારાયલા અશ્વો ખોંખારી

રતા જોવામાં આવે છે. કંઇક નુતન બન્યું હોય, કંઇક હમેશ કરતાં હૃદયને અધીક આલ્હાદ આપનાર બન્યું હોય એમ જાણે ઘણા જનોના મુખ ઉપરથી—

ભાનુમતી—એ તો બધું ખરૂં પણ—"**લક્ષ્મીપ્રસાદે અનેક સુગંધી પરિમળવાળા પુષ્પહારથી અધિક દેદીપ્યમાન થતા મુખવડે મ્હારૂં**" પછી શું બોલતી હતી તે તો કહે?

સુવર્ણકુમારી—વારૂ, એ પણ કહીશ. કહીશજ. પરંતુ ત્યાં કેટલાક કડીઆ અને મજુરોનાં ટોળાં, એક કળિયુગમાં ભાગ્યે જોવામાં આકૃતિવાળો કદાવર એક મહાત્મા, અને કેટલાક તદન સફેદ વસ્ત્ર વાળા, પ્રેક્ષકો પણ જોયા એ શું!

ભાનુમતી—અને તે સ્થળ કેવુંક હતું?

સુવર્ણકુમારી—પૂર્વે કદી મ્હેં ન જોયેલું તેવું સુન્દર સ્વર્ગ સમું!

ભાનુમતી—હવે મ્હેં પૂછયું એ પ્રશ્નનો ઉત્તર કર. "લક્ષ્મીપ્રસાદે + + + + દેદીપ્યમાન થતા મુખવડે મ્હારૂં" પછી શું?

સુવર્ણકુમારી—પણ તેથી શું? તેથી શો અર્થ સરવાનો છે?

મૃગજળ ભૂમિપરિ ભ્રમણ,
સ્વપ્ને સુખદુખ અવતરણ;
નિદ્રામાં ભોજન કરણ,
માયામોહ પછી મરણ.

એ બધાં સરખાં!—

ભાનુમતી—મ્હારે એ તારા વિચિત્ર શાસ્ત્રને શું કરવું છે, હું કહું તે સમજાવને!

સુવર્ણકુમારી—સમજ ત્યારે, બળાત્કારે સમજ! એ મંડપમાં, ભૂદેવો અને સંખ્યાબંધ મનુષ્યોની મેદની સમક્ષ લક્ષ્મીપ્રસાદે અનેક સુગંધી પરિમળવાળાં પુષ્પહારથી અધિક દેદિપ્યમાન થતા મુખ વડે મ્હારૂં—

ભાનુમતી—શું બોલને?!

સુવર્ણકુમારી—......પાણીગૃહણ કર્યું!!! હવે એજ બતાવી આપે છે કે આ મિથ્યા મોહ અને માયા આ સ્વપ્નવત્ છે—હું તેથી વિરક્ત છું. વૈરાગ્ય! મ્હને મદદ કર! મનોબળ મ્હારી સાથે સતત રહે! બુદ્ધિ! સામર્થ્ય!! અભ્યાસ!!! મ્હારાં સંગી બનો; ભાનુમતી સખી મ્હને ત્યજે તો પણ તમે ન સજશો!

કળિયુગીઆં મનુષ્યો સ્થુલ રૂપે છતાં કંઈ મદદ ન કરી શકે તથાપિ દૈવી સંપત્તિ વિભુષીત સુક્ષ્મ ગુણો ! તમે મ્હારી મદદે રહેશોજ ! તમારામાં મ્હને શ્રદ્ધા છે. એમ કહી નેત્ર મીંચી જાણે ધ્યાનમાં હોય, મૂર્તિમાન હોય તેમ બેઠી.

ભાનુમતીએ જાણ્યું કે સુવર્ણકુમારીના વિચારો એકદમ ઠેકાણે આવી શકે તેમ નથી. માતપિતાને પ્રાતઃકાળમાંજ બોલાવી લાવવા માટે તેણીએ જવા યોગ્ય ધાર્યું. બે સ્ત્રી નોકરો પાસેજ ઉભી હતી. તેમને કહ્યું કે હું અડધા કલાકમાં આવું છું. તમે બ્હેનની પાસેજ રહેજો.

ભાનુમતીના ગયા પછી થોડીવારે સુવર્ણકુમારીએ નેત્ર ખોલ્યાં. સ્નાનશુદ્ધ થઈ એક અતી શ્વેત વસ્ત્ર પહેર્યું. અને અડધા કલાક સુધી એક તપસ્વીની, યોગીની હોય તેમ ધ્યાનમાં રહી. તે પછી વીણા લઈ મનના ઉભરા અંદરથી બહાર કહાડી, પત્થરનું પાણી કરી નાંખે એવા હૃદયફાટ ઉદ્‌ગારો, જાણે હૃદયની અંદર જગાના સંકોચને લીધે બહાર કહાડવા લાગી:—

[1]અરે, ભાગ્ય ! શું યોજી રાખે અહા ? !
સુખોની મનુષ્યે શું કરવી સ્પૃહા ? !
દુરે ઝાંઝવાં નીર જેવાં દીસે,
કદી પ્યાસી પ્રાણી ન પાણી પીશે,
“ દશાચક્ર ઘરમાળ ઘડીએ ફરે,
વૃથા જીવ ચિંતા વિપદની કરે ” !
કહી, એ મનુષ્યો ભલે છેતરે !
કહો ! એ મનુષ્યો કદી છે, તરે ? !
મ્હને સર્વ સંસાર દુખઓ દીસે !
ભલે ભોળવાયાં ભમે એ વીષે—
નથી હીંદમાં, હીંદુઓ ! સુખ; જ્યાં—
રહ્યાં બંધનો કૈ, નથી જે તજ્યાં !

× × × ×

પાછું ફાવ્યું નહીં, એટલે એક સાંભરી આવેલ ફોનોગ્રાફની રકાબી મૂકી.

---

૧. માલકોષ.

લગ્ન નથી થયું, કાંઇ નથી ગયુ,
સ્નેહ થયે નહીં બાકી કંઇ રહ્યું,
× × × ×
મન બીજાનું સ્થુલ બીજાનું,
નીતિ વિવેકને ન્યાય વિનાનું,
બળ્યું પરણવું ધિક સંસાર
સમજે તેને એ સુખ શાનું ?
વિદ્યાભ્યાસી યોગાભ્યાસી,
રહીશું જગતમાં સદા ઉદાસી,
ભર જંગલમાં પર્ણકુટીમાં
સ્નાન કરીને ભસ્મ ધરીને,
સ્નેહી તણી માળા ધરી કરમાં,
સ્મરીશ હવે હું ફરી ફરીને–
× × × ×

તે રકાબી પાછી ફરી ફરીને ચડાવી. તે પછી એક મીરાંબાઇનું સુરમ્ય પદ સાંભર્યું તેની રકાબી મૂકી.

[1] " મય તો ઠાડી જપું રામ માલારે !
મય તો ઠાડી–
રામ નામમેં મન મતવાલા,
પ્રીતિ રસકાહિ પ્યાલારે..........મયતો,
માયા મોહ સમુંદર ડાલા–
દ્યો દરસન પ્રતીપાલારે..........મયતો,
કામ ક્રોધકો કોપ કૂપ ધરી,
ભેખ તણા ધરી ભાલારે........મયતો,
મીરાં કહે પ્રભુ ગીરધર નાગર,
કાન ધરો કાલાવાલારે...
મયતો ઠાડી જપું રામ માલારે.

આ વખતે જાણે આગ લાગી હોયને તે બુઝાવવા બંબાનો રથ દોડે તેવી રીતે દોડતી ગાડીમાં ભવાનીપ્રસાદ, શાન્તાગવરી અને ભાનુમતી આવી પહોંચ્યાં.

---

૧. ભૈરવી.

" સવર્ણાબ્હેન ! આજે સંગીત બહુજ વહેલું શરૂ કર્યું છે, કેમ વારૂ ?" માતાએ આ ચિત્ર જોતાં કાંપતા હૃદયે પૂછ્યું.

" નહિ, આજે પૂજા વખતેજ વીણા મંગાવી લીધી છે, સંગીતની તો હજુ વાર છે. બરોબર આઠ વાગતે સંગીત ચાલશે." એક નોકરે ખુલાસો કર્યો.

" નહિં નહિં ! ઈંગ્લંડના સ્વતંત્ર વાતાવરણનું કંઇક અંશે અનુકરણ તો થવું જોઇએને ? પુજા વખતે સંગીત અને સંગીત વખતે પૂજા થાય તો કંઇ નહીં. ઈંગ્લાંડની સ્ત્રીઓ સ્વતંત્રતાને વધુ ચહાનારી છે તેમના પરિચયનો--"

માતપિતાની હાજરીથી પોતાના મતને અનુમોદન મળવાની અપેક્ષાએ વધારે હિંમતવાન બનેલી ભાનુમતી માર્મિક શબ્દો કહેવા જતી હતી, પરંતુ શાન્તાગવરીએ તેની સામે જોવા માત્રથી ચેતી જઇ બંધ રહી.

" ભલે એને પૂજાથી પરવારવા દો–" કહી બધાં બીજા હોલમાં ગયાં.

" ભાનુમતી ! ત્હારૂં કહેવું યથાર્થ છે. ત્હેં બનાવી મૂકેલ કાર્યક્રમ એને અનુકુળજ આવશે." શાન્તાગવરીએ કહ્યું,

ભાનુમતી—જુઓ ! એ મહાદેવના પવિત્રધામમાં સંખ્યાબંધ પુષ્પફળ તરૂઓ છે. ઉદ્યાનો છે. જળાશયો છે. દવાખાનું છે. બંગલા છે. આશાએશનાં રમતગમતનાં સંખ્યાબંધ સ્થાનો છે. દરેક પંક્તિનાં મનુષ્યોના કોલાહલથી અરણ્ય છતાં નાના પ્રકારના રમતગમતના મેળાવડા પણ થાય છે. અને હું એની સાથે રહીશ ! વખતોવખત મ્હારે ત્યાંથી એમ કહેવામાં આવે છે કે એકવખત ત્યાં જવું છે એટલે એ પણ સાથે આવશે, અને આપના અને વિશેષે સુવર્ણાબ્હેનના ઉપયોગ માટે તો અમે જીંદગીભરનાં આપનાં આભારી થયેલાં છીએ. એમને ઘણી વખત કહેતા સાંભળું છું કે, "યુનીવર્સીટી–પાઠશાળામાં મ્હારૂં અભ્યાસનું નાવ ભવાનીપ્રસાદની ઉદારતાએ આગળ ચલાવ્યું છે—"

ભવાનીપ્રસાદ—વારૂ, એ તો હું સાંભળવા માગતો નથી પરંતુ મ્હારી એવી ઇચ્છા છે કે એક ખાસ આપણા કુટુમ્બ માટે ત્યાં સારૂં આરોગ્યભુવન પણ બંધાવવું. તે માટે હું આવતા કાલથીજ કેટલાંક માણસો મોકલવા ધારૂં છું. એ માણસોથી નોકરીની સંખ્યામાં વધારો થશે. અરણ્યમાં નગર જેવું સહજ જણાશે. ત્રણ ત્રણ ચાર ચાર

દિવસે આપણુ પણુ ત્યાં જઇશું. અને દેવી ! મ્હારી ઇચ્છા છે કે તમે પણુ ત્યાં થોડોક વખત રહો તો વધારે સારૂં.

શાન્તાગવરી--ભલે. જેવી આપની ઇચ્છા--

ભાનુમતી--હાલ હું ત્યાં છું તે બસ છે. જરૂર પડયે આપને બોલાવી લઇશું. આપની હાજરીથી અમને વખતે છૂટથી વાતચીત કરતાં કંઇક મર્યાદિત થઇ રહેવું પડે. વડિલોની આમન્યા એ સમાન વયની સખીઓના વાર્તાલાપને કેટલેક દરજ્જે અંકુશિત કરનાર છે.

સુવર્ણકુમારી સાથે ભાનુમતીએ, રણવાસથી કેટલેક છેટે આવેલ મહાદેવના ઉદ્યાન અને આરોગ્યભુવનમાં જઇ રહેવા બધાં એકમત થયાં. ભવાનીપ્રસાદે તે સ્થળે એક ભવ્ય મહેલ મ્હોટા ખર્ચે બંધાવવા ગોઠવણુ કરી. ભાનુમતી સુવર્ણકુમારીને પણુ આ વિષયમાં એકમત કરી શકી, કારણકે સંજોગો જોતાં એની ઇચ્છા ઉપયોગમાં લેવી એ આવશ્યક હતી. આઠ આઠ દીવસે ભવાનીપ્રસાદ અને શાન્તાગવરીએ એ સ્થળે જઇ આવવાનો કાર્યક્રમ રચાયો. એક ભવ્ય આરોગ્યભુવન ત્યાં બંધાય છે એ જાણી અનેક મનુષ્યો કામે લાગ્યાં. એની તૈયારીનો કોલાહલ આજુબાજુનાં ગામોમાં પણ મચી રહ્યો. વાતાવરણુ ઉદ્યોગમય થઇ રહ્યું.

પ્રકરણુ ૧૨ મું.

જ્યાં નારીનું સન્માન,
ગાય ત્યાં દેવ કિન્નરો ગાન.

અજબ હિન્દુ સંસાર ! કયાં સત્યયુગનાં પવિત્ર દંપતિ યુગલો જેમનાં નામ સ્મરણુ માત્ર હાલ શેષરૂપે રહ્યાં છે ! પરંતુ જેમનાં પ્રજોન્નતિ કરનારાં વિશુદ્ધિ આચરણોએ, અન્ય ભૂમિવાસીઓના દેહમાં જઈ આશ્રય લીધો છે !

તેની તેજ આ ભૂમિ ! જેના ઉપર પતિતપાવની ભગવતી ચિરકાળથી વહ્યા કરે છે અને જેના ઉપર ગગનમિત્ર હિમાલય તે વખતનો ઉભો થઇ રહી સાક્ષી પૂરે છે; જેના ઉપર ઉદાર મૂર્તિ ચક્રવર્તિ મહારાજા રામચંદ્રજી ચિરકાળ રાજ્ય કરી ગયા છે, જેના વખતની શાંતિના શબ્દો અદ્યાપિપર્યંત "રામબાણુ, રામ રાજ્ય" વગેરે

સંજ્ઞાથી પ્રજા જનો ઓળખે છે. પ્રાતઃકાળમાં જેનું નામ લઇ લોકો પાવન થાય છે. મરણની ઘડીએ પણ જેના નામ માત્રથી ઉચ્ચ સ્થીતિ પ્રાપ્ત કરવાની માન્યતા ચાલે છે. માનવકૂળનો આદિ પુરૂષ મનુ, શ્રી કૃષ્ણ પરમાત્મા કપિલ, બ્રહ્મસ્પતિ, ઇક્ષ્વાકુ, ધર્મરાજ યુધિષ્ટિર, ધન્વન્તરી, ગૌતમ, શંકરાચાર્ય, માધાતા, ભરત, હરિશ્ચંદ્ર, દિલીપ, અર્જુન, અશ્વતથામા, પરીક્ષિત, તુલસીદાસ, સુદામા, માઘ, બાણકવી, ભવભૂતિ, કાળીદાસ, તુકારામ, શાલિવાહન, પુંડરીક, ભોજ, પરદુઃખભંજન વિક્રમ, નૃસિંહ મેતો, એમનીજ આ જન્મભૂમિ !! સીતા તારા દમયંતી સાવિત્રી સમી અનેક સતી સ્ત્રીઓને જન્મ આપનાર તેની તેજ આ ભૂમિ ? આજ કાલ ગડબડ, ઓખો અભંખરો, અંટા ગુડગુડ જેવી કાલિ વિડંબન મૂર્તિઓને કેમ જન્મ આપી રહી હશે ?!

સ્થીત્યંતર કુદરતનો નિશ્ચલ નિયમ છે. એના એજ મહા પુરૂષો અન્ય દેશોમાં જન્મ લઇ તે તે દેશોની ઉન્નતિ કરી રહ્યા છે ! મૃત્યુ લોકને મંગળના ગ્રહ સમો ઉન્નત બનાવવાનું કાર્ય જે જે વ્યકિતઓને સોંપવામાં આવ્યું છે તે કર્યે જાય છે; અને અન્ય દેશમાં હોવા છતાં એક વખતની જન્મભૂમિ હીંદ પ્રત્યે પણ પોતાનો પ્રેમ પ્રદર્શિત કરવા ચૂકતા નથી એજ તેની પ્રતિતિ !

સદીઓભરનો અવ્યવસ્થિત જમાનો પ્રજાના કાર્યક્રમમાં શું ગેરવ્યવસ્થા ન કરી શકે ? બ્રાહ્મણોને ખભે સુત્ર, છભદ્રારા ગોખણપટ્ટીના તંતુપર મેરૂસમા વેદને ટકાવી રાખવાનો કોઇ પ્રજામાં નહીં જોવામાં આવેલો દાખલો ! પાટણના જેવા અનેક ભંડારોમાં પુસ્તકોની સાચવણી, કંઇક અહીંની પવિત્ર જમીનની માટીમાંજ જુનું ટકાવી રાખવાની અદભૂત શક્તિ હોવાને લીધે, તે માટીમાંથી ઉત્પન્ન થયેલાં જનોનાં અંતઃકરણોમાં જૂના સમયના લોકોની વિદ્યા, આચરણો, તેમની સંસ્થાઓ પ્રત્યે પુજ્ય ભાવથી જોવાનો રહેલો ગુણ—એ વગેરે નહત તો તો આજનું હીંદનું સાંસારિક ચિત્ર આપણે જૂદુંજ જોવાનું કમનસીબ હતું !

તેમાં વળી ગરીબ, નરમ માટીનાં તત્વોમાંથી ઉત્પન્ન થનાર ગુજરાતીઓ તો વળી સ્વભાવે વધારે નરમ બની જાત, માત્ર કુદરતને અનુકુળ એવા કોઇ સંજોગોએજ આધુનિક સ્થિતિ લાવીને મૂકિ છે !

મોટાં શહેરોમાં જોશો તો સારી રીત્યે કેળવાયલો જનસમુહ !

જાણે યુરપ અમેરિકાનું કોઇ આગળ પડતું શહેર ! મુંબઇનાં સુશિક્ષિત નરનારી જોઇ, મુંબઇરૂપી ચસમાંથી એક વિદેશીય મુસાફર હીંદને જોશે તો કહેશે કે હીંદુસ્તાન દેશ ઇંગ્લંડ, ફ્રાન્સ, અમેરિકા, જર્મની જેવો સુધરી ગયો છે. !

પણ વસ્તુ સ્થીતિ તેમ છે ? રણવાસ જેવાં પહાડી ગામડાંનાં સમુહનો હિંદ દેશ ઘણે ભાગે બનેલો છે ને તેમાં સ્ત્રીઓ—વીજીસમી સ્ત્રીઓજ, વિદ્વાન સુશિક્ષિત યુવકો માટે મળી શકે—તેવા સંજોગોમાં આધુનિક અધમ સ્થીતિમાં મૂકાયલો આપણો ગુજરાત દેશ છે !

કેળવણીનો પ્રચાર શરૂ થયો તેથી શું ? કેટલાક વિદ્વાન બન્યા તેથી પણ શું ? અશિક્ષિત જનસમુહ કેળવવાની જરૂર છે. કેળવણીના સંપૂર્ણ વિસ્તાર વગર જ્ઞાતિના સુકાનીઓ ગડબડ જેવાજ જોવામાં આવશે ! ધનાઢ્ય ગૃહસ્થોના ધનની મદદથી કેળવણીનો વિસ્તાર અને દેશદાઝના અને માનવજાતિ ઉપર, માતૃભૂમિ ઉપર વાસ્તવીક પરોપકાર પોતાનાં વ્યાખ્યાનોથી થવા પામે, તોજ સંસાર ત્યાગ કર્યાનું સાર્થક છે એવી માન્યતાવાળા પવિત્ર વૃત્તિના સન્યાસી બ્રહ્મચારીઓના સદુપદેશથી હીંદુઓની સાંસારિક સુધારણાને વેગ મળવાનો ! તેમ ન થાય તો દેશદાઝના ગૃહસ્થોની અમુલ્ય જીંદગીઓ, સાંસારિક સુધારણાના, ત્યાગી વૈરાગી સાધુ સન્યાસી બ્રહ્મચારી બાવાઓને બજાવવાની ફરજ પાછળ ખર્ચાવાની ! એવી અમુલ્ય જીંદગીઓનો વ્યય, દેશની સુધારણાની અન્ય સંખ્યાબંધ શાખાઓમાં થાય તો તેથી દેશને કેટલો બધો લાભ થાય ?!

એમ નથી થવા પામ્યું, ત્યાં સુધી, કેળવણીનો વિસ્તાર પુરૂષો તેમજ સ્ત્રીઓમાં થયો નથી ત્યાં સુધી, જનસમુહની જૂદી જૂદી સંખ્યા, (સુશિક્ષિત કે પછી અશિક્ષિત એમ એકજ પંક્તિમાં ન બેસતાં) જૂદી જૂદી ચડતા ઉતરતા દરજ્જાની બેઠકો—ગેલેરીઓના ઉપર જાણે બેઠેલી છે તેવા જમાનામાં લક્ષ્મીપ્રસાદ જેવા નરરત્નની સાથે વીજી જેવી પત્નીઓનાં લાકડે માંકડાં વળગાડવાના કેટલાબધા હૃદયદ્રાવક, આપણી સમગ્ર જાતિના સંસાર સુખવૃક્ષના મૂળે કુહાડો મૂકનાર, દાખલા જોવા પડે છે ? ! દરેક સહૃદય વાચકની નજરે આવતી આ એક ઉઘાડી વાત છે ને તેમાં બેને બે ચાર (પણ પાંચ નહીં !) એના જેટલુંજ સત્ય રહેલું છે.

વીજીને સાસરે આવ્યે આજે ચાર માસ ઉપરાંત થઇ ગયા છે! ખરૂં પૂછો તો વીજી સાસરે આવવા જાણે ભાગ્યેજ સરજાઈ હતી! તમે જાણીને અજાયબ થાઓ તેવું નથી કે પરણીને સ્ટેશન ઉપરથી ગાડીમાં જાળવીને લાવીને જે પથારીવશ તે થઇ પડી છે ત્યાંથી હજુ સુધી ઉઠી શકતી નથી, કારણ કે માતાના મંદિર આગળજ તે શ્રીરામશરણે જવાની હતી! પરંતુ ગડબડની ખટપટે, ભાનુપ્રસાદ અને લક્ષ્મીપ્રસાદના દુર્ભાગ્યે, તે જાણે જીવિત ધારણ કરી સોમણુના દુધપાકમાં શેર મીઠું નાંખવા જીવનતંતુ સાચવી રહી હતી! અને સુવર્ણકુમારીના પણ ઓછા દુર્ભાગ્ય માટે નહીં!

સાસરે આવી તેજ દીવસે ૧૦૩ ડીગ્રી એને તાવ હતો! કમભાગ્ય બિચારા સુશિક્ષિત કુટુમ્બનું! જેને ઘેર **यत्रनार्यास्तु पुज्यन्ते रमन्ते तत्र देवता** એ ધાર્મિક સુત્રને દષ્ટિબીંદુ તરિકે રાખી સ્ત્રીઓ પ્રત્યે વર્તન થતું વતું તેવા કુટુંબમાં બધાં તેની પ્રત્યે, તેની સ્થીતિ રીતિ ગમે તે હોય તથાપિ, તેની કોઇ પ્રકારે લાગણી ન દુભાય તે ઉપર લક્ષ રાખતાં હતાં!

અને લક્ષ્મીપ્રસાદ એના સંબંધમાં કેવા વિચારો ધરાવવા લાગ્યો તે વીષે શું ધારોછો? નિર્લેપ અંતઃકરણનો સાધુ પુરૂષ! માતપિતાએ લગ્ન પછી કેટલેક દિવસે ખેદયુક્ત અંતઃકરણે આ લગ્નના સંબંધમાં ચર્ચા ચલાવતાં, રત્નલક્ષ્મીથી સ્ત્રી જાતિની સામાન્ય નિર્બળતાને આધિન થઇ, પુત્રના સદ્‌વિચારોનું વિસ્મરણ થતાં બોલી જવાયું કે– જ્ઞાતિમાં ઘણે સ્થળે બે સ્ત્રીઓ નથી જોઇ? ઘણા દિવસ માંદગી ચાલશે તો પછી તે પગલું ભરવા વિચાર કેમ ન કરવો–તે સાંભળી લક્ષ્મીપ્રસાદ તે વખતે ચુપ રહ્યો પરંતુ તુર્તજ એક વૃદ્ધ મુનીમને બોલાવી કહી દીધું કે, " માતપિતા સમક્ષ હું કંઇ બોલી શકયો નહીં, પરંતુ વાડીલાલ શેઠ! તમે જાણોછો કે દુનિયામાં એકથી વધુ સ્ત્રી કરવી એ મ્હોટો અનાચાર છે, પુરૂષને અધોગતીએ પ્હોંચાડનાર છે; સ્ત્રીઓને શિયળવ્રતનો ઉપદેશ આપનાર આપણે એક નિશ્ચલ અસીધારા સમું અડગ પત્નીવ્રત ન રાખીએ તો તે આપણો ઉપદેશ નિરર્થક છે. સાંસારિક દષ્ટિથી જોતાં પણ એક સ્ત્રીની હયાતિમાં બીજી સ્ત્રી કરનાર પુરૂષને સુખની ઘડી હોઇ શકતી નથી. મ્હને એ વિષય ચર્ચાય

તેનો બહુ કંટાળો છે પરંતુ મ્હારી લાગણીઓને હું વડીલો સમક્ષ પ્રદર્શીત કરી શકતો નથી."

"આપના જેવા ગુણીયલ પુત્રનું એ સુલક્ષણ છે" વૃદ્ધ વાડીલાલ મુનીમે કહ્યું "પરંતુ એમને કહેવા જેવું કારણ મળ્યું હશે એટલે બોલ્યાં હશે. જુઓને! ન્હાનાં શેઠાણીબામાં શું છે? માફ કરજો, લક્ષ્મીપ્રસાદભાઇ, આપતો મ્હારા પુત્ર તુલ્ય છો પરંતુ એમનામાં હાડકાંના એક ન્હાના માળા સિવાય નહીં જેવું શરીર છે, પૂરાં પાંચશેર વજનમાં નહિં હોય! લોકો લગ્ન તો સંતતિને માટે ઇચ્છે છે, એ આપથી અજાણ્યું છે? પછી આ બિચારાં તદ્દન શુષ્ક શરીરનાં રહ્યાં એટલે કહેવાઇ જવાયું હશે. આપના પોતાના જાતિભોગે પણ એવા સ્તુતિપાત્ર વિચારો છે તો પછી તે નહિં કહે એમ કરીશું. પણ વારૂ, એમને દરદ મટી શકે તેવું છે કે નહીં?

લક્ષ્મીપ્રસાદ—હા; કેમ નહીં? દરેક ઉપાયે તે મટાડવા પ્રયત્ન થશે. દરદમાં બીજું શું છે? સાદો મિતાહાર ખોરાક, બનતા લગી ફળ અને દુધનો, અસ્ખલિત નિદ્રા, જરૂર પડતો વ્યાયામ, સ્વચ્છ હવા, એ સાક્ષાત્ ધન્વંતરીનું આપેલું ઔષધ સમજવું. તે ઉપરાંત એક સૌથી અગત્યનું ઔષધ આપણા ઘરમાંજ છે, અને તે જોકે સહજમાં મળી શકે તેવું છે, તોપણ માતપિતા તે આ દરદીને માટે બચાવી શકે તેમ મને લાગતું નથી!

વાડીલાલ—જાઓ! જાઓ, ભાઇ! એ વાત વળી માનવા જેવી હોય ખરી કે?!

લક્ષ્મીપ્રસાદ—ખચીત્ હું સાચું કહું છું.

વાડીલાલ—પણ મ્હારાથી મનાતું નથી તેનું કેમ?! સહજની દવા, ને તે આપનાં ધર્મપત્નીને માટે, આવાં દેવસમાં માતપિતા, એ ન આપી શકે? જાઓ, એ ન આપે તો મ્હારે આપવી. પણ મ્હને કહો કે એવી શું દવા છે?

લક્ષ્મીપ્રસાદ—એટલીજ, વાડીલાલ શેઠ! કે દર્દીને મર્મસ્થાને વાગે એવા વિચારો એના સમક્ષ અમે દાક્તર લોકો કદી બતાવતા નથી. ઘડી પછી મરનાર દરદીને પોતાને એ ખબર આપવાથી તેનો તત્કાળ અંત આવે છે એવી અમારી માન્યતા હોય છે. તેમજ એને

મર્મસ્થાને લાગે એવા ખબર, કે એવા વિચારોનું પણ તેવુંજ પરિણામ આવે છે; મ્હારા સમક્ષ માતપિતાએ જે વાત કરી તેવીજ વાત એક દરદી સમક્ષ કરે તો કદાચ્ એનું એકદમ વીપરિત પરિણામ આવી જાય, અને આપણુ વાત કરનારાઓ પછી પશ્ચાતાપમાં પડીએ, પાપના ભોક્તા થઇએ—"

વાડીલાલ—એવી વાત પૂરી સમજવાની શક્તિ એમનામાં હાલ ક્યાં છે? તોપણુ હું તજવીજ કરીશ કે એવા બનાવ અટકશે પછી કંઇ?

લક્ષ્મીપ્રસાદ પરણવા માટે ગયો તેજ દીવસે સ્ટેશન ઉપર ગડબડે કહેવરાવ્યું હતું કે મુંબઇથી તે પરબારો રણવાસ આવશે પરન્તુ તે પોતાની મંડળી સાથે મળ્યા તેટલા રૂપીઆ લઇ, પછીના એક હજારની દરકાર રાખ્યા વગર પોબારા ગણી ગયો હતો! જ્ઞાતિ સમુહનો જે ભાગ વિરૂદ્ધ હતો તેમની તરફથી થતી અસહ્ય નિંદા અને ઉપહાસ્યનાં વચનો વારંવાર કાને આવતાં.

પરણીને આવ્યા પછી આઠેક દીવસે વીજીને એક રોજ વધારે તાવ આવવાના સમાચાર મળતાં ઓધારામને ઉજમબાઇ તેની ખબર પૂછવા આવ્યાં. ઘરમાં વીજીની શારીરિક સુધારણા માટે રખાતી કાળજી જોઇ આ લોકો ખુશ થયાં. ઓધારામ સાથે ગડબડના પ્રપંચની વાતને પ્રારબ્ધની એક યોજના, સમજી તે વિસારી દેવામાં આવી જણાતી હતી. માંદી માંદી પણ વીજીનાં વચનો તરફ માનપૂર્વક જોવાતું હતું. આ ગામડીયાં માબાપો, જેમણે સાસુ સસરા અને વહુઓ વચ્ચે શાંતિના પ્રસંગો જવલ્લેજ જોયેલા તેઓ સ્વર્ગતુલ્ય આનંદી કુટુંબી સંસ્થા જોઇ અજાયબી પામે તેમાં નવાઇ નહીં;

વીજીને આજ મટી જશે, કાલે સારૂં થશે, આવતા અઠવાડીયા કરતાં આ અઠવાડીયામાં કંઇક ઠીક છે એમ પ્રયોગો ઉપર પ્રયોગો અજમાવવામાં લક્ષ્મીપ્રસાદનો ઘણે ભાગે વખત જતો. તોપણુ ઉજમબાઇ આગળ વીજીએ, જે સ્ત્રી દાકતરે શીતળા માતાની દહેરી આગળથી તેની સારવાર કરી હતી તેને ગમે તેમ કરીને અહીં મોકલવા ઇચ્છા બતાવી.

તુર્તજ તે ઇચ્છાને અમલમાં મૂકવામાં આવી. ઓધારામ અને ઉજમબાઈ બીજી વખત આવ્યાં ત્યારે એ સ્ત્રી દાકતર—સીતાબાઇને

લઇ આવ્યાં. તે પછીથી લક્ષ્મીપ્રસાદને કંઈક ફાલતુ વખત મળવા લાગ્યો. પરંતુ ચિત્તવૃત્તિ ધંધામાં જોડાઇ નહીં. વાંચવા, હરવા ફરવામાં પણ અવરોધ નડવા લાગ્યો. ચિત્તમાં વખતો વખત અનિવાર્ય ગ્લાની થઇ આવતી. કવચિત, ઓરફનેજવાળો છોકરો તેનો કંઇક ઠીક સોબતી બનતો ને તેની શરૂઆત નીચે મુજબ થઇ હતી.

લક્ષ્મીપ્રસાદ—છોકરા, તારૂં કંઇ નામ ઑરફનેજમાં પાડવામાં આવ્યું હતું કે?

છોકરો—સેટ! "તાનીયા" સે!

લક્ષ્મીપ્રસાદ—એ નામ કોણે પાડયું?

છોકરો—સરવના બાં.

લક્ષ્મીપ્રસાદ—વારૂ, ઠીક પણ ઑરફનેજમાં તને શું કહેતા?

છોકરો—સેટ "બૉય"! સે!

લક્ષ્મીપ્રસાદ—"છે" કે "હતું? મુર્ખા! ભાષા હવે કયારે શીખીશ?

છોકરો—સેટ મને પઢાવે! ગાનાં બજાતાં તો આવે સે!

લક્ષ્મીપ્રસાદ—વારૂ, "તાનીયો" નામ શું જોઇને પાડયું હશે?

છોકરો—સેટ; એક રોજ ઇંગ્લંડ મધિ સવરનાબા સતાર લઇને બેઠીસે! પસે તો ગાવા લાગીઃ—

ભવતારન તું દુખહારન રી,
દુઃખહારન રી, દુઃખહારન રી......
ભવતારન.

× × × × ×

ઓર એક સીંધુરા બોલે કેઃ—

જગ કે રૂઠેસેં કયા ભયો,
જ્યાકે રામહે રખવાર રી--
જગકે રૂઠેસેં કયા ભયો.
દેખદેખ પિયારે લંકમેં, સંકટ વિભીષણપેં પરે,
તુલસી સરાહત રામકી, જીસને અવધમેં પગ ધરે.
જગકે રૂઠેસેં કયા ભયો?

તો પસે બી પાસેના હૉલમાં બેઠાસે તો મારા પાઉં તાનમાં આવીને નાચવા લાગે!

લક્ષ્મીપ્રસાદ--શું વાત કરે છે ! છોકરા, તને જોઇને હું બહુ ખુશ થાઉં છું, વારૂ, તારે અહીં જે કંઇ જોઇએ તે મ્હારી પાસે માગવું હો ! અહીં ત્હારૂ ઘર સમજવું. પણ તારે ગુજરાતી ભાષા બરોબર શીખવી પડશે !

તાનીઓ—સેટ ! ઇગ્લંડ મધિ સવરનાબા શીખૌતીતી; ત્યાં કોન સીકવે ?

એમ વહી છોકરો સહજ દીલગીર જણાયો. સુવર્ણકુમારીની ગરીબ છોકરા પ્રત્યે દયા ભરેલી વર્તણુંક એને યાદ આવેલી જણાઇ !

"તું સવરનાબા, સવરનાબા, કોને કહ્યા કરે છે ? છોકરા !" તે વખતે બીજું કોઇ હતું નહીં એ જોઇ લક્ષ્મીપ્રસાદે માત્ર નિર્દોષ હાસ્યવિનોદ કર્યો.

"સેટ ! તમે લઉ[1] કરેતાની !" મશ્કરીનું પરિણામ આવ્યું ! ઇંગ્લંડના વાતાવરણમાં ઉછરેલા છોકરાએ નિર્દોષ રીત્યે જવાબ આપ્યો. કોઈ પણ પ્રસંગે સુવર્ણકુમારી અને લક્ષ્મીપ્રસાદ એકાંત સ્થળે બેસી વાર્તાલાપ કરેલો નહોતો છતાં તેમની મીઠી નજરનો વખતોવખત આ છોકરો સાક્ષી બનેલો તે ઉપરથી અનુમાન કરી, સમજ વગરનાએ ગંભીર સાહસ કરી નાંખ્યું ! ! !

લક્ષ્મીપ્રસાદને વિચાર થયો કે ઘણી વખત કેટલીક વાતો મનુષ્ય ગુપ્ત રાખવા, હૃદય પેટીમાં પૂરી રાખવા પ્રયત્ન કરે છે, અને કોઇ પણ પ્રકારના શબ્દોચ્ચાર વગર, હૃદયપેટીમાંથી એકાએક ઉડી જઇ પછી તે વાત જ્યારે બજારની સામાન્ય વાતનો વિષય થઇ પડેલો જુએ છે એટલે અજાયબી પામે છે તેનો આ દાખલો !

સીતાબાઇ સ્ત્રી દાકતર મળતા ફાલતુ વખતમાં આ છોકરાને ગુજરાતી શીખવાડવાનું કહેતાં તે તેણીએ ખુશીથી સ્વીકાર્યું. સીતાબાઇને પણ બીજા કોઈ દરદીની સારવારમાં જઇ શકાતું નહી, પરંતુ બાકી રહેતા થોડાક વખતમાં કંઇક ઉદ્યોગ જોઇતો હતો ઉપરાંત આ છોકરા ઉપર એને કંઇક સ્વાભાવિક લાગણી ઉત્પન્ન થયેલી જોવામાં આવી.

"તમને આ છોકરો બોજારૂપ નહીં લાગે ! એનો સ્વભાવ બહુ રમુજી છે !" લક્ષ્મીપ્રસાદે કહ્યું

---

૧. Love=લવ (સ્નેહ).

સીતાબાઈ—તેની કંઇ હરકત નથી. પરંતુ આ છેક ગુજરાતીએ નહીં અને દક્ષીણી પણ નહીં એવું કેમ બોલે છે ?

લક્ષ્મીપ્રસાદ—એ તદ્દન નિરાધાર છે. ઇંગ્લંડના એક ઓરફનેજમાંથી અમે લાવીએ છીએ.

સીતાબાઈ—ત્યાં કયાંથી પહોંચ્યો હશે ?

લક્ષ્મીપ્રસાદ—એ બધું એનો કેટલોક પાછલો ઇતિહાસ બતાવનાર એક કાગળ એની પાસે છે, જે એ છોકરો પોતેજ તેને કંઇક પૂછતાં બતાવી દેવાને ટેવાયો છે જેને તે "સ્ટેટીશીટેક" કરીને કહે છે, તે ઉપરથી જણાશે.

એના સ્વભાવમાં મ્હને કંઇક એવા સંસ્કારોનું મીશ્રણ લાગેછે કે જેથી તેની જાતિનું પૂરી રીત્યે અનુમાન થઇ શકતું નથી. વૈશ્યના પુત્રમાં વૈશ્ય વૃત્તિઓ સ્વભાવથીજ જોઇએ છીએ, બ્રાહ્મણમાં બ્રાહ્મણની, એ રીત્યે જેની તે જાતિમાં, પિતાના ધંધાની વૃત્તિ પુત્રમાં ઉતરતી જોઇએ છે. એ વૃત્તિને એનું ચાલતા જન્મનું પ્રારબ્ધ ભળી એની સ્થીતિને નિયમાન કરે છે–આ કંઇક સામાન્ય નિયમ જણાય છે. જે ઉપરથીજ પૂર્વે વર્ણાશ્રમ ધર્મને કારણ મળેલું લાગે છે.

આ તો મ્હારાં અનુમાનો છે, અને તે વાસ્તવીક છે કે કેમ તે બાબત જો આ છોકરાવું વૃત્તાંત કોઇ રીત્યે મદદ કરી શકે તો તે અખતરો કરી જોવા મ્હેં ઇંગ્લંડમાંથીજ વિચાર રાખ્યો હતો. પરંતુ તેમાં હું નિષ્ફળ જાઉં તેમ છે કારણ કે આ છોકરાની જાતિ અચોકસ લાગે છે એને સંગીતનો અનહદ શોખ છે તે ઉપરથી એમ જણાય છે કે એનાં માત–પિતા અગર બેમાંથી એક કાંતો ગાનાર હોય અગર ગાવાનો શોખ ધરાવનાર હોય, કોઇક વખતે એ ડહાપણની વિવેકની વાતો કરે છે, એ વણિક બુદ્ધિના કવચિત અણુઓ પ્રદર્શીત કરે છે, પરંતુ વાણીઆનો છોકરો હોય તો તેને વ્યાપાર તરફ અભાવ હોય નહીં. શુદ્ર જાતિના સંસ્કારો વધારે જણાય છે. એક નિર્દોષ પક્ષી એક વખતે તારના થાંભલા ઉપર બેઠું હતું. સાંજના સાડા છ વાગતાનો વખત હોવાથી, અન્ય કોઇ સ્થળ ન મળવાને લીધે ત્યાંજ કદાચ રાત્રિભર એને વિશ્રાન્તિ લેવાની હશે, તે જોતો છતાં આ છોકરાએ એક કાંકરી તાકી હતી તે વખતે મ્હેં

તેનો હાથ ઝાલી લીધો. "મુર્ખ ! આ જન્મે તો આ રખડવાની દશા છે ને હજુ આવતા જન્મની પણ આવી તૈયારી કરે છે ?" એમ કહેવાથી સહજ શરમાયો ને કાંકરી ફેંકી દીધી. એમ છે તોપણ તમને ફુરસદ હોય ને ઠીક લાગે તો તે અખતરો પણ કરવા જેવો છે પણ તેને શુદ્ધ ગુજરાતી આવડે એ મ્હારી ઇચ્છા છે. તમને એ ખાતે શ્રમ પડશે તેનું લવાજમ સુખેથી વધારજો.—"

સીતાબાઇ—નહિજી, નહીં. આવા એક નિરાધાર બાળકને ફાલતુ વખતમાં ગુજરાતી શીખવાડવું એમાં કંઇ હરકત નથી. પરંતુ વચમાં મ્હારે થોડાક દિવસ પાછું રણપાસ નજીકના અમારા ઑરફનેજમાં જઇ આવવું પડશે—કારણકે ત્યાં પણ કેટલોક વ્યવસાય છે.

લક્ષ્મીપ્રસાદ—ભલે સુખેથી જઇ આવજો, પરંતુ મ્હારા કરતાં તમારા દરદીની સંમતી લેશો. એને તમારામાં વધારે શ્રદ્ધા લાગે છે. ને પ્રથમનો બનાવ જોતાં તે બનવાજોગ છે.

સીતાબાઈ—મ્હને તેમને માટે મૂળથીજ લાગણી છે પરંતુ એમને લાંબા વખતના તાવે આવાં હાડપિંજર બનાવી મૂક્યાં છે. કંઇક એમના માટેની મ્હારી લાગણીને લીધે અને કંઇક મ્હારે એક વખત આ શ્રેયનગર શહેર જોવું હતું તેથી હું કેટલીક અગવડો વેઠીને પણ આવી છું.

લક્ષ્મીપ્રસાદ—કેમ વારૂ, આ શહેર જોવાની ઇચ્છા શા માટે ?

સીતાબાઈ—જે ઓરફનેજમાં હું ઉછરીછું, ત્યાંના રજીસ્ટરમાંથી એવો દાખલો નીકળ્યો છે કે-હું ત્રણેક વર્ષની હતી ત્યારે છપ્પનના દુષ્કાળમાં મ્હારી માતાએ ખાવા માટે ત્રણ રૂપિઆ લઇ મ્હને તે ઓરફનેજના પાદરીને આપી દીધી હતી. તે વખતે અહીં રેલવે થઇ હતી. અને હાલ જ્યાં સ્ટેશન છે ત્યાં અમારાં ભીલલોકોનાં ઝુંપડાં હતાં. એમાંના ભીલો બધા, રેલવે થયા પછી ક્યાં ક્યાં જઇને વસ્યા એનો તપાસ કરવાનો કંઇક મ્હને વિચાર થયો હતો. છપ્પનના દુષ્કાળમાંથી તે બધા વિખેરાઇ ગયા લાગે છે.

લક્ષ્મીપ્રસાદ—વારૂ, પણ તમે જો ઓરફનેજમાં જશો તો પાછાં ક્યારે ફરશો ?

સીતાબાઇ—આઠેક દિવસમાં. વખતોવખત મ્હારી વીજી બ્હેનને મુકીને જવુ મ્હને પસદ નથી, પરન્તુ મારે જવું પડે તેવું છે.

તોપણ મારા આંટા ફેરા ઓરફ્નેજમાં ઓછા થવાની એક યોજના છે, અને તે આપને યોગ્ય લાગે તો વધારે સારૂં.

લક્ષ્મીપ્રસાદ—શી ?

સીતાબાઇ—તે એ કે, રણુવાસની પેલી બાજુ જે આરોગ્યભુવન છે, ત્યાં સુધી હેઠ રેલ્વે છે. ત્યાં એમને લઇ જવાં. હું તો સારવારમાં રહીશજ—મને તો તે છોડે તેમ નથી લાગતું. પરંતુ આપ પણ દવાના જોઇતા સાધન સાથે ત્યાં એમની સાથેજ રહો તો વધારે સારૂં.

લક્ષ્મીપ્રસાદ—આટલી નાજુક પ્રકૃતિમાં, એક બીછાનામાંથી બીજા બીછાનામાં લેતાં આપણુને કેટલી બધી મુસીબત પડે છે ? તો પછી એટલે છેટે લઇ જવું સલાહ ભરેલું છે ?

સીતાબાઇ—જો દરદીને પોતાનેજ તેમ કરવાની ઇચ્છા હોય તો હવાફેર તે બીજું ઓસડ છે.

વીજી ઘણા દિવસથી એકના એક સ્થળમાં જાણે મુઝાઇ ગઇ હતી. એને સ્થાન ફેરની જરૂર લાગી. ભાનુપ્રસાદ અને રત્નલક્ષ્મીએ આવી સ્થીતિમાં ન લઇ જવા આગ્રહ બતાવ્યો. પરંતુ વર દાકતર, સખી જેવી બનેલી સીતા સ્ત્રીદાક્તર, અને વળી તેના ઉપર શ્રદ્ધા, એ સંજોગે એ, આરોગ્યભુવન જવાની યોજના તરફ સુકાન ફેરવ્યું.

પુરતા સરજામ સાથ, પાંચ નોકરોનો એક કાફલો, અગાઉથી એક ઇલાયદો બંગલો ભાડે રાખવા મોકલવામાં આવ્યો, અને પાછળથી સીતાબાઈ, વીજી, અને લક્ષ્મીપ્રસાદ ગયાં. તાનીઆએ સાથે રહેવા મરજી બતાવ્યાથી તે પણ સાથે રહ્યો.

આવ્યાં તેજ દિવસે વીજીને સખત તાવ આવ્યો. પરંતુ તે રાત્રિએ સારી રીત્યે ઉંઘ આવવાથી બીજે દિવસે એને હોંશીઆરી જણાઇ ! આશાનાં કિરણો બંધાયાં ! અને સાંજે 'રીકશા'* ગાડીમાં ફરવા મરજી બતાવી !

એ 'રિકશા'નો શોખ વીજીની પ્રકૃતિ જોતાં એને માટે વધારે થઈ પડયો: તે રાત્રિએ તે ગભરાઈ ગઇ; એટલે સુધી કે રણુવાસ માણુસ મોકલી ઉજમબાઇ ને ઓધારામને બોલાવવાં પડયાં.

ઉજમબાઇએ આવી સ્થીતિમાં પણ વીજીને રણવાસ લઇ જવાનો દુરાગ્રહ કર્યો. એકની એક લાડકી દીકરી, જન્મથીજ સ્વાસ્થ્ય ભોગવી દુનિયાંને વાસ્તવીક રૂપમાં ન જોનાર, તેને ઘણાજ સારા

---

*રીકશા-અથવા જીનરીકશા=માણસોને હાથે ખેંચાતી ગાડી.

સ્થળે પરણાવવામાં ફાવી શક્યાં તે છતાં આમ થવાથી તેને બહુ લાગ્યું. ઓધારામને દ્રવ્યનો આગ્રહ વધારે હતો એટલે દીકરીની આવી સ્થીતિ થયા ઉપરાંત જાણે ગઇ કાલજ રૂ. બે હજાર લઇને ગડબડ ન્હાસી ગયેલો એ તેને લાગતું હતું. પણ તેમાં તેનો પોતાનો દોષ તે વધારે કહાડતો હતો.

આરોગ્યભુવનમાંથી નજીકજ રેલવે સ્ટેશન હતું, ત્યાંથી રણુવાસ જવાના 'ફ્લૅગ સ્ટેશને' પાછાં બધાં આવ્યાં. સીતાબાઇને લક્ષ્મીપ્રસાદ સાથેજ હતાં. વીજીને બીજે દિવસે સારૂં જણાયા પછી બન્નેનો મત એમ હતો કે હવાફેરથી કદાચ્ ધીમે ધીમે પુરતી માવજતથી અહીં આરામ થાય. પરંતુ અંકાઇ ચૂકેલું પ્રારબ્ધ, ભવિતવ્યતા હોય તેવી મતી સુઝાડે છે. રણુવાસમાં માત્ર ત્રણ દિવસને ત્રણ રાત્રિ તેનો દેહ રહેવા સરજાયો હતો ! ચોથા દિવસના પ્રભાતમાં, લક્ષ્મીપ્રસાદ અને સીતાબાઇને શરીરમાં શેષ રહેલા બળવડે શુષ્ક, દોરડીસમા હાથે ફરી ફરીને ત્રણ વખત પ્રણામ કરી એણીએ હાડપિંજરવત્ બનેલો દેહ છોડયો !

વીજી જીવી હત તો મુર્ખ તો ન નીવડત ! કરેલ ઉપકારને જાણુ-નાર હતી. શીક્ષણ મેળવત તો સંસ્કારો કદાચ્ ઉચ્ચતર થાત. ચીડીયો સ્વભાવ રહેત. અગર ક્વચિત સ્વાસ્થ્ય પ્રાપ્ત થયે, તેમાં ફેરફાર થાત પણ તે કહી શકાતું નહતું. અંતઃકરણના ઉંડાણમાં ને દુનિયાના વ્યવહારો ઉમરના પ્રમાણમાં સમજતી. પરંતુ મન હમેશાં ચાલુ માંદગીની ચિંતા કરવામાં રોકાયલું રહેતું !

લક્ષ્મીપ્રસાદને એની સાથે સ્નેહ તો અણુમાત્ર પણ ક્યાંથી હોય ? તો પણ તેના જેવી એક અશિક્ષિત બાળા, ગામડામાં જન્મ લીધા છતાં, કોઇ જાતના રૂપ ગુણ વગર, એના હૃદયમાંની મૂર્તિને ખસેડી નંખાવનાર સંજોગો ઉપસ્થિત કરવાજેવા પ્રારબ્ધવાળી, અને તેની સાથે પાણીગ્રહણ કરી, સપ્તપદીમાં તેની સાથે ફરવા જેટલે દરજ્જે પ્હોંચવામાં તેણીના પુણ્ય તરફ, અને વળી એક સામાન્ય પ્રાણી તરફ પણ દયાની નજરે જોનાર, લક્ષ્મીપ્રસાદે આવો બનાવ જોઇ, દયાથી તેનું હૃદય કાંપવા લાગ્યું ! સ્મશાનભુમિમાં લક્ષ્મીપ્રસાદને લઇ જવા ના પાડવામાં આવી. અને દહનક્રિયા પછી થોડે કલાકે જતી ટ્રેનમાં એ આરોગ્યભુવનમાં પાછો ગયો. સીતાબાઇ તેની સાથે ગઇ. દંભીશંકર ગોરને પણ ઓધારામે એની સાથે મોકલ્યો.

પ્રકરણ ૧૩ મું.

સૌ સારૂં જેનું છેવટ સારૂં.

લક્ષ્મીપ્રસાદ પોતાનાં દવાનાં તમામ સાધનો, વ્યાયામનાં સાધનો, પુસ્તકો વગેરે આરોગ્યભુવનમાં રાખી આવ્યો હતો. એના પગ ઘર તરફ ઉપડ્યા નહીં એથી એ અહીં આરોગ્યભુવન તરફ ખેંચાયો હતો. સ્વસ્થ ચિત્તે વિચાર કરવા માટે એને એકાંત જોઇતું હતું. પરંતુ સીતાબાઇ અને ભોધારામે મોકલેલ દંભીશંકર, પાછળ પાછળ આવ્યાં.

બંગલામાં જઇ એક લાંબી ખુરશીપર પડયો એવામાં પાછળ સીતાબાઇ આવી પહોંચી.

"દાક્તર સાહેબ! હું આપની પાસે મ્હારા સ્વાર્થ માટે એક વિનંતિ કરવા આવી છું!"

"બોલો ભલે; શું છે? સીતાબ્હેન! તમને મદદ કરવા હું હમેશાં તત્પર રહીશ. તમારી મહેનત અને દરદીની સારવાર કરવાની આવડત જોઇ હું ખુશ થયો છું."

સીતા—આ તાનીઓ જેને આપ કહો છો તેનું પૂર્વ વૃત્તાન્ત જોતાં તે મ્હારો સગો ભાઇ નીકળી આવ્યો છે.

લક્ષ્મીપ્રસાદ—તે કેવી રીત્યે? આશ્ચર્ય! પ્રારબ્ધનો બીજો વળી અદ્‌ભૂત દાખલો!

સીતા—એની પાસે એ જે કાગળને 'સ્યેટીફીટેક' 'સ્યેટીફીટેક' કહ્યા કરે છે તે મ્હેં જોયો. તેની સાથે મ્હારૂં વૃતાન્ત પણ મ્હેં સરખાવ્યું. છપ્પનના દુષ્કાળે સેંકડો કુટુંબોની પાયમાલી કરેલી છે તેમાંથી દાવાનળમાંથી ઉગરેલા જેવાં, અમે બે ભાંડુ છીએ એમ નીકળી આવે છે. જે ઑરફનેજમાં હું ઉછરી છું તેના રજીસ્ટરે એવી મતલબનો દાખલો નીકળે છે કે—

* * * * *

"સંવત ૧૯૫૬ ના ભયંકર દુષ્કાળ વખતે 'શ્રેયનગર' નજીકના પરામાં જ્યાં રેલવેની સડક માપવામાં આવી હતી, અને જ્યાં રેલવે સ્ટેશન થવાનું હતું, તે સ્થળે, આ ઑરફનેજનો ઉપરી પાદરી

મી......... લોકોની સ્થિતિ તપાસવા નીકળેલ, તેવામાં એક સગર્ભા સ્ત્રી, જાતે ઠાકરડી નામે કેસર એક ત્રણ વર્ષની છોડી સાથે ભૂખે મરતી જોવામાં આવી.

એનું ઝુંપડું તપાસતાં ઠાકરડા જાતિથી ઉંચા દરજ્જાના મનુષ્યનું હોય તેમ તેના રાચરચીલાં વગેરે ઉપરથી સમજાયું. અને તેમાં વળી એક ઠીક ઠીક દોલીયો, મચ્છરદાની સમેતનો જોતાં, ઠાકરડીના વૃતાન્તમાં ઉતરવાનું કુતુહલ એ પાદરીને થયું: કેસરે પોતાનું પૂર્વ વૃતાન્ત કહેતાં કહ્યું કે–હું ત્રીશ વર્ષની ઉમરે વિધવા થઇ હતી. બીજે લગ્ન કરવાની તૈયારીમાં હતી તેવામાં એક દીવસે એક નવીન નાટક કંપની આવેલી તેમાં મજુરીએ ગઈ હતી. ત્યાં ....નામે એક નોકર હતો. તેનો કંઠ બહુ મધુર હતો તેથી તે કંપનીમાં તેને સારો પગાર મળતો હતો. તેણે મને મજુરીના પૈસા ઉપરાંત નાટકની એક ટીકીટ મ્હેરબાની તરિકે આપી. તે જોયા પછી બીજે દીવસે પણ હું ત્યાં મજુરીએ ગઇ. પંદરેક દીવસ એ રીતે હું ગઇ તે પછી એણે મ્હને કહ્યું કે તું કોઇ સાથે નાતરે જવા કરતાં મ્હારી સાથે લગ્ન કર તે ઉપરથી મ્હેં તેની નાત પૂછતાં તેણે કહ્યું કે વાણીયામાંથી વટલીને તે કંઇ કારણસર ઠાકરડો થયો છે. પછી તેની સાથે લગ્ન કર્યાં. પરંતુ તે પછી તુરત તેને નાટક કંપનીમાંથી કંઇક કારણસર કહાડી મૂકયો તે પછી તે મ્હારી ઝુંપડામાં આવી મ્હારી સાથે રહ્યો. એ વખતે મ્હારે એક છોડી બે વર્ષની હતી. તે ત્રણ વર્ષની થઇ તેવામાં ભયંકર દુષ્કાળ પડયો. અને કૉલેરા ચાલ્યો તેમાં એ મરી ગયો છે."

કેસરની છોડીને ઑર્ફનેજના ઉપરી પાદરીએ લઇ લીધી. અને એની સારવાર માટે એને મુંબઇની એક ઇસ્પીતાલમાં ચીઠી લખી મોકલી આપી."

* * * * *

એ સંબંધના કેટલાક કાગળો પણ આ તાનીયાની પાસેનાં કાગળીયાંમાંથી મ્હને મળી આવે છે! જે સ્થળેથી અમારાં ઝુંપડાં ઉચળી ગયેલાં તે વખતની એક વૃદ્ધ ડોશી છેલ્લાં બે વર્ષ ઉ૫ર મરી ગઇ. તેણુએ અમારૂં પૂર્વ વૃતાન્ત બધું મ્હને કહ્યું પણ હતું અને વીશેષમાં એણીએ એમ પણ કહ્યું હતું કે– એના જાણવા પ્રમાણે કેસરને મુંબઇના ઇસ્પીતાલમાં એક છોકરો થયો હતો જેને સત્તા-

વાગ્યેઓની પરવાનગી લઇ વહાણવાળા વિલાયત ઉપાડી ગયા હતા. તે ઉપરથી છોકરાની તો મ્હે આશા છોડી. પરંતુ મારી મા કેસર જીવે છે કે મરી ગઇ તે પૂછવા મ્હેં ફાંફાં માર્યા પણ કંઇ ખબર ન મળી તેથી ધારૂં છું કે તે હયાત નથી. આ સ્થળે એ ઝુંપડાંની મૂળ જગો પાસે કેટલાંક ભીલોનાં છાપરાં હોવાની થોડાક વખત ઉપર ખબર મળી હતી તેથી હું કુતુહલને લીધે પાછી તપાસ કરવા આવવાની હતી તેવામાં અનાયાસે અહિં આવવાનો આ પ્રસંગ આવ્યો !"

લક્ષ્મીપ્રસાદ—અહા ! વિધાતાની શી ચમત્કૃતિ છે ? આ છોકરાને સહજમાં ગાવાની ટેવ, વણિક વિચારો છતાં એને વ્યાપાર તરફ દુર્લક્ષ, એનાં ક્ષુદ્ર આચરણો, વગેરે અનુમાનોનું વાસ્તવીકપણું આ વૃતાન્ત સિદ્ધ કરી આપે છે ! પિતાના તમામ સારાનરસા ગુણો પુત્રમાં ઉતરે છે તેનો પ્રયોગ સિદ્ધ થયો ! સુતારના પુત્રમાં શીલ્પી કામ, કડીયાના પુત્રમાં તેના ચાતુર્યનો અંશ, ચિતારાના પુત્રમાં ચીત્ર માટેની ઇચ્છા વગેરે જે જે જાતના ગુણો પુત્રમાં ઉતરે છે તે જોતાં જાતિભેદના નિયમો કુદરતને અવલંબીને બંધાયેલ છે એની પુનરપિ એક વધુ પ્રતિતિ મળી ! ભલે, સીતાબ્હેન ! તાનાંઆને લઇ જજો ! પરંતુ એને વય પ્રાપ્ત થતાં સુધીનું ભણવા વગેરેનું ખર્ચ હું આપીશ. હાલમાં થોડો વખત તે અહીં મ્હારી પાસે રહેશે. ધન્ય છે તમારી કેળવણીને ! એક સામાન્ય ઠાકરડાની પુત્રી સીતાબાઇ ! કેળવણીના પ્રતાપે, મનુષ્યજાતિનાં દુઃખનિવારણ કરનાર સ્ત્રીડાક્તર થઇ શકી !

એવામાં દંભીશંકર પણ પાછળ પાછળ આવ્યો. કંઇક ભીતિને લીધે, પાપી અંતઃકરણમા સમાસ ન થવાને લીધે, અગર લક્ષ્મીપ્રસાદ તરફથી કંઇક હજુ મળવાની લાલચને લીધે, ગડબડ અને તેની મંડળીએ વીજીનું વેવીશાળ બંધબેસતું કરવા માટે લીધેલા બે હજાર રૂપીઆ, રણવાસની ધર્મશાળામાં તે માટે થયેલ રકઝક, ગડબડના કહેવાથી વીજીની છબીને સારી રીતે "પોલીશ" કરી મુંબઇ જઇને પોતેજ મ્હોટી કરાવી લાવવાની હકીકત, બોધારામ અને ઉજમબાઇ ઉપર અજમાવવામાં આવેલ પ્રપંચ, વીજીના શરીરની, છેક શીતળા માતાની દેહેરી આગળ બનેલા ત્યારથી આગળ બનેલી હકીકત, વગેરે તમામ પારાયણ દંભીશંકરે પોતાનું ઉપયોગીપણું બતાવવા કરવા માંડી. લક્ષ્મીપ્રસાદને આમાંનું કશું સાંભળવા જીજ્ઞાસા નહતી. તોપણ જો

કાને પડયું તે ઉપરથી તે જાણી શકયો કે તેનાં માતપિતા કેવા પ્રપંચ-પાશમાં ઠગાઇ પડયાં હતાં.

બીજે દીવસે સવારમાં લક્ષ્મીપ્રસાદ એક લાંબી ખુરશી ઉપર આંખે હાથ દઇ બેઠો હતો તેવામાં ભાનુમતી તેની પાસે આવી ઉભી! આંખે હાથ દાબેલા હોવાથી તે તેને જોઇ શકયો નહીં.

"ભાઇ! લક્ષ્મીપ્રસાદભાઇ! હું ભાનુમતી–"

"અહો! ભાનુમતીબ્હેન! તમે અહીં કયાંથી? મી. ચંદ્રશંકર વગેરે સૌ કયાં છે? બધાં ખુશીમાં છે ને?"

"હા; ભાઇ, આ વખતે એ પાસ થયા છે. લક્ષ્મીપ્રસાદનાં ઓવારણાં લેતી બોલી "વિલાયત જતાં મહિલા મંડળની પ્રતિનધિ તરિકે[1] મળવા આવી તે પછી આપસમા પૂજ્ય વડિલ બંધુનાં દર્શન થયાં નહતાં તેથી આજે કૃતાર્થ થઇ!"

"પણ તમે અહીં કયાંથી, બ્હેન?!"

"મ્હારે કારણ પ્રસંગે આવવું પડયું છે."

"મી. ચંદ્રશંકર તો ખુશીમાં છે ને?!"

"હાજી, પણ મ્હારી એક સખી સહજ હવાફેર માટે આવી છે તેની સાથે મ્હારે આવવું પડયું છે."

"કોણ છે? શું દરદ છે? કંઇ મદદ કરી શકું તેમ છે?"

"આપને હાલમાંજ આવી પડેલી આફતની વાત સાંભળી આપના મનની સ્થીતિ અમારે મદદ માગવા જેવી હોઇ શકે કે નહીં તેનો અમારે ખ્યાલ કરવો જોઇએ"

"કંઇ ફીકર નહીં. દુનિયામાં સુખ દુઃખ માન્યતાનાં પરિણામો માત્ર છે તેનાં વસ્તુતઃ રૂપ, જૂદાંજ હોય છે."

"ભાઇ! મ્હારાં ભાભી તો મ્હને જોવા પણ ન મળ્યાં; તે શા દરદે એકાએક ગુજરી ગયાં?! માફ કરજો, આપને પુનઃ સ્મરણ થવાથી દીલગીરી વધશે—"

"ના, કંઇ નહીં. એ બિચારી જન્મથીજ દરદી હતી. છેક બચપણમાં માતાના દુધનીજ બેનસીબ રહેવા કારણ મળેલું, અને તે પછી બીજે વર્ષથી જીર્ણજ્વરે શરીરમાં ઘર કરેલું તે દેહાન્ત સુધી એ જ્વર રહ્યો."

---

૧. જુઓ સંબંધ માટે પાનું ૧૨.

"ભાઇ, સ્વભાવે તો બહુ ભલાં સંભળાતાં હતાં."

"એના સ્વભાવની ભલાઇ કે બુરાઇ જોવાનો પ્રસંગ પણ ન આવ્યો. એનાં મ્હોડાના ચાર શબ્દો સરખા સાંભળવા જેટલું પણ એને સ્વાસ્થ્ય ન હતું."

"પરણાવ્યાં તે વખતે પણ શું તેવાં હશે? તેમ હતું તો તેવી સ્થીતિમાં હાલ પરણાવવાની એમનાં માતપિતાને શું ઉતાવળ હતી?"

"બ્હેન, જે થયું છે તે બધું કહેવું એ ઠીક નથી. હાલજ મ્હેં આ બેઠા છે તે ગૃહસ્થને મ્હોંએથી મ્હારા આ સંબંધને લગતી પાછલી બધી હકીકત સાંભળી. મ્હારા માતપિતાને કેવા પ્રપંચપાશમાં ઉતારી, બિચારા ભલા બોધારામ પાસેથી અમુક રકમ લઇ, કેટલાક ખટપટીઆ અગ્રેસરોએ આ કામ કર્યું છે એ જોતાં આપણા જ્ઞાતિ અગ્રેસરોની સ્થીતિ સુધારતાં બહુ વર્ષ લાગશે—નવા કેળવાયલા અગ્રેસરોજ જ્ઞાતિનું સુકાન ઠીક ચલવશે એમ સમજાય છે.

ભાનુમતી—ત્યારે શું આ લગ્ન આવી ખટપટનું પરિણામ હતું? ભલાં બિચારાં ભવાનીપ્રસાદ અને શાન્તાગવરી કહેતાં હતાં તે યથાર્થ છે.

લક્ષ્મીપ્રસાદ—અહા! તે દેવ સમાં સ્ત્રી પુરૂષનાં નામ માત્રથી પુનરપિ પાવન થયો! તે શું કહેતાં હતાં? તે તમને ક્યાં મળ્યાં?

ભાનુમતી—તમે ઈંગ્લાંડમાં તેમને મળેલા છો?

લક્ષ્મીપ્રસાદ—અરે હું તેમને ત્યાં રહેલો છું. તેમના મ્હારા ઉપર ઉપકારો થયા છે.

ભાનુમતી—તેઓ આપને અત્યંત સ્નેહની લાગણીઓથી વારંવાર યાદ કરે છે, એમને આપ મળી શકશો? તે અહીં આવવાનાં છે.

લક્ષ્મીપ્રસાદ—ના; ના બ્હેન ભાનુમતી. બનતા લગી એમની ને મ્હારી મુલાકાત હાલ ન થાય તેમ કરજો. તેમને જોઇને મ્હને સંકોચ ઉપજે તેમ છે.

ભાનુમતી—દુનિયામાં એક ઘાસના તરણાને પણ વિના પ્રયોજને નહીં હલાવનાર એવા આપ સાધુ પુરૂષથી શું તેમનો કંઇ અપરાધ થયો છે? અથવા તેમનું કંઇ બગાડયું છે?

લક્ષ્મીપ્રસાદ—ના, બગાડયું તો નથી. પણ સુધાર્યું નથી. મ્હને તે વિચાર યાદ આવતાં લજ્જા પ્રાપ્ત થાય છે. એ શું અહીં આવવાનાં છે?

ભાનુમતી—એમને એક પુત્રી છે. તેનું નામ સુવર્ણકુમારી;

કદાચ્ આપે સાંભળ્યું હશે, અથવા વિસ્મરણ થયું હશે. એની તબી-યતમાં ફેરફાર માલમ પડવાથી હવાફેર માટે તે અહીં આવેલ છે.

લક્ષ્મીપ્રસાદ—સુવર્ણકુમારીની તબીયતમાં શું ફેરફાર થયો છે ?

ભાનુમતી--બીજું તો કંઇ થયું નથી. માત્ર ગ્લાની ભરેલા અંતઃકરણે સીતાર લઇને મીરાબાઇની પેઠે આખો દીવસ પ્રભુસ્મરણમાં બેસી રહી નિશ્ચલ તપસ્વીની, યોગીની, પેઠે એમણે અસીધારાવ્રત આદર્યું છે. વય પ્રાપ્ત થયા છતાં વિવાહની કોઇને વાત સરખી કરવા દેતાં નથી. પરમાત્માના સ્મરણમા આ જમાનામાં આવી રીત્યે સતત તલ્લીન રહેતી આવી બાળા જોગમાં આવતી નથી.

લક્ષ્મીપ્રસાદ—એમ થવાનું કારણ પણ ?

ભાનુમતી—બધું કારણ તો કયાં તે પૂરૂં પ્રકાશ કરી શકે છે ? પરંતુ એના ઉદ્ગારો સાંભળતાં એના હૃદયના ચુરેચુરા થયા હોય, મ્હોટી જીંદગીભરની નાઉમેદી-નાસીપાસી થઇ હોય એમ સમજાય છે. એમનાં માતપિતા અને આપના વચ્ચે કંઇ એમના સંબંધમાં વાતચીત થઇ હતી ?

લક્ષ્મીપ્રસાદ—સ્પષ્ટ તો કંઇ ન હતું કહેવામાં આવ્યું, પરંતુ સુચ્યાર્થમાં તો બહુએ—"

ભાનુમતી—એ વાત ઉપરથી આપે કંઇ અનુમાન બાંધ્યું હતું ?

લક્ષ્મીપ્રસાદ—હા, મ્હેં બાંધ્યું હતું અને હું તે સમજી શકયો હતો. પરંતુ ઘેર આવતાંજ અનિવાર્ય સંજોગોને, જ્ઞાતિ અગ્રેસરોના પ્રપંચપાશને, અને માબાપની આજ્ઞાને આધિન થઇ એ બાંધેલા અનુ-માન માત્ર ઉપર હું કંઇ વર્તન કરી શકું તેમ ન હતું. એક બાજુ અસ્પષ્ટ શબ્દોમાંથી ધારી બેસવાનું અનુમાન માત્ર હતું; બીજી બા-જુએ, જૂદી પેટા જ્ઞાતિમાં સંબંધ કરવાનું પરિણામ, બીજી મુસીબ-તોએ આણી મૂકેલાં પરિણામો સાથે મળી, એટલાં બધાં બળવતર જણાયાં કે હું સ્વતંત્ર રહી શકયો નહી. તે માટે મ્હને જીંદગીભરનો પસ્તાવો થશે. તેમનું જીવન એ રીતે દુઃખી થયાનું તમારાથી સાંભળું છું. મ્હારૂં બીજી રીત્યે દુઃખી થયું. મ્હેં તેમનો મ્હોટો અપરાધ કર્યો તેને માટે—

ભાનુમતી--નહીં, નહીં. ભાઇ તેટલું બધું કહેવાની કંઇ જરૂર નથી. દુષ્યંત રાજા જેવાએ લગ્ન કર્યા બાદ સ્ત્રીને વિસારી મૂકયાનો

દાખલો અને એવા બીજા પણ સાંભળીએ છીએ તો આ તો એક સ્પષ્ટ શબ્દો ઉપરથી બંધાતું અનુમાન માત્ર આપ કહોછો—માત્ર એક સંકેત—તેથી આપનો કેમ દોષ ગણાય !

લક્ષ્મીપ્રસાદ—દુષ્યંત તો રાજા હતા. આપણ સાધારણ મનુષ્યો સહજમાં અપરાધ કરી બેસીએ એ ઠીક નહીં, ભાનુમતી બ્હેન !

ભાનુમતી—આમાં અપરાધ તો કંઇ થયો નથી. માત્ર સુવર્ણકુમારીએ એક એવું કંઇ દૃઢ વ્રત આદર્યું છે—એવું તપ શરૂ કર્યું છે કે તેનો દેહ ટકશે કે કેમ તે શંકા રહે છે. એનુ દુઃખ અમને અસહ્ય થઇ પડયું છે.

લક્ષ્મીપ્રસાદ—અને એનો કંઇ ઉપાય ?

ભાનુમતી—એ ઉપાય આપનાજ હાથમાં છે. આપને ભવાનીપ્રસાદ અને શાન્તાગવરી જેવાં માયાળુ દીલનાં મનુષ્યોને મળવામાં સંકોચ પામવાનું કારણ નથી. માટે જો આપની ઇચ્છા કૃપા કરીને જણાવો તો હું તેમને થોડાક દીવસમાં અહીં બોલાવું.

લક્ષ્મીપ્રસાદ—હું સમજ્યો ! ભલે, અમેરીકાથી મહાત્મા અવીચલપ્રસાદ દસેક દીવસ પછી આવવાના છે એવા ખબર મળ્યા છે. તેમની સાથે મ્હારાં માતા તથા પિતા પણ આવશે. એ અરસામાં એમને પણ બોલાવશો તો વધારે અનુકુળ પડશે.

ભાનુમતી—માતા અને પિતા આપની સાથે અહીં નથી ? એકલાજ આવવું થયું છે ?

લક્ષ્મીપ્રસાદ—પરિજનો છે. ગુમાસ્તા બે સાથે છે, અને તેથી વધારે એક "તાનીયો" કરીને છોકરો છે.

ભાનુમતી—હા; હા. એ તાનીયાનું નામ પણ બોલાતું હતું. એ છોકરો કોણ છે ?

લક્ષ્મીપ્રસાદ—તે વાત તે પોતે ઠીક કરે છે. હમણાંજ આવશે, કારણ કે એને આવવાનો વખત થયો છે, મ્હારાથી તે ઝાઝો જુદો પડી શકતો નથી. મ્હારે એક પ્રયોગનો વિષય તે થઇ પડયો છે. બે ઘડી ગમતનું સાધન છે. તાનીયા તું આવ્યો ?

તાનીયો—સેટ ! નાશ તોટી યારસે !

ભાનુમતી—એટલે શું ?!? આ કઇ ભાષામાં બોલ્યો ? !

લક્ષ્મીપ્રસાદ—એનો અર્થ જમવાનો વખત થયો છે, કોઇ સમજી શકે ખરૂં ? !

ભાનુમતી—પણ આ તો જાણે કવીતાનું એક ચરણ બોલે તેમ બોલ્યો—"નાશ તોટી ચારસે!!" અજબ ભાષા!

લક્ષ્મીપ્રસાદ—એમ નહીં. એણે કહ્યું કે "સેઠ નાસ્તો તૈયાર છે!" પણ તે તાનમાં આવી જાય છે તો જે વાત કરવાની હોય તેની કવીતાનું ચરણ બની શકે તો બનાવી નાંખે છે; ગાયનોનો-કાવ્યનો બહુ શોખીન છે. તે ઉપરથીજ તેનું નામ 'તાનીયો' પાડયું લાગે છે!

ભાનુમતી—એ ખરી વાત છે, છોકરા?

તાનીયો—ના, ખરી વાત નથી સે! એક વખત સુવરના બા ગાતીતી, વીંના હાથમાં લેને, મોતીવીના, રંગેલેસેતી, ચિતરેલી, મોતી;

ભાનુમતી—આશું કહી ગયો બધુ?!

લક્ષ્મીપ્રસાદ—સુવર્ણકુમારી હાથમાં મોટી ચીત્રેલી વીણા લઇને ગાતાં હતાં એમ કહે છે!

તાનીયો—ના, સેટ! મોતીવારે વીના, મોતી બી.

ભાનુમતી—એ શું કહ્યું?!!

લક્ષ્મીપ્રસાદ—મ્હોટી વીણા કહે છે. એમ કંઇક જણાય છે.

તાનીયો—ના, સેટ! મોતી વારી, મોતી-ગોર ગોર, હા બાને-કોતેસે તેવે! તેવે મોતી વારી વીનાને વરે મોતીબી ખરી!

લક્ષ્મીપ્રસાદ—ભાનુમતી બ્હેન! જોઇ આ ભાષા?! બારમહિના પછી અને ત્રીજા વર્ષ પહેલાં એક છોકરાને જેની સંગતમાં મૂકશો તેની ભાષા શીખશે, એ અરસામાં આ છોકરો એ દક્ષિણી ગૃહસ્થની સોબતમાં રહેલો છે, જેણે તેને ગુજરાતી શીખવાડવા પ્રયત્ન કર્યો લાગે છે તેનું આ પરિણામ છે.

ભાનુમતી—એણે મને બતાવીને શું કહ્યું પણ?

લક્ષ્મીપ્રસાદ—એણે કહ્યું કે-આ બાને કોટે છે તેવાં મોતીવાળી વીણા અને તે વળી મોટી પણ ખરી.

ભાનુમતી—વારૂ, એ વીણા લઇને સુવર્ણકુમારીબા શું ગાતાં હતાં, છોકરા, તને ગાતાં આવડે છે?

તાનીયો—સેટ કહેતો જટ જટગાવે.

ભાનુમતી—આ પાછું જાણે કવીતામાં બોલ્યો! હું કહું છું કે સુવર્ણાબા શું ગાતાં હતાં તે ગાઇ બતાવીશ?!

તાનીયો—બોલે સેટ તો ખોલે મુખ! હા. મારા સેટ!

લક્ષ્મીપ્રસાદ—તને આવડતું હોય તો ભલે બોલ.

તાનીયો—

ભવતારન તું દુખહારન રી, (૨)
દુખહારન રી—દુખહારન રી........ભવતારન તું·—
બ્રહ્મા વિશ્નુ રૂદ્ર મહેશ, અખિલ બ્રહ્માંડ હમારા દેશ;
મુકુટ શીર મનહર મુરલીધર ભવ; ભયહર નટવર
નાગર નરવર,
ફિર ફિર જનમ મરણ દુખ દૂર કર, રાધાવર રમર,
સુખકો સરવર,
હરહર શાંબ, હરહર શાંબ હરહર શાંબ......ભજ રી
ભવતારન તું દુખહારન રી.

ભાનુમતી—આ તો કોઇ ઉત્તમ નાટ્ય પ્રયોગમાં શોભે તેવો જણાય છે હોં !

લક્ષ્મીપ્રસાદ—એનુ પૂર્વ જન્મવૃતાન્ત પણ એવુંજ કંઇક હશે.

ભાનુમતીને સુવર્ણકુમારીની પાસે પાછા જવા ઉત્કંઠા થઇ. લક્ષ્મીપ્રસાદના મનની સ્થીતિ તેને કહી દેવાથી અને થયેલ ગેરસમજના સર્વ વૃતાન્તથી એને મોટું આશ્વાસન મળશે એ સમજી તેણીએ જવા રજા માગી. જતાં જતાં તાનીયાને કહ્યું કે—

"છોકરા તને સવર્ણા બા સાંભરે છે ? એમની પાસે આવવું છે ?"

તાનીયો—સેટ ! મી જાવે ! હ્યા બા લે જાવે !

લક્ષ્મીપ્રસાદે હા પાડવાથી ભાનુમતી એને લઇ ગઇ. એના ગયા પછી લક્ષ્મીપ્રસાદે રમત–ગમત–ફરવા–વગેરેમાં સંપૂર્ણ નિવૃત્તિ સાથે વખત ગાળ્યો. દસેક દીવસે "એ. વી. ચલપ્ર સેડ" ની સહીથી મુંબઇથી એવી મતલબનો તાર મળ્યો કે—

"બધું જાણનારે (પ્રભુએ) જાણે મને બધું (વૃત્તાંત) જણાવ્યું છે. મનુષ્યોની સતાવણીથી દૂર રહેનાર પાછો એક વખત આવી જ્ઞાતિના વંટોળીઆને ઠેકાણે લાવશે. કારણ કે સાંસારિક સુધારણા માટે મથન કરવું એ એક જાતનો એવો પરોપકાર છે કે ત્યાગીઓ તેના જેવો મનુષ્યજાતિ ઉપર બીજો પરોપકાર શોધી શકે તેમ નથી. જય હો ! તે પરમાત્માની."

મહાત્મા અવિચળ પ્રસાદ બીજે દીવસે અહિં આવી પહોંચ્યા. તેમણે શ્રેયનગર તાર કરીને ભાનુપ્રસાદને રત્નલક્ષ્મીને પણ સાથે લીધાં હતાં ! ભવાનીપ્રસાદ અને શાન્તાગવરી પણ આવી પહોંચે એવી ગોઠવણ કરી હતી ! મહાત્માના આવવાની વાત સાંભળી તેમના ભક્તો અને

અનુયાયીઓ ઘણા હર્ષમાં આવી ગયા હતા ! તેમાંના કેટલાક ટ્રેનમાંથી તેમની સાથે આવ્યા હતા ! ગડબડને પણ જાણે જાદુથી શોધી કહાડી તેમણે સાથે રાખ્યો હતો !

બધાંની સાથે તે લક્ષ્મીપ્રસાદ રહેતો હતો તે મકાનમાં આવ્યો. લક્ષ્મીપ્રસાદ પ્રેમપૂર્વક આ મહાત્માને ભેટયો ! અને અવિચળપ્રસાદે, ભક્તવશ ભગવાન પોતાના ભક્ત ઉપર કૃપા દૃષ્ટિ કરે તેમ તેના મસ્તકે હાથ મૂકયા; અને બોલ્યા કે:—

* * * * *

“ વસ્તુસ્થીતિના અંતર્ગત હું થઇ ચૂકયો છું. વૃતાન્ત હવે જાણવા સરખું રહ્યુ નથી. સંપૂર્ણ કેળવણી ફેલાવ્યા વિના આર્યોનો ઉદ્ધાર નથી, એ એક વખત ફરીથી સમજો ! પ્રજાઓ કેળવણીથીજ ઉચ્ચ સ્થીતિ પ્રાપ્ત કરી આનંદ કરી રહી છે તે પ્રત્યક્ષ જોયું !

“ ઘણી પ્રજાઓ જોઇ ! ઘણા દેશો જોયા ! ઇગ્લંડ અને અમેરિકા જેવી આગળપડતી પ્રજાઓ પૃથ્વીના પડ ઉપર નથી ! ને તે કેળવણી વડેજ આગળ પડતી થઇ છે, અન્ય કોઇ રસ્તે નહીં.

“ લગ્ન માટેનો સંકોચ હિંદુ જ્ઞાતિઓમાં, વિશેષે બ્રાહ્મણ જ્ઞાતિઓમાં છે તેવો પૃથ્વીની સપાટીપર વસનારી અન્ય કોઇ પ્રજામાં નથી ! ગુજરાતમાં સમગ્ર બ્રાહ્મણ જ્ઞાતિનું ઐક્ય કરવા—એક ભાષાથી સંધાયલા તમામ બ્રાહ્મણોનું ઐકય કરવા માટે આ મ્હારી સાથે એક શિષ્ય સમુહ હાજર છે ! ડોશીશાસ્ત્રે—કલેશે—સદંભના અવ્યવસ્થત જમાનાએ—અજ્ઞાને—અંધકારે કે પ્રજાના દુર્ભાગ્યે પ્રજામાંની અનેક કુટેવોનું પોષણ કરી, તેમને હૃષ્ટપુષ્ટ કરી, પ્રજાજનોને ત્રાસ ઉપજાવવા છૂટી મૂકી છે તે કુટેવોને અંકુશમા રાખી, તેમને મર્યાદિત કરી, જરૂર પડે તો તેમને ઓછી કરવા આ મ્હારી સાથે એક કાફલો છે. તે ગુજરાતમાંથી ત્યાગી થયેલા ચુનંદા પરોપકારી ભૂદેવોનો છે—જેઓ તમામનો પૂર્વાશ્રમ બ્રાહ્મણ હતો. તે એ કાર્યનો બોજો ઉચકી લઇ તમારામાંના ગૃહસ્થોનો પરિશ્રમ બહુ ઓછો કરશે.

“ અમો ત્યાગી લોકોની જરૂરીઆતો તમારા કરતાં ઘણી ઓછી હોય છે તે તમે જાણો છો ? અમે તટસ્થ રહી, સંસારથી અલગ રહી નિ:સ્વાર્થવૃત્તિથી, નિષ્પક્ષપાતપણે તમારાં સંકટોનો, તમારી દુ:ખદ સ્થીતિનો, સંપૂર્ણ ખ્યાલ કરવાની અનુકૂળતા મેળવવાના પ્રસંગો લાવી

શકીએ છીએ ! એથી અમે વધારે પરોપકાર કરી શકીએ છીએ, હૃદયની નિષ્પાપ પ્રસન્નતા, જે મનુષ્ય જીવનનો એક મ્હોટો આનંદ તે સુલભ મેળવી શકીએ છીએ ! અને તેથી મનુષ્ય જાતિ ઉપર એક પ્રકારનો પરોપકાર કરવા ઉપરાંત દેહનું સાર્થક કરીએ છીએ ! અન્ય સાધુજનોને દૃષ્ટાંતરૂપ થઈ પડીએ છીએ ! અને એવી રીત્યે અદ્‌ભૂત દૃષ્ટાંતોના પ્રયોગો દરમ્યાન, સહજસાજ નિષ્પાપ–નિખાલસ–નિર્દોષ રમુજના પ્રસંગો પણ ઉપસ્થિત કરી એક પ્રકારનો, બાળકોની પેઠે, નિર્દોષ આનંદ મેળવી શકીએ છીએ ! અમારી જીંદગીની નહીં જેવી જૂજ જરૂરીઆતો, અમારામાં દેહાભિમાનનો મગરૂરીનો તદ્દન અભાવ–અરે ! અમે તે રિપુઓનો કરેલ નાશ, અમને ગમે ત્યાં બેસવા ઉઠવા રહેવા દે છે ! ગ્રેયનગર સ્ટેશન ઉપરથી લક્ષ્મીપ્રસાદને પ્હેંચાડવા જતાં મ્હારૂં, ગાડીમાં બેસી દેઠ સુધી, જાણે અંતરીક્ષમાંજ સાથે જવું એ તેનું દૃષ્ટાંત ! મ્હને ત્યાં હાજર રહેલા પ્રેક્ષકોએ આગ્રહ કરી ગાડીમાં ન બેસવા દીધો એટલે ગાર્ડના બારણાને મ્હેં “ આવતા સ્ટેશને ઉતરીશું ! ” એટલું એ પ્રેક્ષક વર્ગને ધૈર્ય આપી ચડી બેઠો ! ગાર્ડ પણ મ્હારો પછી બેઠો ! તેણે મ્હને પૂછ્યું કે “ દેવ ! અહીં હું આવાં સંજોગોમાં આપનું કેવી રીત્યે પૂજન કરૂં ? ” મ્હે કયું કે વિનય જળથી સ્નાન, ને શબ્દરૂપ પુષ્પ ગંધાક્ષતવડે તે તો થઈ ચૂકયું. હવે મ્હારે તમને આશિર્વાદ આપવો રહ્યો ! ”

“ આવી રીત્યે નિર્દોષ ગમનથી હું મુંબઇ ગયો ! તેવીજ નિર્દોષ ગમતથી. જો કે દ્રવ્ય ખરચીને તેજ સ્ટીમરમાં ‘ પેસેજ” લીધો ! તેમાં વળી સ્ટીમરમાંની મીજલસ વખતે તે લક્ષ્મીપ્રસાદના ભાષણ વખતે ડેકમાંના ખલાસી મંડળ સાથે હું મોજુદ હતો ! ઈંગ્લંડમાં પ્હોંચતાં પહેલાં એટલું વાચિક પાપ કરવું પડયું કે—વેજીટેરીયન સોસાયટીના સેક્રેટરી તરિકે તે ભલો આઇરીશ મેન મને ઓળખાવે એવું મ્હેં તેને (મ્હારૂં ઘણું ખરૂં વૃતાન્ત કહી) કહી રાખેલું. વીજળીના ચમકારાની પેઠે તેણે મને યુરોપીયન લેબાસમાં સેક્રેટરી તરિકે ઓળખાવ્યો.[1] તે પછી મ્હેં તુરત મ્હારો રસ્તો લીધો. ખાનપાનની મ્હારે બહુ મુસીબતો તો વેઠવી પડી. પરંતુ ઉદ્યોગમય મધમાખી સમું ઈંગ્લંડ જોવાઇ શકયું ! “ એ. વી. ચક્ષપ્રસેડ ” નામ ધારણ કર્યું ! લક્ષ્મીપ્રસાદનાં

---

[1] સંબંધ માટે જુઓ પાનું ૪૭.

તમામ ભાષણોમાં પણ હું એક શ્રોતા બની જતો ! આટલું બધું કરવાનું કારણકે, એક વિશુદ્ધ વર્તનવાળા સુશિક્ષિત યુવક એજ પ્રજાની મ્હોટી દોલત છે એવી મ્હારી માન્યતા છે એટલે તેની પાછળ પાછળ જાણે જીવ ફર્યા કરતો હતો ! નિર્દોષ–ક્વચિત ઘેલાં સાહસોમાંજ મ્હારૂં જીવન ગયું છે. તે પછી હું અમરિકા જોવા જીજ્ઞાસુ થયો ! તે અરસામાં પ્રારબ્ધયોગે ગડબડનું ગરબડ પ્રકરણ બનવા પામ્યું ! નિરાશાઓના પ્રસંગો વગરનું મત્યુલોકપર મનુષ્યોનું જીવન હોતું નથી. અસ્તુ !.

" હાલ માત્ર સવાલ એટલોજ છે કે પેટાજ્ઞાતિઓ, જેઓ જાણે ગઇ કાલજ જૂદી પડી છે તે એકત્ર થઇ જવી જોઇએ. અને તેમાં લક્ષ્મીપ્રસાદ અને સુવર્ણકુમારીનાં લગ્ન થઇ એનો ઉત્તમ દાખલો પાયારૂપે મૂકાવો જોઇએ છે !

" ક્યાં ગયાં ભાનુપ્રસાદ અને રત્નલક્ષ્મી ?! જ્ઞાતિજનો તરફથી તમને કાંઇ હરકત થવાની નથી. શાસ્ત્રથી આ વાત વીપરીત નથી ! માટે તમે તમારા પુત્રરત્નનો આ મ્હેં બતાવેલ લગ્નયોગ સુખેથી કરો !

" ક્યાં ગયાં ભવાનીપ્રસાદ અને શાન્તાગવરી ?! તમને તો મ્હારે ઘણુંજ ઓછું કહેવાનું છે. તમે જે ઇચ્છા ઇંગ્લંડમાં પ્રદર્શીત કરી સાંભળી છે તે સુખેથી અમલમાં મુકો ! ધન્ય છે તમારી હિમતને ! તમારા જેવાં જોડાં, પ્રજાના અભ્યુદય માટે મ્હારે ઘણાં જોઇએ છે.

" ગડબડે તમારી ઇચ્છાની આડે આવવા એના સ્વાર્થની ખાતર બહુ ફાંફાં માર્યા છે, ને છેવટ જાન શ્રેયનગરથી વિદાય થતે તે મુંબઇ નાસી જઇ ક્યાંય ભરાઇ પેઠો હતો ! તમારા સૌની વતી તેના તમામ ગુન્હા મ્હેં માફ કર્યા છે. તે હવે સુધર્યો છે, નીતિરીતિમાં ચાલશે, પેટાજ્ઞાતિઓના એકીકરણમાં તે પોતેજ આગેવાનીભર્યો ભાગ લેશે !–"

ભવાનીપ્રસાદ—આપના અમો સૌ ઉપર અનહદ ઉપકાર થયા છે.

અવિચળપ્રસાદ—કાંઇ ઉપકાર નથી થયા–અમારી ફરજના પ્રયત્નો માત્ર છે–છતાં તમને જો તે ઉપકાર લાગતા હોય તો તેનો બદલો મ્હારે એટલોજ જોઇએ છે કે પ્રજાજનો ઉપર તેવા ઉપકારો તમે કરજો ! અને આ સંસારની કટુતા ઓછી કરજો ! તમને ઝાઝો પરિશ્રમ નહીં પડે ! પ્રજાના ભાગ્યોદયના ભણકારા મ્હારા કાનમાં વાગે છે ! પ્રજાની ભવિતવ્યતા તમને સતકર્મો કરવા પ્રેરી રહી છે ! કેળવણીનો વિસ્તાર થવા લાગ્યો છે ! હિંદના છેક દૂરના તિમિરમય

ભાગોમાં ઉદય સૂર્ય રશ્મિ પહોંચી ચૂકયું છે ! ઝીંદગીભરના વિરૂદ્ધના પ્રયત્નો, હીંદી યુવકના મગજમાં પેઠેલ ઉદ્યોગની અભીવૃદ્ધિના વિચારો હવે દૂર કરી શકે તેમ નથી ! તેમાં પેટાજ્ઞાતિઓનું એકીકરણ કરવું એમાં તો ઝાઝો પરિશ્રમ પડે તેમ નથી. અને પરિશ્રમ નડે તો જીવનનો ઉપયોગ કરવાનો વધારે સારો કયો વિષય છે ? જ્ઞાતિની ઉન્નતિને માટે તે કરવાનો તમારો પરમ ધર્મ છે !

"આવી રીતના પેટાજ્ઞાતિઓના વરકન્યાના લગ્નોના અમુક દાખલા બને, અને તેવાં બંધનકિલ્લામાં ગાબડાં પડીપડીને આવો સુધારો થાય તેમ કરવાનું તમારૂં કાર્ય ન હોજો ! સમગ્ર જનસમુહને કેળવીને એ કિલ્લાનેજ તોડજો ! બન્ને પેટાજ્ઞાતિઓના અગ્રગણ્ય પુરૂષોમાંના કેટલાક આજે અહીં હાજર છે. બીજા આવે છે. અને આ લગ્નમાં તેઓ બન્ને પેટાજ્ઞાતિઓના અગ્રેસરો ભાગ લેશે !

પરમદીવસે શુભમૂહુર્ત ચોઘડીયું જોઇ આ લગ્ન મુકરર કરવામાં આવે છે, તે તમને સૌને વિદિત હો ! અને તે આ પવિત્ર સ્થળેજ થશે ! કોઇ જાતની તમને આ સ્થળે ન્યુનતા નહીં આવે ! અસ્તુ ! હવે તમે સૌ તમારાં કાર્યમાં પ્રવૃત રહો !

* * * * *

કોઇકોઇને પૂછવાનું કશું રહ્યું નહીં. સૌના ખુલાસા આ મહાત્માએ પૂરા પાડયા. એમની આજ્ઞા સર્વત્ર પ્રસરી રહી. લગ્નની તૈયારીઓ આ સ્થળેજ થવા માંડી. લક્ષ્મીપ્રસાદની સાથે ભાનુપ્રસાદ, રત્નલક્ષ્મી, અને ભવાનીપ્રસાદ અને શાન્તાગવરી, ભાનુમતી મળ્યાં.

સુવર્ણકુમારીનું સ્વપ્ન ખરૂં પડયું ! અજાણ્યા સ્થળે, મહાત્મા અવિચળપ્રસાદની હાજરીમાં, બન્ને પેટાજ્ઞાતિઓના સંખ્યાબંધ મનુષ્યોના ગંજાવર મેળાવડા સમક્ષ, સુવર્ણકુમારી અને લક્ષ્મીપ્રસાદનાં લગ્ન થયાં. વાતાવરણમાં આનંદ આનંદ પ્રસરી રહ્યો !

અંતરિક્ષમાંથી, દેવો પણ જાણે, આવી રીત્યે, પેટાજ્ઞાતિઓમાં થતાં લગ્નોને અનુમોદન આપતા હોય તેમ, ગુર્જરી ભૂમિને નીતિવચનોદ્વારા નીતિ ક્ષેત્રમાં ઉચ્ચ સ્થાન બતાવવા માટેજ, સુપ્રસિદ્ધ કવી વાઘજીભાઇ નામ ધારણ કરીને, સતયુગ સમયના એક મહર્ષીએ મૃત્યુલોકમાં અવતરી થોડાંકજ વર્ષ ઉપર રચેલા "થયા છો રે પતી"

નામક સુરમ્ય પદના કર્ણપ્રિય ધ્વનિથી, શિવાલયના એક ઘણા ઉંચા સ્થાનમાં બનાવવામાં આવેલ નોબતખાનામાંથી, ગગનમાંથી સંગીત શબ્દ પુષ્પવૃષ્ટિ થતી હોય તેમ, કર્ણપ્રિય ધ્વનીથી આકાશ ગજાવી મૂકયું !

લગ્ન થયા પછી થોડેક દિવસે, લક્ષ્મીપ્રસાદ અને સુવર્ણકુમારી, વનસ્પતિ ખોરાકને લગતા ઉપદેશનું શરૂ કરેલું કાર્ય જારૂ રાખવા તથા વૈદ્કીય અભ્યાસમાં આગળ વધવા માટે, ઇંગ્લંડ જવા ઉપડી ગયાં અને અવીચળપ્રસાદ મહાત્માને લોકો બહુ સતાવવા માંડયા. એટલે તે પણ પ્રથમની માફક પાછો અદશ્ય થઇ રહ્યો ![1]

× × × × ×

ભાનુશંકર—ધન્ય છે મહાત્મા ! આજે આપની આ અદ્ભુત વાર્તાથી અમે બધાં પાવન થયાં !

મહાત્મા—સુખી થાઓ ! એ વાર્તાનું અનુકરણ કરો ! સુમતિગવરીની બાળકીનું શુભ ઇચ્છતા હો તો પેટા જ્ઞાતિઓનું એકીકરણ કરો; કુંડાળાં મ્હોટાં બનાવો ! જનસમાજમાં બાંધી મૂકેલા "ગોળ" ના વ્યાસ-પરીઘને મોટા કરો ! હવે બહુ મોડું થયું છે માટે તમે બધાં વિશ્રાન્તિ લો !

ભાનુશંકર—કંઇ ચિંતા નહીં, મહારાજ ! અમે આજે પાવન થયાં, પરંતુ અવિચળપ્રસાદ જેવા મહાત્મા પાછા કયાંય દુનિયામાં જોવા ન મળી શકે ? એ પાછા કયાં ગયા હશે ? એટલી શંકાનું સમાધાન કરવા અનુગ્રહ કરવો જોઇએ—

મહાત્મા—એ બિચારાને પ્રજાજનો બહુ સતાવે છે. સાધુ પુરૂષોનો ધર્મ છે કે સંસારિયાં ઉપાધિવાળાંથી દૂર રહેવું. તોપણ એણે એના અંતઃકરણમાં અતિ દયાને લીધે, અને હાલનાં તમારાં સાંસારિક બંધનોનું નડતર મનુષ્યોને અસહ્ય થઇ પડેલું જણાયાથી લક્ષ્માપ્રસાદ અને સુવર્ણકુમારીના લગ્ન પછી પાછો ત્યાંથી કેટલેક દૂર જઇ એક પવિત્ર દેવાલયમાં હાલ રહે છે; ત્યાંથી પણ કવચિતજ બહાર આવે છે. દિવસે એક ભોંયરામાંજ નિવાસ કરે છે અને રાત્રિએ એ ભોંયરા ઉપર

---

૧. અહીં "સુવર્ણકુમારી" વાર્તા પૂરી થાય છે. અને મૂળ કથા-સંગ (જુઓ પ્રકરણ ૧) માં ભાનુશંકર અને સુમતિગવરી વગેરે સમક્ષ કાશીનાથ મહાદેવમાં જે મહાત્મા કથા કરે છે તે પાછી ચાલે છે.

એક લાકડાનું બારણું છે તેના ઉપર એક વાઘ ચર્મ ઉપર બેસી દર્શને આવતાં ભક્તજનોને ઉપદેશ આપે છે, પણ જો તેમાં કોઈ તેને પાછું બહુ સતાવે એવું ઓળખી જનાર આવે તો, એ બારણું જેના ઉપર તે બેઠા હોય છે તે એને એકદમ નીચે ભોયરામાં લઇ જાય એવી યુક્તિ કરી રાખેલી છે; મનુષ્યજાતિમાં જોવામાં આવતા કલહપ્રધાન વ્યવહારોને લીધે એને વૃદ્ધાવસ્થાના ચિન્હો જણાય છે. અને પોતાનામાં અતિદયાને લીધે અનેક ઉપાધિઓથી કંટાળો ખાઈ આ ચામડાના કોટને અહીં મૃત્યુલોકમાં ફેંકી દઇ ઉડી જવા વિચાર કરે છે.

ભાનુશંકર—નહીં નહીં મહારાજ ! આપ એ મહાત્માનું સ્થળ જાણતા હો તો અમને તે બતાવવા અનુગ્રહ કરો ! અમે એમના વીષે પ્રથમ પણ બહુ સાંભળ્યું હતું ! અમારાં આ ભાગનાં બંધનો ઓછાં નથી, અહીંની અમારી પેટાજ્ઞાતિઓના હીતમાં એમની એક વખત જરૂર છે. સંસારી ઉપદેશકો કરતાં, ત્યાગી વૈરાગી બ્રહ્મચારી-સન્યાસી સાધુઓના ઉપદેશની અસર મનુષ્યોનાં અંતઃકરણમાં વધારે ઉંડા પહોચે છે.

મહાત્મા !—અરે અવિચળપ્રસાદ ! ત્હારી અતી દયા તને ક્યાં લઈ જાય છે ? ! વારુ ભાઇ હાલ તો મોડું થઇ ગયું છે. આવતી કાલ વાત હવે !


એમ કરી જાણે મહાત્મા બેઠા હતા તે જગોએથી બેઠક બધી નીચે ઉતરી પડી ! મહાત્મા જાણે અદ્રશ્ય થઈ ગયા.[1]

સમાપ્ત.

---

૧ આ મહાત્મા અવિચળપ્રસાદ પોતે જ હોવાથી તેમનાથી ' આત્મશ્લાઘાનો દોષ" એમ વાર્તા ચાલતાં પણ ભાળી જવાયું છે. જૂઓ પાનું ૧૦૯.

“લીવર વૉચ.”



આજેજ ઓર્ડર મોકલાવો,

હમણાંજ મંગાવો.

અજમાયશ ખાતર ગણતરીનીજ પેટીઓ આવેલી છે. ખલાસ થવા પછી નાસીપાસ થવું પડશે.


રેલવેરેગ્યુલેટર “લીવર વૉચ” ખરીદ કરનારને ૪૦ ચીજોની એક પેટી ઇનામ મળે છે. આ ઘડીયાળો ૧૭ લાઇન ઓપનફેશ, મેટલકેશ, મોઘરાની ચાવી અને મીજાગરાવાળા ઢાંકણાનાં ચીત્રમાં બતાવ્યા પ્રમાણે બનાવેલાં છે એક વખત ચાવી આપવાથી ૩૦ કલાક ચાલે છે.

૪૦ ચીજોની ઇનામની પેટી સાથે ઘડીયાળની કીંમત.

ફેનસી ડાયમના રૂ. ૩-૮-૦ } વી. પી. પોસ્ટેજ
સાદી ડાયમના રૂ. ૩-૦-૦ } ૦-૮-૦ વધારે.

ધી જયોર્જ વૉચ કંપની,
નં૦ ૩ ભાતબજાર—મુંબઈ.

જુઓ આ “માસ્તર” વોચ.




સોંઘું ભાડું ને સીધપુરની જાત્રા.

સારૂં, સસ્તું, શોભાયમાન, મજબુત અને ટકાઉ કોઈ પણ જાતના ભારે કીંમતના ઘડીયાળને ટક્કર મારે તેવું ઉમદા ઘડીયાળ જોઇતું હોય તો,

પેટંટ લીવર “માસ્તર વૉચ” મંગાવો.

આ ઘડીયાળો ૧૮ લાઇન ઓપનફેશ, મેટલ-કેશ, ડબલ જાડો સાંધો કાચ અને લાલ હીરા-ઓથી મઢેલા મજબુત સાંચા કામના મીજાગરા વાળા ઢાંકણામાં રોમન અને અરેબી ડાયલોમાં છેલ્લામાં છેલ્લી શોધ પ્રમાણેના બનાવેલાં છે. એક વખત ચાવી આપ-વાથી ૩૬ કલાક બરાબર ચાલે છે. બીલકુલ સ્લો ફાસ્ટ જતું નથી. તેની પાંચ વરસની ગેરંટી મળે છે. કાચ કમાન અને ડબી સાથે કીંમત રૂ. ૩-૦-૦ વી. પી. પોસ્ટેજ રૂ. ૦-૫-૦ વધારે. પસંદ નહીં પડે તો પાછું રાખશું પ્રાઇસ લીસ્ટ મફત મોકલીશું.

ધી સેવીંગ્સ વૉચ કંપની,
પોલીસ ચોકીની સામા માંડવી—મુંબઇ.



એક પંથ અને દો કાજ.

ઘડીયાળ વાપરવાનો ખરોજ શોખહોય તો
પેટંટ સીલીન્ડર "રીસ્ટ વૅાચ"
ખરીદો.

ચીત્રમાં બતાવ્યા પ્રમાણે એક રૂપીયા જેટલું નહાનું, એ રૂપીયાભાર વજનમાં, નાજુક ફ્લાટ. મોઘરો ખેંચીને કાંટા ફેરવવાનું, ઠેસી વગરનું મજબુત સાંચા કામ અને ઉતમ કારીગરીથી બનાવેલાં ઘડીયાળો છે. એક વખત ચાવી આપવાથી ૩૬ કલાક બરાબર ચાલે છે બીલકુલ સ્લો ફાસ્ટ જતું નથી તેની ચાર વરસની ગેરંટી મળે છે. હથે બાંધવાનો પટો, જર્મનનો છેડો, લોકીટ કોથળી અને ડબી સાથે.

કીંમત.	નકર રૂપાના ઘરના રૂ ૫-૦-૦	વી. પી પોસ્ટેજ
	જર્મન રૂપાના ઘરના રૂ. ૪-૦-૦	૦-૬-૦ વધારે.

તા. ક.—પસંદ નહીં પડે તો પાછું રાખશું પ્રાઇસ લીસ્ટ મફત મોકલીશું.

ધી માસ્તર વૅાચ કંપની, મસજીદ પુલ—**મુંબઇ**

જીવનરસાયન દવાઓ.

આ બાર ક્ષારો સ્વાદમા ગળ્યા, ભૂકારૂપે તથા તરત અસર કરનારા છે. **પ્રો. જે. જે. કુણીઆ બી. એ.** કૃત ૦-૧૦-૦ કિંમતનું **જીવનરસાયન શાસ્ત્ર** અથવા ૦-૨-૦ કિંમતનું **વ્યાધિ હજાર પણ ઔષધ બારનું** તારણ રાખવાથી દરેક માણસ આ દવાઓ સરળતાથી વાપરી શકે છે. અનેક દાક્તરો, વૈદ્યો તથા રાજપુરૂષો અમારી ફર્મમાંની દવા વાપરે છે.

શીશી	દરેક ઔંસની		રૂ.આ.પા.
૧૨	૧	૬x અથવા ૩x	૫-૪-૦
૧૨	,, ½	,, ,, ,,	૩-૦-૦


પેટી સાગની કિં. રૂ. ૧-૧૨-૦ તથા દેવદારની રૂ. ૦-૬-૦.

હેડ ઓફિસ-ભાવનગર.

મેસર્સ ચંપકલાલ મગનલાલની કું.—ભાવનગર.

એજન્ટો
- **મુંબાઇ**—ધી ફોટો સ્ટોર્સ કું. પોપટવાડી કાલબાદેવી રોડ.
- **સુરત**—રા. ઇશ્વરલાલ નાથાભાઇ-વાણીયાશેરી
- **રાજકોટ**—રા. લક્ષ્મીચંદ ડોસાભાઇ-માંડવીચોક.
- **જુનાગઢ**—રા. નવરંગલાલ પ્રાણશંકર-નાગરવાડા.

સ્વદેશી ભારત સ્ટોવ્સ ચુલા



તથા સ્ટોવ ઉપર લાઇટ થાય
તેવા ભારત પેટંટ સ્ટોવ
લાઇટ બરનરો, તેમજ વિ-
લાયતી દરેક જાતના ચુલાઓ
તથા તેનો છુટો સામાન કી-
ફાયત ભાવે મળશે. તેમજ
ચુલાઓનું રીપેર કામ સારૂ
તેમજ કીફાયતે કરી આપ-
વામાં આવે છે.

કેટલોગ મફત

ઠે૦ ભારત સ્ટોવ ડીપો.

માલીક બી. એમ. મઢીવાળા.

ગીરગામ, મોહન બીલ્ડીંગ—મુંબઇ.

જમાનો બદલાયો છે.

જેઓ હમેશાં છાપાંઓ વાંચે છે તેઓ નકલીઆઓની જાહેરખબર વાંચીને તુરત કહે છે કે એ તો નકલીઓ છે એટલે કે હાલનો જમાનો કેળવણીનો છે અને એથી અસલ કોણ અને નકલ કોણ તેની પરીક્ષા કેળવાયલા ગૃહસ્થો તુરત કરી શકે છે. અમારી જગજાહેર શક્તિની દવા **બાદશાહી યાકુતી અનંગ વીલાસનો** દિવસે દિવસે વધારે ફેલાવો થતો જાય છે અને દર વરસે હજારો રૂપીયાની આ રાજવંશી દવા ખપે છે. નકલીઆઓ ધુળ અને કચરાપટી જેવી હલકી દવાઓની આગળ તથા પાછળ યાકુતી એવું પુંછડું લગાડીને જાહેર ખબર આપે છે અને એથીજ જાહેર પ્રજાને ઘણીવાર અમે ચેતવણી આપેલ છે અને હાલ પણ ચેતવણી આપવાની જરૂર છે કે **બાદશાહી યાકુતી અનંગ વીલાસ** સરકારમાં રજીસ્ટર થયેલી છે અને તેનો સરકારી રજીસ્ટર નં. ૨૩૧ છે. નકલીઆઓની બનાવટી યાકુતી ખાવાથી શરીરને નુકશાન છે અને એથીજ ખાસ ધ્યાનમાં રાખવું કે **બાદશાહી યાકુતી અનંગ વીલાસ** તથા અમારાં જીવનોદય ઔષધાલયમાં બનતી તમામ દવાઓ રાજકોટનાં અમારાં ઔષધાલયમાંજ મલે છે. અમારી કોઇ પણ દવા કોઇને વેચવા આપેલ નથી તેમ અમારો કોઈ એજન્ટ નથી.

બાદશાહી યાકુતા અનગ વિલાસ.

(આ દવાનો સરકારી રજીસ્ટર નંબર ૨૩૧ છે.)

આ દવા શક્તિની દવાનો રાજા છે. રાજા રજવાડા તથા પૈસાદાર લોકો આ રાજવંશી દવા બહુજ પસંદ કરે છે. આ દવા ઉમદા દેશી વનસ્પતિની બનાવટ છે. તાકાત માટે ઉચામાં ઉચી દેશી દવા જોઇએ તો બાદશાહી યાકુતી અનંગ વિલાસ છે. આ દવા વાપરવામાં કોઇ જાતની પરેજીની જરૂર નથી. ૪૭ ગોળીની ડબી એકના રૂપીયા દશ.

બાદશાહી ચુનાની લેપ.

(આ દવાનો સરકારી રજીસ્ટર નંબર ૧૯૫ છે.)

ઉમદા દવાઓમાંથી આ લેપ બનાવેલ છે અને તે શરીરની નસોને પુરતી તાકાત આપે છે. નબળી પડી ગયેલ નસોને પુરતું જોર આપી ખરૂં પુરૂષાતન લાવવા માટે આ લેપ ફતેહમંદ ઇલાજ છે. આઉંસ એકની ડબીના રૂપીયા આઠ. તમામ દવાઓનું પોસ્ટ ખર્ચ જુદું.

ડાક્ટર કાલીદાસ મોતીરામ—રાજકોટ—કાઠીઆવાડ.

"ગુજરાતી પંચ" પત્ર તરફથી આપવામાં
આવેલી ભેટો.

નામ.	લેખક.	કિંમત.
૧૯૦૩		
૧ માલતી અથવા આર્યોના સાંસારિક દુર્ગુણોથી થતી ખુવારી.	રા. ચુનીલાલ પુંજીરામ મણીઆર.	૧—૦—૦
૧૯૦૪		
૨ સ્ત્રીગીતા અથવા વીજળી ગામડીઅણ.	રા. ચત્રુભૂજ માણકેશ્વર ભટ્ટ.	૧—૦—૦
૧૯૦૫		
૩ સંસાર યાત્રા.	રા. છગનરામ કેવળરામ મહેતા.	૦—૧૨—૦
૧૯૦૬		
૪ શૈલપુરની સુંદરી.	રા. રશ્મિકાન્ત.	૧—૦—૦
૧૯૦૭ ની બે ભેટો.		
૫ અયોધ્યા અને અંગ્રેજ.	રા. ડાહ્યાભાઈ રામચંદ્ર મહેતા.	૧—૮—૦
૬ અલક્ષ્યજયોતિ.	રા. શિવભાઈ બાપુભાઇ (બન્ધુ-સમાજ.)	૧—૮—૦
૧૯૦૮ ની બે ભેટો.		
૭ ઉષાકાન્ત.	રા. ભોગીન્દ્રરાવ રતનલાલ દીવટીઆ બી. એ. (બન્ધુસમાજ.)	૧—૮—૦
૮ પદ્મનાભ.	રા. શિવભાઈ બાપુભાઈ (બન્ધુ-સમાજ.)	૧—૮—૦
૧૯૦૯ ની બે ભેટો.		
૯ મધુકર.	રા. શિવભાઈ બાપુભાઈ (બન્ધુ-સમાજ.)	૧—૮—૦
૧૦ જયોતિપુંજ.	રા. મધૂક.	૧—૮—૦
૧૯૧૦ ની બે ભેટો.		
૧૧ શાન્તિદા.	અ. સૌ. સુમતિ.	૦—૧૨—૦
૧૨ પ્રિયકાન્ત.	રા. રા. રણજીતભાઈ વજુભાઈ.	૧—૮—૦
૧૯૧૧ ની બે ભેટો.		
૧૩ સિતારનો શોખ તથા સૂરબાળા.	રા. ભોગીન્દ્રરાવ રતનલાલ દીવેટીઆ, બી. એ. (બન્ધુસમાજ.)	૧—૮—૦
૧૪ [illegible]લતમોહન.	રા. દામોદર વખતચંદ શાહ.	૧—૮—૦
૧૯૧૨ ની બે ભેટો.		
૧૫ શ્વેતભાનુ.	રા. માધુભાઈ બાબારાવ દીવેટીઆ	૧—૮—૦
૧૬ સુવર્ણકુમારી.	રા. ચતુર્ભુજ માણકેશ્વર ભટ્ટ.	૧—૪—૦

છપાઇ બાહેર પડ્યો છે!

મુંબઇનો

મામલતદારની કોર્ટનો એકટ.

(સને ૧૯૦૬ નો બીજો.)

મામલતદારની કોર્ટના એકટ ઉપર ગુજરાતીમાં સંપૂર્ણ ટીકાવાળું પુસ્તક અદ્યાપિ સુધી પ્રસિદ્ધ થયેલું ન હોવાથી, તેમજ ગુજરાતના જુદા જુદા ભાગમાં તે અમલમાં મુકાતો હોવાથી, માત્ર ગુજરાતી જાણનાર વકિલો, ન્યાયાધીશો, અને સામાન્ય પ્રજાવર્ગની સગવડ પુરી પાડવા આ સંપુર્ણ ટીકાવાળું પુસ્તક મી. છોટાલાલ લલુભાઇ, મી. કેશવલાલ દ્વારકાંદાસ શાહ તથા નીચે સહી કરનારે પ્રસિદ્ધ કર્યું છે. એમાં આ એકટની જુદી જુદી કલમો ઉપર વખતો વખત નામદાર મુંબઇ હાઇકોર્ટે કરેલ ફેંસલા, ઇન્ડીયન લૉ રિપોર્ટસમાંથી, મુંબઇ લૉ રિપોર્ટમાંથી, પ્રીન્ટેન્ડ જજમેન્ટમાંથી, તેમજ આ સંબંધમાં નામદાર મુંબઇ સરકારથી થયેલ રેઝોલ્યુશનોમાંથી પણ દાખલ કરેલા છે અને તે ઉપરથી આશા રાખવામાં આવે છે કે, આવી જાતની ટીકાવાળા પુસ્તકની ખાસ જરૂર હતી તે આથી કંઇક અંશે પુરી પડશે.

સદરહુ પુસ્તકની કીંમત બાર આના રાખવામાં આવી છે. પોસ્ટેજ જુદું.

પુસ્તક મળવાનું ઠેકાણું:—

ચતુર્ભુજ માણકેશ્વર ભટ્ટ

વકિલ, સાદરા–મહીકાંઠા.

પદ્મકુમારી પ્રથમ ભાગ

અ થ વા

આધુનીક નાટકોનો ઉદ્દેશ શો દેખાય છે ને શો હોવો જોઇએ.

ગુજરાતી ગ્રંથકારો અને ગ્રંથો—એ પુસ્તકમાં પાને ૧૫૩ મે પદ્મકુમારી (પ્રથમ ભાગ સંબંધે અવલોકન કરતાં વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવીંદજી લખે છે કેઃ—

"કન્યાવિક્રય કરી, લક્ષાધિપતિ થઇ પડવાની લાલચ રાખનારા રાક્ષસો કેવા નીચ વિચારો ધરાવનારા હોય છે, પરિણામમાં કેવા પસ્તાવામાં પડે છે, કેવી સ્થિતિએ પહોંચે છે, તથા પોતાના સંતાનનાં કેવાં સંકટોના કારણરૂપ બને છે? વિદ્યાની સાથે વૈર રાખનારા અને સદ્‌ગુણને સંકટરૂપ સમજનારા મહા મૂઢ તથા હીન વિચારોરૂપ કાદવમાંજ રચીપચી રહેલા કુલીન કીડાઓ કેવાં કેવાં ક્રૂર કર્મો કરે છે? એક સુશિક્ષિત ઉછરતા જુવાનનું અને સુશિક્ષિત ઉછરતી કુમારિકાનું વર્તન કેવું હોય છે ? નિમકહલાલ નોકરની પ્રમાણીકતા અને નોકરી છોડ્યા પછી પણ મૂળ માલેકના નામપર તેમજ તેનાં કુટુંબીઓપર મમતા કેવી હોય છે ? સન્મિત્રો કેવા હોય છે ? ડુબાવનારા દોસ્તો કેવા હોય છે ? શાહાણી સાહેલીઓ કેવી હોય છે ? લોકોના જાનમાલની પાયમાલી કરનાર બહારવટીઆઓ શૂરવીર અને ધીર છતાં કેવાં પાપો કેવી નિંદા, કેવા ધિઃકાર અને કેવાં પરિણામનું પાત્ર બને છે ? દુનિઃયામાં ચાલતા પશુવ્યવહારને પરસ્પરનો પ્રેમ એવું નામ આપવામાં કેવડી મોટી ભૂલ થાય છે? વગેરે વગેરે ઉત્તમ વિષયની માહિતી આ નાટકરૂપ લેખમાંથી અસરકારક રીતે મળે છે. × × × × લેખ પરિપક્વ ને સંસ્કૃતના સંપૂર્ણ સંસ્કારવાળો છે. એમાં આપેલા વિચારો શિથિલતા વગરના છે. કવિતાઓ સંસ્કૃત કવિતાઓની પેઠે ક્યાંક ક્યાંક ઉત્તમ ચમત્કાર દર્શાવે છે.

જાણીતા મીઠાઇવાળા—અમીચંદ ગોવીંદજીની

આખા હીંદુસ્તાનમાં સર્વેથી જુના અને પ્રજાના ભારે વીશ્વાસવાળી ઉંચી

મીઠાઈની મોટી દુકાન.—ઠે૦ બહારકોટ, શેખ મેમણ સ્ટ્રીટ,

જુમામસીદની સામે,—**મુંબઈ.**

લંડનવાળા વેજીટેરીયન ફીડરસ યુનયન તરફથી અમો જણાવીએ છીએ કે મુંબાઈના મીઠાઈ બનાવનારા સુખડયા **અમીચંદ ગોવીંદજીને** ૧૮૯૮ માં ભરાયલાં વેજીટેરીયન એકઝીબીશન અને કોન્ગ્રેસમાં સારો માલ બનાવવા માટેની લાયકાતની **સરટીફીકેટ** આપવામાં આવી છે.

• વેજીટેરીયન ફીડરલ યુનીયન — ડબલ્યુ૦ હીલ, સરનશીન,

૧૯, ફેરીકાડન સ્ટ્રીટ, ઇ૦ સી૦ — હેરી ફીલીપસ,—સેક્રેટરી.

આ જાણીતી મીઠાઈની દુકાનમાં ઉંચી માવાની ભરેલી તરેહવાર જાતની મીઠાઈઓ સર્વે જાતના હલવા, અઘરણીના લાડવા, જલેબી, સુતરફેણી વગેરે તાજી રોજ મળશે.

ઉપરાંત જેઓને લગ્નસરા તથા બીજા શુભદીવસો ઉપર જેવી ફરમાસુ મીઠાઇઓ જોઇતી હશે તેને એક દીવસ અગાઉથી ઓર્ડર આપવાથી બનાવી આપવામાં આવશે.

અમારે ત્યાં અમારાં ઘરાકોએ કશીપણ ઠગાવાની ધાસ્તી રાખવી નહી. ઘરાકોએ પોતાના માણસો પાસે પણ વરદી મોકલવાથી એકજ ભાવે ઉંચો માલ પુરો પાડીશું.

મહેરબાની કરી ઘરાકોએ અમારા નામનું પાટીયું વાંચવું તથા માલ ઉપર ટીકીટ તપાસી લેવી. બહારગામ માટે માલ વી૦ પી૦થી મોકલીશું નહી.

હરસ-મસા (પાઇલ્સ).

ઉપરનું એક મહાન દરદ જીંદગીને જોખમ પહોંચાડે છે એવા મહાન ભયંકર દરદને અમો વાડકાપ અને આગઅગન સીવાય ઠંડી દવા લગાડી આઠથી પંદર દિવસમાં વગર જોખમે ખેરવી કાઢી જીંદગીને માટે નીમુળ કરીએ છીએ અને તેની દવાનો ચાર્જ આરામ થયાની સરતે લેઇએ છીએ. સ્ત્રીઓમાં આ દરદ વિશેષ હોય છે પરંતુ મરજાદની ખાતર તેના ઇલાજો કરી શકતા નથી, તો તેમની મરજાદ સચવાય તેવી ગોઠવણ કરેલી છે. ઘણા દરદીઓ સાજા થયાના દાખલા મોજુદ છે. બહારગામ જવા પણ સગવડ રાખેલી છે.


વિ. હરસના દરદીને હરસ—મસા ખેરવી કઢાવવા અનુકુળ ન હોય તેમને અમારી દવાની ગોળીઓ લેવાથી ઘણીજ તાકીદે આરામ થાય છે અને ગોળીઓની પેટંટ દવા વેચવા કમીશન એજન્ટોની જરૂર છે.

વીશેષ ખુલાસા માટે નીચેના ઠેકાણે રૂબરૂ મળવું અથવા પત્ર લખવો—

વૈદ ડાહ્યાભાઇ લક્ષ્મીરામ અંધ્યારૂ.

સાંકડીશેરી નં. ૧૭૦૫—**અમદાવાદ.**

If you wish to dispose of or purchase any kind of oil Engines and pumps, write us, because we by, sell, and exchange.



કુવામાંથી તથા નદીમાંથી પાણી ખેંચવાનાં દરેક મેકરના ઓઈલ ઈન્જીન અને પંપ અમારે ત્યાંથી મલશે, તથા રૂબરૂ આવી માણસ મોકલી ચાલુ કરી આપીએ છીએ, દુરસ્ત કરી આપીયે છીએ તથા ચલાવતાં શીખવીયે છીએ. મલો—

અંબાલાલ એમ. પટેલની કું. ઈન્જીનીયર્સ,

દરીયાપુર, નાની સાલેપરી—**અમદાવાદ.**

તૈયાર છે. જ્યોતિષનો ગ્રંથ. તૈયાર છે.

જો તમારે તમારા હાથેજ તમારૂં પોતાનું વર્ષફળ બનાવવું હોય તથા તેનું ફળાદેશ જોવું હોય તો નીચેના સરનામેથી જલદી મંગાવો.

તાજિકસારસંગ્રહ.

મૂળ શ્લોક ગુજરાતી ટીકા અને ઉદાહરણ સહિત.

આ ગ્રંથ જોશીઓ, વિદ્યાર્થીઓ તેમજ દરેક માણસોને અવશ્ય કામનો છે. ગ્લેજ કાગળ સોનેરી બાઈંડીંગ ડેમી આઠ પૃષ્ઠ ૧૮૪

કીમ્મત ૧ રૂપીઓ, વી. પી. ખર્ચ ૩ આના.

ગ્રંથકર્ત્તા—જોશી વૃંદાવન માણેકલાલ.

કાળુપૂર નવા દરવાજા—**અમદાવાદ.**


નરમ-સુંવાળા-ચકચકીત કરચલીદાર બાલ

કઇ સ્ત્રીને યા કયા ભરથારને નહીં ગમશે ?

એવા બાલ બનાવનારૂં એકજ તેલ અને તે જગપ્રસીધ

કામીનીઆ ઓઇલ

છે.



સ્ત્રીના શણગાર માટે જેટલુ જરૂરનું છે તેટલુંજ મગજમારી કરનારા પુરૂષો અને અભ્યાસી વિદ્યાર્થીઓ માટે અગત્યનું છે. આ તેલ લગાડતાંજ તપેલું માથું ઠંડુગાર થાય છે—માથાનો દુખારો દુર થાય છે, વાળ ખરી પડતા અટકે છે અને ખોડાની પીડા રહેતીજ નથી. ઉત્તમ વસાણાઓની બનાવટ છે—અને આખા દેશમાં પ્રસીધ છે.

તા. ૩ ૭–૧૧

ઇડરથી ગોસાઇ શંકરગરજી મોહનગરજી લખે છે કે—આપના તરફથી અગાઉ આવેલ કામીનીઆ ઓઈલ મારા કુટુંબમાં વાપરી હું સંતોષ પામ્યો છું. એ ઘણુંજ સુગંધીદાર છે; તેની સાથે મગજને સારી ઠંડક આપે છે. માટે બીજી ત્રણ બાટલી વી. પી થી મોકલી આપશો.

કીમત બાટલી ૧ નો રૂ. ૧–૦–૦. ૩ બાટલીના રૂ. ૨–૧૦–૦.

વી. પી. જુદું.

અડધા આનાની ટીકીટ મળ્યાથી નમુનો મફત મોકલવામાં આવશે.

ધી એંગ્લો ઇન્ડીયન ડ્રગ એન્ડ કેમીકલ કું.

જુમામસજીદ—મુંબાઇ.